શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણી : ૬

# તરસ્યા મલકનો મેઘ

મણિલાલ હ. પટેલ



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ઇ-બુક શ્રેણી : 8

શ્રી  ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણી : 6

# તરસ્યા મલકનો મેઘ

લેખક

**મણિલાલ હ. પટેલ**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રકાશનો ઓનલાઈન જોવા માટે લિંક
https://gujarativishwakosh.org/ebooks

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
અમદાવાદ

Tarasya Malak no Megh (A biography of creator Pannalal Patel)
By Manilal H. Patel

© ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

પ્રકાશક
**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**

પહેલી આવૃત્તિ 2007, બીજી આવૃત્તિ 2012
કિંમત રૂ. 170 ❖ પ્રત 500 ❖ પૃષ્ઠ 184

મુદ્રક
**ભગવતી ઑફસેટ**
16 / સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ 380 016

મુખ્ય વિક્રેતા
**ગૂર્જર સાહિત્ય ભવન,**
રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380 001
ફોન નં. 22144663, 22149660

*

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
રમેશપાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા,
અમદાવાદ 380 013. ફોન નં. 2755 1703
www.vishwakosh.org
Email : drthakerad1@sancharnet.in

# પ્રકાશકીય

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે જ્ઞાનવિજ્ઞાનની માહિતી આપતા વિશ્વકો-શની ગ્રંથશ્રેણીના પ્રકાશન ઉપરાંત મહત્વના લોકોપયોગી વિષયો પર પ્રમાણભૂત અને સર્વગ્રાહી માહિતી અલગ ગ્રંથ રૂપે પ્રગટ કરવાની યોજના કરેલ છે. આ સંદર્ભમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે અત્યાર સુધીમાં 22 જેટલા ગ્રંથો પ્રકાશિત કર્યા છે. શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી, કર્મયોગી સ્વ. સાંક-ળચંદ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી, ધન્ય ગુર્જરી કેન્દ્ર પ્રકાશન અને હરિ ૐ આશ્રમ, સૂરત પ્રેરિત પૂજ્ય શ્રીમોટા સંશોધનશ્રેણી તથા શ્રી ગંભીરચંદ ઉમેદચંદ વિશ્વવિદ્યા ગ્રંથશ્રેણી જેવી શ્રેણીઓ દ્વારા આ પ્રકારનાં પુસ્તકો પ્રગટ થતાં રહે છે.

ગુજરાતી સાહિત્યમાં સર્જકોની જીવનકથા બહુ ઓછી મળે છે અને તેમાં પણ પ્રમાણભૂત જીવનકથા વિરલ છે એ સંદર્ભમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ગુ-જરાતના જાણીતા લેખકોનાં ચરિત્રલેખનનો પ્રકલ્પ હાથ ધર્યો છે. આ યોજનામાં કથાપરંપરાના અભ્યાસી અને એ પ્રકારના સાહિત્યના સર્જક શ્રી મણિલાલ હ. પટેલે મહેનત અને સંશોધનથી પન્નાલાલ પટેલની જીવનકથા ઉપસાવી આપવાનો પ્રયાસ કર્યો છે. આની પ્રમાણભૂત વિગતો મેળવવા માટે એમણે સંશોધન-પ્રવાસો પણ કર્યા છે. શ્રી મણિલાલ હ. પટેલે લખેલ આ જીવનકથાને શ્રી ધીરુભાઈ ઠાકરની પ્રસ્તાવના પ્રાપ્ત થઈ છે તે આનંદનો વિષય છે. પન્નાલાલ પટેલના પુત્ર શ્રી અરવિંદભાઈ પટેલ તથા શ્રી ભરતભાઈ પટેલ પાસેથી પન્નાલાલ

પટેલની તસવીરો મેળવીને અહીં મૂકી છે. આ માટે અમે તેમના આભારી છીએ.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણીમાં 'જનીનવિજ્ઞાન', 'લોકવિદ્યાપરિચય', 'આપણાં રાષ્ટ્રીય પ્રતીકો', 'લિપિ', 'ભૂમિતિ : સ્વરૂપ અને પ્રકાર' જેવાં પુસ્તકો પ્રકાશિત થયાં છે અને હવે પછી આ શ્રેણીમાં ડૉ. ધીરુભાઈ ઠાકરનો વિવેચન-સંગ્રહ 'શબ્દનું સખ્ય' અને શહીદ વિનોદ કિનારીવાલાનું જીવનચરિત્ર આલેખતું પુસ્તક 'શહીદ વિનોદ કિનારીવા-લા' પ્રગટ કરવાનું આયોજન છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સમગ્ર પ્રવૃત્તિને શ્રી પ્રવીણચંદ્ર ગંભીરચંદ શાહનો હંમેશાં હૂંફાળો સહયોગ મળ્યો છે. ગુજરાતી વિશ્વકોશના ખંડ 9ના પ્રકાશનમાં, વિશ્વકોશભવનના માહિતીકેન્દ્રમાં તેમજ એની ગ્રંથશ્રેણીમાં એમણે નિઃસ્પૃહભાવે આપેલો સહયોગ અવિસ્મરણીય છે. આ ગ્રંથના પ્રકાશનમાં ક્રિશ્ના પ્રિન્ટરીએ સહયોગ આપ્યો છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનોને વ્યાપક આવકાર મળ્યો છે. આ ગ્રંથને પણ તેવો જ આવકાર મળશે તેવી અમને શ્રદ્ધા છે.

અમદાવાદ **કુમારપાળ દેસાઈ**

તા. 8-10-2007

# નિવેદન

કારકિર્દીના આરંભે 'જીવનકથા'સ્વરૂપ (સાહિત્યપ્રકાર) વિશે 'સ્વરૂપશ્રેણી' અંતર્ગત સળંગ ગ્રંથ લખવાની તક મળેલી. એ સિદ્ધાંતચર્ચાને અહીં જીવનકથા--કૃતિલેખનના પ્રમાણભૂત પ્રયોગ લેખે મૂકી જોવાની ને એમ થિયરી સાથે મારી જાતનેય સરાણે ચઢાવી અને રજૂ કરવાની બીજી તક મળી છે. બીજો પણ એક યોગાનુયોગ છે. એમ.એ.ના અભ્યાસકાળ દરમિયાન ડૉ. ધીરુભાઈ ઠાકર – 'સાહેબ' – પાસે 'ચરિત્ર સાહિત્ય-સ્વરૂપ' ભણવાનો લાભ મળેલો. આજે એમના જ પરામર્શનમાં જીવનકથા (સર્જકની જીવનકથા) લખવાનો યોગ રચાયો છે. અનુભવ એમ જ કહે છે કે કૃતિ પહેલાં, સિદ્ધાંતો પછી. સ્વરૂપ કે રચનાતંત્ર તો એક માળખું (સ્કૅલેટન) હોય છે, ખરું કામ તો એ તંત્રમાંથી એક સહજ 'સંરચના' રચાતી આવે એવું સંકલન – સંયોજન કરવું અને એમાં પ્રાણપ્રતિષ્ઠા કરવી એમાં રહેલું છે. જીવનકથાના નાયકનોય ઘણા ઘણા જીવનઅનુભવો થયેલા હોય છે. એમનાં સંઘર્ષો તથા જીવનદિશા પણ ધ્યાને લેવાનાં રહે છે. જીવનકથાનો લેખક આ બધાંમાંથી, પોતાના સર્જક-વિવેક પ્રમાણે, વસ્તુસંકલના કરે છે અને કથા-નાયકની અસલ જીવનછવિ ઉપસાવી આપે છે. આ માટે રજૂઆતમાં સહજતા તથા ભાષાયોજનામાં બળકટતા જરૂરી છે. જીવનકથાનો લેખક જો 'સર્જક' પણ હોય તો એને વધારે સફળતા મળવા સંભવ છે. પન્નાલાલ પટેલની પ્રમાણભૂત જીવનકથા લખવાનો મારો પ્રયાસ ઉપર્યુક્ત પીઠિકા પર રહીને થયો હોવાથી એની ગુણવત્તા અને સફળતા વિશે હું આશાવાદી છું.

પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર (પટેલ) અને રાવજી પટેલ : આપણા ત્રણેય અતિ મહત્ત્વના સર્જકો વિશે, વિભિન્ન નિમિત્તે અને ભારતીય ભૂમિકાએ

(રાષ્ટ્રીય કક્ષાએ) લખવાની મને તકો મળી છે એમાં પણ હું મારો કર્તવ્ય-સંકેત જોઉં છું. પન્નાલાલ અને રાવજી તો મારા પ્રિય લેખકો છે. એમના વિશેનો મારો અભ્યાસ તાટસ્થ્યપૂર્ણ બની રહ્યાનો મને સંતોષ છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણી અંતર્ગત મને સોંપાયેલા એક 'પ્રકલ્પ'(પ્રોજેક્ટ)નું પરિણામ તે છે : 'તરસ્યા મલકનો મેઘ' (સર્જક પન્નાલાલ પટેલની જીવનકથા). પૂજ્ય ધીરુભાઈ ઠાકરના હૂંફાળા માર્ગદર્શનમાં અને પ્રિય મુ. કુમારપાળભાઈ દેસાઈના પ્રેમાગ્રહમાં આ જીવનકથા લખવામાં આનંદ મળ્યો છે. મુ. કવિશ્રી ચંદ્રકાન્ત શેઠ તથા પ્રા. પ્રાગજીભાઈ ભામ્ભી અને મારા મિત્રો, સ્વજનો, વિદ્યાર્થી-અધ્યાપકો સમેત સૌ કોઈનો ઉમળકો આ લેખનકાળમાં મને સંકોરતો રહ્યો છે.

પન્નાલાલ પટેલનું તમામ આત્મકથાત્મક સાહિત્ય મારા જીવનકથા-લેખનનો મૂળ સ્રોત રહ્યું છે. માંડલી ગામ તથા એમનો સમાજ, પન્નાલાલનાં ત્યાં વસતાં સ્વજનો, એ મલક  સીમવગડો : બધાંને મળ્યો છું; ત્યાં વારેવારે ગયો છું અને અનેક લોકો સાથે (1988થી આજ લગી) વાતો કરતો રહ્યો છું. મેઘરજમાં વસતા અને (2007) હજી હયાત (90 વર્ષની વયના), શ્રી સોમાલાલ પંડ્યાને મળીને ઘણી વાતો-વિગતોની ચકાસણી કરી છે. આ શિક્ષક સોમાલાલ પંડ્યા, પન્નાલાલ પટેલના પરિવારને ઘણી રીતે જાણે છે. પન્નાલાલની ટપાલો, એમનાં મહેમાનો ને પુસ્તકો  બધાં એ વર્ષોમાં મેઘરજ સોમાલાલ પંડ્યાને ત્યાં થઈને માંડલી પહોંચતાં. પન્નાલાલ એમને ત્યાં મુકામ કરતા ને અંગત જીવન તથા કથાલેખનની રસિક વાતો માંડતા. આ બધી આધારસામગ્રીનો સમીચીન ઉપયોગ કરીને મેં પન્નાલાલ પટેલની જીવનછવિ ઉપસાવી છે. મારો તળ મલક પન્નાલાલના મલકથી નજીક છે. પરિણામે પ્રમાણભૂત પરિવેશ તથા ભાષા વગેરે સહજ બની આવ્યાં છે.

મારા આ કાર્યમાં મદદરૂપ થનાર સૌ કોઈનો અને ખાસ તો ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પરિવારનો આભાર માનું છું. પન્નાલાલના સર્જનની જેમ એમની આ જીવનકથા પણ ભાવકોને પ્રસન્ન કરશે એવી આશા છે. ઇતિ શુભમ્.

તા. 24-5-2007

ન્યૂ વલ્લભવિદ્યાનગર **મણિલાલ હ. પટેલ**

# નવલકથાનો આસ્વાદ કરાવતી જીવનકથા

સામાન્ય રીતે ગુજરાતી લેખક વિશે અને અમુક અંશે ભારતીય લેખક વિશે પણ એમ કહેવાય છે કે તેનું જીવન સપાટ (flat, eventless) હોય છે. તેમના જીવનમાં મોટી સંઘર્ષાત્મક ઘટનાઓ કે પ્રસંગો બનતાં નથી. કેટલાક તો બીજે છેડે જઈને એમ પણ કહે છે કે જન્મ્યા, ભણ્યા, વાંચ્યું-લખ્યું, પરણ્યા, બાળકો થયાં, માંદા પડ્યા અને અવસાન પામ્યા : એથી વિશેષ તેમાં કશું હોતું નથી. આ અભિપ્રાયમાં અતિશયોક્તિ હશે; પરંતુ તેમાં તથ્ય છે. સાહિત્ય અને શિક્ષણના કરતાં ધર્મ, રાજકારણ અને સમાજકારણમાં નેતૃત્વ સંભાળનારામાંથી ચરિત્રનો વિષય બનનાર વ્યક્તિઓની સંખ્યા કદાચ વધુ જોવા મળશે. દરેક ભાષામાં તેજસ્વી સર્જકો પાકે છે, પણ તે દરેકનું ચરિત્ર લખાતું નથી. જેનું જીવન અનેક રસદાર અને સંઘર્ષમય પ્રસંગોથી ભરપૂર હોય તેનું ચરિત્ર લખવા ચરિત્રકાર આકર્ષાય છે. ગુજરાતી સાહિત્યની વાત કરીએ તો નર્મદથી પન્નાલાલ (1833થી 1989) સુધીનાં દોઢસો વર્ષ દરમિયાન પ્રમાણમાં ઘણા ઓછા લેખકો ચરિત્રનો વિષય બન્યા છે. તેમાંય સતત સંઘર્ષમય જિંદગી ગુજારનાર તો નર્મદ, મણિલાલ, ગાંધીજી અને પન્નાલાલ હતા. પહેલા ત્રણનું જીવનકાર્ય લોકહિતને એક યા બીજી રીતે સમર્પિત હતું. પન્નાલાલની પ્રવૃત્તિ સર્જક કળાકારની હતી. તેમનું જીવન સંઘર્ષ અને રોમાન્સથી ભરપૂર હતું. ગુજરાત અને રાજસ્થાનની સરહદ પર વસતી જાનપદી પ્રજાનાં સુખદુઃખનાં તળપદાં કરુણ-મધુર ચિત્રો તેમણે વાર્તા અને નવલકથા રૂપે દોરી આપીને ગુજરાતને અર્પણ કર્યાં છે. તેમની આ વાર્તાઓએ ગુજરાતી સાહિત્યમાં નવાં જ રોનક અને રંગ આણ્યાં છે.

આ સર્જક કળાકાર પન્નાલાલ પટેલનું ચરિત્ર મણિલાલ હ. પટેલે અહીં

આપ્યું છે. તેમાં પન્નાલાલના જીવનના ઉદયથી અસ્ત સુધીનો રસભર્યો ચિતાર આપવા સાથે તેમની પ્રતિભાનું વનફૂલ ક્યાં અને કેવી રીતે ઊગ્યું, ખીલ્યું અને ફોરમના રૂપે વિસ્તર્યું તેની વિગતે વાત કરી છે.

મણિલાલ હ. પટેલ આપણા પ્રતિષ્ઠિત કવિ છે. કવિતા ઉપરાંત વાર્તા, નવલકથા, ચરિત્ર, નિબંધ એમ બીજાં ક્ષેત્રોમાં પણ તેમણે નોંધપાત્ર પ્રદાન કરેલું છે. પન્નાલાલ પટેલનું ચરિત્ર લખવાની વિશિષ્ટ યોગ્યતા મણિલાલમાં છે. તેઓ પન્નાલાલ પટેલના પ્રદેશના વતની છે. એ જ ભૂમિમાં ઊછરેલા છે. તેઓ પન્ના-લાલની માફક ત્યાંના લોકનાં વટવહેવાર, રીતરિવાજ, બોલી, જીવનરીતિ તથા ઉત્સવાદિનો રંગ પામેલા સર્જક છે. તેમણે માંડલી જઈને, પન્નાલાલના સમ-કાલીનોની મુલાકાત લઈને, તેમનાં પૂર્વજો અને પરંપરાની માહિતી પણ મેળવી છે. વળી મણિલાલ અધ્યાપક છે. તે નાતે પન્નાલાલના સમગ્ર સાહિત્યનો તેમનો અભ્યાસ આ ચરિત્રની પશ્ચાદ્‌ભૂમિમાં રહેલો છે. આથી ચરિત્રના નિરૂપણ દરમિયાન લેખકે કયું પુસ્તક કયા પ્રસંગે લખ્યું, વાર્તાનો કયો પ્રસંગ લેખકના જીવનનો કયો પ્રસંગ છે અને તેમના આપ્તમંડળની કઈ વ્યક્તિ નવલકથાના કયા પાત્ર રૂપે અવતરેલ છે જેવી હકીકતો (જે ઘણુંખરું વિવેચક-સંશોધકની નજર બહાર રહેતી નથી.) તેમણે તારવી આપેલ છે. વળી આ ઈશાનિયા પ્રદેશની બોલી પણ તેમણે એવી આત્મસાત્ કરેલી છે કે પાત્રોના મુખમાં જ નહીં પણ કથક(narrator)ના મુખમાં (એટલે કે લેખકના કથનપ્રવાહમાં) પણ એ બોલી અને તેનો લહેકો આવી જાય છે ! આ છેલ્લું લક્ષણ મર્યાદારૂપ ગણાય; પણ તેનાથી ચરિત્રકાર તરીકેની તેમની સજ્ઞતા ઓછી થતી નથી.

આપણા આદ્યવિવેચક નવલરામે ચરિત્રની કસોટી માટે શોધ, સત્ય, વિવેક અને વર્ણન એમ ચાર શિષ્ટમાન્ય ધોરણો આપેલાં છે. ચરિત્ર ઇતિહાસનું અંગ છે. એટલે તેમાં બનેલી હકીકત જ સ્થાન પામે. ચરિત્રકારે તેમાંથી સત્ય શોધીને મૂકવાનું હોય છે. તેમાં હકીકતનો ખડકલો થતો નથી. તેમાં આવતી વ્યક્તિઓ શબ્દસંજીવની પામીને જીવંત બની જાય છે; ચરિત્રકાર તેટલે અંશે કલ્પનાનો ઉપયોગ કરે છે. વિવેક વાપરીને તે જીવનકથાને ઉપસાવી આપે એવા રસપૂર્ણ પ્રસંગો પસંદ કરીને મૂકે છે. તેની ગોઠવણી કલાત્મક હોઈ શકે; કથન રસિક હોય; વર્ણન ચિત્રાત્મક હોય; સંવાદ જીવંત હોય અને સમગ્ર કૃતિ ઉત્કૃષ્ટ સર્જન તરીકે છાપ પાડે. અલબત્ત, સત્યને ભોગે કલાની સ્થાપના ચરિત્રમાં ન જ થવી જોઈએ. ગુજરાતી સાહિત્યમાં એક છેડે કલ્પનાનો મુક્ત વિનિયોગ કરનાર

ચરિત્રસર્જક કનૈયાલાલ મુનશી છે અને બીજે છેડે સત્ય – નિર્ભેળ સત્યના વિનિયોગથી રસ જમાવનાર ચરિત્રકાર નારાયણ દેસાઈ છે. બંનેએ પોતપોતાની રીતે સફળતા હાંસલ કરી છે. મણિલાલે આ બંનેય ચરિત્રકારોની ચરિત્રલેખનની ખૂબીઓનો લાભ લીધો છે.

મુનશીની માફક મણિલાલ પણ નાના ગજાના પણ નવલકથાકાર છે. વસ્તુ, પાત્ર, સંવાદ આદિની તેમણે જીવનકથામાં ગોઠવણી પણ નવલકથાની રીતે કરી છે. તેથી કથાનો રસ જળવાઈ રહે છે. તેમની ભાષા તળપદા ઠોકવાળી પણ કવિતેઈ છે, તેથી ગાંઠા-ગળફા વગર કથનનો પ્રવાહ સહજગતિએ ચાલતો રહે છે.

પન્નાલાલની આ જીવનકથા એક રીતે વખાના માર્યા મનેખની વીતકકથા છે તો બીજી રીતે જીવનનો ભરપૂર રસ માણનાર મોજીલા માણસની અસાધારણ અનુભવકથા જણાય છે. પ્રેમ અને વેદનાના તંતુઓ કથાના પટમાં સ્વાભાવિક રીતે વણાતા આવે છે. પ્રેમ અને વિરહની, તેથી સુખ-દુઃખની મીઠી-તૂરી વાતોથી તેમનું નાનપણ ભરેલું છે. પાંચ વર્ષનો પનો 'બાવજી'ની સાથે મેઘરજમાં ભણવા રહ્યો; ઈડરના રાજકુંવરે તેનો સુરીલો કંઠ સાંભળીને ઈડર છાત્રાલયમાં રહેવાની સગવડ આપી; ત્યાં ઉમાશંકર જોશીનો સાથ મળ્યો; માંડલીમાં ભાઈની વહુ રોટલામાં ઝેર ખવડાવે છે તો ઊઘડતી જુવાનીના મુગ્ધ પ્રેમનો અનુભવ પણ આ અરસામાં બાઈબા સાથે થાય છે. પ્રેમના આ પ્રથમ અનુભવની વાત તે મિત્ર ઉમાશંકરને કહે છે, ત્યારે ઉમાશંકર તેને કહે છે, 'એને પ્રેમ ન કહેવાય, પ્રેમ તો ગહન હોય.' પણ એ પ્રેમનો રંગ પન્નાલાલને વધુ ને વધુ લાગે છે. પડોશીના છોકરાના લગ્નમાં અણવર થઈને તે જાય છે. ત્યાં ગાડાને અકસ્માત થતાં તરવાર ઢીંચણ પર વાગે છે. તેની પ્રેમભરી સારવાર રેવા કરે છે. રેવા તેની મૂળ પ્રિયતમા હતી. આગળ જતાં તે 'માનવીની ભવાઈ'માં રાજુ રૂપે આકાર પામે છે. 'બાવજી' સાધુમાંથી સંસારી થતાં પન્નાલાલનો અભ્યાસ અંગ્રેજી ચોથા ધોરણથી અટકે છે.

પછી ડુંગરપુર અને સાગવાડામાં દારૂની ભઠ્ઠી પર નોકરી મળે છે. ગભરુ જુવાન તરીકે નોકરીમાં દાખલ થયેલ પન્નાલાલમાં વખત જતાં દુનિયાદારીની રીતરસમ અને પક્કાઈ આવે છે. સંગનો રંગ લાગે છે. 'ખિસ્સું ગરમ' કરવામાં તેમને સંકોચ થતો નથી. પછી તો તે ગીત-સંગીતની મહેફિલમાં ડૂબી જાય છે અને ચરિત્રકાર કહે છે તેમ, બધી રીતે 'વટલાઈ' જાય છે.

પન્નાલાલના દેખાવડા વ્યક્તિત્વ વિશેનો ઉલ્લેખ પુસ્તકમાં વારંવાર આવે

છે. નાનપણથી ગોરો વાન અને ગુલાબી ઝાંય ધરાવતું મુખ સૌને ગમી જાય તેવાં હતાં. સ્ત્રીઓમાં તેથી તે લાડકો ગણાતો. ભાભીઓ તેને વહાલ કરે; પણ બાઈબા, રેવા, ઝમકુ જેવી યુવતીઓ તો તેને પ્રેમ કરીને ચુંબનોથી નવરાવીને મૂંઝવી નાખે છે ! છેક લગ્નને દિવસે પેલી અલ્લડ છોકરી તો તેને 'ખાટલાશયન' કરવાની ફરજ પાડે છે ! ચરિત્રકાર કહે છે તેમ, પન્નાલાલ 'આક્રમણભોગ્ય' હતા. વાલીબહેન સાથે લગ્ન થયાં ત્યાં સુધી આ રંગરાગ ચાલે છે.

તે દરમિયાન પોતે કશુંક પાપ કરી રહ્યા છે એવો ડંખ રહ્યો હશે એટલે 'શંકરદાદા ! માફ કરજો' એમ એક વાર કહે છે; પણ પછી 'રંગભરી રાતો અને રજવાડી વાતો'માં એ અફસોસ ભૂલી જવાય છે. મહત્વની વાત એ કે આવી પરિસ્થિતિમાં પન્નાલાલની માણસાઈ મરી જતી નથી. આ ભલાભોળા સીધાસાદા 'મનેખ'ને માણસ માટે ભરપૂર પ્રેમ છે; તેથી જ મોટા આર્થિક નુકસાન વખતે તેમને ખેદ થતો નથી. એ કહે છે, ''સાગવાડાની હરામની કમાઈ ભલે જતી રહે; સત્ અને મહેનતથી 'વસ' મેળવવી.'' માણસ માટેનો તેમનો પ્રેમ એમની વાર્તાઓમાં ઊભરાય છે. 'મળેલા જીવ' અને 'માનવીની ભવાઈ'માં માણસાઈની પરાકાષ્ઠા આવે છે. સર્જન કેવો અદભુત ઊર્ધ્વીકરણનો વ્યાપાર છે તેની સચોટ પ્રતીતિ પન્નાલાલની આ વાર્તાઓ કરાવે છે. મણિલાલ હ. પટેલે તેમનું આ ચરિત્ર આપીને મૂળ ધાતુ અને તેમાંથી ઘડાયેલ દાગીનાનો કસ કાઢવાની સગવડ કરી આપી છે. ચરિત્રનું શીર્ષક 'તરસ્યા મલકનો મેઘ' પણ કેટલું સચોટ અને અર્થપૂર્ણ છે !

'બાવજી', બાઈબા, રેવા, ઝમકુ, અલ્લડ, હીરાબા તથા ડુંગરપુર–સાગવાડાની મોજના સાગરીતો અહીં નવલકથાનાં પાત્રો જેવાં લાગે છે. પન્નાલાલના જીવનની માફક તેમની જીવનકથામાં પણ સ્ત્રીપાત્રોનું વર્ચસ્ છે. ચિત્રાત્મક વર્ણનો, અસ્ખલિત વસ્તુકથન અને જીવંત પાત્રાનુસારી સંવાદો જીવનકથામાં નવલકથાનો રસ પૂરે છે. એટલે આ ચરિત્રકથા વાંચતાં પન્નાલાલની જ કોઈ નવલકથા વાંચતાં હોઈએ એવો અહેસાસ થાય છે.

'મળેલા જીવ' પ્રગટ થઈ અને તેની નકલ બાઈબાના હાથમાં આવી ત્યારે એણે એમ કહેલું કે મારો પ્રેમ એમાં અમર થઈ ગયો છે. એવી જ રીતે 'વળામણાં'માં ઝમકુ અને 'માનવીની ભવાઈ'માં રેવાને પન્નાલાલે અમર કર્યાં છે. બાળપણમાં હીરાબાએ પનાને છપ્પનિયા દુકાળની વાતો કહેલી તેનો કલાત્મક

ઉપયોગ 'માનવીની ભવાઈ'માં કરેલો છે. ચરિત્રકારે અન્ય કૃતિઓમાં પણ પન્નાલાલે ઉપયોગ કરેલ પાત્રપ્રસંગની પણ વિગતે વાત કરેલી છે.

સર્જક પન્નાલાલની અનુભવસમૃદ્ધ ઘડતરકથા તેઓ 1930થી અમદાવાદમાં નાની-મોટી નોકરી સારુ રહ્યા ત્યાં પૂરી થાય છે.

તે પછી તેમનું લેખનકાર્ય શરૂ થયું. દરમિયાન તેમને ક્ષયરોગ લાગુ પડ્યો. માંડલીમાં રહ્યા. પંચગની રહીને સારવાર લીધી. સુમીબહેનની સૂચનાથી શ્રી અરવિંદના પૂર્ણયોગની સાધનાની દીક્ષા લીધી અને પોંડિચેરી (હવે પુદુચેરી) આશ્રમમાં નિવાસ કર્યો. 1951માં રોગે ઊથલો માર્યો. શ્રી માતાજીની કૃપાથી તેઓ સાજા થયા. અમદાવાદમાં તેમણે કાયમી નિવાસ કર્યો. તે દરમિયાન ચાર દાયકા સુધી તેમણે લેખનકાર્ય ચાલુ રાખ્યું. તેના ફળસ્વરૂપ ઉત્તમ વાર્તાસાહિત્ય રચીને તેમણે ગુજરાતી ભાષા અને સાહિત્યને ન્યાલ કરી દીધાં. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક (1950) અને ભારતીય જ્ઞાનપીઠનું સ્પૃહણીય પારિતોષિક (1985) ઉપરાંત બીજાં અનેક માન-સન્માન શ્રેષ્ઠ સાહિત્યસેવા બદલ એનાયત થયેલાં છે. માંડલીનો અબુધ છોકરો ભારતના શ્રેષ્ઠ સાહિત્યસર્જકોમાં સ્થાન પામ્યો તે ગુજરાતી સાહિત્યનો એક મોટો ચમત્કાર છે. તેમના જીવનની આ કથા જેટલી હૃદયદ્રાવક છે તેટલી જ પ્રેરક છે.

પન્નાલાલની હરોળમાં બેસે તેવા અનેક સર્જકો ગુજરાતમાં છે; ઉત્તમ જાનપદી ચેતનાના સર્જકો પણ છે; માનવીના હૈયાના પડેપડને ઉખેળીને તેની વેદનાને વાણીમાં ઉતારનાર વાચસ્પતિઓ પણ છે; પરંતુ આટલું સંઘર્ષયુક્ત રંગીન જીવન જીવ્યા પછી માનવતાનો મહિમા ગાતું આટલું હૃદયસ્પર્શી સાહિત્ય પીરસનાર પન્નાલાલ તો એક અને અદ્વિતીય છે.

તેમની જીવનકથા તેમની કથાપરંપરાના એક મર્મી અભ્યાસી ને અનુગામી કથાસર્જક પાસેથી મળે છે તે સુભગ સંજોગ છે. હું તેને સહર્ષ આવકારું છું.

લંડન **ધીરુભાઈ ઠાકર**

12-9-2007

# તરસ્યા મલકનો મેઘ

(સર્જક પન્નાલાલ પટેલની જીવનકથા)

# 1

સાબરકાંઠા જિલ્લાની પૂર્વોત્તર સરહદે રાજસ્થાનનો ડુંગરાળ મલક આવેલો છે. દક્ષિણી રાજસ્થાનનો જિલ્લો ડુંગરપુર. એનો સરહદી તાલુકો સીમલવાડા. એ તાલુકાનું ગુજરાત સરહદે ઊભેલું છેલ્લું ગામ તે માંડલી... ગામ એટલે ખરેખરું તળમલકનું ગામ.

ધોળા પથરાળી ટેકરીઓ. વાંકીટેઢી વાટ. સાપ-ચાલે ચાલતી સીમવગડાની કેડીઓ. વ્હેળાંવાંઘાં જીવતાં. વચ્ચે વચ્ચે ઢોળાવે ને મેદાને લાંબાંટૂંકાં ખેતરો - નિશાળિયાં છોકરાંની સ્લેટ જેવી ક્યારીએ ક્યાંક ક્યાંક હોય. ટેકરીએ વળગેલું ગામ ટૂંટિયું વાળી બેઠેલાં કૂતરાં જેવું. માંડ પંદરવીસ ઘર. મોટા ભાગનાં ગાર-માટીનાં, બે પડાળિયાં; ઢાળિયાં; માથે દેશી નળિયાં. ઘર ખાસ્સાં મોટાં. આંગણે ઢોર ને ઘાસની મેડીઓ. વાડામાં ખળું ને ઘાસનાં કૂંધવાં. ઘરમાં અનાજની કોઠીઓ - માટીની. એમાં ઝાઝાં તમસ ને ઓછાં તેજ. પાણિયારાં અને અંધારિયાં તથા ધુમાડે કાળાં કજળેલાં રાંધણિયાં. ઢોરની કોઢ ને માથે માળા. લાંબી પડસાળો ને મોટી ચોપાડો... ભીંતે ખાટલા ને ફળિયે ગાલ્લાં. ગામમાં ઝાડવાં ઓછાં, સીમ--વગડોય લગભગ વેરાન. ટેકરીઓ ઊંટોની ખૂંધ જેવી... હજીય જાણે છપ્પનિયા દુકાળનો પડાવ ઊઠ્યો નથી !

આ ગામ તે માંડલી.

આપણા સમર્થ કથાસર્જક પન્નાલાલ પટેલનું વતનગામ માંડલી. ખોબા જેવડું ગામ, નર્યું જનપદ – વનવગડાના ખોળે બેઠેલું તે જોતજોતામાં ખ્યાત થઈ ગયું – એની ધૂળમાં રમેલા; ઊછરેલા એક સર્જક નામે પન્નાલાલ પટેલને લીધે !

માંડલી આંજણા પટેલોનું ગામ. ખેતી અને પશુપાલન પર નભતા પટેલોને મદદરૂપ થનારી અન્ય કોમનાંય એકબે કે બેચાર ઘર ખરાં. ઠાકોર-રજપૂત, વાળંદ, સુથાર, વણકર, મોદી, પગી, ડામોર, ખાંટ, કટારા, બારિયા, ચોકિયાત, ગામેતી, બ્રાહ્મણ, વ્હોરા, કુંભાર; ખાટકી, નટ-તૂરી એમ સોળે વર્ણ ગામમાં કે દૂર નજીકની ટેકરીએ કે પાસપાસેનાં ગામોમાં વસતી. કોઈનું કામ અટકી ન પડે. ભૂવોય મળે અને દેશી વૈદું જાણનારોય હોય. લુહારકોઢ હોય અને એક-બે દુકન જેવુંય ખરું... ત્યારે તો સડકો નહોતી પણ ગાડાવાટ ખરી. ગામની ઓતરાદી સીમમાંથી વહે વાત્રક નદી. દખણાદે પૂર્વથી પશ્ચિમે વહેતો વહેળો... આ વહેળો તે જ રાજસ્થાન-ગુજરાતની વિભાજનરેખા. વહેળો ઓળંગીએ એટલે ગુજરાત. વહેળાથી બે ખેતરવા ગામ તે ગુજરાતનું સરહદી ગામ ઉન્ડવા. ત્યાંથી દશેક કિલોમીટર મેઘરજ. તે તાલુકાનું ગામ. માંડલી પાસેથી વહેતી વાત્રક અહીં મેઘરજના પાદરે ઓળંગવી પડે. આ તરફ મેઘરજ ને પેલી તરફ (રાજસ્થાન-માં) સીમલવાડા. ગામડાંના લોકો માટે તો આ શહેરો ગણાય. બંનેમાં બજાર. માંડલીથી સીમલવાડા સોળ-વીસ માઈલ થાય. જ્યારે મેઘરજ નજીક પડે. મેઘર-જથી મોડાસા. મોડાસા શામળાજી-ઉદેપુર રસ્તા પરનું વેપારી મથક. મોડાસાથી તલોદ જઈને રેલગાડી પકડી લોકો અમદાવાદ જતા. વેપાર માટે ત્યારે તો ઊંટો પર માલ લદાતો. ગાડાં પણ એ કામ કરતાં. પછી ખટારા આવ્યા. માણસોય ઊંટ કે ગાડાનો ઉપયોગ કરતા. ઉતાવળે જવા પછી ઘોડો કે ટટ્ટુ પલાણવામાં આવતાં. વીસમી સદીના પહેલા-બીજા દસકાનું આ ચિત્ર છે... બીજો દસકો તે પન્નાલાલનો શૈશવકાળ... શિશુ પન્નાલાલે જોયેલું આ ગ્રામજગત શાંત જરૂર હતું પણ એમાં પ્રજાજીવનની હાડમારીઓ અને કમાનારાં માટેનો સંઘર્ષ પારાવાર હતાં. અંગ્રેજી શાસન નીચે રાજા-રજવાડાં નામનાં જ હતાં. ગામડાંની પ્રજાય ગોરા, મૅડમ ને રેલગાડીની વાતો કરતી. ગોરા-મૅડમને જોવાં ને ગાડીમાં બેસવું - એ એમનાં મહામૂલાં શમણાં હતાં. નિશાળો ને ભણતરની વાતો હજી હવામાં સંભળાતી હતી. અક્ષરજ્ઞાની રામાયણ-મહાભારત વાંચતો તો એ વિદ્યાવાન ગણાતો ને માન પામતો.

ગુજરાત ઘણા કાળથી એના પાટીદારો માટે જાણીતું છે. પાટીદારો એટલે પટેલો. ખડતલ અને ભાવનાશાળી કોમ. ખેતી કરવી એટલે ત્યારે તો નર્યો પશુ-શ્રમ. ડુંગરાળ ભોંયને કેળવીને ફળદ્રૂપ ખેતરો કરનારા પટેલો પશુપાલન દ્વારા પણ સમૃદ્ધ થવા મથતા. જોકે ત્યારે તો બળદ ખેતી માટે અનિવાર્ય હતા. ને ગાય-ભેંસ – ખાસ તો ભેંસો – દૂધ, ઘી, છાશ, દહીં ખાવા માટે પળાતાં. ખેતી-વાળાને ઘેર ઘાસ-અનાજ હોય એટલે ઢોર પાળવાનું પોસાતું. પટેલો પર નભતી કોમો 'વસવાયાં' (જેને ખેતી વગેરેમાં મદદ કરવા સારુ વસાવવામાં આવ્યાં હોય) પણ પોતાના ગજા પ્રમાણે ઢોર પાળતાં. બકરાં-ઘેટાં પાળનારી કોમો 'પાતળી' (ઊતરતી વર્ણ) ગણાતી. મજૂરી એમનું મુખ્ય કામ. એમાં ગાય-ભેંસ પાળનારાય હતા. ને ઘોડા-ઊંટ પાળનારાય મળતા. માણસો અને માલની હેરાફેરી માટે ઘો-ડા-ઊંટ વપરાતાં; તો પરચૂરણ માલસામાન માટે ગધેડાંય રખાતાં. મોટા ભાગની નહિ બલકે 99 % વસતિ અભણ. ક્યાંક ભણેલો 'ભામણ' મળતો કે સાત ચોપડી ભણેલો 'માસ્તર' દૂર દૂરની શાળામાં સંભળાતો... બાકી, 'સો કાણામાં અંધો રાવ' – જેવી સ્થિતિ. એટલે ઓછીવત્તી જમીનમાં ચાર મણ દાણા પકવતા પટેલોનું ગામડામાં સારું એવું ઊપજતું. વસવાયાં એમની વશમાં રહેતાં. ને પટેલો એમને કામ આપીને દબાવતા... મુખીપણાં બહુધા પટેલો જ કરતાં.

પટેલોની મુખ્ય ત્રણ પ્ર-જાતિઓ (પેટા વર્ગ) : લેઉઆ પટેલ, કડવા પટેલ, આંજણા પટેલ. સૌરાષ્ટ્ર વગેરેમાં પ્રદેશ પ્રમાણે પટેલોની પેટાજ્ઞાતિઓ અને અટકો છે. પણ ગુજરાત મુખ્યત્વે લેઉઆ અને કડવા પાટીદારોથી ભરેલું. આંજણા પટેલોનો વસતિ-વિસ્તાર ઓછો. ને ત્યારે તો લેઉઆ-કડવા-આંજણા પરસ્પર બેટીવ્યવહાર નહોતા કરતા, રોટીવ્યવહારનો ખાસ બાધ નહોતો. દરેક પોતાને જુદા ને ઊંચા માને. તેમ છતાં કહી શકાશે કે ગુજરાતમાં પટેલોનો પ્રભાવ ઘણો. ચૌધરી-દેસાઈ અટક લખાવનારા કડવા પટેલો પોતાને રાજસ્થાની ક્ષત્રિયોના વંશજ માને છે. ધીમે ધીમે આ પ્રજા કમાતી થઈ, ભણતીગણતી ને શહેરોમાં જઈ નોકરી-ધંધો કરતી થઈ... ઊજળા દેખાવું ને ચોખ્ખા રહેવું એ સમજ આવતી ગઈ. આ બધું 20મા શતકની પહેલી પચ્ચીસીમાં બનવા પામે છે.

ગોર-બ્રાહ્મણને નમતો ને શાસ્ત્રાજ્ઞા પાળવા ગાંડીઘેલી વિધિઓ કરાવતો. પટેલ રાજના સિપાહીથી ડરતો. ચૂંગી/દાણ માટે ને એક રાજમાંથી બીજા રાજમાં જવાઆવવા માટે ચોકીનાકાં હતાં. રજવાડાનો માણસ એમાં બેસતો પણ આખો વહીવટ ઉપલા લેવલે તો ગોરી સરકારનો જ હતો. 'રાજ'થી ડરવાના એ દિવસો

હતા. વિઘોટી-મહેસૂલ વગેરે માટે રાજનો નીમેલો તલાટી રહેતો. ગામડામાં તો એય ‘સાહેબ’ કહેવાતો. પટેલોનું શોષણ આ ભૂમિકાએ થતું રહેતું... એટલે ભણેલા માણસને લોકો દેવ જેવો લેખતા. ભણેલો કાયદો જાણે અને રાજની સામે બે વાતો સાચી હોય તો તે રજૂ કરી શકે. ભણવા માટેની તરસ હજી જાગી નહોતી. ખાસ તો ‘ભૂદેવો ભણે’ – ‘આપણે વળી કણબી ભઈને ખેતી કરવાની એમાં ભણવાનું શું કામનું ?’ – એવી દઢ માન્યતાઓ હતી, એટલે કોક ભણે તો વખાણનારાં કરતાં ટીકા કરનારાં જ ઝાઝાં નીકળતાં. (પન્નાલાલ પટેલનું પણ એવું જ થયેલું.)

અજ્ઞાન અને અંધશ્રદ્ધાનો એ જમાનો. દિવસેય એ મલક જાણે અંધારિયો મલક ન હોય ! પટેલોને માથેય વાણિયાનાં દેવાં હતાં... ને વ્યાજ તો એવાં કે એને ઘોડાય ન પહોંચે ! એટલે કમાઈ કમાઈને વાણિયાના ચોપડામાં ભરવાનું. ને પટેલભાઈનો સમાજ એવો કે એમાં હેંડતાં પ્રસંગો-ટાણાં આવે; ને એનાં જમણવાર તથા વટવહેવાર એવાં કે દેવાં તો વધતાં જ જાય ! અરે મંત્રતંત્ર જાણનારા ભૂવાય માંલ્લાં કરવા આવે ને રૂપિયોરડો ધૂતતા જાય. ઊંચી જ્ઞાતિઓમાં ‘નર્મદનો જમાનો’ વીતી ચૂક્યો હતો ને નવજાગરણનો વાયરો વાતો હતો. પણ આ ઈશાનિયા મલકમાં તો હજી અજ્ઞાન-ભય-મંત્રતંત્ર-મજૂરી અને મજબૂરીનું શાસન હતું. એમાં વળી કુદરત રૂઠે ને વરસાદ ઓછોવત્તો પડે કે ના પડે તો તો આ મલકની પ્રજાને તો ‘ખાંડણિયામાં માથું’ ને ખાંડનારા તો હાજરાહજૂર – જેવો ઘાટ હતો. દુ:ખને માથે શીંગડાં નથી હોતાં પણ અંદરની આપદાઓ એમ ઢાંકી ઢંકાય થોડી ?!

હા, આ મલક રળિયામણો. ડુંગરાઓ ટેકરીઓ. નદી ને વહેળા જીવતાં. ઋતુઓ આવે એમનો વૈભવ લઈને ! મનેખ આવી કુદરતને આશ્રયે જીવતું ને વેઠવા સાથે મોજ કરતું. માંડલી ને પન્નાલાલનો આ મલક તે આવો નોખો... આ ભોમકાની અનુભવ-સમૃદ્ધિએ આપણને સર્જક પન્નાલાલ આપ્યા છે.

# 2

ઈ. સ. 1912નો વૈશાખ તપતો હતો.

આખાં સીમ-વગડો-ડુંગરો માથે કાળો ઉનાળો પોતાનો દબદબો દાખવી રહ્યો હતો. ટેકરીઓ અને વાત્રકના બેઉ કાંઠાની વનરાજિ લીલછાયેલી હતી. દિવસો ભભૂતિયા ને કઠોર બાવા જેવા ડારતા આવતા ને જતા હતા. રાતો શીતળ. ને તારાભર્યા આભલા નીચે લોક ખાટલાઓમાં સુતરાઉ લૂગડાં-કપડાંની ટાઢી ગોદડીઓ પાથરીને વાતોના તડાકા લેતું ને પાછલી રાતના જંપી જતું. આવા વાતાવરણમાં માંડલી ગામમાં પન્નાલાલ પટેલનો જન્મ થયેલો. મે મહિનાની બારમી તારીખ. વર્ષ ઈ. સ. 1912. વિક્રમ સંવત : 1968.

બાનું નામ હીરાબહેન. હીરાબા અભણ. ગામડાની સામાન્ય બાઈ. બાપા નાનાલાલ ખુશાલદાસ પટેલ. લોક 'નાનશા' કહીને માનથી બોલાવતાં. નાનશાને વાંચતાંલખતાં આવડતું. શિયાળા-ઉનાળાની રાત તરફ ઢળતી સાંજોમાં નાનશા રામાયણ, મહાભારત મોટેથી વાંચતા ને ગામલોક પડસાળે-ખાટલે-ફળિયે બેસીને સાંભળતું. આખા ગામમાં આ એક જ ઘરમાં વિદ્યાનો વાસ હતો. મા સરસ્વતી-નો મુકામ નાનશાને વધારે માનવંતા બનાવતો હતો. વાંચવા ઉપરાંત નાનશાએ થોડાંક પુસ્તકો જેવુંય કૈંક લખેલું. કહે છે કે મેલી વિદ્યા સામેના મંત્રતંત્ર પણ હતા. જે હસ્તપ્રતો એમણે મરતાં પહેલાં બાળી મૂકેલી. કહેતા હતા કે આ વિદ્યા જો સાચવતાં ને વાપરતાં ન આવડે તો પોતાને જ બાળી મૂકે. વિદ્યા દા'ડો વાળે એમ વિદ્યા વંઠે તો ધનોતપનોત કાઢી નાખે. નાનશા પટેલે બીજી કથાવાર્તાઓ

પણ લખેલી. એ બધું પોટલીમાં બાંધીને અભરાઈએ મૂકેલું... પછીથી જયશંકરા-નંદ મહારાજેય જોયેલું; પણ પાછળથી એ બધું ખેતીવાળાના ઘરમાં આડેઅવળે રઝળી ગયું તે ગયું.

વિદ્યાના જાણતલ બાપા પાસેથી બાળક પન્નાલાલ કશું શીખે-કરે એ પહેલાં તો નાનશાનું ઓચિંતું અવસાન થયું 1914માં. ત્યારે પન્નાલાલ હજી તો બે વર્ષના હતા. હવે એ બાના ખોળે હતા.... ને બાનું એ છેલ્લું સંતાન... બાએ પન્નાલાલને હૈયે વળગાડીને મોટા કર્યા ને પન્નાલાલે બાની આંગળી કદી ન છોડી.

પન્નાલાલને બે મોટા ભાઈઓ હતા : હરિભાઈ અને કોદરભાઈ. પન્નાલા-લને ત્રણ બહેનો હતી : રતનબહેન, સંતીબહેન અને વાલીબહેન. રતનબહેન અને કોદરભાઈનું અવસાન યુવાનવયે થયેલું. પન્નાલાલ, હીરાબા અને સંતી-વાલી ચારેય, નાનશાના મર્યા કેડ્યે ભાઈ હરિભાઈ અને ભાભીને આશ્રયે હતાં... ટૂંકી જમીન, આકાશી ખેતી ને પૈસો મળે નહિ ! પટેલની ન્યાત ને સમાજના ખર્ચા ઝાઝા. હીરાબા અને હરિભાઈ બંનેને બહુ આપદા પડતી. ભાભી સ્વભાવે આકરી તે હીરાબાનેય વેઠવું પડતું. પણ હરિભાઈમાં રામ વસેલા. એમને નાના પના પર હેતભાવ. પોતે તો ધૂળી નિશાળમાં કાગળ ઉકેલવા જેટલુંય ના ભણી શકેલા, પણ મરતા બાપનું વેણ પાળવાની એમને ચટપટી હતી. ‘ઘરમાંથી વિદ્યા નહિ જવી જોઈએ.’ પનાને ભણાવવા હરિભાઈ મક્કમ હતા.

પન્નાલાલને બે માતૃભાષાઓ હતી એમ કહી શકાય તો એ સાચું છે. ગુજરાતી અને રાજસ્થાની – બંને ભાષાઓનો એ સન્ધિપ્રદેશ. જરાક નોખી રીતે સમજીએ :

પન્નાલાલ પટેલનો સમાજ તે આંજણા પટેલોનો સમાજ. આઠ-નવ ગામનો ગોળ, બેટીવ્યવહાર આટલાં ગામોમાં થતો. આ આઠનવ ગામોનો સમાજ સરહ-દને લીધે બેઉ રાજ્યોમાં વિભાજિત થયેલો. ઝાઝાં ગામ ગુજરાતમાં... ને ઓછાં ગામ રાજસ્થાનમાં પડે. એક સમાજ-ગોળ અને બે ભાષાઓ ! પણ કહેવું જોઈએ કે માંડલીમાં પણ બોલાય છે તો ગુજરાતી જ. આખા સમાજની ભાષા તો એક જ હોય ને ! રાજસ્થાની તો ત્યારે દફતરની ભાષા હતી. એ પછી નિશાળોમાં માતૃભાષા તરીકે માંડલીમાં રાજસ્થાનીએ સ્થાન લીધું છે. પણ લોક તો મારવાડી છાંટવાળી, ભીલી લોકબોલીમાં બોલે-વર્તે. આ ગુજરાતીની જ લોકબોલી છે. પન્નાલાલે મારવાડી-ભીલી છાંટવાળી પણ પ્રમાણમાં તળપદી છતાં શિષ્ટ ગુજ-

રાતીમાં કથાસાહિત્ય રચ્યું છે. એમની ભાષા-સમૃદ્ધિને આ સન્ધિભૂમિએ લાભ કરાવ્યો છે.

બીજી એક વાત તો હીરાબાની માતૃભાષાની વાત. એમનું પિયરગામ (ભોયડી) ગુજરાતમાં. એટલે એમની માતૃભાષા ગુજરાતી. નાનશા માંડલીના. એમની માતૃભાષા રાજસ્થાની ! આમ પન્નાલાલને બે ભાષાઓ મળી :

બા-ની માતૃભાષા ગુજરાતી.

બાપા-ની માતૃભાષા રાજસ્થાની.

પન્નાલાલે બા-ની – માતાની માતૃભાષા ગુજરાતી અપનાવી. સમાજ એ જ ભાષામાં બોલતો-વર્તતો હતો. પિતૃભાષા રાજસ્થાનીમાંય પન્નાલાલે યુવાન વયે ખાસ્સો વ્યવહાર કર્યો હતો. બોરી અને સાગવાડાની નોકરીઓમાં રાજસ્થાનીનો રંગ એમણેય ઉડાડ્યો હતો !

બે માતૃભાષાઓની જેમ, બીજી જાણવા જેવી વાત એ પણ છે કે પન્નાલાલ પટેલને બે બા હતી. હીરાબાની કૂખે એ જન્મેલા પણ બીજાં સાવકી બા હતાં. પન્નાલાલ એમને 'માસી' કહેતા. નાનશા થકી 'માસી'ને બે સંતાન હતાં.

મૂળુભાઈ અને નાથીબહેન.

બહાર ભણવા અને નોકરી વાસ્તે પન્નાલાલ આવતા-જતા થયા ત્યારે 'મા-સી'નેય મળવા જતા. ગામને બીજે ફળિયે 'માસી'ને નોખું ઘર આપેલું. થોડી, ભાગે આવતી જમીન પણ હતી જે મૂળુભાઈ ખેડતા-ખેડાવતા અને એની આવકમાંથી ઘર ચાલતું. કિશોર પન્નાલાલ ઘેર આવતા ત્યારે (મેઘરજ - ઈડરથી) માસી માટે છીંકણી અને ભાઈબહેન માટે ખાવાનું લાવતા.

પાટીદારોની ન્યાત એટલે નાતરિયા ન્યાત.

'વસ્તાર' (વંશ-વારસ) માટેય નાતરું કરનારા એટલે કે બૈરી પર બીજી બૈરી લાવનારા હતા. કોક વળી મોટી ખેતી અવેરવા (પાલવવા) બૈરું લાવતા. કોક વળી આગેવાન કે પાંચમાં પુછાતા હોય અને ઘરના પોસાતા હોય એટલે બીજું બૈરું કરતા કે એમને એ માટે વિનંતી કરાતી અથવા ફરજ પણ પડાતી. નાનશાની નામના સારી. ફરંદા માણસ. શોખીન અને લહેરી પણ હતા. એટલે એમને બે બૈરાં ના હોય તો જ નવાઈ ! પન્નાલાલની કથાવાર્તાઓમાં બૈરા પર બૈરું કરવાની વાતો એકાધિકાર આવે છે – એનાં મૂળ એમના કુટુંબમાં ને સમાજમાંથી મળે છે.

એક ધણીને બે બૈરાં હોય એટલે એ બે શોક્યો લડ્યા વિના તો ભાગ્યે જ રહે. બે બૈરીઓનો ધણી પણ એ લડવાડનો ભોગ બનતો. એક બૈરીનું ઉપરાણું લે તો બીજી રિસાતી. બીજીને મનાવે તો પહેલીનું મોઢું ચઢી જાય ! એટલે લોકો બે બૈરાંના ધણીને 'બાપડો/બિચારો'ય કહેતા. નાનશા પટેલ તો આગેવાન. પાંચમાં પુછાતા. વિદ્યાય ખરી પણ સમજણ વધારે. એટલે કોઠાસૂઝથી એમણે બેઉ પત્ની-ઓને અલગ અલગ ઘરમાં જ રાખેલી. પોતે હીરાબા સાથે - મોટા પરિવારમાં રહેતા. પન્નાલાલમાં હીરાબાનો લાગણીશીલ સ્વભાવ અને બાપાની સમજણ તથા કોઠાસૂઝ ઊતર્યાનું બરાબર પમાય છે.

વિદ્યા/ભણતર માટેની બાળ પન્નાલાલની ઉત્સુક્તા અને ચીવટ પણ જાણે કે નાનશા પટેલનો વારસો જ હતાં. હરવાફરવાનો અને ખાવાપીવા સાથે સારું સારું પહેરવા-ઓઢવાનો કિશોર પન્નાલાલનો શોખ તથા યુવાનીના આરંભથી જ શોખીન-રંગીન સ્વભાવ પણ પન્નાલાલને જાણે કે નાનશામાંથી જ મળેલા હતા. ઉમાશંકર જોશી(ઈડરના સહાયાયી)એ તથા અન્યોએ નોંધ્યું છે તેમ પન્નાલાલ પટેલ દેખાવડા બલકે રૂપાળા હતા. આવું ગોરું રૂપ અને મોજીલો સ્વભાવ તથા વાણી-વર્તનમાં સમજણ અને ચપળતા ગામડાગામમાં તો વિરલ જ હતાં. આવા યુવાનને દેખીને અનેક યુવતીઓ ન આકર્ષાઈ હોય તો જ નવાઈ ! પન્નાલાલ છેલબટાઉ રહ્યા હતા. 'મળેલા જીવ'ના કાનજીની જેમ એય યુવતીઓને છેલછ-બીલા ને મનના માણીગર ભાસ્યા હતા.

પાંચ-છ વર્ષની ઉંમર સુધી તો બાળ પન્નાલાલ બા-ને ધાવતા રહેલા. ધાવણ છોડવવા સારુ થાનેલા પર લીમડાનો કડવો રસ લગાવતી બાને આંખમાં આંસુ આવી જતાં. આમેય અમારા ઈશાનિયા મલકમાં પાટીદારોમાં માન્યતા છે કે : મોટો દીકરો બાપને વહાલો ને છેલ્લો-નાનકો દીકરો બાને વહાલો હોય. પન્ના-લાલનું હુલામણું નામ ગટુ હતું. બાએ ગટુડાને હૈયાના હાર કરતાંય વધારે તો કાળજાની જેમ સાચવ્યો અને પ્રેમતરબોળ રાખ્યો હતો. આ માટે ઘરકુટુંબમાંથી એમને ઠપકો અને મહેણાંય વેઠવાં પડતાં. હીરાબા ગટુડાને મારતાંય ખરાં... બીજાંય ગટુને મારવામાં પાવરધાં રહેતાં. માવડિયો ગટુ તોય બાનો પલ્લો નહોતો છોડતો... ને બા તો જીવ્યાં ત્યાં સુધી 'મારો લાડકો પનો... વહાલો દીકરો...' રટતાં ને સોરાતાં રહ્યાં હતાં.

# 3

માંડલી જેવા સાવ નાનકડા ગામમાં બાળકો માટે મનોરંજન જેવું તો કશુંય ના હોય એ સહજ સત્ય હતું. બાળકો શેરી-પાદરની ધૂળમાં રમીને મોટાં થતાં; કેટલાંક તો માટી પણ ખાવા ટેવાતાં. સીમવગડે જતાં થાય ત્યારે એમને સીમવગડામાં થતી ખાવાની વસ્તુઓ મળતી. ઋતુઓ એમને માટે જ બધું ફાંટમાં ભરીને લાવતી. સીતાફળ, કંથારાં, ચણીબોર; પપૈયાં, બોર, જામફળ, જાંબુ, કેરી, ચીભડાં-તડબૂચ, કોઠમડાં, પીલુડાં, ડોડીવેલ-ડોડા, ચણા-પોપટા, પાપડી, સીંગ, મગફળી, ચોળી – કેટકેટલી વસ્તુ ઝાડ-ઝાંખરે, વાડ-વેલે કે ખેતર-છોડવે મળી રહેતી. ઘણી વાર બાળકોને ઘર કરતાં વગડો વહાલો લાગતો એનું કારણ પેલી ભાતભાતની ખાવાની વસ્તુઓ મળતી તે હતું. શિશુ પન્નાલાલ હીરાબાના લૂગડાનો પાલવ છોડતો નહોતો. બાની સાથે ખેતરે જતો. બા ખેતરવાટે ને ખેતરમાં જે ખાવા જેવું મળતું તે બધું પ્રેમથી ચૂંટીને ગજવે ઘાલી આપતી. કુદરત-દીધાં આ લીલાં ખાણાંની મીઠાશ જાણે પન્નાલાલના સ્વભાવમાં ને ત્યાંથી એમનાં પાત્રોનાં ઉમદા વ્યક્તિત્વમાં ઊતરી આવી હશે - એમ કહેવામાં નરી સચ્ચાઈ છે. અભાવોવાળા ઘરકુટુંબમાં જે નહોતું મળતું તે સીમવગડે મળતું. પન્નાલાલ એ રીતે બડભાગી હતા. હીરાબાનો ગુસ્સો અને એમનાં ગડદા-ધોલ પણ બાળક પન્નાલાલે પ્રેમથી ખાધાં જ હતાં. પણ મારતી લડતી બા એને વહાલ પણ એવું જ કરતી. હૈયે હેત અને આંખે ભીનાશ -હીરાબાએ બાળક પન્નાલાલને જાણે કે પાલવમાં સંતાડીને મોટો કર્યો હતો. પાંપણનો છાંયડો કરનારી આવી મા તો ભાગ્યશાળીને મળે.

અભણ બા પાસે, 'વનમાં એકલી પડેલી સોનબહેન'-ની કથા સિવાય કોઈ વારતા નહોતી. રામાયણ-મહાભારત વાંચનાર બાપાની તો, પન્નાલાલને જોયાનીય સાંભરણ નહોતી... બાકી નાનશા જો જીવ્યા હોત તો પન્નાલાલને વાતોનો ભંડાર મળ્યો હોત... પણ હીરાબા બાળ પન્નાલાલને છપ્પનિયા દુષ્કળની વાતો કહ્યાં કરતાં. ખેતરમાં ચાર વાઢતાં જાય અને વાતો કરતાં જાય... વાત્રકની પેલે પારની ઓતરાદા ડુંગરા બતાવતાં બતાવતાં બા 'ધાડ' ક્યાંથી ને કેમની ચડી આવતી તે સમજાવતાં રહેતાં. ભૂખી ભૂતાવળની વાત અને ભૂખ્યાં મનેખની વિપદાઓ-ની વાતો હીરાબાએ એને વારેવારે કહી હતી. શેરી-ફળિયામાં પણ એની વાતો નીકળતી અને બાળક પન્નાલાલ મોઢું વકાસીને એ વાતોમાં ઓતપ્રોત થઈ જતો.

વખાનાં માર્યાં મનેખની વણજારો બાળપણમાં આ છોકરાએ કશીય સભાનતા વગર જોઈ હતી. જોકે એ જોવામાં એ બધુંય ભૂલી જતો. જોવામાં એવો તો તલ્લીન થઈ જતો કે બા-નો પાલવેય છૂટી જતો. બા ક્યાં જઈને કેમ આવી એય ભૂલી જતો. આ બાળક લોકોની વાતો-વચનો સાંભળવામાં ખોવાઈ જતો. જાણે એ જ બધું સીધું અચેતન મનમાં સંચિત થયું હોય એમ કથાવારતાઓમાં હાજર થયેલું આપણે પ્રમાણ્યું છે. સમાજની પાઠશાળાના પાઠ જીવનભર યાદ રહી જતા હોય છે. માંડલીમાં કદીક નટ-નટીના ખેલ આવતા; કદીક માગવા આવતા રાવળિયા ભાઈબહેનની વારતા ગાતા. કોક રાવણહથ્થાવાળો આવી ચઢતો અને લોકકથાઓ ગાઈ સંભળાવતો. મેળો ભરાતો ને એમાં પાવા વગાડનારા તાનમાં આવીને ગીતો ઘૂંટતા હતા. સીમ-વગડે ખેડુ-ગોવાળિયાંય ગાતા ને સામાજિક પ્રસંગોમાં - ખાસ તો લગ્ન-મામેરું તથા સીમંત વેળાએ - જાતભાતનાં ફટાણાં ને ગીતો ગવાતાં. પન્નાલાલે આ બધું કંઠમાં ને હૈયામાં હરખ સાથે હાચવી રાખેલું હતું. હોળીગીતો તો રાજસ્થાનની ગ્રામચેતનાનો પ્રાણ ગણાય. પન્નાલાલ આ બધું સાંભળતા ને આત્મસાત્ કરીને ગાતા થયેલા. પ્રેમ-વિરહ તથા સુખદુઃખની મીઠી-તૂરી-ભૂરી આ વેદનાઓ પન્નાલાલને શૈશવે જ મળી ચૂકી હતી. ઓછું હતું તે વાત્રક નદી, ટેકરીઓ અને ડુંગરોની વનરાજિએ, ઋતુઓની સવારીઓ અને સીમવગડાની બદલાતી રચનાએ પૂરું કર્યું જાણે ! વેરઝેરના તથા પ્રેમ-વિરહના અદકેરા અનુભવો પણ થતા રહેલા.

પન્નાલાલનું પાંચ-છ વર્ષની વયનું પ્રથમ અને તીવ્ર સ્મરણ હતું તે તો વણજારાઓની પોઠનું. માંડલી રાજસ્થાન-ગુજરાતને જોડતા મારગ માથે હતું. ઘણી વાર સરકાર પોઠો પર લાદીને અનાજની હેરાફેરી કરાવતી. વણજારાઓ

ઊંટ-ઘોડાં-ગધેડાં પર ઘરવખરી-છૈયાંછોકરાંય લાદીને પડાવ ઉપાડતા અને બીજે મુકામે જતા. આવી એક મોટી પોઠ માંડલીના મારગે હતી. બંને મોટી બહેનોના આગ્રહ છતાં 'બળદ' (પોઠ) જોવા નહિ જતો ને માનો પલ્લો નહિ છોડતો ગટુડો (પન્નો) અચાનક પાદરના ખેતર પાસેની આંબલીએ જઈ ચઢે છે ને અવાચક જેવો થઈને 'ટાંડું' (વણજાર) જોયા કરે છે. બેટાથી સૂની પડી ગયેલી બા ખોવાયેલા દીકરાની શોધાશોધમાં ઘાંઘી થાય છે ને સૌની મજાકનું કેન્દ્ર બને છે. પણ પોઠ જોવામાં તલ્લીન દીકરાને જોતાં જ હીરાબાનો જીવ હેઠો બેસે છે. આ વણજારનું વર્ણન પન્નાલાલની કથાઓમાં-પછીથી-આબેહૂબ આવ્યું છે.

વણજારાઓની આ મસમોટી પોઠ જોઈને બાળક પન્નાલાલે બાને પ્રશ્નો કરેલા... 'ક્યાં જશે આ બાળદ (પોઠ), મા ? ... ગાડી ? ગાડી એ વળી શું મા ?' બા-ની સામે મુગ્ધ નજર માંડીને પાછા વિચિત્ર સવાલો પૂછેલા ! 'ક્યાં હશે ગાડી, મા ?... ધરતીને છેડે ? ક્યાં હશે એ છેડો, મા ?' મા-એ પણ ક્યાં ગાડી જોઈ હતી ?! પણ બાળકની ઉત્સુકતા એના આખા ડિલમાં વર્તી ગયેલી મા-ને થયેલું કે ગાડી જોવા માટે તો આ છોકરો મા-નો પાલવ ને ખોળો : બધુંય છોડીને જાય જ સ્તો ! ગાડીની વાતોમાં બાવરો બાળક લોકોએ જોડેલું ગાડીનું ગીત - બંને મોટી બહેનો પાસેથી સાંભળી સાંભળીને - ગાવા લાગેલો. ગાવાની ધૂન અહીંથી જ લાગેલી, ને વળી ગાણાં-ફટાણાં ને સીમવગડામાં ગીતો ને પાવાના રાગ તો સાંભળ્યાં જ હતાં ને ! ગાડીનું એ ગીત પન્નાલાલ કદીય ભૂલ્યા નહોતા. એમની કથાઓમાં આ અને આવાં બીજાં ગીતો – લોકગીતો – ને એમણે જોડી કાઢેલાં ગીતોય – આવ્યાં જ છે. ગાડીનું ગીત - પ્રજાએ જાતે જોડી કાઢેલું - લોકગીત બની ગયું હતું :

*ગાડી ગાડીનો ઘડનારો રે રામા રાઠોડ*
*ગાડી ગાડીનો હાંકનારો રે રામા રાઠોડ*
*ગાડી દરવાજે અચકાણી રે રામા રાઠોડ*
*ગાડી સડપ દઈને ચાલી રે રામા રાઠોડ*

આ 'રામા રાઠોડ' તે આમ જુઓ તો રાજા, રૈયતનો રાયો... ને બીજી રીતે કહીએ તો 'રામ' - માલિક, ઈશ્વર; ને એય પ્રજાનો રાજા ! ગાડીનું બીજું ગીત પણ પન્નાલાલને આવડી ગયેલું - કેટલીક પંક્તિઓ તો એ ગાંઠની જોડીને ઉમેરતા; ને બહેનો અચંબિત થઈને જોઈ રહેતી :

*ત્યાંથી તે ગાડીઓ ચાલી રાણાજી,*

*ત્યાંથી તે ગાડીઓ ચાલી રે.*
*વિલાયતી બંધ દીધા રાણાજી, વિલાયતી૦*
*ખંભાતી તાળાં માર્યાં રાણાજી, ખંભાતી૦*
*ગાડી પિપૂડી મારે રાણાજી, ગાડી૦*
*ગારડની સિટીઓ વાગી રાણાજી, ગારડની૦*
*લીલી તે ઝંડીઓ ફરુકી રાણાજી, લીલી૦*
*(ને) હલકે ગાડી હેંડી રાણાજી, હલકે તે ગાડી૦*

આ જ ગાળામાં પાસેના (પાંચછ ગાઉ છેટે) મેઘરજ ગામમાં, રામજી મંદિરમાં, જયશંકરાનંદ મહારાજ આવેલા અને તપ, સાધના તથા યજ્ઞ વગેરેથી આસપાસનાં ગામડાંમાં ઠીક ઠીક જાણીતાય બન્યા હતા. જયશંકરાનંદ ખાસ્સા યુવાન હતા. આવો ફૂટડો 'બાવો' જોઈને ગામડાંનાં મનેખને કઉતક થતું. બધાં તરેહતરેહની વાતો ને મજાકો કરતાં. મહારાજ માંડલીમાંય બે-ચાર વાર આવી ગયેલા. છેલ્લે આવ્યા ત્યારે ગામના વડીલોને કહેતા ગયેલા કે જેમને છોકરા ભણવા મૂકવા હોય તો મારી સાથે જરૂર મોકલજો. આવતી ફેરા હું લેતો જઈશ. રામજી- મંદિરમાં રહેશે ને ખાશે-પીશે. ત્યાંથી મેઘરજની નિશાળમાં ભણવા જશે. મહારાજના મનમાં રામ વસેલા તે આવો વિચાર આવ્યો હશે – એમ પણ લોક કહેતું. વળી એમ પણ કહેનારા હતા કે – 'અમારે કણબીભાઈને વળી ભણવાનું કેવું ? અમારે ક્યાં નામાં લખવાં છે કે ચોપડીઓ વાંચવી છે ? અમારે તો ધૂળ સાથે ધંધો...'

જોકે પન્નાલાલના મોટા ભાઈ હરિભાઈની ખાસ ઇચ્છા હતી કે : 'હું ને કોદર (વચેટ ભાઈ) ભલે ના ભણ્યા, પણ પનાને તો ભણાવવો જ છે...' મરતી વખતે બાપાએ કહેલું કે - 'બીજું બધું તો થઈ રહેશે, ભાઈ ! પણ ઘરમાંથી વિદ્યા ના ખોશો. ભણજો-ભણાવજો.' હીરાબાને કાળજે આ વેણ કોતરાઈ ગયેલાં હતાં. હરિભાઈ પણ મરતા બાપના બોલ પાળવા તૈયાર હતા... ને એમાં આ મહારાજે વાત મૂકી. હરિભાઈને થયું કે : 'ભાઈ ! આ તો ભાવતું'તું ને વૈદ્યે કહ્યું જેવી વાત થઈ...' પણ બા પનાને બહાર મૂકવા રાજી થશે ખરાં ? - એવી ચિંતાય એમને થતી હતી. વળી એક દે'શત એમેય પેઠેલી કે આ માવડિયો ભાઈ, આખા ફળિયાનો માર ખાય છે તોય બા-નો પલ્લો છોડતો નથી; અરે ! બા પણ મેથીપાક આપે છે તોય પાછાં બેય એકનાં એક. જો પનો જ જવા રાજી ના થાય તો ?? જોકે હરિભાઈ કરતાંય આ ચિંતા ફળિયાવાળાંને વધારે હતી. હરિભાઈ તો, જો

બા હા પાડે તો પછી પનાને મૂકી જ આવશું - એમ મનમાં પાક્કું કરીને બેઠા હતા. એમણે બા-ને કહેલું કે 'આ મેઘરજ રામજી મંદિરના મહારાજ પનાને ભણવા લઈ જવાનું કહે છે; તે મોકલીએ ને ?! - બાપાનીય એ જ અબળખા હતી...'

વાત સાંભળતાં જ બા-ને ધ્રાસકો પડેલો. એક તો એ કે આ ગટુડો મેઘરજ જવા તૈયાર થશે ખરો ? તૈયાર નહિ થાય તો બધાં એને મારશે ને ટીંગાટોળી જેવુંય કરશે... ને બીજી વાત પોતાની જાતની હતી... પોતે આ વહાલસોયા દીકરાને છાતીથી અળગો-આઘો કરી શકશે ખરાં ?! એના વિના આ ઘર, ફળિયું ખાવા દોડશે જાણે ! પણ કઠણ કાળજું કરતાં બા એટલું બોલેલાં - 'હા, તે મોકલોને... જો એ રાજી થઈને જતો હોય તો હું શું કામ આડી જીભ ઘાલીશ ?' પણ ગટુડાના જવાના દિવસો પહેલાંથી લઈને જવાના દિવસે નીકળવાની ઘડી સુધી હીરાબાના મનમાં ધડાઉથલાનો પાર નહોતો.

મરતા પતિનું વેણ પાળવા ઉપરાંત પણ નાનો પનો ભણે એમાં બા-ને ઘણો ઉમળકો હતો. નાનશાને તો વિદ્યા એક મંત્રતંત્ર જાણનારા ભગતે શીખવી હતી. પણ એ વિદ્યાને લીધે ચારે તરફ એમનું માન હતું. હીરાબાનો હરખ હૈયે સમાતો નહોતો. પતિ નાનશાનું કામ એટલે ચોક્કસ. હિસાબો એવા લખતા કે વાણિયાઓ એમનાથી બીતા; ડરતા જતા અને વખાણ કરતા. વિદ્યાને લીધે સ્તો ! બ્રાહ્મણોય નાનશાને માન આપતા. પરગણામાં પુછાતા નાનશાનું ન્યાત-ગોળમાંય ખાસ્સું માન હતું. ખાટલે એ 'ઓશીકાના ધણી' ગણાતા. આવો આવો ફલાણા પટેલ, આ પા આવો ! કહીને બધા ગાદી-તકિયે બેસાડતા. ન્યાત-મેળામાં કે પંચમાં બધા એમની પાસે ચોપડી વંચાવતા. કદીક સલોકા (શ્લોકો) ગવડાવતા. નાનશા એવા કંઠે ગાતા કે લોકો વાહવાહ કરી ઊઠતા... ગટુડો ભણશે તો એના બાપા જેવો થશે એમાં ભૂલેય નહીં... બાને યાદ આવ્યું : કાલે જ કે'તો'તો કે : 'મા ગાડી જોવા લઈ જાને, મા !' એમને થયું - આ તો કાલે માગ્યું અને આજે ભગવાને આલ્યું ! એમણે દીકરાને જરા મીઠી રીસમાં પૂછ્યુંય ખરું : 'હેં બેટા ! કાલે કે'તો'તો એ ગાડી જોવા જવું છે ને ?' પનો તો ધરતીને બીજે છેડે જોતો હોય એમ દૂર દૂર જોતો પૂછતો હતો : 'ક્યાં જવાનું મા ? ગાડી ક્યાં હશે ?' 'અહીંથી મેઘરજ, ને પછી એથીય આગળ જવાનું' : મા બોલી હતી. 'તું, આવવાની મા, તું ?' દીકરો પૂછી રહેલો. 'હુંય કોક દિવસ આવીશ' - માએ હેતથી કહેલું પણ દીકરો તો લાગલો જ કહી ઊઠેલો- 'ના, તો તો નથી જવું...' બાને ખાતરીય થઈ કે દીકરો ભૂલે એવો નથી, ને એય શંકા પેઠી કે આ મહારાજ જોડે મેઘરજ ભણવા નહિ

જાય તો ? માનો જીવ પીપળાનાં પાંદડાં માફક ફફડતો હતો, ને આંખ સામે પતિ આવી ઊભા હતા. કહેતા હતા : 'જોયું ને ! વાંચતાં આવડે છે તો લોક રામાયણ, મા'ભારત સાંભળવા કેવા દોડી આવે છે ?! ને મજા પણ કેવી પડે છે !'

બીજી ક્ષણે માનો જીવ વળી આધાર શોધતો : 'આ પનાના બાપા ક્યાં નિશાળે ભણવા ગયા'તા હેં ? ને તોય કેવું સડસડાટ વાંચતા હતા ને રૂપાળું ગાતા હતા... ! તે પનોય મેઘરજ નહિ જાય તો અહીં ગામની નિશાળમાં શીખશે... આ મૂઓ માસ્તર ! બાટી ખાવામાં જોર પડતું'તું તે નિશાળ મેલીને નીકળી ગયો તો ભલે કરી ! પણ બીજો માસ્તર તો આવશે ને ?! રાજવાળા નિશાળને સૂની તો નહિ જ મેલેને ?!-'

પણ એક દિવસ મહારાજ આવીને ઊભા જ રહ્યા. ચાલો, ભૈ ! પનાને મોકલવો હોય તો તૈયાર કરો. આ જ સારું ચોઘડિયું છે ! સાત-આઠ વર્ષનો પનો નાહીધોઈને તૈયાર થતો હતો ને માનો જીવ પડીકે બંધાયો હતો : દીકરો જવાની ના પાડશે ને બધાં એને મારશે-લડશે-મહેણાં મારશે-ની ફડક હતી... ને જો દીકરો જશે તો ત્યાં એને ફાવશે નહિ, ગોઠશે નહિ, બાપડો એકલો એકલો સોરાશે. ને અહીં માનેય થોડું ચેન પડવાનું હતું કેં...

હરિભાઈ ધોતલી, ખમીસ, બંડી અને ટોપી લઈ આવ્યા હતા. પનો એ પહેરીને નીકળ્યો ત્યારે મા ગુંજારમાં ઓથે રહીને જોતી હતી. ફળિયું - અડધું ગામ કહોને - ભેગું થઈ ગયું હતું. બધાંને હતું કે આ છોકરાએ એક પળવારેય માનો પલ્લો મેલ્યો નથી એ ચ્યમનો જશે ? સામા ઘરવાળા-કુટુંબી વસ્તાકાકા અને લાલીકાકી તો કૈંક દ્વેષભર્યાં બોલતાંય હતાં કે હમણાં નવાં લૂગડાંય જોવા નહિ રહે ને ધૂળમાં પગ પછાડશે, ભેંકડો તાણશે, આળોટશે ને બધું રંડેફંડે કરી મૂકશે... લોકો તો આવો તાલ જોવા સારુય ટોળે વળ્યા હતા...

પણ ઘરનાં અને ગામનાં બધાંય જોતાં રહ્યાં ને પનો જયશંકરાનંદ મહા-રાજની આગળ આગળ ચાલતો ગામની સીમ વળોટીને વહેળો ઊતર્યો તેવો જ ગુજરાતની હદમાં પ્રવેશી ચૂક્યો હતો... મા, માનો ખોળો, ફળિયું, સગાંસ્વજનોનો ને ગામસીમ સાથેનો આ વિચ્છેદ જ પનાને મોટો સર્જક પન્નાલાલ પટેલ બના-વવાનું મહત્ નિમિત્ત બની રહ્યો હતો.

# 4

દીકરો ભણે એમ ઝંખતી મા દીકરો સાચેસાચ ભણવા ગયો ત્યારે એકલી પડી ગઈ હતી. વાડાના બારણે જઈને આંખો લૂછતાં લૂછતાં ઘરનાંને અને પડોશીઓને મનોમન સંભળાવતીય હતી : 'હવે તો રાજી થયાંને બધાં ?! મારો દીકરો મને વળગેલો રહે એય નહોતું ગમતું તે હવે તો ખુશ થયાંને બધાં !!'

પનો અને મહારાજ ઘણા છેટે નીકળી ગયા કેડ્યે હરિભાઈ થોડું સીધું-સામાન મૂકવા નીકળ્યા ત્યારેય મા તો રડમસ ને ઉદાસ હતી. લાલીવહુ હીરાબાને સંભળાવતી હતી કે - 'ભા ! આ માનો જીવ તો જુઓ, કેવો કાઠો છે ! ના રે, હું તો મારા છોકરાને મોકલું જ નહિ ને...' તો વાલોભાઈ વળતાં મહેણું મારતા હોય એવો જવાબ વાળતા હતા - "ભાઈ ! જીવ કઠોર ના કરે તો શું કરે ?! અહીં શું લોળ્યો લબડે છે તે ખાવાની છે ? ને દીકરાને ભણાવીને 'બાલેટણ' કરવો હોય તો બધુંય વેઠવું પડે...

મા વધારે દુઃખી હતાં. પનાની ચિંતા એ કોઈને કહી નહોતાં શકતાં. બીજી બાજુ કોક વળી દ્વેષીલાં આવીને માને કહેતાં કે : 'આ તમારા મોટાની વહુનાં આ બધાં કાવિતરાં છે, બા ! હરિભાઈ ઝટઝટ પનાનાં લૂગડાં લઈ આવ્યા... ને ગામમાં કોઈ પણ છોકરું મેલવા તૈયાર ના થયું ને આ તમારાં દીકરો-વહુ બેઉ રાજીરાજી હતાં તે કંઈ એમ જ થોડાં, બા ? પનો ભણીને બહારગામ જતો રહે તો પછી એમને બાપીકી મિલક્તમાં ભાગ આલવો ન પડે ને ! હોવ... એટલે !!' પણ બા તો દીકરાની વાટ જોતાં હતાં કે નહિ ફાવે તો આવતો રહેશે. મેઘરજ જનારાં જોડે સંદેશો મોકલાવતાં ને વળતા વાવડ જાણીને જીવ ઠારતાં હતાં.

તો વળી, હજારેક માણસો – વાણિયા બ્રાહ્મણની વસતિવાળા, મેઘરજમાંય જે જાણતા એ મહારાજની ટીકા કરતા : 'આવડા મોટા મેઘરજમાં, આટલી બધી ઊજળી વેણ (વર્ણ) છે એમાંથી કોઈનું છોકરું પાસે રાખીને ભણાવવાનું આ મહારાજને ના સૂઝયું ? તે આ ડૂહ (જંગલ-વગડામાં પડી રહેનારી કોમ) જાતના છોકરાને મંદિરમાં લઈ આવ્યા ?? જાહ રે જાહ !' પણ મહારાજનેય, આ પનાને લાવીને ભણાવવાનું તો, નક્કી કોઈ દેવતાએ જ સુઝાડ્યું હશે... એય ક્યાં જાણતા હતા કે આ શું થઈ રહ્યું છે !

ને, જો આવો કોઈ દૈવી સંકેત ના હોત તો આ ધૂળિયા અને અંધારિયા મલકનો માવડિયો છોકરો એમની આગળ થોડો થયો હોત !! ને વળી રામજી મંદિરમાં આવ્યા પછીય પન્નો તો એકલો, અતડો રહેતો નથી; પોતાનું કામ જાતે કરી લેવાનું તો ખરું જ, એ સિવાય મહારાજ કહે તે આંટોફેરો કરવાનુંય ભાગે આવતું. સાતઆઠ વર્ષનો આ ગામઠી ને માવડિયો છોકરો એકલો એકલો પોતાની ઓરડીમાં સૂવે-ઊઠે ને વાંચે લખે એય નવીનવાઈ જેવું જ હતું. સંજોગો પણ માણસને ઘડવા માટે નિર્માતા હશે ને !

*જાતે નાહવાધોવાનું.*
*પોતાનો રૂમ વાળી, ગોદડી-પથારી પાથરવાની.*
*દફ્તર જાતે કરી લેવાનું.*
*કશી વસ માગવાની નહીં.*
*મહારાજ જે લાવી આપે તે હોંશથી અપનાવી લેવાનું.*
*ઘર-મા-બહેનો યાદ આવે તોય બહાર દેખાડવાનું નહિ.*
*વાસણ પણ ઊટકી દેવાનાં.*
*ખીચડી વગેરે રાંધતાં શીખી જવાનું.*
*કચરોપૂંજો વાળી, ફૂલછોડને પાણી પાવાનું.*
*મહારાજની ચલમ ભરી દેવાની ને એમની સેવા કરવાની.*
*મંદિરમાં લોક આવેજાય એ બધું ખાંખતથી જોવાનું.*
*લોકને ઓળખવાનું ને સ્વભાવને પરખવાનું – બેઉ જાતે શીખવાનું.*

સાતઆઠ વર્ષના છોકરા માટે આ બધું તો ચમત્કાર સરખું હતું. ગામનું કોઈ મળવા આવે તોય કશી જિદ્દ નહિ કે એકલા હોવાની વાત નહિ. ઘેર જાય તો રોકાઈ જવાનું મન થાય; પણ મહારાજનાં વેણ યાદ રાખીને કે સંદેશો આવે તો તેય – તરત મેઘરજ મંદિરે પરત પહોંચી જવાનું... ને પોતાનું કામ કરતાં કરતાં

સેવાકાર્ય પણ થાય ને ભણવાનું તો ખરું જ વળી !

ગ્રહણશક્તિ તીવ્ર હતી એટલી જ કોઠાસૂઝ વર્તાવા માંડી હતી. મહારાજનું વર્તન તથા મંદિરમાં સેવા અર્થે રહેતા, મેઘરજના જ વેપારી-યુવાન-છોટાલાલનું પોતા તરફનું વલણ પણ આ છોકરો વેળાસર વર્તી ગયેલો.

મેઘરજમાં આવ્યાના દિવસોમાં પનો કાંઈ માંડલીને ભૂલી નહોતો ગયો. પણ નવું નવું ગામ, પોતાની બહેનોએ એને કહેલું કે મેઘરજ તો શહેર છે ને ત્યાં તો એક ઘર ઉપર બીજું ઘર (મેડીઓ) હોય છે; તે જોવાનુંય ગમતું. હજી ગાડી તો જોવાની બાકી જ હતી. નવી નિશાળ, બધાંય નવાં નવાં લાગતાં – છોકરાં ને મોટેરાં પણ નોખાં...ને મંદિરમાંય નવું નવું વાતાવરણ... બધામાંથી શીખવાનું તો પાર વગરનું હતું એ પનાને સમજાવા લાગે એ પહેલાં તો માંડલીમાં ને મંદિરમાં બનેલી ઘટનાઓએ વળી જુદો જ અનુભવ કરાવ્યો હતો... બંનેમાં અચંબો હતો પણ ન સમજાય એવુંય ઘણું હતું. કાચી વયના છોકરાની સમજમાં જ ન આવે એવી આ બે ઘટનાઓ પન્નાલાલના મેઘરજનિવાસ દરમિયાનની મોટી ઘટનાઓ હતી. એ ભવિષ્યના લેખકને ભાથું બંધાવનારી અણધારી પણ વિરલ ઘટનાઓ જ ગણાય.

એક તે વચેટ ભાઈ કોદરભાઈને એમની પત્નીએ રોટલામાં ઝેર આપ્યાની ઘટના. આ ઝેરનો રોટલો પનાએ અને બે બહેનોએ પણ ખાધો હતો...

બીજી ઘટના તે મંદિરમાં, ધીમે ધીમે મહારાજ અને એમનો બહારનો સાગરીત અમરસંગ, દારૂ પીવા માંડે છે તે દિવસોની વાત... મંદિરમાં પારકી બીબીને સંતાડવાનું ને એની સાથે અઘટિત કર્મ કરવાનું પણ મહારાજને હાથે– અમરસંગની સોબતને લીધે – થાય છે... દારૂ પીવાની દાનત પરાઈ ઓરતનો સંગ કરવા પ્રેરે છે... આ ઘટના પછી જયશંકરાનંદમાં પરિવર્તન આવે છે... વિદ્યાર્થી પનાના ભણતર-ઘડતરમાં મહારાજની પછીનીય બધી ગતિવિધિઓ ઘણો ઘણો ભાગ ભજવવાની હતી.

પહેલાં જોઈએ – પનાને પહેલી વાર મેઘરજમાં મળવા આવતી મા અને તેના મનની ગડમથલ !!

વિધવા હીરાબા માટે, ખરું પૂછો તો બાળક પનાનો જ આધાર હતો. પતિના અવસાન પછી હીરાબાનું સમગ્ર ચિત્ત પનામાં જ લાગેલું હતું. બીજા બે દીકરા

તો મોટા અને પરણાવેલા હતા. ત્રણે બહેનોય પ્રમાણમાં મોટી અને બાળલગ્નોમાં પરણી ચૂકેલી હતી.

વિધવા બાનો જીવ એટલે જ તો પનામાં રહેતો. પનો માવડિયો પણ ખૂબ ! લૂગડાનો છેડો છોડીને છોકરો મેઘરજ ગયો તે દિવસથી એમને જાણે કે ચેન જ નહોતું. જે કોઈ મેઘરજ જતું એની જોડે એ પનાની ભાળ કઢાવતાં ને આવનારને ખણીખોતરીને પૂછ્યા કરતાં... કે પનો કેમ રહે છે ? એમની તો જાતે જવાનીય ઘણી ઇચ્છા. પણ બેઉ દીકરા અને વસ્તોભાઈ-વાલોભાઈ જેવા કુટુંબી પડોશીઓ એકસામટા ના ના બોલી ઊઠતા. ખાસ તો, 'છોકરું માંડ ઠેકાણે પડું પડું છે ને તમે જશો તો પાછું વળગીને ઘેર આવશે.' વગેરે. તોય હીરાબાનો જીવ તો રોજેરોજ ધમપછાડા કર્યા જ કરતો. રૂપાકાકા તો પનાને મળીને સીધા જ હીરાબાને મળીને બધી વાતો કરતા હતા. મહારાજે પનાને માટે બે જોડ નવાં લૂગડાં સિવડાવ્યાં છે. વાણિયા-બ્રાહ્મણોમાં બને એમ નિશાળે બેસાડ્યો ત્યારે પહેલા દિવસે દશ શેર પતાસાં પણ વહેંચ્યાં હતાં. આ ખોબો પતાસાં પનાની બહેનો માટે મોકલ્યાં છે. પનો લહેરમાં છે.. ભા ! અહીં જેમ બધાંને વહાલો છે એમ ત્યાં મંદિરમાં ને એ ગામમાંય લોક એની વાતો કરે છે - પ્રેમથી સ્તો ! મહારાજ વાજું વગાડે છે ને પનો ગાય પણ છે... ફળિયામાં બધાં અચંબિત થઈને રૂપાકાકાને સાંભળતાં હતાં...

આ બધું જાણ્યા કેડ્યે તો હીરાબાનો જીવ મેઘરજ જવા વધારે તલપાપડ થતો હતો... હરિભાઈ માને પ્રેમથી ના પાડતા હતા... વહુનો ગુસ્સો ચહેરા પર દેખાતો રહેતો. એકલી એકલી સોરાતી માનો જીવ આંખો પલાળીનેય જંપતો નહોતો. વસ્તોભાઈ-ને લાલીવહુ ટૉણા મારતાં : 'છોકરાના તાણ્યા વગર, હમણાંથી લૂગડાં નથી ફાટ્યાં એટલે ?! કે પછી છોકરાના વાંસે હાથ હલકો કરવા નથી મળ્યો એટલે જવું છે... ?' હીરાબાથી આ સંભળાતું નહોતું તે ઊઠીને છેક વાડામાં જતાં રહેતાં. એમને થતું કે આ બધાં હજીય પનાની પાછળ કેમ પડેલાં છે ? રૂપાકાકાએ કહેલી વાતોમાં એક વાત માથી ભુલાતી નહોતી – ને એટલે સ્તો દોડી જવું હતું. મેઘરજના રામજી મંદિરે...

રૂપાકાકાએ જ્યારે પનાને પૂછેલું કે તારી બાને કાંઈ કહેવું છે ? ત્યારે જવાબમાં પનાની આંખમાંથી ડબડબ કરતાં આંસુ ખરી પડ્યાં હતાં... વહાલસો-યા દીકરાનાં એ આંસુ આંસુ નહોતાં - એ તો હતો સાદ..માને પાડેલો સાદ... મા, મળવા આવજો... હોં ! હીરાબાને એ આંસુડાં બોલાવતાં હતાં...

હવે હીરાબાને કોઈ રોકી શકે એમ નહોતું. હરિભાઈ અને વહુ પણ મૂંગાં થયાં હતાં. બાએ તૈયારી કરવા માંડી હતી. થોડું સીધુંસામાન, દીકરા માટે ઘરના ઘીની સુખડીનો લાડવો..ને લોટામાં ઘરનું ઘી પણ લીધું હતું. હજી તો સવારે નીકળવાનું હતું... પણ માનો જીવ ઠરતો નહોતો. હજી ફળિયાના લોક તો ના જવાની વણમાગી સલાહો જ દેતાં હતાં... વાલોભાઈ ને ગંગાભાભી વળી સમી ભોંયમાં હશે તો માના પક્ષે બોલતાં હતાં. તમે બધાં બાને કરુવરુ ચોંટ્યાં છો તે જરા એ તો વિચારો કે માનો જીવ પોતાના છોકરા માટે કેવોય તડપતો હશે ?!' ગંગાએ તો વળી કોદરભાઈને જાણે કે આજ્ઞા જ કરી... જાઓ, કોદરભાઈ ! માની જોડે જાવ... કાકી કાંઈ મૂરખ છે તે ભણવા થાળે પડેલા છોકરાને પાછો લઈ આવશે ? હેં ?'

બેઉ બહેનો માને કહેતી'તી કે અમેય જોડે આવીએ, અમનેય ભાઈ પાસે લઈ જાવ... પરોઢે અંધારે અંધારે ઊઠીને તૈયાર થયેલી મા ભળભાંખળું થતાંમાં તો ચાલવા માંડી... વહુ તો આભી બનીને જોતી રહી; પણ હરિભાઈએ મા અને કોદર બંનેને કહ્યું કે ભલે, સાચવીને જજો ને વળતાં વાટમાં જ કોદરની સાસરીનું ગામ આવે છે તે કોદરની વહુને તેડતાં આવજો... વળી આ નવું કામ. માએ કહ્યું કે, 'ના, ભાઈ ! એ મારી સાથે નહિ મોકલે; કાલેબાલે તમે જજો અને તેડતા આવજો...' તો કોદર તો વહુને તેડવામાં રાજી જ નહોતો. એને અને વહુને બારમો ચંદરમા હતો.. વહુ એને વર તરીકે માનવા ને એનું ઘર માંડવા તૈયાર જ નહોતી.. કોદરને એની વહુના ચાળા અને વંઠેલી વાતોનોય ખ્યાલ હતો...

ઉતાવળે ચાલતાં મા-દીકરો સાડાસાત વાગતાં પહેલાં તો મેઘરજના મંદિરમાં હતાં. અહીં પણ કોદર બાને કહેતો હતો કે બાવજી કહે તો જ મળવાનું ! જાહ રે જાહ ! પણ દફતર લઈને નિશાળે જવા નીકળેલો દીકરો મંદિરના ચોકમાં જ મળી ગયો... તૈયાર થઈને એવો તો દીસતો હતો કે જાણે પરીઓના મલકમાંથી સીધો જ ઊતરી ના આવ્યો હોય ! ક્ષણાર્ધ તો મા જોઈ રહી... ને બીજી જ પળે દોડીને ઊંચકી લીધો દીકરાને... ચાર-છ બચીઓથી દીકરાનું મોં ચૂમી લઈને નીચે ઉતાર્યો. પછીય સામે બેસીને એનાં અંગો પર હાથ ફેરવીને જાણે ખાતરી કરતી હતી કે દીકરામાંથી કશું ઓછું તો નથી થયું ને... આંસુ લૂછતી મા પૂછતીય હતી કે, 'ઘર સાંભરતું હતું, બેટા ?' દીકરો પ્રેમમાં મગ્ન હતો. એના વિચારોય જાણે થંભી ગયા હતા, શું બોલે ?! કોદરે પણ મહારાજને 'નમોનારાયણ' કરી લઈને, સીધુસામાન સામે મૂકીને, પના પાસે આવતાંક માથે હાથ મૂકીને પૂછી વાળ્યું : 'ભણવા હેંડ્યો ભાઈ !' કોદરને ભણવા ના મળ્યું એનો વસવસો હતો.

જોકે ચોપડી ઉકેલવા જેટલું એ ગામમાં આવી રહેતા દાણખાતાના દાણી પાસેથી શીખેલો. પણ હજી રામાયણ-મહાભારત વાંચતી વખતે જોડા-અક્ષરો બંધ બેસતા નહોતા.

મહારાજે પનાને અડધી રજા પાડવાની છૂટ આપતાં એ માને પોતાની ઓસરીમાં લઈ ગયો. પાસે પાથરેલો કોથળો બતાવતાં પનો માને કહે છે, ‘બેસો, મા !’ મા-એ ફરી ઉમળકો આવતાં દીકરાને બાથમાં ભરી લીધો - માથે-મોઢે હાથ ફેરવીને ફરીફરીને ખાતરી કરતાં મનમાં બબડ્યાં : ‘આ જુઓને, જાણે ઘર માંડીને બેઠા હોય એમ માને બેસવા કહે છે તે !’ માએ પનાને ખોળામાં બેસાડ્યો ત્યારે જ જંપ વળ્યો. આંખ આગળ પતિ આવીને ઊભા હતા. મા જાણે કહેતી હતી : ‘તમારા ગયા કેડ્યે, ઘરની ચોપાડમાં મનખા મેળો હવે નથી ભરાતો. લોક ચોપડી સાંભળવા આવતું તેય હવે તો...’ ને લાગલું જ ઉમેરી રહ્યાં : ‘આ પનો ભણશે ને ગામ પાછું ચોપાડે છલકાશે. તમે ધરપત રાખજો... હું એ દિવસો જોઈશ પછી જ હરગમાં તમારી પાસે આવીશ...’ એમની આંખો દડદડતી હતી. પ્રેમનાં-મમતાનાં એ આંસુ પન્નાલાલનાં નારીપાત્રોમાં આવતાં રહ્યાં છે એનાં મૂળ અહીં પડેલાં છે. પનાએ આજ જેવો માનો પ્રેમ જાણે કે પહેલાં ભાળ્યો (અનુભવ્યો) નહોતો ! એટલે મા પોતાની પાછળ તે દિવસે ના આવ્યા-ની ફરિયાદ એણે કરવા ખાતર જ કરી. ભણતા દીકરાના નિવાસમાં મા-ને તો વૈકુંઠમાં પ્રવેશતા ભક્ત જેવો અહેસાસ થતો હતો - એમનો આખો દેહ આટલો ઉલ્લસિત કદાચ ક્યારેય નહિ હોય ! મા-દીકરાનું આ મિલન દુનિયા માટે ભલે વણનોંધ્યું રહ્યું હોય; આજે આ લખતાં પ્રતીતિ થાય છે કે, અનેક સંકટો ને મહેણાં વેઠતી મા દીકરાને મળવા દોડી આવીને જે એકાકારતા અનુભવે છે તે ભાવલોક અપૂર્વ જ હતો... આ મિલન એ અર્થમાંય વિરલ છે... મા દીકરાની ઓસરીમાં ભણતરનો અસબાબ જોતી હતી... બેત્રણ ચોપડીઓ, ખડિયો, બરુના બેત્રણ કિત્તા, સ્લેટ... દફતર... નિશાળનાં નવાં કપડાં... મા-ને મન તો જાણે આ જ વૈકુંઠ હતું. કોદર પણ કહેતો હતો કે, મા ! ગુરુની દયા હશે તો પનો ઘણું ભણશે ને બાપાથીય બાહોશ બનશે... ! મા-ના કાનોમાં જાણે અમૃત રેડાતું હતું !

બાવજીએ પનાને આખા દિવસની રજા આપતાં કહ્યું, ‘જા, તારી બા સાથે બજારમાં ફરી આવ’. ફરીને આવ્યાં ત્યારે બાવજીએ હીરાબા તથા કોદરને પણ ખીચડી-શાક ખવરાવ્યાં. હવે માને જવાની વેળા થતી હતી.

દીકરાને મળવા નીકળ્યાં ત્યારે દીકરાને આપવા સારુ પોતાની પાસે એક આનાનોય વેંત (જોગવાઈ) નહોતો... શેર દાણા વેચવાની હિમ્મત નહોતી વહુની બીકે સ્તો ! છેવટે થયું કે 'પેલે ઘેર'થી લઈ આવું ? શોક્યને ઘેર ઓછું જતાં હીરાબા પના માટે થઈને આનો માગવા ગયેલાં ને 'માસી'-એ હરખાઈને આપેલો. એ આનો માએ પનાને આપતાં કહેલું કે : 'લે, બેટા ! ખાવાનું લાવજે.' બાવજીએ તક ઝડપીને કહ્યું : 'જા, હમણાં જ જા, સેવલાં લાવી આવ...' પનો તો વછૂટ્યો... અડધે ગયો ને ખ્યાલ આવ્યો કે મા અને ભાઈ નીકળી જશે... પોતાને અળગો કરવાની આ ભાત એ પારખી ગયો પણ મોડું થઈ ગયું હતું. મંદિરે પાછો આવ્યો ત્યારે પનાએ જોયું કે કુંભીને ટેકે બેઠેલી મા ત્યાં નહોતી !... 'તમે બેઉ, હવે ઝટ નીકળી જાવ...' કહીને બાવજીએ વિદાય કરેલી મા પણ રસ્તામાં વિમાસતી હતી કે પ્રેમથી આપેલો આનો જ દીકરાને દૂર લઈ ગયો...ને પોતે પણ દીકરાને માથે હાથ મૂક્યા વિના જ નીકળી ગઈ - નીકળી જવું પડ્યું !' હાસ્તો ! નહિતર પનો પૂંઠે થાય તો કોઈનુંય ના માને ને !!

વળતી વાટે માના જીવને સંતોષ હતો છતાંય વળતી વાટે પગમાં જતી વેળાનો ઉમળકો કે ઉતાવળ નહોતાં ! બલકે કંઈક સૂનમૂન હૈયામાં વેદનાય હતી. કોદરની સાસરીમાં વળવાનો વિચારેય ના આવ્યો... ને કોદરને પણ બૈરી તેડવાનો ઉમળકો નહોતો પછી 'એળે કે બેળે'નો સવાલ ક્યાં હતો !!

# 5

મેઘરજથી માંડલીની વળતી વાટે હીરાબાના મનમાં જે સૂનમૂનતા હતી એનાંય કારણો હતાં. એક તો પનો એમના વૈધવ્યકાળનો જાણે આધાર હતો. એ ઘરે હતો તો એમને કામ થતું ને કામમાં જીવ રહેતો. મંદિરમાં રૂબરૂ જઈને જોયાથી એમને ઘણી ટાઢક થઈ હતી - બાવજીમાં વિશ્વાસ બેઠો હતો - નહિતર લોક તો ડરાવતું કે - પારકા મલકના બાવાનો વિશ્વાસ કેમનો પડે ? કાલે છોકરાને વેચી ખાય કે દૂરના મલકમાં લઈને જતો રહે ને ત્યાં સેવાને નામે મજૂરી કરાવેય ખરો... પણ થયું કે બાવજી એવા નથી. જોકે છોટાભાઈના હુકમો પનો બજાવે - એણે એ હુકમો પાળવાય પડે છે - એ જોઈ જાણીને એમણે છોટુભાઈને કહેલુંય ખરું કે - જોજો હાં છોટુભાઈ ! બાવજી તો ફરતારામ છે... તમારે ભરોસે છે છોકરો મારો ! બચ્ચું છે હજી તો. ભૂલ થાય તો સુધારજો. હીરાબા મનોમન તો એ જ વિચારતાં હતાં કે ગમેતેમ તોય પારકાં એ પારકાં ! પોતાનાંના વાદ ના થાય સ્તો ! પણ હીરાબા પોતાની લાચારીય જાણતાં જ હતાં...

બાવજીએ કોદરને ખાસ્સી શિખામણ આપી એ હીરાબાને સારું લાગ્યું હતું. કોદર બૈરી તેડવાની ના પાડતો હતો, તો સામે પક્ષે એની બૈરી પણ એનાં મા-બાપને કહેતી હતી કે મારે આઠે અંગે એ ધણી સાથે ઘર નથી માંડવું... બીજે જ્યાં મોકલશો ત્યાં જૈશ, પણ માંડલીમાં એ પાટીદારને ઘેર તો નહિ જ... છતાં બધાં સમજાવતાં-પટાવતાં હતાં કે - 'રૂખી ! તારા સસરા તો પરગણામાં પંકાયેલા આદમી ! આબરૂદારનું ઘર છે... બેટા, ત્યાં જ જવાનું જ...'

ગામડાંમાં પ્રજાનું જીવન પણ એમના ઘર જેવું ખુલ્લું... બારણાં બંધ હોય જ નહિ ! આ મજૂરિયાં લોકને અંગત કે છુપાવવા જેવું શું હોય વળી ! ને હોય તોય એ ભાગ્યે જ ઢાંકેલું રહેતું !! એમનું તકદીર પણ સીમવગડા જેવું ખુલ્લું... મજૂરી કરો અને પેટ ભરો ! જયશંકરાનંદને આ બધો અનુભવ એમના વતનગામ ચકલાશી- (ચરોતરમાં)થી જ હતો. એટલે એમણે પનાના ઘરનાં તથા સગાંવહાલાં બધાંની ઘણી ઘણી વાતો જાણેલી જ હતી. એટલે કોદરને એ સમજાવતા હતા..., બાવજી પૂછતા હતા કે : કોદર, તારી વહુમાં કોઈ ખોડ છે ? કોદરે જવાબ વાળેલો કે : ખોડ તો, બાવજી ! અંગની તો એકેય નથી; આઠે અંગે સાબદી છે પણ એનાં અપલખણાં ઊંટ જેટલાં છે.. પણ હાચું કઉં, બાવજી ! ખોડખાંપણ વગરની મળે તોય હવે તો બસ ! આ સંસાર જ નથી ભાવતો. ટીલાં-ટપકાં કરું ને માળા ફેરવું તોય જપ નથી વળતો ને ભજન ગાવાનું ગમે છે પણ ધરપત નથી થતી, બાવજી ! જાણે કે કશાથીય પેટ ભરાતું નથી...હા... !'

બાવજીએ જોવા ખાતર કોદરનો હાથ જોઈને સમજાવેલું કે ઉતાવળો ના થા. વડીલો કહે એમ કરવાનું. ને જો, સાંભળ ભાઈ ! આ પનાને ભણાવવાનું છેવટે તો તારે માથે આવશે. હરિભાઈ તો પરણેલો ને જો છોરાંવાળોય થયો... પરમ દિવસે એ બધાં જુદાં થવાનાં. ને તારે તો એનુંય ધ્યાન રાખવાનું આવશે. હરિભાઈને તો તું જાણે જ છે ને ! એક હાથનો અને એક આંખનો ધણી છે - અડધા અંગનો જ કહો ને ! માટે સારું ને હીણું; ડોલ અને વરેડું નાંખ કૂવામાં ! વહુને તેડી લાવો, જાવ... મને બોલાવજો, હું તારી સાસરીમાંય જૈશ - મારાથી એ ક્યાં અજાણ્યાં છે ?! એ ડોબા જેવી નઠોર ને ફટોર છે તો તારું મન પણ આમ ઉડાર ને ઉડાર (ફટકેલું) રહે છે એમ તારાં મા કહે છે એય ખરું ક ની ?! માટે ડાહ્યો થા...ને....'

ઉનાળો ઊતરવાની વેળા હતી. કોદરની વહુને તેડવા હરિભાઈ અને વસ્તો, વાલોય ગયા હતા. મેઘરજથી બાવજીય આવેલા. બાવજીએ રૂખીને સમજાવીને મનાવી હતી. મનમાં કશી ગાંઠ વાળતી હોય એમ રૂખી છેવટે સાસરે આવી હતી. ચોમાસાની તડામાર તૈયારીઓ ચાલુ થયેલી. આખા ગામમાં એક જ વાત હતી કે કોદરની વહુને તેડી લાવ્યા. બાવજી પનાનેય ચોમાસા પહેલાં માંડલીમાં થોડા દિવસ રહેવા મૂકી ગયેલા - રજાઓ હતી. પછી નિશાળો ખૂલશે ને મેઘો મંડાશે તો દિવાળી સુધી નહિ અવાય. પનાને નવી ભાભી આવ્યાનો ઉમંગ હતો ને છોકરાં જોડે વિસામિયે વડલે રમવાની મજા પડતી હતી. હરિભાઈ કોદરની વહુ વિશે હીરાબાને છાનામાના કહેતા હતા કે - આવી તો છે - પણ રહે ત્યારે

જાણ્યું કે ટકી... 'જેવું ભાયગ - કોદરનું !' બા બબડેલાં.

રૂખી વહુના ઘૂમટામાં જરાય મલકાટ નહોતો. ભાગ્યે જ ખૂલીને બોલતી હતી. જોકે કામની તડાપડીમાં લોક બેસવા-મળવાય નહોતું નવરું; એટલું વળી સારું ! કોઈ સીમવગડેથી લાકડાં ગાડે ભરી લાવીને કઠિયારા કરતાં હતાં, તો કોઈ ખાતરના ઉકરડા ખેતરે ઠાલવતાં'તાં. નેળિયામાં ગાડાં ખખડતાં અને બળદોના ઘૂઘરા રણકતા હતા. કેરીઓનો રસ ને રોટલી ખાવાનીય નવરાશ કોને હતી, વળી ?! જે ખાતર પરવાર્યા એ ઘર ચાળતા હતા તો કોઈ નવા થાપડા પાડીને ઘર ઢાંકવામાં પડેલા હતા. સુથાર ઉતાવળા હતા ને લુહારકોઢે ખેતીનાં ઓજારો ટિપાતાં હતાં. ડામોર-ઠાકરડામાં વળી લગનો લેવાતાં હતાં; બૈરીઓ છાણાંની મોડવાળીઓ માળે ચઢાવતી હતી. કોદર ઢોર માટેનું પરાળ ઘરને માળે ચઢાવતો હતો... ને છોકરાંય મોટેરાના કામની જાણે કે નકલ કરવામાં ગળાબૂડ હતાં ! નળિયાંનું ગાલ્લું કરી એય ખાતરખેતર રમતાં'તાં ! ચકલીઓ મોવટીમાં માળા બાંધતી હતી. તો કોઈ ખેતરોમાંથી પથરા વિણાવતું હતું ને જાતે વાડ કરતું હતું. હરિભાઈને હતું કે રૂખીય ખેતરોમાં શેઢા વાળે ને પથરા વીણે - પણ રૂખીનો રુઆબ જ જુદો હતો.. હરિભાઈની વહુ તાલ જોઈને પિયરમાં ગઈ હતી - જે બે-પાંચ દા'ડા મળ્યા તે... હીરાબાનેય લાકડાં-છાણાં-કરવા સાથે ભેંસોનાં કામનો પાર નહોતો...

રૂખીનો જીવ સસરાના આ ચોખ્ખા ઘરમાંય લાગતો નહોતો. રૂપાકાકા ઘણી વાર કોદરને કહેતા - હરિભાઈ અને વસ્તો, વાલોય સાંભળતા...

> *'હેં તે કોદર, આ તારા સસરાના ઘરનાં આવાં એદી કેમ છે ? ગંદાં ને ગોબરાંય કેવાં છે તે ! કચરો જ્યાં વાળીને ઢગલી કરે ત્યાં જ પડી રહે. લૂગડાં તો ખાટલે ડૂચા વાળીને નાખેલાં હોય, એક ખેંચો ને ચાર જોડે આવે ! વળગણીએ ઘાઘરા-કબજાય લબાચાની જેમ લબડતા હોય છે ? ખાટલા-ઘંટી-પાટિયાં-ડોલ-બેડાં-કળશ્યાય જેમતેમ પડેલાં ભળાય ! કપડાં તો ભાગ્યે જ ધોતાં હોય એટલાં મેલાંદાટ ! પણ, મારાં વહાલાં એ બધાં ન્હાતાં હશે - બેચાર દા'ડે ય ! - રામ જાણે ! આ તે કણબીનું ઘર છે કે કુંભારનું ?'*

કોદર કહેતો : 'કાકા, કુંભારનુંય ચોખ્ખું હોય ! હાળાં બહાર જેવાં મેલાં છે એવાં મનનાંય મેલાં ભાળું છું... નામ મેલોને એમનું !'

રૂપાકાકા ઉમેરતા : 'ત્રીસચાળીશ હાથનું મોટું ઘર, હાળાં વાળતાંઝૂડતાંય નથી કે શું ?! એમને તો નહિ પણ આપણને શરમ આવે.. હાસ્તો ! ને, આ પા આપણાં ઘર જુવો... બધાંનાં નહિ તો ઘણાંનાં તો ચોખ્ખાં ને ગોઠવેલાં લાગે છે. આ તમારું ઘર જ જુવોને ! હીરાબા છેક પરણીને આવ્યાં ત્યારથી વાળીઝૂડીને રાખે છે - જાંણે, વાંણિયા-બાંમણનું ઘર... સંસ્કારનો જ ફેર છે, ભાઈ !'

કોદર ટાપસી પૂરતો : 'એટલે સ્તો ! એમની છોરીને આ ચોખ્ખઈ નથી ગમતી. ગંદકીમાં રહેલાંને ગંદવાડ જ ગમે ને કાકા ! હાળાં નઠોર ને અવળી મતનાં છે. જેણે મેલી લાજ એનું નાંનકડું રાજ-વાળી વાત છે, કાકા !'

કોદરની વાત સાચી હતી. એની વહુ રૂખીને આ ઘરની સારાઈ પણ ખટકતી હતી... એ બધાં આઘાંપાછાં હોય ત્યારે બબડતી - હીરાબાને સંભળાવતી :

'બાંમણનું ઘર છે કે શું આ ? ઊજળાં લૂગડે ક્યાંક છાણ ના અડી જાય, જોજો બધાં ! મારાં રોયાં ! ડિલ તો હમજ્યા પણ લૂગડાંય ફેરવારકાં મેલાં જ ના થવાનાં હોય એમ ધોયે જ પાર... મારાં પીટ્યાં દેવાળિયાં ! બામણના બેટા હોય એમ ના'યા વના તો ખાતા નથી, ને નાઈનેય પાછા બાપાની પૂંજી (સેવાની પોટલી) લઈને બડબડ કરવા બેસી જાય છે - ભાળાં તો લાજ આવે ! ઘંટીએ બશેર મકાઈ દળાય એટલી વાર તો ટીલાંટપકાં, માળા કરવામાં ને વાંચવામાં થાય, પછી ખેતી ક્યારે કરે હેં ? જ્યારે હાંભળું ત્યારે 'હેરજૂન' (હે અર્જુન) 'હેરજૂન' કરે છે...' પાછી કોદર માટે બે વાતો ઉમેરતી : 'મોટો ભાઈ વેદ ભણે એટલું ઓછું હોય એમ પાછો પીટ્યો નાંનોય ભસે... ભગતની પૂંછડી ના જોઈ હોય તો મોટી !!'

રૂખી તો જુબાનની ટૂંકી ને તોછડી હતી, ને હાથની મેલી. ઘરમાંથી વસ ચોરીને ખાતાં પકડાયેલી ને કોદરે મારેલી, ગાળો ભાંડતી એટલે વધુ ફટકારેલી... લોક કહેતું કે આ 'સંઘ' કશીએ નથી પહોંચવાનો !

પન્નાલાલના સાહિત્યના વાચકોને – ખાસ તો વાર્તાઓના વાચકોને – તરત યાદ આવશે કે એમની ઘણી વાર્તાઓના મૂળ આધારો આમ, ઘરકુટુંબમાંથી કે ગામ-સમાજમાંથી જ મળેલા છે. દા.ત. કોદરની વહુની વાતોને થોડી બદલીને પન્નાલાલે 'ભાથીની વહુ' વાર્તા લખી હોય એ બનવા જોગ છે. 'એળે નહિ તો બેળે' ને 'મોરલીના મૂંગા સૂર' પણ આમ જ જડેલી-મળેલી વાર્તાઓ છે એ અહીં યાદ આવી જાય છે.

બાકી, રૂખી તો ભલે બકવાસ કરતી હતી, પન્નાલાલનું ઘર નાનશાના વખતથી વખણાતું. મોવડ-ગુંજાર-ચોપાડ-વાડો-પડસાળ બધાં ચોખ્ખાં. વસ્તુઓ પોતપોતાને ઠેકાણે હોય. એ જમાનામાં ગામડાંમાં આવી વ્યવસ્થા વિરલ હતી. કોઢમાં ઢોર, એની પાગોળ પછી મોવડમાં ખાટલા. સામે કોઠીઓની હાર, એની ઓથે રસોડું ને બીજી પા સામે પાણિયારું. તાંબાપિત્તળનાં અજવાળેલાં બે-ત્રણ બેડાંની હાર શોભતી. બાજુમાં દેવનો ગોખલો. માથેની અભરાઈ પર બાપાની ચોપડીઓની પોટલી હતી. બીજી પોટલી તે પૂજાની હતી. જેમાં વાંચી વાંચીને ફાટવા આવેલી પાકાં પૂઠાંની નાનકડી ચોપડી 'ગીતા' હતી. રણછોડજીની છબિ, કંકુની ડબી, નાડાછડી ને તાંબાની દીવી ! નાનશાના પાછા થયા કેડ્યે હરિભાઈ અને કોદર બેઉ પૂજા જરૂર કરતા હતા. બાપાની 'પૂજાની પોટલી'ને એ વારસો-ધન-સંસ્કાર બધું જ માનતા હતા. સાવ પછાત વિસ્તારના ગામમાં અભણ જેવા પટેલને ઘરે આવાં મનેખ હોય એ જ નવાઈ હતી ! મનની મેલી અને વંઠેલી રૂખીને આવા ઘરમાં ગૂંગળામણ ના થાય તો જ નવાઈ ! બધાંને હતું કે કાલે સુધરશે... પણ કોદરને પાકી ખાતરી હતી કે શિયાળબાઈનું ઊંઆં તે ઊંઆં... જ રહેવાનું છે !!

ગામડાગામમાં 'આદમી-બાયડી' લડે એ તો નિત્યનું ગણાય. તોય ધણી--ધણિયાણીની આવી લડાઈ થાય તે જોવા ડંખીલા પડોશીઓ ટાંપી રહેતા. સૌને તમાશો જોવો હતો કે રૂખી-કોદર ક્યારે લડે ! પણ આઠનવ દા'ડા તો નીકળી ગયા... સૌને આશા બંધાઈ કે હાશ હવે વાંધો નહિ આવે... હીરાબાને પણ લાગ્યું કે વહુ ડાહી થઈ રહી છે. એમાં વળી પડોશીઓએ સલાહ આપી કે ધીમે ધીમે એને રસોડું સોંપશો તો 'ઘર માંડશે' ! હરિભાઈની વહુને મનાવીને માએ રૂખીને રોટલા-શાક-કઢી કરવાનું ભળાવ્યું હતું...

આ તક મળતાં હરિભાઈની વહુ પિયરમાં રહેવા વાસ્તે ગઈ હતી. મેઘરજમાં - ગુજરાતમાં બધે પ્રસરેલો હતો તે - પ્લેગના વાવર હતા. મહારાજે પનાને પાછો માંડલી મોકલી દીધો હતો, ને પોતે અમરસિંહ સાથે 'પ્લેગની દવા'ને નામે મોડી રાતે મંદિરમાં 'પ્યાલી' પીવામાં મશગૂલ રહેતા હતા.

રૂખીવહુને એના પિયરના પ્રેમીએ સૂચવેલું કે આ તક જતી ના કરતી. કોદરને ખાવામાં ઝેર આપી દેજે... 'ભણતું છોકરું મેઘરજથી પ્લેગ લાવ્યું, એમાં હું શું કરું ?' એમ વાત વાળી દેવાશે... ને રૂખી તો રાહ જોઈને જ બેઠી હતી.

ખરાબ કરનારને બીજી દિશા સૂઝતી નથી. ને એમાંય આવાં વાસના-અંધ, ભાનભૂલેલાંને તો સાવચેતી રાખવાનુંય આવડતું નથી.

ઉતાવળી રૂખીએ મકાઈના લોટમાં ઝેર ભેળવીને રોટલા કરવા માંડ્યા. બીજો રોટલો થતાંમાં તો કોદર ખાવા આવી ગયેલો. વહુ એને હોંશથી રોટલો પીરસતી હતી, એવામાં બે બહેનો વાલી-સંતી અને પનોય આવી લાગ્યાં. રૂખી મૂંઝાઈ તો ગઈ હતી. એણે બાળકોને ઘડીક ખમવા કહ્યું પણ કોદરે પોતાનો રોટલો બાળકોને ધર્યો ને કકડો કકડો કરીને ખાવા કહ્યું. રૂખીએ ચૂલાબેડ પર મૂકેલો રોટલો છોકરાંને ખાવા ધર્યો ને કોદરનો રોટલો પાછો એને જ આપવા કહ્યું - કેમ કે એમાં ઝેર હતું. કોદર તો અડધો જોગી જેવો. એને કશી શંકા જ નહિ પડી કે આ બાઈ રોટલો બદલાવવા આટલી ઘાંઘી કેમ થઈ હશે ? રૂખીએ તો વિચાર્યું કે જે થાય તે થાય, મારે ખાસડા મારી ! એણે કલેડીમાંનો બીજો ઝેરવાળો રોટલો (કેમ કે જુવાન લોક બે રોટલા તો ખાય જ) ચડવીને તરત કોદરને આપ્યો ને ત્રીજો ચોથો રોટલો કરવા માંડી ત્યાં તો રોટલો ખાતાં છોકરાં ઊલટી કરતાં બહાર આવ્યાં... લગભગ આખો રોટલો ખાઈ ચૂકેલા કોદરના પેટમાં ઉમળેટા ઊઠ્યા ને ગળે બળતરા થવા માંડી - ને એય પીળીલીલી ઊલટીઓ કરતો બહાર આવ્યો... વસ્તોભાઈ ને વાલોભાઈ – બધાં દોડી આવ્યાં... 'ખાવામાં ઝેર ભેળવ્યા'ની વાત પમાતાં જ વહુ રોટલો ને કલેડું ચૂલામાં નાખી, ઝેરવાળો લોટ પાણીમાં ઓગાળીને એંઠવાડના કૂંડામાં રેડતીકને બહાર આવી બબડવા લાગી :

'મેઘરજથી રોગ લઈને છોકરું આવ્યું લાગે છે...'

પણ વસ્તાભાઈએ રૂખીવહુને ધમકાવતાં કહ્યું : 'કપાતર ! બધાંને ગાંડા ગણે છે, એમ ! પ્લેગમાં તો ગાંઠ થાય ને તાવ ચડે... આમ ઝેરની લીલી ઊલટીઓ ના થાય ! બાંધી દ્યો લ્યો ! થાંભલા સાથે રૂખીને; નહિતર પિયર ભાગી જશે તો, બીજા રાજના ગાંમમાં આપણો ગજ નહિ વાગે...'

જોતજોતાંમાં ગામ ભેગું થઈ ગયું... મોતનાં પગલાં ભાળીને સન્નાટો છવાઈ ગયો. બધા દેશી ઉપાયો કરવામાં વળગ્યા. ત્રણે છોકરાંને ઘી પિવડાવીને ઊલટીઓ કરાવતાં હતાં તો કોદરનેય ઊલટીઓ કરાવવા નર્યું ઘી પિવડાવતા હતા... ખુલ્લામાં મેડી નીચે બધા એને વાયરો નાખતા ને પાણીનાં પોતાં કરતાં હતાં... છોકરાંને કળ વળતી હતી... પણ કોદરની સ્થિતિ ધોયલા લૂગડા જેવી થતી જતી હતી... ઉપાયો ચાલુ હતા.

ત્રણ ત્રણ દિશાએ માણસોય વછૂટ્યા હતા.

રૂપાકાકા વળી નજીકના ગામે ગયેલા; ત્યાં જ જમાદાર અને થાણુંય ત્યાં જ. એક માણસ એમને બોલાવવા ઊપડ્યો. સૂચના હતી કે રાજને - પોલીસખાતાને જાણ ન થવી જોઈએ...

બીજો માણસ મેઘરજ જયશંકરાનંદને બોલાવવા નીકળી ગયો હતો. રૂખી તકનો લાભ લઈ, હીરાબાનાં વેણ ઉથાપીને ફળિયું પાર કરી પિયર ભાગવાનો પેંતરો કરતી હતી; પણ એને પકડીને ઘરમાં પૂરી દેવામાં આવી હતી.

કલાકે'કમાં તો રૂપાકાકા આવી લાગ્યા; સાથે જમાદાર ને બે પોલીસ. એમને ઉચિત લાગ્યું હતું કે ભલે પોલીસને જાણ થાય. એમ ક્યાંક પાછળથી દંડાવા કરતાં ભલે અત્યારે જ જમાદાર પંચકેસ કરી દે તો ઝટ દવાખાને લઈ જવાય.

હીરાબાએ પોલીસ ભાળી એટલે સાબદાં થઈ ગયાં...

વહુને પાછલે બારણે પિયરની વાટે વળાવી દેવામાં જ એમણે સાર જોયો. હાસ્તો ! પટેલની ન્યાતમાં આદમીય જેલમાં ના જાય ત્યારે આ તો બૈરું મનેખ ! ને ફાંસી કે જેલ થાય તોય નામ તો નાનશાના ઘરનું જ વગોવાય ને ? કે ફલાણાના ઘરની વહુને જેલ થઈ !...ના ભાઈ ના...

જમાદાર હાકોટા પાડતો, ડારતો રહ્યો પણ રૂખીવહુ હોય તો મળે ને ?! ઘરની તપાસ લેવાઈ; રોટલા-ઝેરના નમૂનાય લીધા..ને કેસ લખતાંકને જમાદારે મજબૂત માણસોને તૈયાર કરીને કોદરને ખાટલે ઘાલીને છેક પચીસ ગાઉ છેટેના ડુંગરપુર દવાખાને તાબડતોબ લઈ જવા તાકીદ કરી. જયશંકરાનંદ મહારાજેય આવતાંવેંત એ જ કહ્યું... પનાની અને વાલી-સંતીની શુદ્ધિ સારી હતી... એટલે મહારાજ પણ ઊપડ્યા કોદરને લઈ જતા જુવાનોની સાથે... પનાને કારણે કે ગયા ભવની લેણદેણ હશે ? રામ જાણે ! પણ મહારાજને નાનશાનું ઘર જાણે પોતાનું લાગતું હતું !

# 6

દસેક દિવસમાં કોદર સારો થઈ ગયો હતો, પણ ઝેરની અસરે ડિલ તોડી નાખેલું. વજન હતુંય ઓછું ને પાછું ઘટી ગયું. પણ કોદરમાં ઈશ્વર તરફની આસ્થા વધી હતી. ભગવાને નવું જીવતર આપ્યું - તે હવે એનાં - પ્રભુસેવાનાં કામ કરવા વાસ્તે જ તો... ને અણગમતો સંસાર પણ હવે અળગો થઈ ગયો હતો... રૂખીવહુથી છેડાછૂટ થઈ જ ગઈ હતી. એ વંઠેલ અને માથાફરેલ વહુથી નાનશાનો આખો પરિવાર બચી ગયો હતો...

જોકે ઝેરના રોટલાવાળા પ્રસંગથી આખું ગામ સંમૂઢ અને અચંબિત-અવાકા જેવું હતું. માની ન શકાયું કે મનેખ વળી મનેખને ઝેર આપે ? જોકે પોલીસ--કારવાઈ સરળતાથી પાર પડેલી. રૂખીવહુ બીજા રાજની સરહદમાં પિયર ગામે છટકી ગઈ હતી - એટલે તથા બધાં બચી ગયાં એટલેય અને કાર્યવાહી સમેટાઈ ગઈ હતી... સમાજનાં નવે ગામોમાં ઝેરનો પ્રસંગ ઠીકઠીક ચર્ચાયો હતો. આમ તો, ધણી ચાહે તો ન્યાત ભેગી કરે ને દંડ પણ કરાવી શકે... પણ નાનશાનો પરિવાર સંસ્કારી ને વિવેકીય ઘણો.

કોદરને ડુંગરપુર લઈ જવાનું સહેલું નહોતું... પગે ચાલીને અને દર્દીને ખાટલે ઘાલીને - ઊંચકી જવાનું એ કામ ગામના યુવાનોએ માથે લીધેલું. પડોશીઓ ઘઉંના રોટલા લઈને પાછળ નીકળ્યા હતા. તો હરિભાઈ વાણિયાને ત્યાં પાંચ શેર ઘીની કુલ્લી વેચી આવ્યા અને માના પગનાં કલ્લાં ગીરો મૂકી રૂપિયા કમ-રપટે સંતાડીને, શેકેલા ચણાની પોટલી લઈને નીકળેલા. જોડે રાંધવાનાં વાસણો,

સીધું-સામાન બે ટટ્ટુઓ પર લાદેલું – ને એને માથે વાલી-સંતી બે બહેનો બેઠેલી, મા ચાલતાં હતાં... સૌને રાંધી ખવડાવવાનું હતું - ડુંગરપુરમાં. પનો પણ ડુંગરપુર જવા રડેલો પણ, ઘેર ભાભી જોડે રહેવું પડે એમ હતું.

ગામડાંની પ્રજાની હાલાકીનો ખ્યાલ આ મલકમાં વારે વારે આવતો રહેતો. પ્રજા વળી અંધશ્રદ્ધામાં ને ભૂતપ્રેત તથા મેલી વિદ્યામાંય માને. દવા કરતાં મંત્રતંત્ર તથા દોરાધાગા-ભૂવામાં વધારે વિશ્વાસ. પન્નાલાલ પટેલની કથાસૃષ્ટિમાં આ બધું સહજ રીતે આવ્યું છે કેમ કે એ એમણે જોયું – જીવ્યું હતું. 'મળેલા જીવ' માં રોટલામાં ઝેર ભેળવ્યાનો કિસ્સો છે. પણ એ તો જીવી પોતાને માટે ઝેરનો રોટલો કરે છે, ને મારથી બેભાન જીવીની ગેરહાજરીમાં ધૂળિયો પેલો રોટલો ખાઈને મકાઈને માળે ખેતરમાં રાતવાસો જાય છે. ભાનમાં આવતાં જીવી ભગતને ઝેરના રોટલાની વાત કરે છે. ભગતે જ એક વાર જીવીને ટોકતાં કહેલું કે - 'રોજના ઝઘડા કરતાં ચપટી ઝેરેય નથી મળતું ?' ભગતને ભારે પશ્ચાત્તાપ થાય છે કે મેં તો ઝઘડો ના કરવા માટે કહેલું એ વાક્ય કેવું તો અવળી દિશામાં લઈ ગયું ! એમણે બાજી સંભાળી લીધી. ધૂળાને ખેતરમાં રાતે સાપ કરડ્યો ને મરી ગયો એમ વાત વાળી લેવાઈ છતાં જીવીનું વગોવણું તો થયું ને એ જ વાતે એ ગાંડી થઈ જાય છે કે કાનજીય એવું માને છે કે મેં ધૂળાને ઝેર આપ્યું ?! હાસ્તો ! નહિતર મને મળવા તો આવત ને ?! જીવી બેરહમી જીરવી ન શકી. જીવનમાં જે બને છે તે નવલકથામાંય બને છે... પણ આપણે જોયું કે સર્જક જીવનના વાસ્તવને આલેખે છે ત્યારે કાવ્યમાં રૂપાંતર પામતું વાસ્તવ બદલાઈ જાય છે ! રૂખી જેવી વંઠેલી વહુ કોદર જેવા ભલાભોળા વરને ઝેરનો રોટલો પીરસી શકે છે - વાસ્ત-વમાં રૂખીને બીજો આદમી ગમે છે - માટે ! પણ મનનો માણીગર કાનજી ગમતો હોવા છતાં જીવી જેવી સંસ્કારી અને માણસાઈવાળી અણગમતા પતિને ઝેર નથી આપી શકતી. એ તો પતિના ત્રાસમાંથી છૂટવા અને એકલી ત્યજીને ચાલ્યા ગયેલા પ્રિયતમનો વિરહ ના વેઠાતાં જાતે મરી જવા ચાહે છે. કળાનું વાસ્તવ આપણને માણસાઈનાં નવાં સોપાન દર્શાવે છે.

કોદર સાજોનરવો થઈને માંડલી આવી ગયો હતો ને મહારાજ પણ મે-ઘરજમાં રામજીમંદિરે આરામમાં હતા. પણ પ્લેગના વાવડ હજી મટ્યા નહોતા એટલે નિશાળો ખૂલી નહોતી. એટલે પનાને, માંડલીના પાદરથી નજીક સીમની વાટે આવતા પડતર-ચરામાંના વિસામિયા વડલે, રમવાની અને ઢોર ચરાવવાની મજા પડતી હતી.

વરસાદ આરંભાયો હતો. ખેતરો ખેડાતાં હતાં - વવાતાં હતાં. સીમમાં શેઢે-વગડે નવું ઘાસ ફૂટ્યું હતું... ધરતી લીલછાયેલી હતી. વહેળાં-તળાવે પાણી હતાં ને ચરામાં ઢોર ચરતાં... ગોવાળિયા રમતાં ને ભાથાં ખાઈને એકબીજાને વહાલાં થતા હતા !

ભણતો નિશાળિયો પનો બધા ગોવાળિયા માટે આકર્ષણનું કેન્દ્ર હતો. કોઈ એને ભણવા વિશે, મેઘરજ વિશે પૂછતું હતું તો કોઈ મહારાજની વિદ્યા વિશે ! લોક કહેતા હતા કે જયશંકરાનંદ તો અનેક વિદ્યાઓ / મંત્ર-તંત્રો જાણે છે. કોઈ કોઈ કહેતાં કે પનાને પણ મહારાજ આવા મંત્રથી વશ કરીને લઈ ગયા છે - નહિ તો માનો પલ્લો ના છોડનારો છોકરો મહારાજની આગળ થોડો હેંડવા માંડે ?!

આ બધાંમાં એક રેવા નામની છોકરીય હતી. માંડલીની માસીના ફળિયાની. પનાથી વર્ષેક નાનીમોટી હશે. બસ ! રેવાને ભણવા ગયેલો ને ઊજળો - ગોળ-મટોળ -પનો રૂપાળો લાગતો ને ગમતોય હતો. એ પૂછતી : 'ઝેર કેવું લાગેલું ? પના... ખબર ના પડે કે રોટલો કડવો-તૂરો કેમ છે ? લોટમાં બિલાડું મૂતરી ગયું હોય એવો સ્વાદ... ?' પનો કહેતો - હા, અદ્દલ એવું જ હતું... ! પનો છોકરાંને મેઘધનુષ્ય બતાવતો... રેવા કહેતી : એ તો મેઘરાજાનું કામઠું (ધનુષ્ય) છે ! રેવાની વાતથી પનાને નવાઈ લાગતી... એ રેવાને તાકી રહેતો. ઘાઘરી-કબજામાં એ છોકરી હવે ઊઘડતી દેખાતી હતી... પનાને એ ગમવા માંડી હતી. આમેય એ પનાની સાળી થતી હતી.

હા, રેવાની મોટી બહેનની જન્મતાં જ મહિનામાસના પના જોડે સગાઈ થયેલી... પણ પછી એ મરી ગઈ હતી. પાટીદારોમાં બીજી બહેન જન્મે તો સગાઈ ચાલુ રાખી શકાતી હતી. પણ નાનશાના મર્યા બાદ, ઈર્ષાળુ લોકોએ એ થવા દીધું નહોતું. પણ પનો ને રેવા બાળપણમાં રમતથી લઈને યુવાનવયે લાગણીઓ અને મદદ કરવામાંય સાથે જ રહેલાં... રેવા પનાને ગમતી છોકરી જ નહિ પ્રેયસી હતી - એ વાત પછીનાં વર્ષોમાં ઘણાંને સમજાઈ ગઈ હતી. રેવાય મનોમન પનાને ઝંખતી... એ એકલાંય મળતાં; ચિંતાય કરતાં... નહિ ભણતા કે નોકરીઓ બદલ્યા કરતા અને દુકાનના રવાડે ચઢેલા કિશોર પનાલાલને રેવા ઠપકોય કરતી.

રેવાને બીજે ગામ પરણાવી દેવાઈ હતી. જોગાનુજોગ રેવાના જેઠની છોકરી વાલીબહેન સાથે - પછીનાં વર્ષોમાં પન્નાલાલનું લગ્ન ગોઠવી આપવામાં રેવાએ ઘણી જવાબદારી નિભાવેલી. આમ પન્નાલાલના જીવતરમાં પ્રેયસી છેવટે

કાકીસાસુ બને છે. એ જ અનુભવો જાણે 'માનવીની ભવાઈ'માં રાજુકાળુનું સર્જન કરાવે છે. નિજી અનુભવોની સચ્ચાઈથી નવલકથાનાં કલ્પનિક રાજુકાળુ આપણને સાચુકલાં પાત્રો લાગ્યાં છે. છપ્પનિયા કાળના અનુભવો માએ પનાલા-લને વારેવારે વારતા લેખે કહ્યા કરેલા...એ બધું છેવટે પેટની અને નાભિની ભૂખના દર્શન રૂપે પ્રગટે છે..'માનવીની ભવાઈ' નવલકથા પન્નાલાલનું જીવન જાણનારને જુદી ભૂમિકાએથી વિચારવા પ્રેરે છે. લેખકે કશું કલ્પવું નથી પડ્યું; હા, સર્જકે પ્રતિભાવાળી દૃષ્ટિથી વસ્તુસંકલના કરી અને એમાંથી જીવનદર્શન પ્રગટાવ્યું છે.

આ વિસામિયા વડલેથી કિશોર પનો ઘણું ઘણું પામ્યો છે. પનો અહીં બેસીને પાવા વગાડતાં શીખ્યો. ભાતાં ખાધાની યાદો પામ્યો. ગિલ્લીદંડા અને ગેડીદડાય અહીં જ રમાયા હતા...એકલા બેસી રહેવાની અને કોઈની રાહ જોવાનીય એ જ જગ્યા હતી. ગીતો ગાવાનું અહીંથી પ્રારંભાયું હતું. એમાંનું જ એક ગીત ઈડરના મહારાજસાહેબને ગમે છે ને પનાલાલને માટે જગતનો દરવાજો ખૂલી જાય છે !

# 7

વિસામિયો વડલો પનાથી ભુલાતો નહોતો.

વનવગડો અને એમાં વળી વરસાદની મોસમ. પનાએ અહીં પંખીઓ ઓળખ્યાં અને ઓળખાવ્યાંય ખરાં. વનનાં શિયાળ-ફાલુડી અને સસલાં દિવસે તો ન જોવા મળતાં પણ સાપ, ઘૂણી (આંધળી ચાકણ) અને ઘો જોવાનો આનંદ અપાર હતો. વગડામાં ઢોર ચરતાં હોય ત્યારે ગોવાળિયાને ભેગા કરીને પનાએ નિશાળ પણ માંડી જોઈ હતી...પોતે વડની ખુરશી જેવી ડાળી પર બેસતો ને સામે બીજી ડાળી તે એનું ટેબલ... જાણે એ હેડમાસ્તર હોય એમ મજા પડતી હતી.

પાછા મેઘરજ નીકળતાં પેલું લાકડાનું રમકડું-સસલું એણે માને ભળાવેલું; ખોવાય નહિ જોજો. ને ગોરાએ તંબૂ તાણ્યા હતા ત્યાંથી એને મળેલી 'હેરપીન' ઘરમાંથી કોઈ ચોરી ગયું હતું તે વિશે તો મા મેઘરજ મળવા આવ્યાં ત્યારેય પૂછેલું : 'મળી, મા પેલી હેરપીન !' માએ ફરી એ જ કહ્યું કે લેનારું પાછું આપવા સારુ થોડું લઈ ગયું હોય ? બેટા !....

આ વખતે મેઘરજ જવા નીકળ્યો ત્યારે રેવાના ફળિયામાં જઈ આવેલો... માસીને મળવાને બહાને. રેવા પનાને મનોમન કહેતી હતી : આવજે, પના ! ભણજે ને મોટો બાલેટણ થજે ! મેઘરજમાં મંદિરમાં સૂતાં પનાને, આ વખતે માંડલીમાં જોયેલાં સુખદુઃખનાં બધાં જ દૃશ્યો, એક પછી એક યાદ આવતાં હતાં ! ભણવાનું થાળે પડી ગયું હતું. વાંચવા-લખવાનું ચાલતું હતું. બાવજી ક્યારેક બજારમાં કંઈક લેવા મોકલતા. એ ફરતો આવતો. બાવજીને ગાંજાનું બંધાણ.

એક વાર ખલાસ થયો ને ના મળ્યો તે પનાને બાવજીએ પાંચ ગાઉ છેટેના ગામે મોકલેલો. પનો એ લઈ આવેલો. પોતાના ઘરકુટુંબ માટે બાવજી કેટલો જીવ બાળે છે તો પોતે બાવજીની સેવા કરે એ તો જરૂરી જ ગણાય. ને પોતાનાં કપડાં તથા ભણવાની ચોપડીઓ - બધાંની બાવજી કેવી તો ચિંતા કરે છે ને વેળાસર લાવી આપે ને સાચવણીય રાખતા હતા !

બાવજી એટલે કે જયશંકરાનંદ મહારાજ... હવે તો રામજી મંદિરના સાધુ બાવજી... પ્લેગ તો મટી ગયો હતો પણ બાવજીને પેલી - પીવાની - લત પડી ગઈ હતી. વાણિયો અમરચંદ ભજિયાં અને શીશો લઈને વેળાસર આવી જતો. નવો ચેલકો (છગનલાલ શાહ) છોટુ પણ પ્યાલી લેતો થયેલો. પનાને આ બધાંની ખબર પડવા માંડી હતી. બાવજીને છોટુ કહેતો હતો - આપણે ક્યાં રોજ લઈએ છીએ ? હેં ! ને, બાવજી લઈએ ત્યારે જાણે ભગવાન પાસે હોય એમ લાગે છે. એનાથી ધ્યાન સારું લાગે છે... ઘાટ ઘાટનાં પાણી પીને સાધુબાવા થયેલા જયશંકરને સમજાતું હતું કે આ માર્ગ તો પતનનો છે ને હવે નીમ લેવો છે કે આ બધું કાલથી બંધ. અમરચંદને પીવો હોય તો એને ઘેર પીવે...

મથામણ ચાલી; દારૂને છોડવાનું અઘરું થઈ પડ્યું હતું. બાવજી ના પાડતા રહેતા ને માથું દુખતું ત્યારે પાછો અમરચંદ શીશો લઈને હાજર થતો. બાવજી થોડો પીને શીશાનો ઘા કરીને દૂર ટેકરી તરફ ફેંકતા... પણ નશો એમ જાય થોડો ? અમરચંદ ‘ઇંગ્લિશ’ લઈને આવી ચઢતો અને જીવ લલચાતો. પનાને હવે પાક્કી સમજ પડતી હતી. પેલા ત્રણે પ્યાલીઓ રમરમાવતા ત્યારે પનાને છોટુ ભજિયાંની રકાબી એની ઓસરીમાં આપી આવતો. પનાને ખ્યાલ આવતો હતો કે આ ‘મહેફિલો’ અને ‘જલસા’ મંદિરમાં થાય તો ગામને નહિ જ ગમે. પણ અહીં તો દેવ પણ જ્ઞાતિ પ્રમાણે વહેંચી લીધેલા હતા... ગામમાં વૈષ્ણવોનું ગોકુળનાથજીનું મંદિર હતું. બીજા બ્રાહ્મણો ભટ્ટ-જાની-પંડ્યાઓ અને લુહારસુ-થાર સમેત જનોઈધારીઓ માટે મહાદેવનું મંદિર હતું જ. દરજી કલાલ વગેરેને તો હનુમાન વહાલા. નદીની સામી ટેકરીએ હનુમાનજીને માથે ઢાળિયું કરેલું હતું. રામજી મંદિર ગામ બહારું ને અનાથ જેવું. બેચાર રામ-ભક્તો આવતાજતા - તેય સવાર પૂરતા ! એટલે મહારાજે ત્યાં પાછળ બેચાર ઓરડીઓય સરખી કરાવેલી. ભાડે આપી હોય તો આવકમાંથી મંદિરનું નભી જાય. આસપાસનાં ગામડાંમાંથી બાંધેલાં દાણો-પાણી વચ્ચે મળી જતાં...ને એમ બાવજી પોસાતા હતા.

સાધુ બાવો થયાને, બાવજીએ ગણી જોયાં તો બારતેર વર્ષો વીતી ગયાં હતાં... ઘર એ પહેલાં ત્રણચાર વર્ષો પર છોડેલું... આમ, ઘર છોડ્યાને પંદર-સોળ વર્ષ થયાં હતાં... કદીક એ વર્ષો પહેલાંની બેપાંચ ઘટનાઓ બાવજીને યાદ આવતી... એ કશાકમાં ખોવાઈ જતા. એક વાર મોડી સાંજે પનો અને છોટુ બાવજી સાથે સગડીએ તાપતા હતા, શિયાળાની જામતી રાત હતી ને બાવજી કશી વાતે નિરાશ-ઉદાસ હતા... કારણ પૂછતાં બાવજી પોતાની જીવનકથની માંડી બેઠા હતા... એની આછી-પાતળી રૂપરેખાય ઘણું શીખવે એવી ને જાણ્યા જેવી હતી. બાવજીના શબ્દોમાં - કૈંક આમ આમ બન્યું હતું - સાંભળીએ...

'ચરોતરનું નડિયાદ પાસેનું ચકલાશી ગામ. બ્રાહ્મણ પરિવાર. બાપના બે બેટા. નાનો તે જયશંકર પોતે – હું. જમીનખેતી ઉપર બ્રાહ્મણબાપ યજમાનોમાં ક્રિયાકાંડ કરનારા તે ગોરપદુંય ખરું. મોટા ભાઈ પરણેલા, ગામમાં જ સાસરું. ભાભીની નાની બહેન લાલી. રૂપાળી. વીસની મારી વય. જીવ લાગ્યો લાલીમાં. મૂળે આ જયશંકર તોફાની. ગામમાં 'તોફાની જેલો' એવી છાપ. પણ લાલીનોય જીવ મળ્યો હતો - જયશંકરના જીવ જોડે. ખેતરોમાં રાયણ-કેરીઓ ખાઈએ ને બંને પ્રેમમાં ગળાબૂડ. બંને ઘરોમાં ખબર પડી જાય એ સહજ હતું. બધાં બેઉ પર નારાજ.

નારાજીનાં કારણો જાણીને બહુ ગુસ્સો આવેલો - આ સગાંવહાલાં કહેતાં માણસની જાત પર ! હાસ્તો ! લોભ અને લાલચ તો જુઓ ! ભાભી અને એમનાં પિયરિયાંને જયશંકર કુંવારો જ રહે એમાં રસ. ભાભીને તો ભાઈ-દિયર ભાગ ન માગે એટલે બમણી મિલકત મળે. વળી બહાનાં બતાવે કે આ રખડેલ જય-શંકર નાની બહેનને દુઃખી કરશે. મોટા ભાઈ પણ સાસરીપક્ષે બોલે. હું ને લાલી સીમવગડે મળીએ એટલે ભાભી મારા બાપુજીને મહેણાં મારે.. આથી બાપુજી મારા પર બગડેલા રહે. એક દિવસ વાત વધી ગઈ. બાપુજી કહે, 'કાં તો આ ઘર છોડી દે કાં તો એ છોકરીને ભૂલી જા - છોડી દે એને; ને કામધંધો કર.' બીજે દિવસ સીમવગડે ઢળતી સાંજે એ છોકરીને મળ્યો ને કહ્યું : 'છેલ્લું પૂછી લઉં છું... મારી સાથે પરણીશ કે નહિ ?' છોકરીએ જવાબ ના વાળ્યો. ઉદાસ બેસી રહેલી. મેં ફરીથી કહ્યું : 'ચાકુ લઈને આવ્યો છું. ના પાડીશ તો ગળું કાપી દઈશ ને હુંય આ બાજુના કૂવામાં કૂદી પડીશ...' પણ છોકરીની ભીની આંખોમાં જે ભાવો જોયા એ મનને અજંપ કરી દેનારા હતા. એ ન તો હા પાડી શકતી હતી કે ન તો મારા વિના રહેવા રાજી હતી !! એ ઉપરાંત એનાથી નહોતી વેઠાતી

માબાપની રૂક્ષતા અને મોટી બહેનની ડંખીલી ભાષા... મને થયું કે આપણા લીધે જ આ બધાં દુ:ખી થાય છે ને ! તો ચાલ બંદર... નીકળી જા ઘરગામ બધેથી... વળી બાપુજીનાં વેણ પણ કાનોમાં પડઘાતાં હતાં, ભાઈભાભીની વૃત્તિ માટેય જીવ વલોવાતો હતો - ચાકુ ફંગોળીને ત્યાંથી જ ચાલતી પકડી ગામથી વિપરીત દિશામાં... તે ત્યારની ઘડી ને આજનો દિવસ !! ચકલાશી અને સગાંવહાલાં બધાંય સાજાં રહેજો ને સો વર્ષનાં થજો !!

કથની તો લાંબી છે... પણ એ ઘરગામ છોડ્યાની રાતે પાસેના શહેરમાં મધરાતે પહોંચ્યો હતો. નાટકમંડળીનું નાટક છૂટેલું... ઊંઘવા સારુ ફાંફાં મારતો નાટકમંડળીના માણસને વીનવતો હતો. ત્યાં જ કામ મળ્યું... બે વર્ષ નાટકોમાં સ્ત્રી-પુરુષ બંનેના પાઠ ભજવ્યા. પાંચ પાંચ વાર વન્સમોર મળતા હતા... પણ આ સફળતાની સાથી કલાકારોને ભારે ઈર્ષા થઈ... વેરઝેર થવા લાગ્યાં... મંડળી છોડી. બેત્રણ મિત્ર કલાકારોએ અલગ નાટકમંડળી કાઢવા વિનંતી કરી. એય કરી જોયું... ચકલાશીથી બાપુજી એક વાર મળવા આવેલા... 'ચાલ, ઘેર પાછો ચાલ; દૂરના એક ગામમાં કન્યાનો જોગ ખાય એમ છે...' પણ મન ના માન્યું. બાપુજીને નાટકની કમાણીના હતા એ બધા રૂપિયાની પોટલી બાંધી આપીને પરાણે વિદાય કર્યા હતા. પછી એક રાતે નાટક છૂટ્યા બાદ બે લીટીની ચિઠ્ઠી લઈને અમારો બાળનટ મારી સામે ઊભો. કહે કે - 'કોઈ બહેન તમને મળવા માગે છે...' થયું લાલી જ હશે. ગયો. એ જ હતી... મનમાં ફરીથી પ્રેમની આગ ફરી વળી. નાટકના વ્યવસાયમાં પ્રેમપત્રો તો મળે જ ને રૂપાળી સ્ત્રીઓય આકર્ષાતી હોય છે. પણ હું અડગ હતો... લાલી કહેતી હતી - ચાલ, મારે ઘેર ચાલ. તને લેવા આવી છું. મેં કહ્યું હતું : હવે ઘેર લઈ જઈને શું કરીશ ? લાલી ભાવાર્દ્ર થઈને બોલતી હતી : ખવરાવીશ, પિવરાવીશ... તું જે માગીશ તે બધું જ તને સમર્પિત કરી દઈશ... આજે હું ઘેર એકલી જ છું...ને...' મેં જવાબ વાળેલો : 'બસ, તેં કહ્યું એટલે બધું જ મળી ગયા બરાબર છે...' છતાં એનો આગ્રહ હતો. એ એના પતિને તેડવા મોકલવાય રાજી હતી... પણ હું બે દિવસનો વાયદો કરીને છટકી ગયો... એ જ દિવસે નાટકમંડળીનો પડાવ ઉપાડી લીધો.. પછી તો એય બંધ કરી દીધી... લાલી હજી વાટ જોતી હશે... જવાનું મન થાય છે... પણ હવે તો સંસાર છોડ્યો છે ભાઈ !!

પછી રઝળપાટ શરૂ કર્યો. સાધુઓની સેવા, વાચન, તપોબળ માટે ઉપવાસ, સાધના કરતો કરતો... બધી વિદ્યાઓ શીખતો શીખતો આટલે આવ્યો છું...

બીજાઓ પાસે યજ્ઞો કરાવીને તપોબળ ને વિદ્યા મજબૂત કરવા મથ્યો છું. આ અમરચંદે પ્રેમથી યજ્ઞ કર્યો... 'પરમહંસત્વ' પામવાની મારી મથામણ થોડા પાગલપન સુધી જ પહોંચી શકી... હજી તપ અને સાધના અધૂરાં છે... સંસાર છૂટ્યા છતાંય કર્મયોગ તો રાખવો જ પડ્યો છે ! ને સંસારી નથી થયા એ ખરું પણ હજી મનોબળ વજ્ર જેવું બન્યું નથી... કથની પૂરી કરીને પાછા વ્યતીતમાં ખોવાઈ ગયેલા બાવજી વર્તમાનમાં આવતાં જ વિચારતા હતા... આ અમરચંદની સોબત અને 'દવા' છોડવાં જ પડશે ! એને કહી દેવું પડશે કે આ 'દવાબવા' તો ઠીક છે પણ સ્ત્રી તો સીધી જ અધોગતિ છે અધોગતિ...' ને એક સાંજે કહી દીધું કે તું પાછલી ઓરડીમાં કોઈ સ્ત્રીને લાવ્યો છે તો ખબરદાર... ! અમરચંદે કહેલું કે બાવજી બધી વાતો કાલે કરીશ.

કૂણી અને કાચી વયમાં પનાને મંદિરમાંય સંસારીઓના ખેલ જોવા મળ્યા હતા. એને તો બચ્ચું માનીને બાવજી, અમરચંદ તથા નવો સાધુ ચેલકો છોટુ પણ વૃત્તિઓનાં વમળમાં અટવાતાં અટવાતાં જે રવાડે ચઢ્યા હતા એ મોટપણે પણ પન્નાલાલ માટે અચરજ જ બની રહેલું. પણ આ બધા અનુભવો ખાસ્સા કામ લાગ્યા હોય એ સહજ છે.

અમરચંદ મારવાડી વાણિયો. માબાપ વગરનો મોટો થયેલો; કૈંક પૈસા કમાતો પણ કુંવારો રહી ગયેલો. જયશંકરાનંદ મહારાજ – બાવજી – માટે મેઘરજમાં જ્યારે કોઈ યજ્ઞ કરવા તૈયાર ના થયું ત્યારે અમરચંદે બધી બચત યજ્ઞમાં ખર્ચી નાખી હતી. બાવજી એના પર પ્રસન્ન હતા. પણ અમરચંદ તો મોજીલો હતો. ગામ-છેવાડે એક સવર્ણ વિધવા સાથે એને પ્રેમસંબંધો હતા. એ અમરચંદ માટે (પીવા વખતે) કાંદાનાં ભજિયાં મોકલતી. બાવજી પણ એનો સ્વાદ ચાખી ચૂકેલા.

અમરચંદ તો મલકમાં ફરનારો હતો...એમાં એક મિયાંના ત્રાસથી થાકેલી બીબીનો જીવ અમરચંદમાં લાગ્યો હતો. બીબી મૂળે તો હિન્દુ વિધવા હતી અને મિયાં સાથે નિકાહ પઢવામાં 'બીબી' બની હતી. મિયાંથી મોહભંગ થતાં એ અમરચંદ જોડે ભાગી આવેલી. અમરચંદ એને મંદિરની પછીતની ઓરડીમાં રાખતો'તો- બાવજીની જાણ બહાર. મિયાંની ફરિયાદને આધારે એક ઢળતી રાતે મંદિરમાં ઝડતી આવી. અમરચંદ બાવજીને કરગરી પડ્યો અને મહારાજે બીબીને રામસીતા - લક્ષ્મણની મૂર્તિઓ પાછળ સંતાડી દેવામાં ના છૂટકે સંમતિ

આપી. જમાદાર બધા ઓરડા-ઓસરી ચકાસતો હતો - બાળક પનો પોલીસ જોઈને હેબતાઈ ગયેલો. ઝડતી ખાલી હાથે ગઈ. પછી મોડી રાતે બાવજીનો જીવ પેલી બીબીમાં વટલાયો... ને એમણે મંદિરમાં જ બીબીને ભોગવી... બાળક પનાએ પછીતમાં ભાગી જતી નાગીધડંગ ઓરત જોઈ હતી. પછી સવારે બાવજી આખું મંદિર ગોમૂત્ર-છાણથી પવિત્ર કરવા મથતા હતા !! અમરચંદે બીબીને વહેલી પરોઢે ઊંટે ચઢાવી બીજે ગામ વળાવી દીધી હતી. એણે બાવજીના પગ પકડીને માફી માગી હતી... બાવજી પણ બઘવાયેલા હતા... અમરચંદે મંદિરમાં ના આવવું એવું ઠરાવીને મહારાજ વિચારતા હતા કે હજી તપોબળ મેળવવા એકાન્તમાં જવું પડશે.

# 8

પનાના મનમાંથી પેલી રાતવાળો પ્રસંગ ખસતો નહોતો. કૈંક બેબાકળા જેવા લાગતા બાવજી પણ એની સાથે, હરિભાઈ તથા કોદરની વાતો કરીને, પેલી-પાવનને પતિત કરનારી – રાતને ભૂલવા મથતા હતા જાણે ! કહેતા કે કોદર સીધું-સામાન લઈને આવેય ખરો...બાવજીના મનમાં અમરચંદની સોબત બાબતે ભારે અફસોસ થતો હતો. આમેય એ વાણિયો ન્યાતે અને ગામમાંય 'માથાફરેલો' ગણાતો હતો. પોતે 'પ્લેગની દવા'ની મોહિનીમાં ભાન ભૂલ્યા હતા. અમરચંદ બાવજીને માનસન્માન કેમ આપતો હતો એનોય બંને પક્ષોને ખ્યાલ જરૂર હતો. અમરચંદ ઉપર 'બગડીને'ય હવે શું થાય ? બાવાનું જે બગડવાનું હતું તે તો બગડી ચૂક્યું હતું. બાવજીને તો સંચિત કરેલી તપ-મૂડી જતાં રહ્યાં - બાકી, અમરચંદને તો 'વાણિયાભૈની નીચી મૂછ'વાળો ન્યાય હતો..'જેણે મૂકી લાજ એનું પગના તળિયે રાજ'...નહિ તો વળી વાણિયાનો દીકરો થઈને સરકારની દારૂની ભઠ્ઠી અને દુકાન પાલવવાની નોકરી લે ખરો કે ?

તપોભંગ સરખા બનાવથી બાવજીનું રુદિયું શારડીથી વીંધાતું હતું જાણે. બેચાર મહિના ઈડર કે આબુ તરફના ડુંગરોમાં જઈને, એકચિત્ત થવું; ઇન્દ્રિયોને વશ કરવી અને ઇષ્ટદેવને આરાધવા - બાવજીએ મનોમન નક્કી કરી દીધું. પનાને પાસે બેસાડીને શિખામણ દીધી :

*'તારા હાથની દસેય આંગળીઓ પર ચક્ર છે. સરસ્વતીની તારા ઉપર અપાર કૃપા છે. એક વાત યાદ રાખજે કે વિદ્યાદેવી*

*કોઈ પણ માણસ પર જોરજુલમ નથી કરતાં. એ તો જે જેને જેટલી લગનથી આરાધે એને એ એટલી વાતે મળે જ છે. બધા દેવોનોય આ જ ધારો છે. માટે ભણજે, બાકી ઘેર ભાગી જઈશ તો હાથમાંની ભણતરની રેખા કલમ મટીને ઢોર ચરાવવાની લાકડી થઈ જશે..હા, આ તો દેવતાઈ વાત છે, ભૈ !'*

પનાને વાંસે હાથ ફેરવીને હિંમત બંધાવતાં કહેલું કે હું બેત્રણ માસમાં તો પાછો આવીશ જ....

નવા બાવજી થવા મથતા છોટુને મંદિર તથા પૂજાપાઠની રસમો પુનઃ સમ-જાવીને કહ્યું :

*'તારે માથે બે દેવની સેવા મૂકીને જાઉં છું. એક તો સામે છે તે પથ્થરના દેવ ને બીજા તે આ જીવતાજાગતા મનખાદેવ! એક ઉપર શ્રદ્ધા રાખજે ને બીજા પર પ્રેમભાવ...'*

પનો તો રડવા જ મંડેલો. બાવજીએ કહેલું : જો મંદિરમાં રહીને રડીએ નહિ ! તું તો પટેલનો દીકરો છઉં; ને તેય વિદ્યા જાણનાર નાનશા પટેલનો પોતરો. હા ! માટે બંને સંપીને રહેજો.'

બાવજી તો શિયાળાની એ વહેલી સવારે મંદિર સૂનું કરી ગયા; એ સાથે પનાના જીવનમાં ને ભણતરમાંય સૂનકાર ફરી વળેલો. પણ છોટુ કઠોર હાથે કામ લે છે.

માંડલીથી કોદરભાઈ વસાણામાં લાડવા આપી ગયેલા ને રડમસ પનાને સમજાવતા ગયેલા...કોદરભાઈ સુકાઈ ગયા હતા. ઝેરવાળા પ્રસંગ બાદ તો કોદરનું મન સંસારમાંથી જ નહિ, સમાજ અને ખેતીવાડીમાંથીય ઊઠી ગયેલું. એ તો બાવજી આગળ હઠે ભરાયેલો કે ના, મારે તો સાધુ જ થઈ જવું છે. મને આશીર્વાદ આલો... પણ બાવજીએ જરાક ઠપકો કરેલો : 'જરા સમજ, તારે હજી સાધુબાવો થવાની વાર છે. ને તારો ભાઈ હરિભાઈ તો એક આંખ ને એક હાથપગનો જ ધણી છે; અડધો અપંગ જ ગણ ને ! તારાં માને કંકુભાભી પાળશે ખરાં ?...ને જો તું બાવો થઈને હેંડ્યો જઈશ તો એ ભોજાઈ પનાને ભણાવવાય નહિ દે...હા ! માટે, થોભી જા ! તું મદદ કરીશ તો હરિભાઈ, હીરાબા અને પનો ત્રણેય સુખી થશે. શિયાળાના ટૂંકા દિવસો તો મંદિર માથે પંખી બેસે એટલી વાર બેસતા અને ઊડી જતા હતા - આભલાની પેલે પાર ! દિવસો તો જતા પણ ટાઢી હેમાળી રાતો નહોતી ખૂટતી. પનો જાગી જતો ને બા યાદ આવતાં....

પનો બા-ની વાટ જોતો.

કોદરભાઈ બાને ચણાનો ઓળો લઈને મોકલવાના હતા. ઘડિયા ગોખતો, કથાઓ વાંચતો પનો બાવજી વિનાય મૂંઝાતો હતો. હીરાબાનો જીવ તો દીકરામાં હતો પણ બધાં એમને રોકતાં-ટોકતાં : 'તમે મેઘરજ જશો તો પનો તમારી હાર્યે થશે, બાવજી છે નહિ ને ભણતરનો તાલ બગડી જશે.' નિઃસહાય બાએ ઓળો, બે પૈસા અને સમાચાર લઈને માણસ મોકલ્યો... આમ તો ગામનો કણબી ગલો મેઘરજ આવતો હતો. એની હાર્યે બાએ બધું મોકલેલું...પનો 'બા કેમ ના આવ્યાં ?' કહીને રડમસ થયેલો ને વળતાં ગલાની પાછળ પડેલો - માંડલી આવવા સ્તો !

ગલાએ છોટુ બાવજીને બોલાવ્યા હતા...

વાત્રકનો કાંઠો ઓળંગી ગયેલો પનો માનતો નહોતો.

છોટુએ કુંબાડિયો ઉખેડીને સોટીની જેમ વીંઝયો ને પનાને ધમકાવ્યો... આગળ કર્યો : મનોમન બબડતો હતો :

'સાલી 'ડૂહ' જાતને ગમે તેટલી સાચવીને રાખો તોય તકદીરમાં ઢોર ચારવાનું હોય પછી માને કે ??'

ગલાને ઘણો પસ્તાવો થયો હતો. હીરાબાને અડધુંપડધું કહ્યું હતું ને એ પર મહુડાંની જેમ ટપટપ આંસુ પાડતાં હતાં...

છોટુભાઈએ પનાને બેચાર સોટીઓ ફટકારી હતી - એ વાત તો પનો ને છોટુ - બે જ જાણતા હતા ! પણ હીરાબાને તો એથીય વધુ વેદના રુદિયે થતી હતી. પણ કોને કહેવાનું ? ગલોય બખડેલો :'આનું નામ જ સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ઘમઘમ...' : પછી પાછા દિવસો લાંબા થવા માંડ્યા હતા.

હોળીનાં ઢોલ વાગ્યાં.

શાળામાં ચારછ રજાઓ પડી.

પનો ઘેર જવા થનગનવા લાગ્યો. કોદરભાઈ લેવા આવવાના હતા. જીવનમાં પહેલી વાર પનો બજારમાં ખરીદી કરવા નીકળ્યો. બાવજીએ આપેલો આનો ચવાણું ખાવાને બદલે બચાવ્યો હતો. બાએ આપેલો એક એક આનોય બચાવેલો જ હતો.

પના પાસે બેત્રણ આના જોતાં કોદરનેય ચલમ-બીડી લેવા મન થયું. પનાએ ચલમ અને બીડી માટે બે પૈસા આપતાં કોદરે એને બાકીનું એની મેળે જ ખરીદવા દીધું...

પનાએ વહોરેલું ચૌટું જોઈને માંડલીમાં આખું ઘર રાજી રાજી હતું :

સંતી અને વાહલી માટે બંગડીઓ...

ભાઈભોજાઈ માટે સેવલાં-ચવાણું

હીરાબા માટે અત્તર પાયેલી છીંકણી

ને માસી (અમરમા) માટેય છીંકણી - ડબી સાથે !

પોતાને માટે વાંસમાંથી બનાવેલી રંગ-પિચકારી પણ લેવાનું ભૂલે શેનો ?!

વળતી વાટે પનો-કોદર રામનામ, ભજન-પ્રાર્થના-ગીતો વગેરેની આવડે તેવી વાતો કરતા હતા ને એમાં વાદેય ચઢ્યા હતા.

હોળીના દિવસે ખરી રંગત થઈ.

હીરાબાએ લાડવા કરીને કોઠલામાં મૂકેલા.

બધાં હોળીનાં દર્શને ગયાં; ત્યાં સાવકો ભાઈ અને એના તોફાની દોસ્તો આવીને બધા લાડુ ઝાપટી ગયેલા. માત્ર બે લાડુ પના માટે રાખેલા... બધું જાણ્યા છતાં હીરાબાએ કોઈને ઠપકો નહિ કરેલો... 'હશે, બુન ! આપણા ઘર ઉપર પ્રેમ હશે માટે તો આવું કરવા આવ્યા ને !' બાએ બચેલા બે લાડુ પનાને આપેલા ને ઘરનાં માટે ઢળતી રાતે ફરીથી લાડવા બનાવ્યા હતા ! હોળીમાં નવી વહુવારુઓ, દિયર વગેરે ધૂળેટી રમતાં હતાં એ જોવાનું પનાને ગમેલું... પણ હોળી પછી મેઘરજ પાછા જવાનું જરાય મન નહોતું થતું. બધાં બાને ધમકાવતાં હતાં ને પનો બાનો ખોળો છોડતો નહોતો.

છેવટે પનાને તો મેઘરજ જવાનું જ થાય એ સહજ હતું.

રસ્તામાં એને હોળીનાં દશ્યો દેખાતાં હતાં. જીવતરનું આ પહેલું સંભારણું હતું :

*રેવા નવાં લૂગડાં પહેરીને રમતી હતી. ગામને પાદરે હોળી સળ-ગાવેલી. નવા પરણેલા મોટિયાર અને ઘરદીઠ એક એક આદમી હોળી ફરતે પાંચ ફેરા ફરતા હતા. દરેકના હાથમાં અજવાળે-લો તાંબા-પિત્તળનો લોટો અને બીજા હાથમાં નારિયેળ... પાણીની ધાર કરતા જાય, નારિયેળ જરાક જરાક ઉલાળતા જાય... સ્ત્રીઓ સારાં ગાણાં ગાતી હતી. આભલે ઉપર પૂનમનો ચાંદો ચળકતો હતો...હોળીમાં હોમેલાં નારિયેળ પ્રસાદ તરીકે કાઢી લેવા જુવાનિયા લાંબી વળીઓ લઈને મથતા હતા... પછી પ્રસાદ વહેંચાયો ને બધાં ધુળેટીના રાવણાનું નક્કી કરીને રામ રામ કરતા ભેટતા હતા.. નવા જુવાનિયા વળી ઢોલનગારાં વગાડવામાં પાછા નહોતા પડતાઃ એનો તાલ હતો 'ગામનો પટ્યોલ ઘાંચીનો છૈયો...'*

પનાના કાનોમાં હજી મંદિર કે શાળાના ઘંટને બદલે હોળીના ઢોલ જ સંભળાતા હતા. ને મંદિર પછીતનો શીમળો રાતાંચોળ ફૂલોથી શોભતો હતો તે તથા વાત્રકની સામે પારની બધી ખાખરીઓ પર દેખાતાં કેસરી કેસૂડાં પનો પહેલી વાર જ ધારી ધારીને જોતો હતો. એને સમજાતું હતું કે અરે, ફૂલોથી ફાગણ મહિનો કેવો મસ્તીખોર ને મોજીલો લાગે છે.. એનેય ગાવાનું મન થતું હતું..બાવજી પેટી વગાડતા અને એ ગાતો હતો..હજી બાવજી આવ્યા નહોતા.. પણ મંદિરના પડખેના ખંડેરમાં એક પરમહંસ બાવો આવી ચડેલો હતો..ભભૂત ને લંગોટી, બસ ! ન ખાવાનું ભાન, ન ઇચ્છા કશી ! એટલે બધાં એને સાચો સાધુ - પરમહંસ - કહેતાં હતાં..પનાને આ નવા ચરિત્રમાં વધારે રસ પડતો હતો.

પનો આ પરમહંસ બાબાને ખાવાનું આપી આવતો.

પછી તો બાવજી પાછા આવી ગયા હતા. પનો હવે તો બાવજી સાથે બાબાની ચલમ પણ ભરી દેતો હતો. પહેલાં ડર લાગતો હતો તે કૈંક ઓછો થયેલો. મંદિરને ઓટલે એક પાગલ પણ આવીને બેસી રહેતો. પનો એનેય પાણી પિવડાવતો ને ક્યારેક ચણા ખાવા આપતો હતો...એક દિવસ પરમહંસ બાબા અલોપ થઈ ગયા ! ઓરડી બહારથી બંધ હતી ને એ તો અંદર ધ્યાનમાં રાતદિવસ ગાળતા હતા.. પનાને થયેલું કે બંધ ઓરડામાંથી માણસ એકદમ અલોપ કેવી રીતે થઈ જતો હશે ? બાવજીને પૂછેલું. તો બાવજીએ કહેલું : 'બચ્ચા ! પરમહંસ હોય તે આવું કરી શકે છે..' પનાને સંતોષ નહોતો થયો.

પનાની જાણ બહાર બાવજી એક વાર, હરિભાઈના તેડાવ્યા, માંડલી જઈ

આવ્યા હતા. પનાને પછી પાછળથી જાણવા મળ્યું કે કોદરભાઈ એમના બે સાગરીતો સાથે ‘બાવો’ થવા ઘર છોડી ગયો હતો. શોધખોળ કરતાં દસબાર ગાઉ છેટેથી હાથ લાગેલા. બાવજીએ પુનઃ સમજાવ્યા છતાંય હવે કોદરભાઈ તો ખેતર પાસેના પડતરમાં મઢી બનાવીને ત્યાં જ રહેતો હતો. લોક ખોટેખોટી વાતો કરતું કે કોદરભાઈ પણ નાનશાની જેમ બધી ‘વિદ્યાઓ’ - મંત્રતંત્ર શીખે છે. નાનશાને તો એવી વિદ્યા શીખવાની ફરજ પડેલી. એમના બાપદાદાના સારાપણાનીય ઈર્ષા કરનારાઓએ એમના કુટુંબ પાછળ મેલી વિદ્યાના સાધક પાસે ‘માતા મેલાવી’ હતી. એક સાધુચરિત ભગતે કુટુંબને એમાંથી ઉગારેલું ને ભવિષ્યે એનાથી બચવા નાનશાને થોડી ‘વિદ્યા’ શીખવેલી. પણ નાનશા કહેતા કે ‘વિદ્યા’ જીરવવી અઘરી છે. સામા માણસો પર જરાય ક્રોધ નહિ કરવાનો, મનને મારવાનું ને સારું તાકવાનું ! નાનશાએ ઘરમાં ભણતરવાળી વિદ્યાનો આગ્રહ રાખેલો ને મંત્રતંત્ર લખેલી ચોપડીય બાળી નાખી હતી. પછી તો નાનશા સૌને રામાયણ-મહાભારત સંભળાવતા. કોદરભાઈ પણ સારા માર્ગનો સાધુબાવો થવા ચાહતો હતો.

# 9

જયશંકરાનંદ - બાવજી - પાછા થોડા દિવસ માટે દેશાટને નીકળી પડેલા. હોળી વીત્યા છતાં 'મોવડિયા' ('મહુડાં'- ખેરવનારી) ટાઢ પડતી હતી. આંબાઓ (ત્યારે તો દેશી આંબા હતા) પર મૉર ઝૂલવા લાગેલો...ચણાનાં ખેતરો ખેર પડીને પાકવા આવ્યાં હતાં ને કપાસ પણ ઊલવામાં હતો...ત્યારે એવી ઘટના ઘટી જેણે 'સર્જક પન્નાલાલ' માટે જાણે કે પાયો પૂર્યો હતો !

ઈડર રાજના કુંવરસાહેબનો મેઘરજના આંબાવાડિયામાં મુકામ હતો. એમને ગામડાગામમાં આવકારવા અને આનંદ આપવા સારુ પ્રજા ઉપાયો વિચારતી કે, 'બાવજી-કુંવરસાહેબ-ને રાજી રાખવા શું શું કરવું જોઈએ ?!' નિશાળના માસ્તરસાહેબોને સૂચના પહોંચાડાઈ કે તમે 'ગીત-સંગીત'નો જલસો ગોઠવો. છોકરાં પાસે જ કૈંક નાચગાન - તથા ગાયન-વાદન કરાવરાવો. બધા કામે લાગેલા. છોટુભાઈને, 'પનાલાલ'ને ગાવા માટે તૈયાર કરવાનું કામ સોંપાયું. એમણે પનાલાલને આવડે એવી પ્રૅક્ટિસ કરાવી. ખાસ તો બાવજી પેટી વગાડતા અને પનાલાલ ગાતો એ ગીત ગાવાનું નક્કી થયું. હેડમાસ્તરેય હિમ્મત બંધાવી હતી. ગાવાનો દિવસ આવી ગયો. પનાલાલ નવાં કપડાંમાં સજ્જ. ગોરું અને ગોળમટોળ મોઢું...સમજણ દાખવવા મથતી આંખો...

આંબાવાડિયામાં વાસંતી વાયરાની લહેરો અને મસ્તીભર્યું વાતાવરણ હતું. આંબાઓ પર કોયલો કલશોર કરી શાંત પડી હતી. અજવાળી રાત ધીમે ધીમે જામતી હતી... પનાલાલે ગીત તો ઉપાડ્યું, પણ તબલાં સાથે મેળ પડતો નહોતો.

પનાલાલને તબલાં સાથે અને તબલાં વગાડનારને ગાયકી સાથે મેળ બેસતો નહોતો. મહારાજકુંવર તરત પામી ગયેલા. એમણે તબલાંનો બેસૂરો તાલ બંધ કરાવેલો ને અડધી ગુજરાતી અડધી મારવાડીમાં બોલ્યા હતા : 'હાં, ટાબરા ! હોને દે અબ..' ને પન્નાલાલે પહેલી વાર ભરી સભામાં ક્ષોભ ભૂલીને ગાવામાં મન પરોવ્યું...સૌ લયમાં લીન થઈને સાંભળતા હતા :

*બંસીવાલે આજો મોરે દેશ !*
*આવન જાવન કે' ગયો રી...*
*કર ગયો કૉલ અને...ક !*
*ગિનતાં ગિનતાં...ધીસ ગઈ*
*મોરી ઉંગલિયાં રી...રે..ખ*
*બંસીવાલે આજો મોરે દેશ...!*

સિગારેટના કસ પર કસ લેતા લેતા કુંવરસાહેબ સાંભળતા હતા..એમના અત્તરના મઘમઘાટ સાથે 'વિલાયતી તમ્બાકુ'ની સુગંધ બધે ફરી વળી હતી. પનાલાલ હવે નિરાંતે ગાતો હતો :

*શશધર ઊગ્યો આભમેં*
*મેં પૂછ્યો બાર અને...ક*
*'દેખ્યો નંદકિશોર કહીં ?'*
*મુને હંસે શશી ભર પેટ*
*બંસીવાલા આજો મોરે દેશ..*

આકાશમાં ચન્દ્ર પણ જાણે થંભીને સાંભળતો હતો

*એકલ દેખી મુને યમુના પૂછે*
*તટ યમુનાનાં તરુ તરુને*
*ગૌ પૂછે ને સખિયન પૂછે :*
*તુંને કહાં ગંવાયો પરે..શ...*
*બંસીવાલા આજો મોરે દેશ !*

*

પનાલાલે કુંવરસાહેબને દૂરથી જ પ્રણામ જેવું કરતાં હાથ જોડેલા...'અચ્છો ગાયો !' કુંવરસાહેબ બોલ્યા હતા..પોતાના સેક્રેટરી સાથે પનાલાલને એમના તંબૂમાં લઈ જઈને બધું પૂછવામાં આવેલું..ને પછી સેક્રેટરીને આદેશ કરતાં કહેલું : 'લિખો : ઇસ ટાબરકો પઢાઈ કે લિયે ઈડર બોર્ડિંગ મેં રાજ તરફસે ભેજ્યો

જાય..' જોતજોતામાં આખા મેઘરજમાં ને મલકમાં વાત ફેલાઈ ગયેલી...લોકો અચંબિત હતાં.

મેઘરજના વાણિયા-બ્રાહ્મણોને વસવસો હતો કે કુંવરસાહેબે એમની વર્ણને છોડીને એક કણબી-પાટીદાર માટે પક્ષપાત દાખવ્યો હતો. તો વળી કોઈ ઈર્ષાથી કહેતા હતા કે પટેલનો છૈયો ભણીભણીને શું રસાતાળ વાળવાનો, હેં ? એમ કાંઈ 'બાલેટણ' થોડું થવાય છે ? તો વળી કેટલાક તકદીરને આગળ ધરતા હતા : પટેલના છોકરાનું તકદીર ઊઘડ્યું. બીજું ત્રીજું તો ઠીક, મારા ભૈ !

બીજા ધોરણમાં બીજા નંબરે પાસ થઈને પનાલાલ માંડલી પહોંચ્યો ત્યારે ગામલોક એને પૂછતા હતા

*'તે, ખરી વાત છે પના ? ઈડરના મહારાજકુંવર તને ભણવા લઈ જવાના છે ? એવું તું તો કેવુંક નવી ભાતનું ગાય છે કે કુંવરસાહેબ રાજી રાજી થઈ ગયા ? કેવા લાગતા હતા એ ? તારી સાથે મોઢામોઢ વાતો કરી હતી ??'*

અત્યાર સુધી સાવ સામાન્ય લાગેલી વાત, પનાલાલને, લોકોનાં કુતૂહલ વગેરેને લીધે કૈંક મોટી લાગવા માંડી હતી. પનાલાલેય બે વર્ષમાં તો ઓઘડ મટીને નજર લાગે એવો રૂપાળો થયો હતો. હવે ધોતલીને બદલે પેન્ટ-બુશકોટ પહેરતો થયો હતો. રજાઓ જલદી જલદી જતી હતી.

બાવજીએ પનાલાલને ઘેર કહેવડાવેલું કે નિશાળો ખૂલતાં પહેલાં અઠવાડિયું વહેલા ઈડર જવાનું થશે ! માટે તૈયારી રખાવજો. બાની ચિંતા વધી પડેલી.

ઈડર જાણે ધરતીને બીજે છેડે હોય એમ એ ચિંતાતુર હતાં. આવડો-અમથો દીકરો એટલે દૂર મોકલતાં માનો જીવ કળીએ કળીએ કરપાતો હતો... તો છોકરાં વળી પના-ની સાથે વાતો કરતાં હતાં : હવે તને તો રેલગાડીમાં બેસવા મળશે. દરબારની મોટરગાડીઓ અને ઘોડા જોડેલી બગીઓય જોવા મળશે. તું માંડલીને યાદ કરીશ કે ભૂલી જૈશ ? કાચી વયનો પનાલાલ પાકટ જવાબ વાળતો હતો : અરે, ધરતીને છેડે જાવ તોય પોતાનું ગામ થોડું છૂટે ? હું તમને બધાંને સંભારીશ અને દિવાળીની રજાઓમાં પાછો આવીશ. વિસામિયે વડલે આપણે રમીશું...

બાવજી પનાલાલને લેવા સારુ હાજર થઈ ગયેલા.

મોડી રાત સુધી બધાંએ વાતો કરી હતી. ફળિયું ગાજતું રહેલું. સવારે

સૌએ પનાલાલને ભીની આંખે વિદાય આપી. બા તો ઘરના વાડામાં જઈને રડતાં રહેલાં. જતા બાવજી અને પનાલાલની પૂંઠ દેખાઈ ત્યાં સુધી ગામલોક જોતું રહેલું. બાના મનમાં વલોપાત સમાતો નહોતો...પણ હવે દીકરાને રોકવાનો કશો ઉપાય નહોતો. એ જ રીતે એને અહીં રોકી રાખવાનો કશો અર્થ પણ નહોતો ! અડધા દેહનો ધણી હરિભાઈ શું કરી શકવાનો હતો ?

હાસ્તો, કોદરભાઈ તો ચૈત્રમાં જ દેવને વહાલો થઈ ગયો હતો. રતનબહેન-ના વર બેમગજ જેવા થઈ ગયેલા. ત્યારે બહેનને કોઈએ કમત સુઝાડેલી કે આ તો મંતરતંતર જાણતા તારા કોદરભાઈએ બનેવી પર અખતરો કરી જોયો હશે ? રતનબહેન તો પિયર આવીને કોદરભાઈ પાસે ખોળો પાથરીને પતિની સુખશાંતિ માટે ભીખ માગવા લાગેલી. કોદરભાઈને આથી બહુ લાગી આવેલું; અરે, સગા બનેવીનો જીવ લઈને મારે શું લઈ લેવું છે, બુન ? તુંય ખરી છો ?! હરિભાઈ તથા બાએ પણ બહેનને ઠપકો કર્યો..અઠવાડિયામાં બનેવી તો – દેવની માફી માગી, મનવર કરવાથી; બધાં કહેતાં - સાજાસોરા થઈ ગયા હતા. પણ કોદરભાઈના હૈયામાં ઉત્તાપ હતો...સગી બહેને આળ ચઢાવ્યું.. જાહ રે જાહ ! આમાંથી તાવ આવ્યો ને તાવ ઓરીનો નીકળ્યો. સાતઆઠ દિવસમાં તો કોદરભાઈ ગુજરી ગયા હતા. મરવાની વેળાએ આશા રાખેલી કે મેઘરજ રામજી મંદિરના બાવજીનાં દર્શન કરી લઉં.. પછી... બધાં ચિંતામાં હતાં ત્યાં જ બાવજી ઉત્તરની ટેકરીઓ વીંધતા પવન જેવા આવી લાગેલા ને કોદરને માથે હાથ મૂકીને પનાલાલને લઈને ચાલતા થયેલા..કોદરભાઈના મરણની વાત એમને બંનેને રસ્તામાં - મેઘરજ પહોંચતાં પહેલાં મળી ગયેલી. પણ બાવજીએ પનાલાલને માંડલી નહોતો જવા દીધો - કશી જરૂર નથી - કહીને !!

બા પણ દીકરાને યાદ કરીને રડતાં હતાં.

તો વળી ગામના – રૂપાકાકા જેવા - વડીલોનેય સવાલ થતો હતો કે આ નાનશાના ઘરનું શું થવા બેઠું છે ? ઝેરવાળી વાત, કોદરની બાવો થવાની ને મઢીમાં વગડે રહેવાની વાત... પછી મરણ... ને હવે આ અજાણ્યા બાવાના હાથમાં દેવ જેવો છોકરો સોંપી દીધો છે એ તો ભાળો, કોઈ !! આખા મલકનો ફરંદો આ બાવો છોકરાને ક્યાંક વેચી મારશે તોય ત્યાં એનું કુણ રણીધણી થવાનું ? હેં ... ?

બાઈઓ વળી કહેતી હતી કે હીરાબા મોટા છોકરાની વહુથી દબાઈ ગયાં

છે એટલે 'ના' નથી પાડતાં... ને હરિભાઈ પણ વહુની જેમ માનતા થયા છે કે જમીન-ઘરમાં ભાગ પાડતો મટ્યો ! - આ બધી વાતો તો દુનિયાનો ધારો ગણાય. પણ સાર એટલો જ કે આવડા નાનકડા ને ખૂણાના ગામનો કોઈ મોટો માણસ પણ કશે દૂર-દેશાવર ગયો નથી ત્યાં આ બિચારો છોકરો.... ! પણ હીરાબા તો હિંમત કેળવતાં હતાં. 'અહીં રહીનેય છોકરો શું સુખ મેળવવાનો હતો ? ભાઈ--ભાભીનાં ડાકાં ખાવાનાં ને કામ કરતાંય ઓશિયાળો રોટલો ખાવાનો ને ?! વહુ કહે છે એ સાચું જ છે કે અહીં તો બળદોનાં પૂંછડાં જ આમળવાનું તકદીરમાં લખાયું હતું !

બાવજી દસેક વર્ષના કિશોર પનાલાલને લઈને નીકળ્યા ત્યારે માથે ઉનાળો તપતો હતો. માંડલીથી મોડાસાનો રસ્તો, ઘોડાની ખરીઓથી માપેલો, બાર ગાઉનો પથ હતો. ચડતો તાપ, બાવજીની ઉતાવળી ચાલ, વળી ઊંટની પીઠ જેવો રસ્તોય ચઢાવ-ઉતારવાળો... મેઘરજ પાસે વાત્રક નદી છૂટી ગઈ હતી ને મોડાસા આવતાં વળી માજુમ નદીનો સાથ મળતો હતો. પનાલાલના પગમાં બાવજીએ જોડીઓય જાણી જોઈને રહેવા દીધી નહોતી. ભારે કસોટી છતાં, કિશોર વયમાં પ્રવેશતો પનાલાલ, થાક્યા વિના ચાલતો હતો. બાવજી એને વેપારી-મહાજન સામે ગરીબ વિદ્યાર્થી તરીકે રજૂ કરીને થોડી મદદ મેળવવા ચાહતા હતા. પનાલાલના મનમાં માંડલી-મેઘરજ દૂર થતાં જતાં હોવાની પીડા-કસક હતાં તો વળી મનમાં મોડાસા-તલોદ-રેલગાડીમાં બેસીને ઈડર મલકમાં પહોંચવાનો, બધું જોવા મળશે-નો ઉમંગ પણ હતો જ.

મોડાસામાં બાવજીએ પનાલાલને લઈને રણછોડભાઈ કડિયાને ત્યાં મુકામ કરેલો. કડિયાને બે પત્નીઓ છતાં બાળક નહોતું. બાવજીએ પુત્ર માટે અનુષ્ઠાન કર્યું... જ્યાં જતા ત્યાં બાવજી કંઈક ને કંઈક રીતેભાતે કામ કઢાવી લેતા હતા. જોકે પનાલાલને તો આ જતાં-વળતાંનું 'ઠેકાણું' થઈ પડે એવું હતું - ને એમ જ થયેલું. એને તો થાક ઊતરવા ઉપરાંત માતૃવત્ પ્રેમ અને સારું ખાવાનું મળેલાં.

પનાલાલે જીવનમાં પહેલી વાર ઘોડાગાડી જોઈ... એ જોતો જ રહેલો. જોકે એમણે તો બળદગાડામાં બેસીને તલોદ જવાનું હતું. ગાડું ને બળદ તથા હાંકેડું સારાં હતાં. પનાલાલે પહેલી વાર ડામરની પાકી સડક જોઈ... એ બાજુ ઝાડવાંય ઉછેરેલાં - જાણે છાંયડો કરતી છત્રીઓ... બેત્રણ વાર ગાડું રોકાયું હતું - બળદ બદલાતા અને ગાડું ચાલવા માંડતું હતું... પૂરા ત્રીસ માઈલ...

બળદો દોડાવવામાં આવતા હતા છતાં બીજા મુસાફરો ઉતાવળ કરાવતા હતા... ઉદેપુરથી અમદાવાદ જતી મેલ-ગાડીનો વખત થવામાં હતો. છેવટે ગાડું ને ગાડી બેઉ સંગાથે તલોદ સ્ટેશને પહોંચ્યાં. પનાલાલને સ્ટેશનમાં લઈ જઈને બાવજીએ ગાડી બતાવી... પાટા, સિગ્નલ બધું સમજાવ્યું હતું. પછી બેઉ એક વીશીમાં રાતવાસો કરવા ગયેલા.

ઈડર જવા સારુ સવારે અમદાવાદ-ખેડબ્રહ્મા લોકલ મળવાની હતી. બાવજીએ - પનાલાલ સારું ગાય છે ને ગરીબ વિદ્યાર્થી છે - એવી વાત કરીને ભોજન-ઉતારો સસ્તાં કરાવેલાં એટલે પનાલાલને વીશીના ભલા માલિક પાસે પેલું જ ગીત - 'બંસીવાલે આજો મેરે દેશ' ગાવાનું થયેલું. સવારે તૈયાર થઈને ગાડીમાં બેઠેલા. પનાલાલે હાથ ફેરવી ફેરવીને ગાડી જોઈ પણ હતી... એંજિન, એનો અવાજ, સીટીનો રુઆબ ને ડબ્બાઓમાં મોકળાશ - એ તો આભો જ બની ગયેલો... બાવજીને પ્રતાપે જ એ રેલગાડી જોઈ શક્યો છે ને એમાં બેસી શક્યો છે - એમ એ માનતો હતો - એ દિવસ વળી હિંમતનગરમાં જ રોકાઈને રાજાના અમલદારને મળીને બે દિવસ બાદ ઈડર જવાનું હતું. એ બંને ઓળખીતા તલાટીને ઘેર ઊતર્યા હતા... જોકે એમની વ્યવસ્થા ઉતારાના બંગલે થયેલી.

હરભગવાનજી મોટા અમલદાર હતા. તેમણે જયશંકરાનંદને કહ્યું કે સરાઈમાં અગવડ વેઠવા કરતાં બંગલામાં રહો - હજી ઈડર સ્કૂલની બોર્ડિંગ બેત્રણ દિવસ બાદ ખૂલશે. બંગલાના નોકર ગુણિયાજીએ બેત્રણ દિવસ બંનેને સારી રીતે રાખ્યા હતા. રાજસ્થાનનો આ રજવાડી પરિવાર પ્રેમાળ હતો. બાવજી અને પનાલાલ બંનેને અહીં એક ઢળતી રાતે 'પનિહારી'નું ગાન સાંભળવા મળેલું. જ્યારે જ્યારે નાનામોટા દરબાર સાહેબ આવતા ત્યારે બંગલામાં કિન્નરકંઠી ગાયિકાને તેડાવવામાં આવતી. એ નાચ સાથે ગાન રજૂ કરતી. આવાં ગીતો લોકોમાં 'પ્રેમની મસ્તી' માટે જાણીતાં હતાં. પનાલાલને મધુર કંઠમાં મજા પડેલી જ્યારે બાવજીને એ પ્રેમના નશાને વ્યક્ત કરતા શબ્દો અને ગાયકી બેઉમાં ખૂબ આનંદ આવેલો. ગીતના થોડા શબ્દો આવા હતા :

*'ઊંચી ઊંચી રે કેડે પાતળી રે પનિહારી જી રે લોલ,*
*તું જાણે મારે ઘર કેરી નાર, વા'લા જો !'*
*'ફટફટ રે ભૂંડા પાપિયા રે પરદેશી જી રે લોલ*
*કાંઈ થારી જીભલડી કળો નાગ, વા'લા જો !'*

*

તારલેમઢી અંધારી રાતોમાં ક્યારેક બંગલાની અગાસીમાં પનિહારી હાર્મોનિયમ કે મહુવર સાથે નશીલા રાગમાં ગવાતી હતી. બાવજી એના રસિક હતા.

બોર્ડિંગ અને શાળા ખૂલવાના દિવસે સવારે હિંમતનગરથી રેલગાડીમાં બેસીને બાવજી-પનાલાલ ઈડર પહોંચ્યા હતા. દૂરથી જ પનાલાલને ઈડરગઢ--પહાડ, મહેલ ને શિખર પરનું, રિસાઈ રાણીનું, માળિયું (એક ઓરડાનો મહેલ) બતાવ્યાં હતાં. ઈડરનું પ્રથમ દર્શન પનાલાલ માટે રોમાંચક હતું. પહાડોને લીધે કૈંક પોતાના મલક જેવું લાગતું હતું.

બોર્ડિંગમાં સામાન મુકાવી, સૂચના પ્રમાણે બાવજી પનાલાલને શંકરલાલ માસ્તર પાસે લઈ ગયા હતા. શંકરલાલ માસ્તરને આ ગામડિયા છતાં ગોરા અને ભાવુક છોકરા માટે ભાવ જરૂર જાગ્યો હતો. એ પછી પનાલાલ બોર્ડિંગમાં ગોઠવાવા મથતો હતો...

# 10

શંકરલાલ માસ્તર ગોરા-યુરોપિયન જેવા લાગતા હતા. પૂરા છ ફૂટ ઊંચા, શરીરે ભરાવદાર, ચહેરો તેજસ્વી, આંખો પણ પાણીદાર... જોનારને તરત પ્રભાવિત કરી દેનારા આ શિક્ષક સ્વભાવે મધુર, દેખાવે રૂપાળા તો ખરા પણ હસમુખાય ખરા. સાધુ અને વિદ્યાર્થી બંને પર ભાવ-ભાવનાવાળા હતા. બોર્ડિંગનો સુપરિન્ટેન્ડેન્ટ નહોતો એટલે ચાર્જ શંકરલાલસાહેબ પાસે હતો.

બાવજી અને પનાલાલ : બંનેની ખાતરબરદાસ કર્યા પછી બધી વિગતો જાણી. માસ્તર પનાલાલનું ગીત સાંભળવા ઉત્સુક હતા - જે ગીત એને છેક ઇડરિયા મલકમાં લઈ આવ્યું હતું. સાહેબનો ભાવ ભાળીને બાવજીએ તક સાધી લઈને પનાલાલની ભાળવણી પણ આ પરિવારને સોંપી. બાવજીને રામજીમંદિર ચલાવવાની જ ખેંચ હતી એટલે પનાલાલને એ શું આપે ? છતાં કપડાં વગેરે તો એ આપતા જ હતા. રાજ તરફથી ભણવાનું ખર્ચ માફ હતું... ને જે સ્કૉલર-શિપ મળતી એમાંથી બોર્ડિંગ ખર્ચ તથા પુસ્તકોનો ખર્ચ કાઢતાં બે સાંધા મળતા નહોતા. બાવજીએ ઓળખાણો અને ભગવાં લૂગડાંનો ઉપયોગ કરીને પનાલાલ માટે વધારાનો ખર્ચ આપનારાઓ પ્રત્યેક વર્ષે શોધી આપ્યા હતા. ઈડરથી જતાં પહેલાં પણ એમણે શંકરલાલસાહેબને પનાલાલની આર્થિક સ્થિતિ વિશે અને એ અજ્ઞાની ગામડિયાં લોક વિશે ઠીક ઠીક વાકેફ કરી દીધા હતા. જોકે માસ્તર પોતે મલકના ભોમિયા જ હતા. શંકરલાલે પનાલાલના વર્ગશિક્ષક - ત્રીજા ધોરણના શિક્ષક - નાથાલાલને બોલાવીને એના માટે પુસ્તકોની વ્યવસ્થા કરવા કહેલું.

નાથાલાલ પનાને એક દિવસ મિશનરી અને નિઃસંતાન તથા પરગજુ દંપતી યાકુબજીને ઘેર લઈ ગયેલા. યાકુબજીનાં પત્ની તો કન્યાશાળાનાં હેડ મિસ્ટ્રેસ હતાં. બંનેએ પનાલાલ પર દીકરા જેવું વહાલ વરસાવ્યું, પુસ્તકો માટે મદદ કરી અને અવારનવાર ઘરે આવવા-જવા પણ કહી દીધેલું. પનાલાલને થયેલું કે પોતે 'ભાગ્યશાળી' તો છે જ.

બાવજીને હતું કે પનો એમની સાથે પાછો આવવા જીદ કરશે અને રડશે તો પોતાનાથી નહિ વેઠાય. એટલે એ બીજા વિદ્યાર્થીઓમાં પનાલાલને ભેળવી-ભોળવીને રેલવેસ્ટેશને જતા રહેલા. પનાલાલને થયું કે, 'ખરા છે ! મળવાય ન રહ્યા !' પનાલાલને એકલું એકલું લાગતું હતું. બા બહુ જ સાંભરતી હતી. બોર્ડિંગની આથમણે મોટા મોટા પથ્થરોની ઊંચી ટેકરી - ધનેશ્વરીની ટેકરી - હતી. ઉપર દેરી ને થોડાંક ઝાડવાં. બેસવા-સૂવા માટેની મોટી શિલાઓય ખરી, જેના પર સવારસાંજ સેંકડો કબૂતર તડકો ખાતાં બેસી રહેતાં. પનાલાલ એ ટેકરી પર જઈને ઊગમણી દિશાએ મોઢું કરીને બેસતો - દૂર દૂર માંડલી ગામ દેખાતું...

અડધી પલાંઠીએ બેસી છીંકણી સૂંઘતી બા દેખાતી.

હુક્કો પીતા ને વળી હળ હાંકતા હરિભાઈ દેખાતા.

હરિભાઈનાં બે નાનાં પોયરાં - ખેમજી અને ગંગા - રમતાં દેખાતાં, રોટલો ખાતાં કે વળી બા માટે રડતાં સંભળાતાં... બા સામે નારાજ ને વાંકું બોલતાં ભાભીય દેખાતાં... વાત્રકનો કાંઠો... સીમ-વગડો, પેલો વિસામિયો વડલો, રમતાં સાથીદારો, વહાલ કરતી રેવા અને સૂનું પડી ગયેલું ફળિયું... પનાલાલની આંખોમાંથી દડદડ આંસુ દડી પડતાં.

પનાલાલ એકલો ને અતડો રહેતો. રઘુનાથ જેવા એના નવા સાથીદારો એને 'એકલો' કહીને વહાલથી ચીડવતા અને મનોમન કહેતા : 'બિચારો ! નવોસવો છે... સગામાંય પાછો સાધુ !' બોર્ડિંગની રૂમો, બહારનું મેદાન, લીમડાનાં ઝાડવાં, પાસે ને પાસે આવતા - બોલાવતા પથ્થરિયા ડુંગરાઓ, અનેક ગામોનાં છોકરાંઓ, ભણવાના વર્ગો - લેશન અને જમવાની પંગતો... કૂવા પાસે ખુલ્લામાં નાહવાનું ને ત્યાં જ કપડાં ધોવાનાં ! ભાખરી-શાક ને દાળભાતનાં જમણ... આ નવી દુનિયામાં પનાલાલ એકલો રહેતો છતાં બધા વિદ્યાર્થીઓ એને વીંટળાઈ વળતા... એ ચાહવો ગમે એવો ગોરો ને રૂપાળો તથા ભાવુક પણ હતો સ્તો !

પહેલીથી પાંચમી (જૂની અંગ્રેજી પ્રમાણે) સુધી ભણનારાં સાઠ છોકરાંઓ બોર્ડિંગમાં હતાં. પનાલાલ એમાં સૌથી નાનો. એટલે પણ એ સૌનો લાડકો અને મોજમસ્તીના રમકડા જેવો બની રહેલો. જોકે પનાલાલે ત્રીજી ચોપડીના વર્ગો માટે છેક ગઢની તળેટીમાં - આંબાવાડિયામાં - આવેલી નિશાળમાં જવું પડતું. ધુળેટા દરવાજો વીંધીને ટાવર થઈને છેક ક્સબો વળોટીને ચાલતા જવાનું. આ એકલી વાટનો સાથીદાર એમને બીજા વર્ષે મળે છે - ઉમાશંકર જોશી. ઉમાશંક-રના ભાઈ રામચન્દ્ર તો પનાલાલથીય વહેલા અહીં ભણવા આવી ગયા હતા. રામચન્દ્ર પણ પનાલાલની ખાસ્સી દેખભાળ કરતા.

ઈડરની એ કેસરીસિંહ બોર્ડિંગના દિવસો પનાલાલ માટે નિરાંતના હતા. બાવજીના પત્રો આવતા. કદીક બાવજી આવી ચઢતા. હા, માંડલીથી કોઈ પણ નહોતું આવી શકતું... પનાલાલને વળી વળીને બા તથા હવે રેવા પણ યાદ આવ્યાં કરતાં હતાં. રજાઓમાં વધુ સમય એ માંડલીમાં ગાળતો. સંગાથ મળતો તો ડુંગરપુર તથા સીમલવાડા ફરવા જઈ આવતો. કેટલાક દિવસ બાવજી મેઘ-રજમાં સાથે રાખતા. રજાઓ પછી પાછા ઈડર જવાનું નહોતું ગમતું ત્યારે રેવા પનાલાલને પ્રેરતી - 'ભણ, નહિતર અહીં તો બા સિવાય તારી બાલાશ કરનારું કોઈ નથી...' પનાલાલ મનોમન કહેતો : 'કેમ, તું તો છે જ ને !' ને પછીનાં બધાંય વર્ષોમાં સાચુંય પડી રહ્યું હતું. રેવાએ - કશાય સામાજિક સગપણ વિના - કિશોરકાળમાં સાથ આપ્યો હતો... ને પછી તો પોતાના જેઠની છોકરી (વાલી-બહેન) પનાલાલ જોડે પરણાવવામાં સફળ થયેલી રેવાએ પનાલાલને કાકીસાસુના હક્કદાવે ઠપકાય ઘણી વાર આપ્યા હતા. તો વળી બાળસખી અને કિશોરવયથી મનમાં વસી ગયેલી રેવાએ લાગણી-ભાવ રાખવામાં કશી કમી નહોતી રાખી... આ સંબંધોને જાણનાર ભાવક 'માનવની ભવાઈ' વાંચે ત્યારે એને રેવામાં રાજુનું દર્શન થાય એ સહજ ગણાય. આવી રેવા પનાલાલની ચિંતા કરતી રહેતી એમાં સહજ પ્રેમ જ હતો ને !!

બોર્ડિંગમાં રઘુનાથસિંહ ઉપરાંત પનાલાલના ચાર ખાસ મિત્રો હતા : રામચન્દ્ર જોશીના ભાઈ ઉમાશંકર જોશી (જે પછીથી આપણા મૂર્ધન્ય સર્જક તરીકે સુખ્યાત થયા હતા.) અને પનાલાલની સોબત ભણવા બાબતે નોંધપા-ત્ર હતી. એ કહેતા, 'ઉમાશંકર તો વાંચતો જ હોય; વર્ગમાંય પાટલી નીચે છુપાવીને નવલકથાઓ-વાર્તાઓ વાંચ્યા કરતો...' ભણવામાં હોશિયાર, પનાલાલે ઉમાશંકર માટે પહેલો નંબર હંમેશાં ઉચિત ગણેલો. બીજા નંબર માટે કેશવલાલ

અને સરદારમલની સ્પર્ધા રહેતી. કેશવલાલ, સરદારમલ અને જેઠાલાલ પણ પનાલાલના જિગરી દોસ્તો હતા. કેશવલાલ તો ભણવામાં ઉમાશંકર જોશી સાથે સ્પર્ધાભાવે મહેનત કરતો... પનાલાલ ત્રીજાચોથા નંબરે આવતો ને ખૂબ સંતોષ માનતો.

પનાલાલ પાસે બધા ઘણી વાર ગીતો-લોકગીતો ગવરાવતા. પનાલાલ ગીતોમાં ગાંઠનું ઉમેરતો ને સારા કંઠે હલકથી ગાતો. ઉમાશંકર જોશીનેય ગીતોમાં રસ. એ વાંચેલી વાતો સૌને સંભળાવતો. કેશવલાલ અને સરદાર-મલ તોફાનીય ખરા. પનાલાલ પણ ભારે નૂસખાંખોરી કરીને સૌને હસાવતો. હવે એ 'એકલો' નહોતો લાગતો. ઉમાશંકર જોડે ધનેશ્વરી ટેકરી પર વાંચવાનું ચાલતું. ને સાંજે તથા રજાના દિવસે બધા ઇડરિયા ડુંગરોમાં - પથ્થરિયાં વનો - ગુફાઓમાં રખડવા જતા.. અરવલ્લીની ગિરિમાળાની આ છેલ્લી ટૂક... અંબાજી વાયવ્યમાં તો વીરેશ્વર-સારણેશ્વર તથા પોળોનાં પહાડો-જંગલો પૂર્વોત્તરમાં હતાં... ઈડરના પહાડોમાં પણ ખોખાનાથ, ચન્દ્રેશ્વર, કણ્વનાથ, કાકલેશ્વર જેવાં સ્થળો હતાં. પહાડ ટોચે રૂઠી રાણીનું માળિયું ને દોલતભવનની આથમણે સાસુવહુનું સાંબેલું... જૈન મંદિરો, વાવ, કુંડ – તથા રાજા રણમલની ચોકી – આ બધાં સ્થળો ખૂંદવાની મજા આવતી. ચોમાસે પહાડોને ઢાંકી દેતાં વાદળો વચ્ચે વિહરવાની અને ઊછળતાં ઝરણાંમાં નાહવાનીય મજા આવતી... કિશોરકાળ ઊઘડતો હતો.

અવનવાં તોફાનમસ્તી સૂઝતાં હતાં.

ઢોંગ કે ફિતૂર કરવાની કળા પનાલાલે માંડલીનાં લોકોમાંથી અજાણતાં જ શીખી હશે ? મોડાસાથી તલોદ આવવાનું થાય ત્યારે પનાલાલે બળદગાડીમાં જગ્યા મેળવવી પડતી. એક વાર પોતાને ઊલટી થાય છે એવો દેખાડો કરીને ગાડાનાં મુસાફરોની બાજુમાં સરસ જગ્યા મેળવીને મુસાફરીની મોજ માણી હતી. બોર્ડિંગમાં વળી રેક્ટર સાહેબે પનાલાલને કહેલું કે કૂવે નાહવા જાય ત્યારે મારું આટલું ધોતિયું ધોતો આવજે. પછી તો સાહેબને ટેવ પડવા માંડેલી. પનાલાલ કીમિયો કરે છે... ડોલ ને વરેડું કૂવામાં પડવા દે છે; ધોતિયા સાથે પોતે બાજુના કાદવમાં જઈ પડે છે... સાહેબને કહે છે કે કૂતરાં લડતાં લડતાં દોડી આવ્યાં... એ તો સારું થયું કે સાહેબ હું કૂવામાં ના જઈ પડ્યો ! બિચારા ! સાહેબ પણ ચોંકી ગયા ને મનોમન ઈશ્વરનો પાડ માનવા લાગ્યા : 'અરે ! આ છોકરાને કાંઈ થયું હોત તો મારી તો ફજેતી જ થાત ને ! ભગવાન, તેં લાજ રાખી. હવે ધોતિયાં

જાતે જ ધોઈશ...' બધા મિત્રો પનાલાલની ચાલબાજી ઉપર રાજી થઈ તાળીઓ લેતા રહેલા. ખાવાની પંગતે, રમતના મેદાને, પહાડોમાં ફરતાં – આવી ટીખળો ને ચાલાકીઓથી વર્ષો જાણે ઝડપથી જતાં હતાં.. પનાલાલ હવે બારતેર વર્ષનો થયો હતો. ગુજરાતી સાતમી અને અંગ્રેજી ત્રીજી ચોપડીમાં એ ભણતો હતો.

પનાલાલના કુટુંબમાં, આ વર્ષોમાં, બે-ત્રણ ઘટનાઓ ઘટી ચૂકી હતી.

મોટી રતનબહેન તથા બનેવી હીરજીનું માંદગીમાં - થોડા દિવસોને આંતરે અવસાન થયું હતું. બાને આ મરણે વધારે દુઃખી કરેલાં. કોદરભાઈનું મરણ પણ કઠતું જ હતું... તેમાં આ વળી નવાં દુઃખો ! હરિભાઈ ને કંકુભાભી હવે પોત-પોતાનું 'ઘર' ગોઠવવામાં પડેલાં. બાના આગ્રહથી વળી સંતી અને વાલી : બંને બહેનોનાં લગ્ન લેવાયાં હતાં એ આણાંય બાએ પતાવી દેવડાવ્યાં હતાં. બાને હવે એકલા પના-બેટાની ચિંતા હતી.

પટેલની ન્યાત અને જૂનો જડ-જમાનો. પરણ્યા એટલે જગ જીત્યાં ! પના-લાલને કન્યા નહિ મળે તો - ? બાને તો એ જ ફડક હતી. પનાલાલને પરણાવી દેવાય તો પોતે હળવાં ફૂલ થઈ શકે... નજર દોડાવવા છતાં, એમની ન્યાતમાં તો સાટા વિના સગાઈ મળે એમ નહોતી. એ જાણતાં હતાં કે મરનાર (નાનશા) હોત તો વળી સામેથી 'માગાં' આવતાં હોત ! ને એમ થયુંય હતું. પનાલાલના જન્મના દિવસોમાં જ ગામમાંથી સગું સામે ચાલીને આવેલું. નાનશાએ ચારપાંચ દિવસના દીકરા માટે બેઅઢી વર્ષની કન્યાનું 'માગું' સ્વીકારીને સગાઈનો ગૉળ વહેંચી દીધેલો. એ કન્યા તે રતન. રેવાની મોટીબહેન. પછી નાનશા તો બે જ વર્ષમાં ગુજરી ગયેલા... ને એ જ અરસામાં રતનનુંય મરણ થયું હતું. બાળમરણ-ની ત્યારે તો નવાઈ નહોતી. નાનશા હયાત હોત તો રતનના મરણ બાદ રેવાની કે એની બીજી બહેનની સગાઈ 'પના-' જોડે થઈ જ હોત ! બા જાણતાં હતાં કે ધણીધોરી વિના બધું સૂનું ! પણ ઘોડો મૂવોને મેખ પણ ઊખડી ગઈ ! સૌને ભાઈ માટે બહેન સંઘરવી પડે છે ! સાટે જ બધું પાટે ચઢે છે. પછી થાય પણ શું ?!

એકલી પડી ગયેલી વિધવા બાને આઘાત તો ત્યારે લાગ્યો હતો કે જ્યારે મોટા દીકરા હરિભાઈએ પણ પોતાની છોકરી આપીને પના માટે કન્યા મેળવ-વાનો પ્રયત્ન કરવાને બદલે પોતાને ત્યાં દીકરો જન્મ્યો ત્યારે - દીકરીના સાટે દીકરા માટે કન્યા મેળવી. બાળલગ્નોનો જમાનો. તે બંનેને પરણાવીય દીધાં. કંકુવહુ પાક્કી ને હરિભાઈમાં પણ ગણતરી પેઠા-નો બાને વહેમ હતો.

પનાલાલના ભણતર કરતાંય બાને એના પરણવાની ચિંતા હતી. પણ મન મનાવતાં કે ભણશે તો આજે નહિ ને કાલે સામે ચાલીને કન્યા મળશે. એક ગરો પાસે જોવડાવેલુંય ખરું. એ કહેતો હતો કે પનાભાઈના નસીબમાં દોઢ બૈરું છે...

હીરાબાને શાંતિ નહિ તો ચપટીક આશ્વાસન જરૂર મળેલું... પેલી સગાઈ પછી રતન ગુજરી ગઈ તે અડધું સગું કહેવાય. ને હવે જે મળશે તે ભાઈની જીવનસાથી બની રહેશે... આમ ગણતાં જતાં અને દિવસો કાઢતાં બા હવે શરીરેય ઘસાયાં હતાં.

કેશવલાલ હવે પનાલાલનો જિગરી દોસ્ત બની ગયો હતો.

એ શામળાજી બાજુનો હતો. એક વખતની દિવાળીની રજાઓમાં બંનેએ નક્કી કરેલું કે - દેવદિવાળીના મેળામાં શામળાજીમાં મળવું.

બંને પોતપોતાના ગામમાંથી શામળાજીના મેળામાં આવનારાં ગામલોક સાથે મેળે આવે ને જે વહેલો આવે તે મંદિરના દરવાજે રાહ જુવે. શામળાજીનો મેળો મહાલીને બંને મિત્રો ભેટાલી-ભિલોડા થઈને ઈડર પહોંચી જાય.

મેળો પનાલાલને બહુ ગમતો. ગામલોકો સાથે એ બા પાસે જીદ કરીને કલેશ્વરીના મેળામાં બે વાર તો ગયો જ હતો. મેઘરજ-રામગઢી-ખડોદી-બાકોર--પાંડરવાડા થઈને કલેશ્વરીના ડુંગરોની નાળમાં ભરાતા મેળામાં જવાતું હતું. આ પુરાણું સ્થળ ડુંગરોની નેળમાં તથા ત્યારે તો બિહડ જંગલોમાં આવેલું હતું. ત્યાં જન્માષ્ટમીનો અને શિવરાત્રીનો મેળો ભરાતો. પનાલાલને એ મેળો ગમી ગયેલો...

એટલે, શામળાજીનો મેળો જોવાનોય એને ઉમંગ ચઢેલો. બા-ભાઈ-ભાભીથી વિદાય લઈને, સંગાથ સાથે પનાલાલ તો પહોંચી ગયેલો શામળાજી. એક રાત ને અડધો દિવસ રાહ જોઈ. સવારે તોપ ફૂટી ને તડકો ચઢ્યો તોય કેશવલાલ નહિ આવેલો. વળતા મામાનો સંગાથ મળ્યો. બધાંએ પનાલાલને ઠપકો આપેલો. આવી કાચી અક્કલનો તારો દોસ્તાર ? પનાલાલને તો મામાએ નાસ્તામાં સુખડીનો લાડવો આપ્યો ને ઘોડી પર સાથે લીધો. મેળાનો અનુભવ થયો ને મિત્રનો પણ ! જોકે એ મલકની પ્રજા ને એમનાં ઉમંગભર્યાં ગીતો તથા પહાડો-નદી-હરિયાળીનો વૈભવ પનાલાલને માટે ભાથારૂપ હતાં.

શાળાઓ શરૂ થઈ ગયેલી. દિવસો પડતા હતા. બાવજીનો પત્તો નહોતો.

ઈડર જવા સારુ પનાલાલને મોડાસા સુધીનો સંગાથ મળે તો સારું પડે - બા વિચારતાં હતાં. છેવટે એક સવારે હીરાબા જ પનાને લઈને નીકળ્યાં. રાતવાસો મેઘરજ પાસેના ગામમાં ભાઈની સાસરીમાં રહ્યાં. બીજી રાત શીણાવાડમાં બાનાં બહેનને ત્યાં ગાળેલી. માસી રાજી થયેલાં. બહેનનો દીકરો આઘા મલકમાં ભણે છે એનો આનંદ હોવા સાથે બીજાં બૈરાંમાં માનપાન મળ્યાં એ છોગામાં !

શીણાવાડથી મોડાસાનો ધોરી રસ્તો બતાવીને બા પાછાં વળવાનાં હતાં. પનાને કે બાને - બેમાંથી એકેયને ખબર નહોતી કે મા-દીકરાનું આ છેલ્લું મિલન હતું... આજનાં છૂટાં પડેલાં એ પછી કદીય મળી શકવાનાં નહોતાં ! કાળના ગર્ભમાં શું છુપાયેલું છે એની ખબર તો મનેખ માત્રને ક્યાં પડે છે ?! પણ કશીક અગમ એંધાણી તો અલપઝલપ વર્તાય છે ખરી. અહીં પણ એવું થયું :

મોડાસાની ધોરી વાટ શરૂ થતાં જ પનાલાલના પગ થંભી ગયા. હૈયું અને પગ બધુંય ભારે ભારે થઈ રહ્યાં'તાં. આંખોમાં આંસુ ધસી આવવાની બીકે એણે બા સામે જોવાનું ટાળતાં પોતાની પોટલી માગી હતી - 'લાવો મા પોટલી ! હું હવે ' શબ્દો ડૂમા આડે અટકી ગયા હતા. બાએ વળી કહ્યું - 'ચાલ, બેટા ! તને થોડે આગળ સુધી મૂકવા આવું.'

બા પહેલી વાર પનાલાલને સંસારી લોકની વાત કરવા વળ્યાં'તાં. 'મોટા ભાઈ હરિભાઈએ તારા વિવાહ-લગ્નની વાત ટાળીને પોતાનો સ્વાર્થ સાધ્યો... ભાઈબહેનને એક જ ઘરમાં સાટે પરણાવી દીધાં... તને લટકતો રાખ્યો, બેટા ! મને ઘણું લાગી આવે છે પણ...' બાનો અવાજ અને રુદન ભળી ગયાં હતાં...

*'હવે તો તું મોટો થયો, બેટા ! હવે તારે તારું જાતે સંભાળવાનું છે. આજે જેમ સામે ચાલીને ભણવા નીકળ્યો એમ બધી વાતે કરવું પડશે. મારા જીવને ટાઢક વળી છે કે તું હવે સમજતો થયો છે. - ને જો સાંભળ, બેટા ! આજથી મનમાં ગાંઠ પાડી લે કે - ભણતર સિવાય તારું કોઈ નથી...'*

બાએ લૂલા હાથે પોટલી પનાલાલને પકડાવતાં અચાનક એને છાતી સરસો તાણી લીધો... બથવાટીને બચીઓ કરી - છાતી પર એનું માથું ઢાળીને મોઢે, બરડે, બધે હાથ ફેરવતાં ગયાં અને બચીઓ ઉપર બચીઓ કરતાં રહ્યાં... છેલ્લે બોલ્યાં હતાં-

*'દીકરા, મારો જીવ તો તારામાં ને તારામાં જ રહે છે. રોજ દિવસ ઊગે - રાત પડે ને મનમાં થાય કે મારા દીકરાને જોઈ આવું... પણ-'*

બાકીના શબ્દો રુદનમાં તણાઈ ગયા હતા. પનાલાલે ઢીલા પડ્યા વિના બાને 'ચોટલી બાંધીને ભણીશ' - એવું વચન આપીને ચાલવા માંડેલું... મા ક્યાંય સુધી જતા દીકરાને જોઈ રહેલી - જાણે ફરીથી જોવા જ ન મળવાનો હોય !!

ને એમ જ થઈને રહ્યું :

ભણવામાં ખૂંપી ગયેલા પનાલાલને મહા મહિનો બેસતાં જ કાગળ મળ્યો : 'કપડાં ઉતારીને વાંચજો-' તાપીશંકર, મોતીલાલ અને બીજા બધાએ એને કૂવે જઈને ઠંડીમાં ઠંડા પાણીએ નવરાવ્યો ! પણ બાના મરણના સમાચાર જાણીને તો પનાલાલ હબક જ ખાઈ ગયો હતો... છાતીમાં ચીરા પડતા હતા... રડવાનું મટતું નહોતું... બેઅઢી માસ પહેલાંનું છેલ્લું મિલન યાદ આવી આવીને રડાવતું હતું. રામશંકર અને ઉમાશંકર : બંને જોશીભાઈઓએ એને સાંત્વના આપ્યા કરેલી. પણ પનાલાલને તો ખાવાનુંય ભાવતું નહોતું ! ઘેર જવાની જીદ લીધી પણ સાહેબે સમજાવ્યું કે હવે જવાથી તો બારમા-તેરમા પર પહોંચાશે... ને પરીક્ષા સામે આવે છે તે તરત પાછા વળવાનું થશે... માટે હવે રહેવા દે...

દિવસો સુધી કાચી વયનો પનાલાલ સોરાતો, મૂંઝાતો ને વલખતો રહેલો. 'મરણ શું કામ બનાવ્યું હશે ?' 'તો પછી જનમ શું કામ આપતો હશે ?' પ્રશ્નો રોજ હરક્ષણે પજવતા હતા. કોદરભાઈ, રતનીબહેન, બનેવી - બધાંનાં મરણ યાદ આવતાં હતાં. પણ હીરાબાનું મરણ તો મહિનાઓ સુધી અજંપ કરી મૂકતું હતું.

# 11

બાના મરણને ભૂલવાનું પનાલાલ માટે અશક્ય હતું. પરીક્ષાનું વાંચતાં વાંચતાંય વાંચેલું ભૂલી જવાતું હતું. આંખો નેવાંની જેમ દડદડી પડતી હતી. પણ હવે મનને કાઠું કરવાનું હતું. બાવજીના કાગળમાં પણ એ જ સલાહ હતી... ને હવે પનાલાલ કિશોર બની ચૂક્યો હતો. બોર્ડિંગનું સમૂહજીવન પણ એને ઘડતું હતું.

બધા મિત્રોની ટીખળો અને મજાક પનાલાલને હળવો બનાવી દેતી. એય ઓછો ટીખળી નહોતો.. ધમાલમસ્તીમાંય પનાલાલ પાવરધો ગણાતો. ઉમાશંકર એમાં મૂક પ્રેક્ષક ! પણ વાંચવું, નવાં નવાં પુસ્તકોની વાતો કરવી, પરીક્ષામાં ઉપલા નંબરે રહેવું... ચોખ્ખાઈ, સુઘડતા - બધામાં વિદ્યાર્થી ઉમાશંકર અલગ પડી આવતો. પનાલાલને વાંચન-પરીક્ષાની બાબતે ઉમાશંકરની સલાહો અને હૂંફ મળતાં.

બધા મિત્રોને તૈયાર કરીને આંબાવાડિયામાં, ઘાંટીમાં, દોલતભવનમાં, ગઢ ઉપર, રણમલ્લ ચોકીએ ફરવા-રખડવા જવાની આગેવાની લેનારાઓમાં મોતીલાલ અને બીજાઓમાં પનાલાલ પણ ખરો. ચોમાસે ઝરણાંમાં ને ઉનાળે કુંડમાં નાહવાનું પનાલાલને બહુ ગમે. તળાવમાં નાહવા તો ઉમાશંકર પણ જોડાતો. જોકે એક વાર ઓમકારેશ્વર તરફની નાનકડી તળાવડીમાં નાહવા પડતાં ઉમાશંકર ડૂબતો હતો. ભૂલેશ્વરે એને બચાવેલો - તળાવ વચ્ચે ઊંચો મોટો પથ્થર હતો... એ પથ્થરે બેઉને સાથ આપેલો.

પનાલાલ ને ઉમાશંકર બેઉ પહાડ પરની રણમલ્લ ચોકીએ બેસીને નીચેનું

ઈડર ગામ જોયા કરતા... નીચેની શેરીઓ, રણકતી સાઇકલ ઘંટડી અને બાળકના રડવાનો અવાજ પણ ચોકી પર સંભળાતાં. બંને અલકમલકની વાતો કરતા. ગઢ પરનાં વાવકૂવા જોતા, બખોલો અને મંદિર-દેરાંય જોતા. 'સાસુવહુનું સાંબેલું' ગણાતો ઊંચો પથ્થર કુદાવવા હાથથી પથ્થર ફેંકીને સ્પર્ધાઓ કરતા !

માર્ચની પરીક્ષાઓ એપ્રિલ પર ઠેલાઈ હતી. સરકારના આદેશો આવે એ પ્રમાણે પરીક્ષાઓ લેવાતી. મહિનાથી વિદ્યાર્થીઓ વાંચતા હતા. ખીમજીભાઈ પરમાર જેવા શિક્ષકોને ચિંતા પણ થતી : વિદ્યાર્થીઓ વાંચી વાંચીનેય કંટાળે જ ને ! વળી સૌને પરીક્ષા પછી તરત જ ઉનાળાની રજાઓનું તથા વતન ઘેર દોડી જવાનું આકર્ષણ રહેતું. પનાલાલને તો એની બાના મરણના સમાચાર પછીય ઘેર જતાં સાહેબે રોકેલો... નાહક વખત બગડે - ને ત્યારે નવમાસિક પરીક્ષા પાસે જ હતી. હવે તો એ બધું પત્યેય બે મહિના વીતી ચૂક્યા હતા. શીમળા-કેસૂડાં ખીલીનેય ખરવા/ઊલવા માંડ્યાં હતાં. હા, આંબાઓ પર કેરીઓ મોટી થતી હતી - એ સાથે સાથે આ કેસરીસિંહજી બોર્ડિંગ - ધુળેટા દરવાજા બહાર - ઈડરમાં રહેતા કિશોરો પણ વયસન્ધિના મનોભાવોથી મસ્તીમાં રહેતા હતા. ઝાડવાં અને ડુંગરા ચઢવાનાં સાહસો કરતા મિત્રો વતન-ઘરને યાદ કરતાં કરતાં ચૈત્રની મહોરેલી (લીમડા) મંજરીઓની કડૂચી ગંધને માણતાં માણતાં મસ્તી-તોફાન પણ કરી લેતા હતા. પનાલાલને બા અને વતન-ગામ-ઘર તથા સખી રેવા સમેત સૌ યાદ આવતાં હતાં.

આ જ દિવસોમાં પનાલાલના જીવનમાં એક રોમાંચક ઘટના ઘટી. પછીથી વાર્તા-નવલકથામાં એ જ તો ઘૂંટાતી રહી હતી. અરે ! યુવાનીના દિવસોમાંય એ ઘટનાનો રોમાંચ પનાલાલને કાયમ અજંપ કરી મૂકતો રહેલો. ઘટના પણ, એની મેળે, સહજ બનેલી... ! આ ઘટના એટલે -

પનાલાલના જીવનનો - કિશોર પનાલાલનો – પહેલો પ્રેમપ્રસંગ ! જોકે માંડલી(વતન)માં ગામસખી રેવા તરફ પક્ષપાત જાગ્યો હતો ખરો ! પણ બાઈબા બારોટ સાથે મન મળ્યાની વાત તો સાવ ઓર જ ! તલોદ પાસેના એક ગામમાં યજ્ઞ-મેળાવડામાં આ સુંવાળો સંગાથ આવી મળ્યો હતો. રેવા સાથેનો મનમેળ અને લાગણીનો નાતો પછીનાં વર્ષોમાં પનાલાલને બદલે છે, અંદરથી બદલે છે. પ્રેમ માણસને ઘડે છે - એનું રૂપાંતર કરે છે... એ બધું થયું - બંને વખતે થયું. પણ બાઈબા સાથેની પ્રીત તો એક અનોખી પ્રીત જ બની રહે છે.

પરીક્ષા માથે ગાજતી હતી એ જ ગાળામાં પનાલાલને બાવજીનો પત્ર મળે છે. 'તલોદ પાસેના ઇટાડી(?) ગામમાં યજ્ઞ યોજ્યો છે. ત્રણ દિવસ ચાલશે. તું છેલ્લા બે દિવસ માટે આવી જા. માથે પરીક્ષા છે એ જાણું છું પણ તારે આવવાનું જ છે. ખીમજીભાઈસાહેબને લખ્યું છે કે એ તને બેત્રણ દિવસ માટે આવવા દે. ચિંતા ના કરીશ. આવજે. હું તારી વાટ જોઉં છું.' 'બાવજી પોતે પનાલાલને ભણાવે છે -' એ વાત ચોપાસના સમાજોમાં લોક જાણતું હતું. આવો રૂપાળો છોકરો અહીં સૌની આંખે ચડે તો મહારાજની ક્રેડિટ વધે - એમ એ માનતા હતા. વળી સારું ગાતા પનાલાલનો ભાવિમાં અશોકશો ઉપયોગ કરી શકાશે એવી ગણતરીય આ જયશંકરાનંદ મહારાજ(બાવજી)માં વિકસવા માંડેલી. એમનો એવો ઉત્સાહ અકારણ પણ દેખાવા માંડેલો, આ યજ્ઞસત્રમાં તો એ સૌને વર્તાય એમ વર્તતા હતા.

બાવજીનો પત્ર આવે એટલે પનાલાલને મન તો જાણે 'ગૉળનું ગાડું' આવ્યું ! ગયા પત્રમાં બાના મરણની વાત લખીનેય બાવજીએ એને સધિયારાના ખાસ શબ્દો લખેલા. પણ આ પત્રમાંની યજ્ઞ અને નવી જગ્યાએ મહાલવાની વાતથી પનાલાલ રાજી રાજી થઈ ગયો હતો. જોકે ઉત્સાહ હતો એ સાથે ફડક પણ હતી. ફડક પરીક્ષા કરતાં તો સાહેબ રજા નહિ આપે તો ?-ની વધુ હતી. વળી રજા ઉપરાંત, ખીમજીભાઈ સાહેબે એને કોટ કરાવી આપવાનું કહેલું તે વાત યાદ દેવડાવવી અને મિત્ર જેઠાલાલ (સહાધ્યાયી) પાસે કોટ સિવડાવી અને નવા કોટમાં જ જવાનું મનમાં ગોઠવ્યું હતું એટલે જીવ જરાક વધારે ફડકતો હતો. પણ, બાવજીનો આ વહાલો બચ્ચો ! તે એનું કામ તો ફટાફટ થઈ ગયું !

ખીમજીભાઈસાહેબે રજા આપી અને આચાર્યશ્રીને વાત કરશે એમ પણ કહ્યું. કોટની વાતેય બીજે દિવસે એને સાથે રાખી એને ગમતું લીલું કપડ લાવી આપ્યું. સહાધ્યાયી જેઠાલાલને વાંચવાનું ન બગડે એટલે એના બાપા દલજીએ બીજી જ સાંજે કોટ સીવી આપ્યો હતો. બાવજી સાથે પનાલાલ રજાઓમાં દીવાન હરભગવાનજીને ત્યાં ગયેલો. એમનાં વહુએ એમના દીકરાનાં અધવાપરેલાં ચાર ખમીસ આપેલાં. નવાં જેવાં ! પનાલાલભાઈનો તો જાણે વટ પડી ગયો !

પનાલાલ યજ્ઞસ્થળે પહોંચ્યો ત્યારે બાવજી પણ એને જોઈ રહેલા. સફેદ ખમીસ, લીલો હાફ કોટ, માથે ટોપી... ગોરો વાન, ગોળમટોળ ચહેરો અને પાણીદાર લાગતી આંખો... સભામાં સૌ વાતો કરતા હતા... 'માંડલીનો, આંજણા પટેલનો છોકરો, બાવજી ભણાવે છે... ઈડર મહારાજાના ચાર હાથ છે એના

ઉપર...' પનાલાલ પગે લાગીને બાવજીને વળગી પડ્યો. બાના મરણની વાત નીકળતાં એ રડી પડ્યો. બાવજીએ એને કહ્યું હતું : હવે રડવાનું બંધ ! આંસુ આ શંકરદાદાનાં ચરણોમાં સમર્પિત કરી દીધાં, સમજ ! એનામાંથી તપ શીખવાનું તપ ! શંકરદાદા તારું ભલું કરશે...ને તારી બા ભલે અભણ હતી, પણ એ પરગ-ણામાં એના જેવી હેતાળ અને સહનશીલ તથા સમજણી બાઈ મેં તો નથી ભાળી ! આ એ જ તને ભણાવી શકી છે એમ માનજે...'

બાવજીએ મહાદેવમાંથી પૈસા લઈ પનાલાલને આપતાં કહ્યું હતું - 'જા લહેર કર ! બે દિવસ આ યજ્ઞના મેળા જેવા વાતાવરણમાં ફરજે. જે લેવું-ખાવું હોય તે લેજે...જા !' ને સાચ્ચે જ પનાલાલ એ મોકળા પાદરની નાનકડી હાટડીઓ જોતો ફરવા લાગ્યો... યજ્ઞ નિમિત્તે મેળો-દુકાનો લાગ્યાં હતાં. હવામાં હજી વાસંતી લહેરોની તાજપ હતી... મનને એ ફોરું ને મોકળું કરવા પ્રેરતી હતી.

પનાલાલે જોયું તો પાનની દુકાનથી થોડેક જ દૂર બે યુવાન સરખી છોકરીઓ એના તરફ જોતી-તાકતી-ઇશારામાં કંઈક ચીંધતી એકબીજી જોડે ગુસપુસ કરી રહેલી. એય નવાં કપડાંમાં હતી ને મલકતી

હતી. એક જરાક વધુ ચબરાક ને વધુ ઊજળી-રૂપાળી દીસતી હતી એ તો પન્નાલાલને અપલક આંખે તાકી જ રહેલી. પનાલાલે નજર ઢાળી દીધી તોય એ તો જોતી જ રહી... પનાલાલે પોતાની છાતીમાં વસંતનો પ્રથમ ધબકો ઊઠતો સાંભળ્યો. એ નક્કી પોતાને જ જોઈ રહી છે – એની ખાતરી થતાં એ પાનના ગલ્લા પાસે ગયો. જીવનમાં પહેલી જ વાર પાન ખાવાનું મન થયું... ગલ્લે બેઠેલો છોકરો બીજા ઘરાકોને પતાવવામાં હતો... પનાલાલે એક પાનનો ઑર્ડર તો આપેલો પણ હજી એ ઝિલાયો નહોતો. ત્યાં તો પેલી ચબરાક છોકરીએ ગલ્લાવાળાને કહ્યું - 'ત્રણ પાન બનાવ !' પનાલાલને ખાતરી થઈ કે ત્રીજું પાન પોતાને વાસ્તે જ હતું... 'તું...પૂછ.. તું પૂછ...' કરતી એ બેઉમાંથી છેવટે રૂપાળીએ જ પૂછી નાખ્યું :

'કેવું પાન ખાશો, ભિયા ?!'

'તમારા જેવું...'

બાઈબા તો અંદરથી રાજી રાજી થઈ ગઈ... 'તમારા જેવું'નો, એણે તો બીજો, મનગમતો અર્થ લીધો હતો... હવે જરાક વધારે ભાવથી પૂછ્યું...

'અમારા જેવું એટલે ?'

'મસાલેદાર... !'

પનાલાલે તો સાદા અર્થમાં જ કહેલું પણ બાઈબાને વળી કેફ લાગ્યો... 'ઓહ ! એમ ? અમે મસાલેદાર ? વાહ !' એ તો લજ્જામિશ્રિત હાસ્યથી શોભી ઊઠેલો ચહેરો દાખવતી સામે જ તાકી રહી હતી... પનાલાલને હવે બધી 'ગમ' પડી ચૂકી હતી. પ્રથમ નજરનો ભાવ ભરપૂર હતો ને ખેંચતો હતો... માલીપા જીવ મળ્યાની લહેર દોડી ચૂકી હતી. ગોરા છોકરાનો ચહેરોય હવે રતાશ પકડી ચૂક્યો હતો.

પછી તો પાન ખાવા-ખવરાવવાની વાતો ભેળી પૃચ્છાઓ ચાલી. પનાલાલે પૂછ્યું - 'તમે મને ક્યાંથી ઓળખો ?' બારોટ જ્ઞાતિની બાઈબાએ પોતાની અને એની પટેલ સખીની ઓળખાણ કરાવી કહ્યું કે અમે આ જ ગામનાં. પછી ઘેર પણ જઈશું... વગેરે. પનાલાલના પ્રશ્નનો સીધો જવાબ આપવાને બદલે રસિક અને ચાલાક ચપળા શી બાઈબાએ તો ઉખાણું પૂછતી ને ઉકેલતી હોય એમ બધું કહેવા માંડી :

> *'તમે માંડલી ગામના આંજણા પટેલ છો. તમારી ન્યાતમાં ને એ આખા ભાગમાં કોઈ ભણતરમાં કશું જાણતું નથી. તમને બાવજી (જયશંકરાનંદ મહારાજ) ભણાવે છે... તમે ભણો છો એટલે તમને લોક કન્યા આપતાં અચકાય છે...'*

'ઓહ ! આટલું બધું તમને કોણે કહ્યું ?' પનાલાલ.

'અમે તો બધુંય જાણીએ છીએ, હાંકે !' બાઈબા.

> *'તમે એક વખત ઈડર જવા માટે મોડાસાથી ડમણિયામાં (ગાડામાં) બેઠેલા. માંડ જગ્યા મળેલી... બીજાં લોકો તમને અણગમાથી ગોધા ઘાલતાં હતાં... ને તમે ઊલટી થવાનો દેખાડો કર્યો, એટલે બધાંએ તમને ડમણિયાની એક બાજુ સરસ મજાની જગ્યા કરી આપેલી... ને તમે લહેરથી તલોદ પહોંચી ગયેલા... તમે તો જબરા છો હાં... ભિયા !'*

પનાલાલ તો આભો બનીને બાઈબાને સાંભળી જ રહેલો. બાઈબાનું આખ્ખું શરીર - જાણે રોમરોમ પુલકિત-પુલકિત થઈને બોલતું હતું ! પનાલાલને ગડ બેઠી કે બાવજી આ ગામડાંમાં ઘેરઘેરના ભોમિયા... આવે-જાય... તે એમણે જ એની વાત કરી હોય ને !!

પછી તો એ ત્રણે મિત્રો તળાવની પાળે ગયાં...ને નિરાંતે વાતો કરવા વળેલાં... બાઈબા પરણેલી હતી. હવે આણું થવાનું હતું ને એનો જીવ તો આ આઘા મલકના અજાણ્યા આંજણા કિશોર પર ઓળઘોળ થઈ રહ્યો હતો. ઘરકુટુંબની વાતો નીકળતાં પનાલાલની બા-ના મરણની વાતે એ આંસુ સારવા લાગ્યો. બાઈબાએ એને સાંત્વના આપતાં કહ્યું કે : કોઈનાંય મા-બાપ કાયમ તો રહેતાં નથી... મને તો બા ઘોડિયામાં મૂકીને જ ગુજરી ગયેલી. બાપા પણ ઝાંખાપાંખા જ યાદ છે. મા જેવાં કાકી બે વર્ષ પહેલાં મરી ગયાં... હવે તો હું ને કાકા બે જ ઘરમાં છીએ.. પણ મારા કાકા શાણા છે, કહેતા હતા કે - 'જેનું કોઈ નથી એનો ભગવાન હોય છે.' બાઈબાની લાગણીથી પનાલાલની આંખો વધારે વહેવા લાગી... એ રૂમાલનું પૂછવા લાગી - આંખો લૂછવા સ્તો ! પણ પનાલાલ પાસે વળી રૂમાલ ક્યાંથી મળે ?!

બાઈબાએ સખીને બે સરસ રૂમાલ લેવા મોકલી. થોડા પૈસા પનાલાલેય આપ્યા. જોકે બાઈબાએ એ ઊછીના જ ગણ્યા હતા. પછી તો બંને જણ અડોઅડ બેઠાં, બાઈબાએ પનાલાલનો હાથ જોવાને બહાને હાથમાં લીધો ને પસવાર્યા કર્યો. બંનેના શ્વાસ નજીક આવી જતા હતા.. જાણે ગયા ભવની બાકી પ્રીત ના હોય ! બાઈબા પનાલાલને કહેતી હતી - 'તમે તો ખરા છો. અહીંથી એકલા એકલા ઈડર જાવ છો તે મળવાનુંય રાખજો, પાછા ! - કે ભૂલી જશો ?! તમે તો છેક આણંદ-ચકલાશીય ફરી આવો છો ! બાવજી કહે છે એમ તમારી દસે આંગળીએ ચક્ર છે તે તમે 'મોટા માણસ' થવાના ! એ તો તમારાં બહુ વખાણ કરે છે. એમને એમ કે આ પટેલોમાંથી કોઈ તમને કન્યા આપે ! પણ છેક ડુંગરપુર રાજ્યમાં આવવા તો કોણ બાપ તૈયાર થાય ?!' ને પછી બાઈબા પોતે જ આંખો ભીની કરી રહે છે. દરમિયાન સખી રૂમાલ લઈને આવે છે. બંને રૂમાલ પનાલાલ માટે જ હતા. પણ પનાલાલે એક સરસ હતો તે સમ દઈને બાઈબાને આપતાં કહેલું - 'આટલી યાદગીરી મારા તરફથી !' એનાથી બાઈબાના ગાલે હાથ ફેરવાઈ ગયો... તો વળી બાઈબાએ એનો હાથ પુનઃ દબાવીને જ છોડ્યો હતો. સખી આ બંને જીવોનાં હૈયાંની વાત સમજતી હતી ને ચિંતા કરતી હતી.. કયો મલક ને કઈ ન્યાત ! પાછળથી આ યાદગીરી ઘણી બાળશે ને રડાવશે. પણ એ મૂંગી જ રહેલી... ને કહે તોય શું કહે ? બંને પક્ષે સચ્ચાઈ હતી.

સાંજ પડતાં સુધી ત્રણે તળાવની પાળે વાતોમાં અને એકબીજાને સમ ખવરાવવામાં રચ્યાંપચ્યાં હતાં. પનાલાલને શોધવા નીકળેલો માણસ બેઉ છોક-રીઓને જોઈને રાજી થયેલો. મને એમ કે બાવજીનો ચેલકો (પનાલાલ) ખોવાઈ

ગયો કે શું ?! (ખરેખર તો આજે એ ખોવાઈ જ ગયો હતો ને !) પણ આ તો ખોવાયેલાનેય શોધી કાઢે એવો સંગાથ છે ને કૈં ?! 'જાવ, બહેન ! મહેમાનને મહારાજ પાસે મૂકી આવો; રસોડે છે - જમવા સારુ વાટ જુવે છે.' બધાં ઊપડ્યાં, બાઈબાએ મહેમાનને બાવજીને હવાલે કરતાં કહેલું - 'લ્યો ! તમારી થાપણ !' બાવજીએ આવતીકાલે યજ્ઞની પૂર્ણાહુતિની યાદ અપાવતાં સખીને કહેલું : 'પરમ દિવસે તારે ઘેર અને મુખીને ઘેરેય આંટો મારવો છે.' બાઈબાએ ઉમેરેલું - 'મારે ઘેરેય આમને લઈ આવજો...' બાઈબા તો બધી રીતે બિન્ધાસ્ત હતી જાણે !

પનાલાલને તો આખી રાત થતું હતું કે ક્યારે સવાર પડે ને ક્યારે મળીએ ! સવાર થતાં જ એ તો તૈયાર થઈને પાદરમાં પહોંચી ગયો હતો... વાટ જોતાં પાન ખાવાનું મન થયું. ગામમાં જતા રસ્તા પાદરની સામેથી જ એકસાથે પંખાની જેમ ફંટાતા હતા. બાઈબાનું ઘર તો જોયું નહોતું - નહિતર સીધો જ નીકળી પડત... પણ ત્યાં તો એ જ સામેથી દેખાઈ હતી. હાશ ! વાહ ! ગઈ કાલવાળો રૂમાલ ખિસ્સામાંથી કાઢીને પનાલાલે ચહેરો લૂછવા જેવું કર્યું - ખાસ તો બાઈબાને યાદગીરીનો મહિમા બતાવવો હતો. બાઈબા એ જોઈને મલકતી મલકતી પાસે આવી પહોંચી. એની રંગીન ઓઢણી હવામાં લહેરાતી હતી - જાણે પનાલાલનું મન પણ એની સંગે વાયરે ચઢ્યું ના હોય !

બાઈબાએ તો પનાલાલનો હાથ જ પકડી લીધો. 'શું કરીએ ? ભિયા ! મારે તો ઠીક પણ આને (સખીને) ઘેર તો જગન જોવા આવેલાં સગાંનો મેળો જ છે જાણે ! કોઈને ચા તો કોઈને વળી બીડી-તમાકુ ! સખીની આંખે જ એના બાપને અજવાળું છે – બધાં જગનમાં દર્શને ગયાં એટલે અમે આવ્યાં તમારા દર્શને ! કેમ, ખરું કે નહીં ?!'

'ઓહ ! તને તો કેવું કેવું બોલતાં આવડે છે !'

'આવડે જ ને ! બારોટની દીકરી છું ! ચાલો, પાન ખાઈએ.' આજે તો યજ્ઞની પૂર્ણાહુતિ પત્યે જ સાંજે જમવાનું હતું. પનાલાલને બાવજીએ સવારે મીઠાઈનો નાસ્તો આપેલો. પણ બાઈબા થોડી માને ! નાસ્તો એટલે ઠીક હવે ! ચાલો, તમને રોટલા-કઢી જમાડું તો કેવું ?! યજ્ઞમાં શું જોવાનું હશે ? પનાલાલેય બોલી પડ્યો : મારે તો તમે મળ્યાં - તું મળી એ જ યજ્ઞ છે... ને રોટલા-કઢી ખાધે તો મહિનાઓ થયા.. મારે તો એ જ પકવાન !

ત્યારે તો પાટીદારોનો એક જ ખોરાક હતો. પંચમહાલ અને સાબરકાંઠામાં

તો મકાઈ વધુ પાકે. પટેલોને ખેતીનું ભારે કામ ! જાડું કામ, જાડું પહેરવાનું, જાડું ખાવાનું ને જાડું બોલવાનું - એવી પટેલોની ઓળખાણ હતી. આજેય એની યાદો છે. જાડું ધાન મકાઈ, બાજરી, જુવાર ! સવારે ને સાંજે રોટલા-કઢી-ખીચડીનું જ રાંધણ ને એ જ ખોરાક. પણ સૌને ભાવે. એમાંય કઢી તો પચ્ચીસ જાતની બને. ગામેગામે ઘેરેઘેર એના જુદા સ્વાદ ને જુદી સુવાસ. લસણની, જીરાની, વડીઓની, કાંદાની કઢી થાય. વઘાર એના ભાતભાતના. એમાં ગોળ, લીલાં મરચાં ને આદુ પણ નંખાય. ઘણા ન પણ નાખે. મીઠો લીમડો એમાં સ્વાદ ને સુગંધી ભરી દે ! દહીંની ને છાશની કઢી જુદી લાગે. માત્ર દહીં-છાશ વઘારીનેય ખવાય તોય મજા પડે. એમાં ચણા-મકાઈનો લોટ ઉમેરીને કઢીને વધારે ઘટ્ટ બનાવીનેય જમાવટ કરનારા હોય છે. આજેય પટેલોનાં રોટલા-કઢી-ખીચડી વખણાય છે. રોટલાય બૈરી કે વહાલીના મોઢા જેવા ઊજળા ને રતાશ પડતા... એય તીખા-તેલવાળા ને મસાલેદાર થઈ શકે !

આવાં રોટલા-કઢી બા-ભાભીએ તો પીરસ્યાં જ હતાં પણ આ વસંતે વળી, જીવનમાં પહેલી પ્રિયાના હાથે જમવા મળે, તો એ યજ્ઞ જ ગણાય ને ! પનાલાલ તો રાજી રાજી છે. મનનો માણીગર ઘર-આંગણે આવ્યો છે - બાઈબાનોય હરખ સમાતો નથી. ચોપાડમાં ખાટલો ઢાળ્યો છે. રૂએલ ગાદલું બિછાવીને બે ઓશીકાં મૂક્યાં છે. ગોળાનાં ટાઢાં પાણી પિવડાવીને આંખોમાં ભાવનાં આંસુ આવ્યાં તેય રોક્યાં નથી. કાકા તો જગન સ્થળે ગયા છે. સખીને બાઈબાએ એના ઘેર મોકલીને કઢી મંગાવી છે ને પોતે પિયુજી માટે રોટલા ઘડી રહી છે - વળી વળીને એનું ગોળમટોળ મીઠું મુખડું ભાળે છે ને એને પાસે દોડી જવાનું ને એ વહાલા મુખડાને ખોબામાં ભરીભરીને ચૂમી લેવાનું મન થાય છે. ખરે જ એનો પ્રેમ અજંપો બનીને પોતાને અડતો પનાલાલે પણ અનુભવ્યો... પ્રેમથી જમાડતાં એની ખાતરી થતી રહેલી... પછી સખી ચાલી જતાં ઘરમાં બેઉ એકલાં હતાં... પરસ્પરનાં હૈયાં ધડકતાં હતાં એય જાણે બંનેને સંભળાતાં હતાં... વાસણ માંજતી અજંપ બાઈબા અચાનક વંટોળની જેમ પનાલાલની પાસે ધસી આવી. બેઉ હથેળીઓના સંપુટમાં વહાલમજીનું મુખડું લઈને કૈં કેટલીય ચૂમીઓનો વરસાદ વરસાવતી બોલતી હતી : 'આ ભવમાં ફરી ન મળું તો આટલું સંભારણું... ભિયા !' ભિયાના મુખડે ચોંટેલી રાખોડી ઓઢણીના પાલવથી લૂછતાં બોલી હતી - 'ભિયા ! તમને ઘણાં વર્ષોથી જાણે ઓળખું છું - જાણે કશેક જોયા છે એવું લાગ્યા કરે છે...' છાતીનું તોફાન ઠારવા પાણિયારે વળેલી બાઈબા તરફ પનાલાલ અચાનક - અવશ

ખેંચાય છે... બાઈબા ફરી એને બાથમાં ભરી લે છે... હવે ચૂમીઓ વરસાવવાનો વારો મરદ-કિશોરનો હતો ! 'આટલું સંભારણુંય અમારુંય રાખજો...' ત્રુટક શબ્દો કાચી વયનાં પ્રેમાલિંગનોમાં સંભળાતા - ન સંભળાતા ડૂબી ગયા ત્યાં જ બારણું ખખડેલું... સખી હતી. યજ્ઞસ્થળે માનવમહેરામણ ઊમટ્યાની વાત કરતી સખીને ખબર પડી ગઈ હતી કે અહીં પણ બે દરિયાનાં તોફાન જ તોફાન હતાં !

પછીની વાતો આટલી હતી : આ જ ગામ માથે થઈને તલોદ સ્ટેશનનાં ગાડાં જતાં હતાં ને બધાં ભાથું ખાતાં ને બળદ પણ અહીંથી બદલાતા હતા ! તોય કોક દિવસ બાઈબા દેખાઈ જ નહિ ! 'તમને એક વાર જ જુવે તોય તમે ભુલાવ એવા નથી.' બાઈબાનો મત ! પનાલાલ ઉમેરે છે કે જિન્દગીમાં મળવાનું તો થશે જ... પણ બાઈબા કહે છે... 'ભલે, મળાશે. પણ આજે તમારું સ્વાગત કર્યું એવું તો, સાસરિયાં વચ્ચે થોડું થઈ શકશે ?! ખેર... જેવું નસીબ !'

એ સાંજે ચાંદની રાત - પૂનમનો ચન્દ્ર ને તળાવની પાળે મળવાનું થયું... પુનઃ એ જ વાતો. મોડી સાંજે પનાલાલે ગીતો ને ભજનો ગાયાં  બાવજીના આદેશથી સ્તો ! બાઈબાને પણ તેડું હતું... પનાલાલના કંઠનું માધુર્ય સૌને તલ્લીન કરી રહેલું. બાઈબાએ તો વળતા દિવસે પાદરમાંથી - નવીસવી શરૂ થયેલી બસમાં બેસતી વેળા – પનાલાલને વિદાય આપતાં કંઠનાં વખાણ કર્યાં ને બંનેએ એક જ પાન અડધું અડધું કરીને ખાધું - બલકે ખવરાવ્યું હતું... પનાલાલે બસ ઊપડી ત્યાં સુધી કીધા કર્યું હતું કે - 'આ ભવમાં તો ભુલાશે જ નહિ !' બાઈબા - જાણે પછીથી 'મળેલા જીવ'ની જીવી બનીને પ્રગટી છે - સાગના સોટા જેવી કાયા. ગોળમટોળ ચહેરો. આંજ્યા વિનાય કાળી મારકણી આંખો... પીઠ પરની કપડાની કસોનાં રંગીન ફૂમતાં પર સાપ શો ડોલતો ચોટલો... ! પનાલાલ આખે રસ્તે જ નહિ, જીવતરની ઊભી વાટેય બાઈબાને ભૂલ્યા નથી. કથાવારતાઓની અનેક નાયિકાઓમાં કોઈ ને કોઈ રૂપેરંગે કે રીતેભાતે બાઈબાને હાજર ને હાજર રાખી છે એમણે ! લોહીમાં ઊતરીને લય બની ગયેલી આ પ્રીતકથાએ એમને લખતા કર્યા – વલખતા રાખ્યા ને સર્જક ઠેરવ્યા હતા !!

# 12

પ્રેમનાં જૂજવાં રૂપ તથા રહસ્યોને આલેખનાર લેખક 'પન્નાલાલ' પટેલ બનવાની 'કિશોર પનાલાલ'ને હજી વાર હતી. પણ આ અનુભવ તો એને વળતી વાટે ઈડર જતાંય રોમાંચિત કરતો રહેલો. બાઈબામાં એને અડધી તો બા જ ભળાતી હતી. એણે જે રીતે આંસુ લૂછ્યાં ને જે રીતે આશ્વાસન-હૂંફ આપીને વહાલ કર્યું, માના હેતથી એને જમાડ્યો, રૂએલ ગાદલાં-ઓશીકાં આપીને ખાટલે બેસાડી, મનના માણીગરથીય અદકેરી પ્રેમવર્ષા કરી... બીજી સમજ તો ખાસ કશી પડતી નહોતી પણ રહીરહીને થતું હતું કે જીવતરમાં આવો સાથ મળે તો જીવ્યુંય ધન્ય ધન્ય થઈ જાય. ફોઈના દીકરા કચરુભાઈને - સમોવડિયા એટલે - આ આખો પ્રસંગ મોટપણે કહેલો. ત્યારે એમણે કહેલું કે, 'કૃષ્ણએ ગરીબડા સુદામા માટે જે અછોવાનાં કર્યાં હતાં...એની સાથે આ સરખાવી શક્ય ! પણ, કચરુભાઈ ! આપણું કરમ કોડિયા જેવડું... ખેર; જે છે તે સવાવીસ...' (મને - 1986માં) વાત કરતાં કચરુભાઈ પણ ભાવાર્દ્ર લાગતા હતા.

પનાલાલનો જીવ - ઈડર બોર્ડિંગ ખાતે - વાંચવામાં નહોતો લાગતો. વળી વળીને યજ્ઞ-મેળો - બાઈબા : આંખો સામે ખડાં થઈ જતાં હતાં. એણે મિત્ર ઉમા-શંકર જોશીને બોલાવીને સંકોચ સાથે છતાં બધી વાત કરી ત્યારે એ મિત્રે તો કહેલું કે આને પ્રેમ ન કહેવાય ! આ તો લાગણી કહેવાય, થોડો ભાવનો ઊભરો... 'કેમ જાણે પ્રેમ વિશે તો આ બ્રાહ્મણ ભૈ જ બધું જાણતા ન હોય !' મનમાં વિચારતો પનાલાલ ઉમાશંકર સાથે સંમત નહોતો જ થયો ! તોય ઉમાશંકરે તો

ઉમેરેલું જ કે - 'પ્રેમ તો ગહન વસ્તુ છે.' પનાલાલને તો પ્રેમ જ વંચાતો હતો, બલકે છાતીમાં ડૂમાની જેમ બાઝેલો હતો.

બાઈબાની યાદોને સાથે રાખીને વાંચ્યું ને યાદ રહ્યું - આવડ્યું એવી પરીક્ષા આપીને રિઝલ્ટની રાહ જોવા લાગ્યો. રજાઓ પહેલાં પરિણામ લઈને જ જવાનું હતું. આ ચારછ દિવસ એને વર્ષ જેવડા લાગ્યા. પનાલાલ ત્રીજા નંબરે પાસ થયો. પહેલો નંબર તો ઉમાશંકરનો જ હતો - ને પનાલાલને એની ખાતરી તથા એનો આનંદ બંને હતાં. મિત્ર જેઠાલાલે 'એક સાહેબ'નો કોટ સીવી આપેલો એટલે છમાસિક પરીક્ષામાં એને ઉમાશંકરથીય પા(0।) માર્ક વધારે હતો. વિદ્યાર્થીઓ-માં આ વાત ચર્ચાયેલી. વાર્ષિક પરીક્ષામાં જેઠાલાલનો નંબર છેક પાછળ હતો. પનાલાલને ત્રીજો નંબર આવ્યો એમાં ઉમાશંકરનો વાંચવા-સમજાવવામાં ઘણો સાથ હતો. પણ હવે નવા વર્ષમાં ઉમાશંકર જોશી અમદાવાદ ભણવા જાય એમ સંભળાતું હતું. મૅટ્રિક્યુલેશન પરીક્ષા પહેલાંથી અમદાવાદ ભણે તો વધુ સારું પરિણામ આવે. પનાલાલને તો બાવજી ભણાવે તો... રાજ્યની સ્કૉલરશિપથી તો ફી પણ માંડ ભરાતી...ને બાવજી પોતાની પળોજણોમાં રહેતા હતા. આવી ચિંતા અને અવઢવમાં પાસ થયાનો આનંદ ઓછો ને ઘેર જતાં વળતી વાટે ઇટાડી ગામે થઈને જતાં બાઈબાને મળવાની લેહ વધારે હતી. એમાં વળી બાવજીનો કાગળ પણ આવ્યો કે મેઘરજ છું અહીં આવીને - મળીને જ માંડલી જજે. તારાં લગ્નની વાત ચાલે છે - છોકરીવાળા માનશે તો એય થઈ જશે.

રેલગાડીમાંથી તલોદ ઊતર્યો ને મોડાસા જવાની બસમાં જગ્યા શોધતો હતો ત્યાં પનાલાલને મેઘરજ મંદિર સામે - નદીને પેલે કાંઠે રહેતો કનુ ઠાકોર મળ્યો, એની વહુ ને સાતેક વર્ષની છોકરીય હતી. પેલાની દાનત સારી નહોતી. આ ભોળીદાસ જેવા પનાને પટાવતાં વાર શી ? કહે - ચાલ, અમારી સાથે-ચાલ-તાં જઈએ છીએ. પનાલાલને થયું કે સીધી વાટે જઈશું. 'પૈસા બચશે ને ઇટાડી ગામે (વચ્ચે આવે છે) બાઈબાને મળાશે... આટલા દિવસોમાં થોડી સાસરે જતી રહી હશે ?' આમ વિચારતો પનાલાલ નીકળી પડ્યો.

રસ્તામાં બાયલ ઢાંખરોલ કે એવું કોઈ ગામ આવેલું. કનુએ છાપ ચઢાવેલી આઠ આની પનાલાલને આપતાં કહ્યું હતું - 'જરા આના છૂટા આપજે; દુકાનવા-ળા પાસે નહિ હોય, કાં તો...' નવી નક્કોર જાણે ટંકશાળમાંથી આજે જ આવી હોય એવી, આઠ આની લઈને પનાલાલે છૂટા પૈસા કનુને ગણી દીધા... કનુ તો

ચવાણું લઈને વહુ-છોકરીને ખવડાવતો હતો. ત્યાં દુકાને સરસ હેરપીન જોઈને પનાલાલને થયું બાઈબા માટે લઈ લઉં... છ આના કરાવ્યા અને પેલી આઠ આની આપી. પનાલાલને તો ખ્યાલ જ નહિ કે કનુએ એને થોકલો ચોંટાડેલી ઠીકરી આપીને છેતર્યો હતો. પણ હવે દુકાનદાર ગુસ્સામાં હતો. દુકાન પડોશીને ભાળવીને એ પનાલાલને નજીકમાં જ, તાકડે આવી પહોંચેલા જમાદાર પાસે ખેંચી ગયો. 'સાલા ! વ્હેંતનો છે ને છેતરે છે ?' લોક ભેગું થઈ ગયું. કનુ દૂર છટકી ગયો. પનાલાલને હવે નવીનક્કોર આઠ આનીનો મહિમા સમજાવા માંડ્યો હતો. પરસેવો વળી ગયો, ગળું સુકાઈ રહ્યું... એ માંડ માંડ સમજાવી શક્યો કે તલોદ સ્ટેશને નાસ્તો લેતાં દુકાનદારે જ એને આ આપી હતી... જમાદારે જોયું કે છોકરો ઊજળો છે; ઈડરમાં ભણે છે - તે સાચું જ બોલતો લાગે છે... કહ્યું - 'જા; હવે ધ્યાન રાખજે.'

એ પછી કનુથી બચવા એ મથતો હતો, પણ આગળ ઊભેલો એ સાથે થયો... દિવસ આથમવામાં હતો. એક અજાણ્યા ગામમાં રાતવાસો કર્યો... કનુએ પનાની માફી માગી અને પોતાને બચાવી લીધો તથા આઠ આની માટે તલોદ સ્ટેશનની વાત જોડી કાઢી એ માટે એણે કહ્યું કે, 'તારો ગુણ નહિ ભૂલું...ને બદલો વાળીશ...' પનાલાલને થતું હતું કે આ કેવો માણસ છે ?! મેઘરજ મંદિરમાં ગાય માટે થઈને એની આ વહુ, ચારનો ભારો નાખી જતી ને એક આનો તથા વધેલું ખાવાનું લઈ જતી... કનુ પણ એની ગરીબાઈ જાણતો હતો... ને તોય ? – ઓળખીતો જ લૂંટે ?' – આ સમજાતું નહોતું. જે બન્યું એની લાયમાં ને લાયમાં એણે રસ્તો પૂછ્યો જ નહિ ને ચાલીને લોથ થયા, તડકો ચઢ્યો ત્યારે એક ગામ આવ્યું ખરું - પણ એ બાઈબાનું ગામ નહોતું ! પૂછતાં ખબર પડી કે એ તો બેઅઢી માઈલના ફેરમાં રહી ગયું - પાછળ ! ત્રીજા નંબરે પાસ થયેલો ને ભણેલો કિશોર રડવા જેવો થઈ ગયો. અરે ! બબ્બે વખત છેતર્યો આ કનુડાએ... ? જાહ રે જાહ !

પનાલાલ કનુડાથી છૂટવા મથતો આઘોપાછો થતો હતો. હવે એને કનુડાનો ડર લાગવા માંડેલો. આ મને આગળ જતાં મારીને લૂંટી લેશે તો ?! એની તો ભૂખ પણ મરી ગઈ. પાછા વળીનેય બાઈબાને ગામ જવાનું મન થતું હતું... ત્યાં જ પોતાના ગામ માંડલીના રામભાઈને અને એમના ગાડાને જોતાં જ એ રડી પડ્યો. રામભાઈ એને સવાલો પર સવાલો પૂછી રહ્યા - 'અહીં આમ ક્યાંથી ? રડે છે કેમ ? પેલાં કોણ છે ?' વગેરે.

પનાલાલમાં હૈયાઉકલત આવતી જતી હતી. કશી વાતનો ભવાડો કરવા કરતાં એણે કહ્યું, 'પૈસા બચાવવા, ચાલતો નીકળ્યો હતો. આ ભાઈ સાથે... તમને ભાળીને બા-ગામ યાદ આવ્યાં તે જરાક રડી પડાયું !' રામભાઈનેય થયું હશે કે - 'નાનશાનો દીકરો છે તે વારતા બનાવતાં તો આવડે જ ને !' હવે તો રામભાઈનું ગાડું હતું. કનુ પાસે એણે એના આઠ આના માગ્યા. કનુએ જરા બહાનું કાઢ્યું તો રામભાઈએ દબડાવ્યો. કનુએ આઠ આના પરત આપતાં હવે પનાલાલને ઠીક લાગ્યું. કનુએ એને વાત ખાનગી રાખવા વીનવ્યો. પનાલાલ મલકાઈને ગાડા તરફ વળી ગયો હતો. ગાડા સાથે દલજીભાઈ હતા એય આવી લાગ્યા.

બાવજીએ કાગળમાં લખ્યું હતું કે 'રામજી કરશે તો તારું લગ્ન લેવાની વાત પાકી થાય એમ છે...' પનાલાલે ચવાણું કાઢ્યું. આગળ જતાં ગામનાં બીજાં બેત્રણ ગાડાં મળ્યાં. વાતો ચાલી. બધાને પનાનું આશ્ચર્ય થતું કે નાનો ને ક્યાંનો ક્યાં ફરે છે ?! દલજીભાઈએ માંડીને વાત કહી કે ફલાણે ગામે તારા માટે કન્યાવાળાને બાવજીએ તૈયાર તો કર્યા છે પણ મારા વહાલા ! કહે છે કે ફલાણા સાટાવાળા સામે ચાલીને કન્યા અમારે ત્યાં પરણાવી જાય તો... અમે જાન લઈને નહિ જઈએ – ને પેલા પણ જિદ્દી છે... કહે એમ કાંઈ સામે ચાલીને છોકરીની તે કાંઈ જાન જોડાતી હશે ? ગધેડાને તાવ આવે એવી વાતો છે બધી ! ચાર-છ દિવસથી બધું રંધાય છે. આપણે પહોંચીશું ત્યાં સુધીમાં તો - ધનભાયગ - નીવેડો આવી ગયો હશે ! પછી તો આ રાંમભાઈ જાંણે !' કહી દલજી હસી પડેલો. પનાલાલને તો આ બધી આંટીઘૂંટીમાં કશું સમજાતું નહોતું. વચ્ચે એક રાતવાસો રહેવું પડ્યું. મારગ લાંબો હતો. છેવટે માંડલી પહોંચ્યા. ગામમાં વાત ફરી વળી કે 'પનો આયો સે'... માસી આવી લાગ્યાં, મૂળુભાઈ પણ આવી ગયો... પનાલાલ બાને સંભારીને રડતો હતો. બધાં ગમગીન થઈ ગયાં... બા વિનાનું ઘર, ફળિયું ને ગામ એને સાવ સૂનાં સૂનાં ને પરાયાં હોય એવાં કેમ લાગતાં હતાં ? એની આંખ સુકાતી નથી. એટલે વડીલો એને જરાક વારે છે.

'ભાઈ ! કોઈનાંય માંબાપ જન્મારો પહોંચતાં નથી...'

યજ્ઞના, પરીક્ષાના અને એવા એવા સવાલો કરીને હરિભાઈએ એને બાની વાતથી બીજે વાળ્યો, ત્યાં વળી કોઈએ - પડોશવાળાં ગંગાકાકીએ જ – પનાનું લગન થતાં થતાં રહી ગયાની વાત ઉખેળી. 'એનું નસીબ ટૂંકું નહિ તો ફલાણા ગામનો મુખી જૂનાં વેર ભૂલીને છોકરો પૈણાવવા ગયા હોત તો વળતા સાટે

પનાનાં લગન થાત જ વળી...' હરિભાઈને તો ખરી જ પણ પનાલાલને પણ આમ વાત થાય એ નહિ ગમેલું. પણ આ પ્રજા તો જ્યાં ને જ્યારે મોકો મળે ત્યાં ને ત્યારે વેળા-ક-વેળા જોયા વગર બોલ્યે જ જાય. હરિભાઈએ મોટેથી ઉત્તર વાળ્યો :

'હશે ! એક વાર એને ભણી ઊતરવા દો ને ! પછી જોજો ને, ઓશીકા નીચે હાથ ઘાલીને જગાડશે. એની વેળા આવવા દો... પછી વાત છે...'

હરિભાઈની વાત ખોટી નહોતી. પણ પનાલાલને બાનાં વેણ યાદ આવ્યાં કે : 'હરિભાઈએ ભાઈને પરણાવવાને બદલે પોતાનાં છોકરાંને (સાટાથી) પરણાવી દીધાં...સગો ભાઈ પણ મનમાં ના આવ્યો.' જોકે લોક પણ આ જ વાત કહેતું પણ એમાં હરિભાઈ ઉપર એમનાં વહુનો દાબ રહે છે માટે આમ થયું - એમ વાતને વાળી લેતું. પનાલાલને કાંઈ પરણવાના કોડ નહોતા થયા. પણ આ પટેલોની જ્ઞાતિમાં - ત્યારે તો વિશેષ - છોકરાં પરણાવી દેવાની ભારે હોડ હતી. કન્યા મળે-ન-મળે. નાતરિયા ન્યાત. મર્યાદિત સમાજગામો... વળી પોસાતાં ને સારાં ઘર ઓછાં મળતાં. એટલે લોકો કન્યા મેળવવાની પેરવીમાં રહેતા...

સામા ઘરનાં નેવાંમાં ઊભેલી, કુટુંબી વસ્તાભાઈની વહુ લાલીભાભીને તો હરિભાઈની વાતથી જાણે મરચાં ઊઠ્યાં હોય એમ પના પરેય દાઝ ચઢી હતી કે શું ?! મૂળેય એ નાનશાના ઘરનું સારું ખમી શકાતી નહોતી ને ?! આજેય હરિભાઈએ પનાને માટે તો સામેથી પૂછનારા આવશે - એવી મતલબની વાત અમસ્થી જ કહી તોય લાલીભાભી તણખી ઊઠી હતી :

> *'કોકને તો દારૂ ચડે પણ આ હરિભઈને તો તમાકુ ચડી લાગે છે કે શું ?! શું જોઈને બોલતા હશે ? ભાઈ ભણ્યો એટલે જાણે ઘોડે ચડ્યો ! ઘણાય ભણેલા ટીલવા (બાંમણ) ખભે ખડિયો ને ભીખ માગતા ફરે છે. એ કોણ નથી જાણતું ?? હેં...'*

હિંમતથી અને મોટેથી બોલતી લાલીભાભી છેલ્લે ખભા ઉલાળતી અને થૂંકતી ઘરમાં જતી રહી... હરિભાઈના ઘરનાં તો લાલીનો લડકણો અને ઝેરી-લો-ડંખીલો સ્વભાવ જાણતાં હતાં એટલે ના બોલ્યાં ! પણ બીજી એક બાઈએ સંભળાવ્યું ખરું -

> *'એ ટીલવામાં ને નાનશાના પનામાં ફેર છે ફેર - મારી બૈ ! આ વેંતના છોકરાએ અરજી લખેલી તે એ અરજીને લીધે તો ઠાકોરને હાથમાં પોતિયું ને હિંમતનગર દોડવું પડેલું... ને હરિભાઈ*

*ઉપર પણ ડુંગરપુરના દીવાને સવાર છોડ્યો જ હતો ને ! હરિભાઈ કહે છે એમ જ થશે. હા, પનાને તો સામેથી જ વિવાહ આવશે....'*

લોકોની આવી ચડસાચડસી પનાલાલને ઠીક નહોતી લાગતી. વળી પરણ-વાની આવીતેવી વાતોથીય એને હીણપતનો ભાવ થતો હતો. જોકે આ અનુભવો એને પછીથી કથાવાર્તા લખવામાં કામ લાગ્યા છે. લાલીભાભીનો અનુભવ તો કાયમનો હતો. પનાલાલે 'માનવીની ભવાઈ'માં જે માલી ડોશીનું પાત્ર/ચરિત્ર જીવતુંજાગતું કરી મૂક્યું એની પાછળનાં બધાં જ પરિબળો - કે - પ્રેરકબળો આ લાલીભાભીએ જ પૂરાં પાડેલાં હતાં ! જીવતર તો કેટકેટલી વાતો ને વૃત્તિઓ છુપાવીને બેઠેલું છે... ગામડાનું લોકજીવન પણ ગાડેગાડાં ભરીને જાણે અનુભવો આપતું રહ્યું છે. પનાલાલને આ સમૃદ્ધિ ફળી છે.

બાવજી બાજુના ગામમાં આવેલા હતા – એ જાણીને પનાલાલ એમને મળી આવ્યો... કહેતા હતા કે ઘોડી લાવ્યો છું... બે-ત્રણ દિવસ તું ફરી લ્યે, પછી મેઘરજ આવજે, ઘોડીય જોવા જેવી છે ને... આપણે, ખાસ તો, તારે માટે અંગ્રેજી ચોથીની ચોપડીઓ મેળવવા અમદાવાદ જવાનું છે... એક શેઠ છે તેમને કાને વાત નાખીશું... તું જો તો ખરો... અમદાવાદ તો જો...

બે-ત્રણ દિવસ કાઢવાનુંય કેમ અઘરું લાગતું હતું ? પનાલાલને થતું કે બા નથી એટલે જાણે કે આપણું કોઈ નથી શું ?! રેવા પણ એની માસીને ગામે ગઈ હતી - ત્યાં માસીની દીકરીનાં લગ્ન લેવાનાં છે - તૈયારી કરવામાં મદદરૂપ થવા ગઈ છે તે હવે તો લગ્ન પત્યે જ આવશે ને ? બાઈબાની યાદ પણ આવી જતી હતી.

લોકો ખેતીકામથી નવરા પડ્યા હતા ને લગનગાળો ઊઘડ્યો હતો એટલે સૌ કોઈ એ નિમિત્તે કામે વળગેલાં હતાં. આમેય પટેલ ભાઈને ઉનાળે જ ઘર કે ખેતર સુધારવા નવરાશ મળતી. કોઈ આંગણામાં માટી પુરાવતું હતું, તો કોઈ ખેતર સરખાં કરાવતું હતું. ખાસ તો લીંપવાની સિઝન હતી. લોક ચોપાડો ને પડસાળો લીંપતું હતું. સરસ ઑકળિયો શોભતી હતી. ભીંત ને કરા ગોરમટીથી લીંપાતાં હતાં. ક્યાંક ચૂનો ચોપડનારાય હતા અને ગળીથી ચિતરામણ કરનારાય હતા. સાફસૂફી, બજારે વૉરોચારો ને દરજીવાડે કપડાં સિવડાવવાની ભીડ હતી. મોચીને અને કરિયાણાવાળા ઘાંચી કે ગાંધીનેય તડાકો હતો - નવેનવ ગામનાં લોક સીમલવાડા ને મેઘરજનાં બજારોમાં જવા પરોઢે જ નીકળી જતાં... ગાડાં ને ઊંટો પર માલસામાન લવાતો. ચોમાસા પહેલાં ઘરમાં ગૉળ-મીઠું-મરચું ભરવાનાં

ને ભેંસો માટે પુંવાડ પણ લાવી રાખવાના... તેલ માટે ઘાણી કરાવી રાખવાની, ઢોર માટે ને ખેતી માટે રાસડાં મેળવવાનાં ને તૂટેલાં વાણ ઉકેલીને નવા ખાટલા ભરવાના... આમ નવરાશ ને આમ કામનો પાર નહીં. ચાર પૈસા વાપરવાનો, પહેરવા-ઓઢવાના ને ખાવાપીવાના થોડા દિવસ મળતા... લગ્ન, સીમંત, મામેરું, ગંગાપૂજન... લોક ઊમટતું. એ પછી તો વરસાદ આવ્યો નથી કે બધાં સીમમાં ભાગ્યાં નથી.

પનાલાલેય લીંપવા માટે ગારો ગૂંદવામાં ભાભીને ને આંગણું માટીથી પૂરવામાં ભાઈને મદદ કરી ઉપરાંત બે જૂના ખાટલાનાં વાણ ઉકેલીને નવા વાણથી ભરી દીધા. સમયનો સારો ઉપયોગ થયો. પછી મેઘરજ ગયો. બાવજીની ઘોડી જબરી પાણીદાર હતી. બાવજી પણ ખરા છે - સાધુ મટતા જાય છે ને સંસારી થતા જાય છે ! માંડલીમાં એક વિધવા બાઈને ત્યાં એમનો આવરોજાવરો વધ્યો હતો. વિધવાને બે છોકરીઓ હતી. એક તો પરણાવેલીય હતી. એક છોકરો હતો. વાઈનો રોગી. અંગે જરા લૂલો. પનાલાલ ઈડર ગયા બાદ બાવજીએ એને મેઘરજ મંદિરે રાખ્યો હતો. નામ બદલીને કાંતિ રાખેલું... ને એને ભણાવવાના બહાને એની મા જોડે મળતાભળતા રહેતા હતા. આવી વાત લોકોમાં ચર્ચાતી હતી. પનાલાલને હવે સમજણ આવી ગઈ હતી કે એક સાધુ થયેલા માણસ માટે આ બધાં અપલક્ષણ જ કહેવાય ! પણ બાવજી આગળ બોલતાં હજી બીક લાગતી હતી. બાવજીનો રઝળપાટ વધ્યો હતો ને મંદિરસ્થળનો બધો વહીવટ ને પૂજા-આરતી છોટાલાલ કરતો હતો... ઘોડી પર એય સવાર થતો હતો.

બાવજી સાથે અમદાવાદની ટ્રિપ થઈ. જીવનમાં પહેલી વાર આવડું મોટું શહેર જોયું. પનાલાલ તો અચંબિત થઈને બધું જોતો હતો. ઘોડાગાડીઓ, મોટર-કારો, બસો, ટ્રકો... ક્યાંક તો ગોરી મૅડમ જેવી બાઈને ગાડી હાંકતાં જોઈને એ તો દંગ જ રહી ગયેલો ! હોટલો ને મોટાં મકાનો. વીજળી-દીવા અને પંખા જોઈને તો એ જાણે સંમૂઢ શો બની રહેલો. જેની વાતો સાંભળેલી એ બધું સાચુકલું હતું ને આંખો સામે હતું. હોટલમાં કામ કરતા એનાથીય નાના પણ ચબરાક છોકરાઓ; ઑર્ડર લેતો-બોલતો-છોકરો જાણે લયમાં કવિતા કરતો લાગતો હતો. પૂર્ણિમાનાં ફાફડા- જલેબી અને ચન્દ્રવિલાસ હોટલનાં પૂરીશાક બાવજી વખાણતા હતા. જોકે એ બંને તો એક ઓળખીતા વીશીવાળાને ત્યાં ઊતર્યા હતા. વીશીવાળાએ બંનેને મફત રાખ્યા અને જમાડ્યા હતા. ઉપરાંત શેઠ પી. ધનજીને ભલામણ કરી હતી કે બાવજીને મદદ કરજો. મહારાજ તથા પનાલાલ શેઠને મળવા ગયા

હતા. શેઠે થોડા પ્રશ્નો કર્યા હતા. પનાલાલનું ભણતર અને ગામડાંની ગરીબાઈ વર્ણવીને બાવજીએ શેઠને અસલ ચંદન ભેટ ધરેલું. શેઠે પુસ્તકો યાદી પ્રમાણે લક્કડિયા પુલ નીચેથી મંગાવી આપ્યાં, ઉપરથી બેઉને ભાડા જોગ રકમ અને બાવજીને બે રૂપિયા ભેટ ધર્યાં હતાં.

બાવજી ઘણા ખુશ હતા. પનાલાલને લઈને સિનેમા જોવા પણ ગયા. વિઠ્ઠલ બહારવટિયાને લગતું મૂંગું ચલચિત્ર હતું. મોટા પડદા પર માણસોનાં ચિત્રો આવતાં જાય ને બાજુમાંથી કોઈ વારતા કહે ને સંવાદો પણ બોલે. ઈડરમાં પનાલાલને દેશી નાટકો જોવા મળેલાં... પણ અહીં થોડી જુદી જ રંગત હતી. પનાલાલને અમદાવાદ યાદ રહી ગયું હતું... જોકે એ ભરચકતા ડરાવતીય હતી. રેવાને મળાયું નહોતું એય વચ્ચે વચ્ચે યાદ આવી જતું. વળતી વાટે બાવજી સિનેમા વિશે પ્રશ્નો પૂછીને પનાલાલની તાવણી કરતા હતા. પનાલાલને ઘર સાંભરી આવતું હતું.

માંડલી આવ્યો ત્યારે પનાલાલને સારું લાગ્યું. અમદાવાદ જોયું એટલે લાગતું હતું કે આખ્ખી દુનિયા જોઈ લીધી. બે-ચાર દિવસ થયા હશે ને બાવજી ઘોડી પર સવાર થઈને આવી ચઢ્યા. ખબરઅંતર પૂછીને કહેતા હતા :

> *‘જો બચ્ચા ! રજાઓ પૂરી થાય એટલે ઈડર પહોંચી જજે. મારું કશું ઠેકાણું નથી. હું તો ઘડીકમાં ડુંગરપુર-ઉદેપુર ને વળી જયપુરમાંય હોઉં... ક્યારે વળું કોઈ ખબર નથી... !’*

પનાલાલે એ જ સાંજે જાણ્યું કે બાવજીએ મેઘરજના મંદિરમાંથી પોતાનો પડાવ ઉઠાવી લીધો છે. બધો સામાન માંડલીમાં જ પેલી વિધવાને ત્યાં મૂકી દીધો છે. હવે, ભલું હશે તો અહીં જ રહેશે..? રામ જાણે ! આ બાવાને એવી તે શી માયા લાગી હશે ?? ‘સંસારીનું સુખ કાચું / પરણીને રંડાવું પાછું’ – કહેનારાં મીરાંબાઈને અને નરસિંહને યાદ કરતા આ બાવજી એનાથી સામે માર્ગે કેમ જતા હશે ?? જોકે પનાલાલને, હવે આ સાવ નહોતું સમજાતું એવુંય નહોતું ! એનેય ખબર પડવા માંડી હતી કે આ મોહમાયા ને પ્રેમ શું છે... !

બાવજી દેશાટને ગયા.

માંડલીના સમાજમાં લગ્નગાળો આરંભાયો.

# 13

પનાલાલ માટે લગ્ન માણવાનો અવસર આવ્યો હતો. ભલે 'વર' ન થવાયું પણ 'અણવર' થવાનો મોકો તો આવી ગયો હતો. ચાલો, 'પરણ્યા નહિ તો કોઈની જાનમાં તો ગયા'તા' - એમ અનુભવ મેળવ્યા નિમિત્તે કહેવાય છે તે પનાલાલેય હવે કહી શકે એમ હતો.

સામા ઘેર વાલાભાઈનો ભત્રીજો ડાહ્યો પરણતો હતો. પનાનો એ સમો-વડિયો હતો. બધાંએ પનાને અણવર બનાવ્યો. ભણેલો ને ઊજળો પનો સૌના આકર્ષણનું કેન્દ્ર બનતો હતો. પનાલાલનો આનંદ વળી જુદો હતો. ડાહ્યાની જાન રેવાની માસીને ત્યાં જ જવાની હતી... ત્યાં રેવા મળશે ને પોતાને અણવર લેખે જોશે ને રાજી થશે.

ચાર દિવસ અગાઉથી 'ગણેશ' બેસાડવામાં આવે. મંડપ-મૂરત પણ થઈ જાય. આંગણામાં માટી પૂરીને લીંપ્યું હોય. ત્યાં 'માંડવો' મંડાય. ગોરમટી લાવીને ચૉરી કરવાની થાય - ગ્રહશાંતિ માટે. ગ્રહશાંતિ અને વરને પીઠી જાન ઊઘલવાના આગલે દિવસે થાય. ગોતેડો ભરાય. એ જ દિવસે સાંજે ગામ અને સમાજ જમે - એને 'ઘરવિવાહ' - 'માંડવો' કે 'ખાટવડા'નું જમણ કહે છે. એ રાતે વરઘોડો વધારે ધામધૂમથી ફરે... બાકી ગણેશ-સ્થાપના થાય એ દનથી રોજ દિવસમાં બે વાર વરને માથે ધોતીઓછાડનો છાંયો કરીને 'શેરી ચંપાવવા' અને 'દેવદર્શને' લઈ જવાનો ફરજિયાત. વળી સવારસાંજ કાકાઓ વારાફરતે 'ફુલેકું ઝીલે' - એટલે કુટુંબનાં બધાં માણસો ચારછ દિવસ ભેગાં જમે. રોજ રાતે ફુલેકું નીકળે.

આ દિવસોમાંય વરની જોડે અણવરે રહેવાનું જ. વરની તલવાર કે કટારી સાચવવાની, એને કાયમ નાળિયેર હાથમાં રખાવવાનું... આ બધા પ્રસંગોમાં છોકરીઓ મોટે મોટેથી ગાણાં ગાય... પનાલાલને આવાં ગાણાં ગમે અને યાદ પણ રહી જાય. એટલે ગાનારીઓને યાદ દેવડાવે : બુન ! પેલું શેરી ચંપાવવાનું ગીત ગાવ :

*'આંણી શેરીએ સોખલા વેરાંય રે ઝરમરિયું...*
*આ તો નાથાભૈનો વીરો રે ઝરમરિયું...'*

પાટીદારોને મહાલવાનો પ્રસંગ એટલે આ એક લગન ! બસ. ને એમાંય વરપક્ષને મહાલવાની મજા. બાકી કન્યા પક્ષનો હાથ નીચે... છોકરીનો બાપ ઓશિયાળો ગણાય. એણે તો જાન-જાનૈયાને સાચવવા મથવાનું ! વરવાળા ગામ ગજવે...

'લગન' જોવા બ્રાહ્મણ બોલાવાય. ઘણી વાર ગામમાં પાંચ-સાત છોરીઓનાં લગન એક દિવસે ને સંગાથે જ થાય. મોટી છોકરીને નામે મૂરત જોવાય... સૌને એ જ મંજૂર થાય. કોઈને મૂરતમાં ગૂંચ દેખાય તો બ્રાહ્મણ 'જાપ' કરવાનું કહીને પૈસા લઈ લે ! એમનેય કમાવાની મોસમ એટલે 'લગનગાળો'!

ડાહ્યાને આંગણે તો પંદર પંદર દિવસથી 'સાંજીનાં ગાણાં' ગવાતાં હતાં...

*'ટોડલે ટહુકે છે મોર બારણે નાચે છે ઢેલ*
*ઝટાઝટ રે ડાહ્યોભાઈ કાગદ મોકલે...*
*ઘડી એક વહેલો પૈણેશ ઘડીએક મોડો પૈણેશ*
*તારી અભણ લાડીને રાયવર નહીં પરણે...'*

જોકે ડાહ્યોય અભણ હતો. પણ ગાવામાં તો ઊંચું દેખાડવાનું ને ! લગન નક્કી થયા બાદ 'ડાંગરનો ઘાણ મંડાય'. પાંચ ભાભીઓ - કાકીઓ ને પાંચ સાંબેલાં... પાંચે સાંબેલે નાડાછડી બંધાય ને કુમકુમ છંટાય... પછી ખાંડણિયામાં ડાંગર ખંડાય... ગાણાં ગવાય :

*'ઊંચાં ઘર ને ઊંચી મેડીઓ*
*અમારે કાકીની જોડીઓ રે...*
*સોખા ખાંડે રે ભાભીઓ...'*

આ ચોખા નીકળે એને કંકુવાળા કરીને વરને ઘેર કંકોતરી મોકલાતી. ખાખરાના પાનામાં - રાણીછાપ રૂપિયો સોપારી ને નાડાછડી... જોડે બે લીટી લખે કે ફલાણે દન લગન છે. જાન લૈને આવજો. આ કંકોતરી ઝિલાય પછી લગન પાકું.

એ પછી એ જ કંકુચોખામાં બીજા વધુ કંકુચોખા મેળવીને ગામેગામે ઘેરેઘેર સગે-વહાલે બૈરાં બબ્બેની જોડમાં, નવાં લૂંગડાં પહેરી, માથે મૉડ મૂકીને તેડાં-નૂતરાં કરવા જાય. 'ચોખા મૂકવા' એ રૂઢિપ્રયોગ આ રીતે આવ્યો છે.

આ જ કંકોતરી ગણાય. કંકોતરી છપાવવાની વાતો ગામડે તો આઝાદી પછીય (સાબરકાંઠામાં તો) પચ્ચીસત્રીસ વર્ષે આવી હશે. બૈરાં નજીકનાં સગાંને 'ચોખા મૂકે' એટલે કે 'કંકુચોખા મૂકીને' નોંતરે એને 'તેડું કર્યું' કહેવાય. આ તેડું કરવા જનારાંએ સગાંને સુખડી લાડુ કે કોપરા કાચલી કે પતાસાં વગેરે આપવાનો રિવાજ. સામે સગાં પણ એમને બે આના આપીને તેડું પાક્કું ગણાવે. એટલે પટેલો નવરાશના દિવસોમાં ઉનાળે-વૈશાખે લગન લેતા... ઘર લીંપે ને બજારે વૉરવા જાય. તેડાં કરે - એમાં જ મહિનો જાય. એટલે કહેવત પડેલી (ખર્ચ થતો એ બાબતે) કે

*'ઘર કહે મને ઉકેલી જો*
*ને વિવાહ કહે મને માંડી જો...'*

દેવું કરીનેય પટેલો લગનમાં સારો ખર્ચ કરતા હતા ને હજી કરે છે. બહેનનું સંતાન પરણે ત્યારે મામા મામેરું લઈને જાય. એમાં પહેલું મામેરું મોંઘું હોય. બહેન-ભાણાં સાથે મામાનો હરખ ભળતો. એને વ્યક્ત કરતું ગાણું પનાલાલને આખ્ખું આવડતું ને ખૂબ ગમતું...

*'ઉં તો ચંપે ચડું ને કેળે ઊતરું*
*ઉં તો જોઉં મારા માડીજાયા વાટ્યો-*
*માંમેરાં મોંઘા મૂલનાં...'*

ફુલેકાં ફરતાં હોય, ઢળતી રાતોની ઠંડક હોય, દેશી ઢોલદગૂડાં વાગતાં હોય ને યુવાન-યુવતીઓ 'ધારો' રમતાં હોય. પનાલાલ તો આ દશ્ય જોઈ જ રહેતો. હુક્કા-સિગારેટ-પાનબીડાં ફેરવનારાય નીકળતા. બાકી કોઈ વડીલ 'સલૂખો' (શ્લોક) કહે ને વાળંદ મશાલ પકડીને ઊભો હોય તે 'રૂડો... ખમ્મા બાપા !' એમ ટહુકો કરે તે સૌને મજા પડે. આ ફુલેકાંના ફરવાથી કુંવારાઓને પૈણ ચઢતું... પરણવાનું મન થાય એવો એ વેશ હતો. કાકી-ભાભીને ફુલેકાં ઝીલતાંય ફટાણાંની ગાળો પડતી -

*'ધૂળિયે ટીંબે ઢોલકી વાજી રે રૂખી જાંણતી નથી...*
*બાયણે તારા બાપા આયા રે ભાંજાઈ જાંણતી નથી...*
*જાંણતી નથી પણ જાંણવા પડશે રે રૂખી જાંણતી નથી...*

*મણનો કંસાર રાંધવો પડશે રે રૂખી જાંણતી નથી...'*

ફુલેકાનાં બીજાં બે-ત્રણ ફટાણાં છે :

*'કાળી, કોરો ઘડો ભરી લાવ્ય તરસે મરીએ રે...*
*તારા ભૈઓને ઓઝાવાડે વેચ, તરસે મરીએ રે...'*

*

*'અમને કો'એ ના કે'યું આવો બેસો સાહેલડી સગેમગે*
*અમે જીવા ભૈના બોલે પાછાં વળ્યાં સાહેલડી સગેવગે.'*

*

*'મેં તો જોઈ જોઈ તેડાની વાટ્યો કે તેડું ના મોકલ્યું*
*પેલી નાંનીનો પાક્યો સે ઓઠ કે તેડું ના મોકલ્યું*
*મારો દીવડો બળ્યો સારી રાત કે તેડું ના મોકલ્યું*
*મારાં ઘીયાં બળ્યાં સવા મણ કે તેડું ના મોકલ્યું !'*

*

*ફુલેકાં મહાલતી આ પ્રજા વાતોના તડાકાય ઉરાડતી.*
*ફુલેકામાં વરનાંય વખાણ થતાં ગીતો ગવાતાં*
*'વરને લીંબૂડી ભાત્યોનાં ધોતિયાં...*
*વરના બાપાને હરખ ન માય રે*
*બાળો વર ઘોડે ચડ્યો...'*

*

*લીલી શી ટોપીને ભરત ભરેલી*
*ફુલેકાંના લોકોએ પૂછ્યું-*
*વરરાજા ટોપી ચ્યાંથી ઓરેલી ?*
*એમના માંમોજી સાહેબ-સૂબો*
*રાજાના મ્હેલે બેઠ્યા... ઓરેલી !*

*

જાન ઊઘલી. ડાહ્યાએ સાફો બાંધીને મોટી મોટી 'સુહેરાં'(સેહરા)ની હારો લટકાવી હતી - એમાં એનો ચહેરોય ઢંકાઈ જતો હતો. એની પાસે કટારીને બદલે ખિસ્સામાં ચપ્પુ હતું. પનાલાલને થયું કે કટારી જોઈએ જ. એ ન મળે તો તલવાર હોય તો વટ પડી જાય... ને એને બાવજીની સોનેરી મ્યાન અને ટોચે ચાંદીની ખોળવાળી તલવાર યાદ આવી. એ કાન્તિને ઘેર ગયો. બાવજી તો નહોતા એ

જાણતો હતો. કાંતિની બા પનાને ના પાડી શક્યાં નહિ. ને એમ વેલ્યમાં જાન ઊપડી... પનાલાલે જ બહેનોને ગીત ઉપાડી આપ્યું : 'વરને દા'ડો થોડો ને જવું વેગળે રે...'

*'(એક) ઝાલાવાડે સોપારીનું ઝાડ સે*
*અમારા ડાયાભૈને ટૂંપિયોની હોંશ સે*
*વેવાઈ ના મળે તો અમુને સંભળાવ*
*એક ઝાલાવાડે સોપારીનું ઝાડ સે...'*

*

યુવતીઓએ આંખે કાજળ આંજેલાં ને ગળામાં હાંસડીઓ, પગમાં ઝાંઝર, કાને કાંપ ને નાકે ચૂની પહેરેલાં. ઘરડી કાકીઓય રંગમાં હતી. કાંડે સોનાની ચીપોવાળાં બલોયાં; કાને લોળિયું ને વેલ્લા, ને વળી કોણી ઉપરના ભાગે બાજુ-બન્ધ સમું લૉકેટ પહેરનારી ભાભીઓય વટમાં ઊલળતી હતી. બધીઓએ કપૂરકાચલી છાંટી હતી તો મોટિયારોય પાનીટંક ધોતિયાં-કેડિયાં-છોગાવાળા રંગીન સાફા બાંધીને ખુશબોઈ છાંટીને મહાલતા હતા. કોઈ કોઈએ કાનમાં ફૂલો કે છેલકડી પહેર્યાં હતાં ને પગમાં ચૈડવાળા બૂટ બોલતા હતા ! પનાલાલેય રૂપાકાકાને ત્યાંથી સાફો માગી લાવીને બાંધ્યો હતો. લીલા, નવા હાફકોટમાં એ ગોરો કિશોર વિલાયતી મૅડમનેય ગમી જાય એવો હતો. પારકા ગામમાંથી જાન-વેલ્ય પસાર થતાં ને જાનડીઓ ગાવા માંડતી :-

*'આ તે ચિયા(કિયા) તે ગાંમની શેરી રે...*
*આ તો 'ઉશેપૂશે' ગાંમની શેરી રે...*
*આંણી શેરડીએ તો ઝાઝા કાંટા રે...*
*આંણા ગાંમની શેનાળો વેણી લેશીં રે...*
*રાંડો વેંણશીં ને વેણાસાર કરશીં રે...'*

*

વાટે સીમવગડે એક વડ નીચે જાનનો વિસામો હતો ને બપોરનું જમવાનું આગળ જઈને મોટિયારોએ રાંધવા માંડેલું. દાળભાત તૈયાર થયાં. પણ ત્યાં જ ધૂણીને લઈને ભમરાની ખોળ્યો હતી તે ઊડી. જાનૈયાઓમાં ભાગંભાગ ને ગભરાટ વ્યાપ્યાં, સૌએ ચીસાચીસ કરી મૂકી.... કોઈનાં લૂગડાં ભરાઈ ફાટ્યાં તો વરરાજાનો સાફો ને સુહેરાં પડી ગયાં... પનાલાલે દોડીને લીલાં પાંદડાં દેવતા પર નાખી ધુમાડાના ગોટેગોટા કર્યા... સૌને ધુમાડાની પાસે બોલાવી લીધા...

ખાખરીઓનાં લીલાં ફૂટેલાં પાનાંથી ધુમાડો વધાર્યો... ધુમાડાથી ભમરાનાં ઝુંડ ભાગ્યાં... સૌ થાળે પડ્યાં. બધાં જમતાં જમતાં 'અણવર પનાને' વખાણતાં હતાં. ભાઈ ! ભણેલો મોટિયાર તે આંનું નામ ! ભણેલા તો તારે...ઉગારે... જોયું ક ની ?! એકસાથે સાત કન્યાઓનાં લગન હતાં. માંડલીની જાન જોરમાં હતી. સાતસાત જાનો-વેલ્યો-જાનૈયા ને ગીતો-ગાણાં-ફટાણાંથી એ નાનકડું ગામ જાણે કે છલકાઈ-ને હેલે ચઢ્યું હતું. 'કાનપડી સંભળાતું નહોતું.' જાનડીઓ અને ગામની છોકરીઓ જાનવાસે સામસામે ફટાણાંબાજીએ ચઢ્યાં હતાં...

*'વ્હેલેરો તેડ્યો'તો ઠોચ્યા માંડેરો ચ્યમ આયો... ?*
*તારી ભાંજઈનો ચણિયો ફાટ્યો - થીંગડું દેતાં લાજી વાર ?*
*વ્હેલેરો તેડ્યો'તો ફાડ્યા માંડેરો શું આયો ?!*

*

*છોરો આવડો મોટો ચ્યાં રાશ્યો'તો ?*
*છોરો મંકોડોની કોઠીમાં રાશ્યો'તો ?*

*

*છોરા ડાયા રે તું ચ્યમ કાળોમેશ ?*
*તારી માએ ખાધાં જાંબુ રે...*
*જાંબુ ખૈને જન્મ્યો રે... તેમાં કાળોમેશ... !'*

*

*જાનડીઓ કન્યા અને કન્યા પક્ષને ભાંડતી હતી -*
*છોરી કે'દાડાની પૈણું પૈણું કરતી'તી...*
*મારી ભાગોળે ભસકાતી'તી...*
*મારા ડાયો ભાઈ દેખ્યાની રેડ (રઢ) લાગી;*
*શેનાળની ! તે દા'ડાની પૈણું પૈણું કરતી'તી !*

*

દરમિયાન વર-જાનને પાણી પાવા આવેલાં વેવાઈલોકોમાં રેવાય હતી. એ તો પનાલાલનાં રૂપરંગ જોઈને અચંબિત થઈ રહેલી. બાજુમાં બોલાવી અને બેઉ નિરાંતે - કોઈનીય પરવા વિના - વાતે વળ્યાં હતાં... રેવા પનાને પરીક્ષા - આગળ ભણવાનું - નોકરીનું - ઘરનાનું અને પૈણવાનું ના કેમ થયું : એ બધી વાતો પૂછતી હતી. ગામ તો ખાવામાં ને લગ્નોનાં વિધિ-વટવેવારમાં તો જુવાનો-જુવતીઓ બધાં ઢોલ સાથે ધારો રમવામાં ડૂબેલાં હતાં. રેવાએ એના મામાને ત્યાં પનાલાલ

માટે ખાટલા-ગાદલાની જુદી સગવડ કરી હતી. પનાલાલ રેવાનું મન સમજતો હતો ને રેવા તો પરણેલી હોઈ પોતાની મર્યાદાય જાણતી હતી. બાળલગ્નોવાળા સમાજમાં બંને મજબૂર હતાં...ને તનમન હવે એકબીજા માટે ઝૂરવા માંડે એ ઉંમર થવા સાથે બંને સભાન થયાં હતાં.

ગાણાંની રમઝટ ઊડતી હતી. માંહ્યરામાં લગન વખતે અણવરને તો વરની જોડે જ બેસવાનું હોય. પનાલાલ 'ઊડણ ચરકલડી' જેવી રેવાની આવજા જોયા કરતો હતો. લગ્નવિધિ પહેલી વાર સમ્પૂર્ણપણે જોવા મળ્યો હતો. એ પછી રેવાના મામાને ઘેર 'ખાસ પથરાવેલા' ખાટલામાં પનાલાલ સૂવા ગયો ત્યારે મધરાત વીતી ચૂકેલી. વહેલી પરોઢે તો મૂળાભાઈએ વેલ જોડી. જાન પાછી વાળી. ગામ ગાજી ઊઠ્યું :

*'અમે ઇડરિયો ગઢ જીત્યાં રે આનંદભર્યાં*
*અમે લાખોની લાડી લઈ વળ્યાં રે આનંદભર્યાં...'*

વળતી વાટે પણ વાતોના તડાકા અને ઠઠ્ઠામશ્કરી ચાલતાં હતાં. પણ પનાલાલે માણેલો આનંદ ઘેર સુધી પહોંચ્યો નહિ. કુદરતને જાણે આ નમાયા કિશોરની મોજ મંજૂર નહોતી કે શું ! જાણે વિધિ પણ વસૂલાત કરે છે !! બાવજીની તલવાર ડાહ્યા પાસેથી સરકીને વેલ નીચે પડી... વેલ્ય રોકતાં પહેલાં પનાલાલ તલવાર બચાવવા કૂદી પડ્યો. બળદના પગ નીચેથી તલવાર લેતાંમાં તો એના મ્યાન પર પૈડું ફરી વળ્યું. ઊછળેલી તલવારની અણી પનાલાલના ઢીંચણે વાગી... ચીરો થવા સાથે લોહીની ધારા વછૂટી. ધોતિયું લોહી લોહી થઈ ગયું. માંડ માંડ ઘેર માંડલી પહોંચાયું. ભાઈભાભીએ ઠપકો કર્યો. બાવજીની તલવારની ચાંદીની ખોળ પણ ગાડાના ચીલામાં જ ખોવાઈ ગઈ. બાવજી લડશેની ચિંતા તો એને ઠેકાણે રહી પણ પનાલાલનો ઢીંચણ પાક્યો. સોજો ઊતરતો નહોતો. પગ મંડાતો નહોતો. પગ ઢીંચણથી કાટખૂણો બની ગયેલો. લાકડીનો ટેકો લઈને જ ઊભા થવાતું હતું.

ઉનાળાના રવરવતા દિવસો જતા હતા. પનાલાલના પગે રૂઝ લાવવા રૂપાકાકા અને ગામનો વાળંદ રોજ ઘા ધોઈને પાડનું પાંદડું તાવેથા પર ઘીમાં ગરમ કરીને ઢીંચણે બાંધતા હતા. રૂઝ તો આવી પણ કજળાઈ ગયેલું કાળું લોહી અંદર જ હતું ને લપકારા લેતું રહેતું. ગામ બહાર જવું હતું. ખેતરોમાં જઈને કામ કરવું હતું. પણ એ તો ખોડો થઈ બેઠો હતો. નવે ગામના સમાજમાં આ ફૂટડા જુવાનની ખોડની વાતો થતી હતી. બહેનબનેવી આવ્યાં ને જીવ બાળીને વળી ગયાં હતાં.

ભાભી છણકા કરતાં હતાં ને નાનો ભત્રીજો ખેમો લાડ કરતો પનાકકા પાસે બેસીને વાતો કરતો હતો. પનાલાલને એમનાં બાએ કહેલી છપ્પનિયા દુકાળની વાતો તે ખેમાને સંભળાવતો અને ધાડ તથા ભૂખ્યાં લોકોની વાતો મલાવી-બહેલાવીને કહેતો રહેતો. એમ બપોર જતી. ગુંજારમાં ઠંડક રહેતી ત્યાં ખાટલો ઢાળેલો. ખાસ અવરજવર પણ નહીં. હા, દિવસમાં એકાદ વાર રેવા ખબર જોવા આવતી. તીખો રોટલો કે કંઈકનું કંઈક ખાવાનું લાવતી ને છાનુંછપનું એને આપતી. પાણી પાતી ને મન બહેલાવવા વાતો કરતી. પનાલાલને રેવાની સમજણ અડી જતી. એને થતું કે અભણ છે તોય મારાથી વધારે કોઠાસૂઝવાળી છે. 'માનવીની ભવાઈ'નું રાજુનું પાત્ર સાવ કલ્પનિક થોડું છે ?! એ જાણે કે બધી રીતેભાતે રેવાનો જ કથા-અવતાર છે. જીવતરમાંથી જે મળે છે તે કલ્પનામાંથી નથી જ મળતું. કલ્પનાઓનો મૂળાધાર પણ જીવતર જ છે ને !!

પનાલાલને પગે ખોડ રહી જશે-ની ફડકથી રેવાનો જીવ કળીએ કળીએ કરપાતો હતો. એ પનાલાલને સમજાવતી હતી કે - 'જો તું જીવ કાઠો કરીને અડધી ઘડી વેઠી લ્યે તો 'શીંગડી' મુકાવીએ... આ કજળાઈ ગયેલું લોહી ગોવન (ગોવિંદ) ચમાર પોલી શીંગડીથી ખેંચી લેશે - એ પહેલાં ઢીંચણને ટોચશે એ તારે વેઠવું પડશે. ધોળા દંને તારા દેખાય એવી પીડા થશે... પણ...' આમ કહેતાં જ રેવાની આંખો ભીની થતી તો એ વેઠાય કેવી રીતે ?! પણ પનાલાલનું મનોબળ અખૂટ હતું... એ તૈયાર થયો. રૂપાકાકાનું મન હજી કહેતું કે આ કૂણો છોકરો મરી જશે. લ્યા ! રહેવા દ્યો. પણ હરિભાઈએ હામ ભીડી ને રેવાને કહ્યું કે તું હિંમત બંધાવવા પાસે રહેજે.

સરદાર પટેલના દૃઢ મનોબળની અને એમના લોખંડીપણાની વાત જાણીતી છે. પણ પનાલાલને ત્યારે એવીતેવી વાતની જાણ ક્યાંથી હોય ? – એ બધું તો આઝાદી પછી બહાર પડેલું. ને સરદારે તો કખબલાગૂમડા પર એક જ ઘસરકો ગરમ અસ્ત્રાનો કરવાનો હતો. બે જ સેકન્ડ ! જ્યારે પનાલાલને તે પીડા જ પીડા. ગોવનાએ એના ખોળામાં ઢીંચણ ગોઠવ્યો હતો ને પછી 'પાસણો' (અસ્ત્રા જેવું શસ્ત્ર) લઈને ઢીંચણની ચોપાસ કજળેલા ભાગ પર ટકોરતાં ટકોરતાં એ કોચતો હતો ને પનાલાલ જીવ કાઠો કરીને સિસકારા બોલાવતો હતો. ગોવનો હીરાબાની વાતો કહીકહીને પનાલાલનું ધ્યાન બીજે વાળવા મથતો ને જરાક ઊંડો ઘા કરી લેતો હતો ત્યારે પનાલાલથી ચીસ પડાઈ જતી હતી. રેવાના ડિલ પર જાણે ઘા થતા હોય એમ એય વ્યગ્ર હતી. ભાભીથી તો જોવાતું નહોતું તે અંદર જતાં

રહેલાં. હરિભાઈની આંખો ભીની હતી ને રૂપાક્ક્ ‘ભાઈ મારો ! બાપ્પો... બાપ્પો !’ કહીને પનાને ટાઢવતા હતા... ટોચવાનું પૂરું કરીને ગોવનાએ શીંગડી કાઢી ઢીંચણના ઘામાં ઉતારી ઉતારીને બધેથી કજળેલું કાળું કાળું લોહી ચૂસીને તાંસળું ભરી દીધું ! બધાં દંગ થઈ ગયાં હતાં... આ દેશી ઉપચાર આમ જોવા જાવ તો એક જાતનું ‘ઑપરેશન’ (શસ્ત્રક્રિયા) જ ગણાય.

ગોવનાએ ઢીંચણે રૂઝ લાવવાના ઉપાય સૂચવેલા. પાંદડાં બાંધવાની વાત પૂરી થઈ હતી. ચાર દિવસ તો પનાલાલ ટેકા વિના ઊભો નહોતો થઈ શકતો... રેવા આવતી અને એને નહાવા લઈ જતી. ગામમાં તો આનીય ‘વાતો’ થતી : ‘શી સગાઈને જોરે રેવલી પનાની સેવા કરવા જતી હશે ?’ રેવા કશાની પરવા કરે એવી નહોતી... પનાનાં ભાભીનેય ન’તું ગમતું. ને એમાંય રેવા પનાલાલનાં લૂગડાં ધોઈ દેતી. છાનીમાની ! - એની ગંધ આવતાં પનાલાલને સંભળાવતીય ખરી - ‘રા ! લૂગડાં તમે જાતે જ ધોતા થઈ ગયા ને કાંઈ ?!’ આ પ્રજા કેટલીક બાબતોમાં ત્યારે તો ઘણી પછાત હતી. આજેય થોડીઘણી તો પછાત લાગે એમ બને. ‘આદમીનાં કપડાં એની બૈરી જ ધોઈ આપે !’ એવી માન્યતા હતી. પનાલાલ બિન્ધાસ્ત રેવાને જોઈ રહેતો. કયા ભવની સગાઈ હશે ? - કોક ભવની સગાઈ બાકી હશે ? - નહિતર આવી ચાકરી તો પોતાનાંય નથી કરતાં. પનાલાલ રોજ રેવાની રાહ જોતો ને ઝટ સાજો થતો હતો... જોકે રૂઝ આવી ગઈ પણ ઢીંચણ તો જકડાઈને ચોંટી ગયો હતો. સાંધો ફિટ થઈ ગયેલો. લંબાવવા મથે તો પીડા થતી હતી. લાકડીના ટેકા વગર કશે જવાતું નહોતું. ગુંજારમાં રેવા છાનીછપની આવતી... એની પાસે બેસતી... પંપાળતી અને ઢીંચણે ઘીની માલિશ કરતી રહેતી. બીજાં ઓસડિયાં–તેલ પણ ઘસી આપતી હતી. હવે શાળાઓ ખૂલશે; ભણવા જવાનું થશે. આવા ખોડા પગે ઈડર નહિ જવાય ! જોકે રેવા કહેતી હતી કે જવાનું જ છે.

ખેતીવાળાં લોક. ઊતરતો ઉનાળો. આકરો તાપ ને ઊના ઊના વાયરા. તોય ઉકરડે ઉકરડે ખાતર (છાણિયું) કાઢવા ગાડાં ભરાતાં ને ખેતરે ખેતરે ઠલવાતાં હતાં. ખાતરનાં હારબંધ પૂંજેરાઓ શોભતા હતા. કોઈ થુવેરની વાડ કરતા હતા તો કોઈ શેઢા વાળતા હતા. કાંટાકાંકરા વાળવા-બાળવા. પાણીની નીકો સુધારવી. સવારની વેળામાં તો લોક વગડામાં તગતગતું જાણે ! કચરોકૂડો બળતો - વાદળી ધુમાડો ભરેલી સીમ ને એવું જ ઉપરનું આકાશ... જોવાં ગમતાં. પનાલાલ ખોડો ખોડોય કૂવાવાળે ખેતરે જતો... ને દુઃખ ભૂલવા મથતો.

ખેતરશેઢાઓ અવેરાઈ ગયાં હતાં. લોક વાડાનાં ઘાસ ઘરમાં માળે ચઢાવતા હતા - વરસાદ ખેંચે ને ખૈડિયું પડે તો ઢોરને સુક્કું ઘાસ નીરી શકાય. આંગણાની મેડીઓ માથેય ઘાસ ખડક્યાં, નીચે છાંયડે ઢોર વાગોળતાં રહેતાં. લાકડાં-છાણાંય પડસાળના માળે ચઢાવાયાં હતાં. ચોમાસામાં ચૂલો બાળવા બધું જોઈએ ને ! બોયલાંના પૂળાય કૉલામાં મુકાયા. ગાડાં પડસાળે પેઠાં ને ઘરડાઓ નળિયાં ચાળવા ઘરને પડાળે ચઢ્યા. બે-ત્રણ વર્ષે નળિયાં ચાળવાનાં - ધૂળકચરો ખંખેરવાનાં ને ચૂવાવાળાં કાણાં નળિયાં ફેંકી દેવાનાં ! ઘર બધી રીતે વરસાદ માટે તૈયાર થતું.

ખોડંગાતો પનાલાલ ઈડર જવા નીકળ્યો. માથે વરસાદી વાદળોનો છાંયો હતો. લોક દયા ખાવા સિવાય શું કરી શકે ? માસી ને મૂળુભૈની આંખો ભીની થયેલી. રેવા તીખો રોટલો નાસ્તા માટે છેક વહેલો વળોટીને આપવા આવેલી. હિંમત બંધાવેલી. ઉન્ડવા-મેઘરજ-શીણાવાડ-વટાવતો ત્રીજે દા'ડે મોડાસા રણછોડ કડિયાને ત્યાં રાત ગાળવા ઊતર્યો. રાતે દાઝ ચઢતાં ખોડા પગનો જોશથી ઝાટકો માર્યો. કડાકો થયો. બધાં દોડી આવ્યાં શું થયું ?? જુએ છે તો ઢીંચણનો કાટખૂણો મટી ગયેલો. પગ માંડી શકતો હતો. સવારે જ માંડલી કાગળ મોકલ્યો ને સૌને જણાવ્યું કે પગ હવે પહેલાંના જેવો જ થૈ ગયો છે... હું દોડી શકું છું... રેવાએ તો હનુમાન દાદાને તેલ-નાળિયેરની બાધા રાખેલી. એ તો તરત મંદિરે ઊપડેલી. આ બાજુ રાજસ્થાન ફરીને મહારાજ કાંતિને ઘેર પધાર્યા. હવે એ અહીં જ રહેવાના હતા. ભીંતે પોતાની તલવારની અવદશા જોઈને પનાલાલ પર ગુસ્સે ભરાયેલા પણ એનાથી થયેલી પગની આબદા જાણીને જીવ બાળવા લાગેલા... પણ પગ સાજો થવાનો કાગળ મળતાં જીવ હેઠો બેઠેલો. આ બાજુ વાવાઝોડા સાથે પહેલો વરસાદ થતાં માંડલી ગામે હળોતરાં કર્યાં...ને પેલી બાજુ પનાલાલે ઈડરમાં નવા પાઠ ભણવા માંડ્યા...

# 14

ખોડા પગ સાથે માંડલી છોડ્યું ત્યારે હરિભાઈ, પહેલી જ વાર આમ, પનાને છાતીસરસો ચાંપતાં રોઈ પડેલા. બેઉ બહેનો આવીને મળી ગયેલી... રસ્તામાં સંતીબહેનનું ગામ આવતું હતું. હરિભાઈએ પનાને કહેલું રાતે ત્યાં રોકજે ને પછી નીકળજે મેઘરજ જવા. હરિભાઈ બે દિવસ પહેલાં બાજુના ગામે જવા - હળ જોડવાનું બંધ રાખીને - નીકળી ગયેલા. પનાને પગે માલિશ કરવા ઘેટીનું ઘી લઈ આવેલા. આટલા દિવસ તો રેવા પગે માલિશ કરતી હતી. બે દિવસ વળી વસ્તાકાકાનો છોકરો નાનો - પનાની બરાબરીનો હતો તે - માલિશ કરી આપવા જિદ્દ કરતો રહેલો. 'તારી જીજી (લાલીકાકી) જો ભાળી જશે તો મને મણનો છ શેર કરી મેલશે, હાં !' પનાની ના છતાં નાનો 'પનાકાકા' પર વરસી પડેલો.

ઈડર જતા પનાલાલને ભાડાના પૈસાનું પૂછનારુંય કોઈ નહોતું. જોકે એણે સામેથી જ હરિભાઈને કહેલું કે ભાડાના પૈસા તો મારી પાસે છે, ને ત્યાં ખર્ચની વ્યવસ્થા, બાવજીએ ખેમજીભાઈસાહેબને પૈસા જમા કરાવીને કરેલી છે; આઠદસ માસ તો નીકળી જશે. પછી જોઈશું. વળી - આઘે આઘે ગોરખ જાગે ! મોટા ભાઈએ (હરિભાઈએ) અફીણ માટે સાચવેલા આઠ આના આપતાં કહેલું કે : 'લ્યે, રાખ. ચવાણું ખાજે. ઉં જાંણું સું કે તારું હવે ભગવાન વિના કોઈ નથી...' આંખો ફરીથી ચૂઈ પડેલી.

ખોડા પગેય ઈડર જવાની હામ તો રેવાએ બંધાવેલી : 'જો, હવે તો દોઢ

પગે, તારાથી ખેતીય નહિ થાય. બાવજી તો હવે ભમતારામ છે. તું જા, અહીં તારું કોઈ નથી... ભણ્યા વિના તારો ઉગારો નથી !' ગુંજારમાં પનાલાલ રેવાને બચી જેવું કરી બેઠેલો ને બોલેલો : તું યાદ આવ્યા કરવાની...

પનાલાલે ઢીંચણે 'શીંગડી મુકાવી' એ વાતથી બધાં એની સહનશક્તિ વિશે જાણી ગયેલાં... 'વેઠવામાં તો પાછો નહિ પડે !' મેઘરજના મંદિરમાં રામ-સીતા--લક્ષ્મણની મૂર્તિઓને વંદતાં જૂના દિવસો સાંભરેલા. આગળ જતાં આંબાવાડિયું આવ્યું - જ્યાં પોતે ગીત ગાયેલું ને કુંવરસાહેબ રાજી થયેલા. પેલો કોટપાટલૂન-વાળો કિશોર યાદ આવ્યો. શીણાવાડનો ઝાંપો છોડતાં, છેલ્લી વાર જ્યાંથી બાએ વિદાય આપતાં બચીઓ-વહાલથી નવરાવી દીધો હતો તે સ્થળ આવતાં એના પગ બંધાઈ ગયેલા. બા – જાણે હાજર હોય તેમ આંખો દડદડી ચાલેલી ને બોલાઈ ગયેલું : "બા, તારો લાડકો પનો હવે એકલો પડી ગયો છે - ભગવાન વિના એનું કોઈ નથી... બા !'' ઈડરની બોર્ડિંગમાંય બધું યાદ આવતું હતું. રેવા અને બાઈબા બંને એકબીજામાં મળીભળી જતાં ને યાદ આવતાં હતાં. બે માસે ગંઠાઈ ગયેલો ઢીંચણ કડાકા સાથે છૂટો થયો એમાં પનાલાલને પ્રભુની કૃપા અને હીરાબાના આશીર્વાદ જ દેખાયેલાં. પણ સમજણો હતો એટલે તર્ક પણ આવતા. ઢીંચણ ખૂલવાનાં ત્રણ કારણ :

– રેવાની કરેલી ઘીની માલિશનું ફળ. એમાં રેવાનો પ્રેમ પણ ખરો.
– આટલું લાંબું ચાલતાં નસો છૂટી થઈ હોય અને લોહીવહેતું વધ્યું હોય એ સ્વાભાવિક છે.
– પોતે કરેલી હિંમત... પગને ઝાટકવાની સૂઝ !

પનાલાલનું ચિત્ત તો ભણવામાં રહેતું હતું પણ હવે સાથીદારો બદલાઈ ગયા હતા. કેટલાક ભણી ઊઠ્યા તો કેટલાક અમદાવાદ કે બીજે ભણવા ગયેલા. પનાલાલ પહાડોમાં ફરતો. ઝરણાં પાસે બેસી રહેતો. રાણી તળાવે નાહવા જતો. ગઢ ઉપર છેક ટોચે 'રૂઠી રાણીના માળિયા' (જે આમ તો ચોકી માટેનો ઓરડો હતો.) સુધી જતો. ઉપરથી આખો મલક દેખાતો... બધાં યાદ આવતાં. પહાડો પર વાદળ ઊતરી આવતાં એવી સાંજો ગમતી હતી. ગઢ ઉપર વાવ-કુંડ-કૂવા અને ગુફાઓ હતાં. બાવા-સાધુય રહેતા હતા.

શંકરલાલ માસ્તરને સરકારે બીજે મૂક્યા હતા. કાલિદાસ મોદીસાહેબ અને ખીમજીભાઈ પરમારસાહેબ પનાલાલની કાળજી રાખતા હતા. ધનેશ્વરીની

ટેકરી પર દેરી હતી. દેરી મોટા પથ્થર પર હતી. આખી ટેકરી પથ્થરોની જ હતી. અરવલ્લીના આ પહાડો લાખો વર્ષ જૂના મનાતા હતા. એના પથ્થરો સફેદ અને રતાશના મિશ્રણવાળા...એના ભાતભાતના આકારો પનાલાલની કલ્પનાને સંકોરતા હતા. માણસ જેવા આકારો હતા, કોઈમાં વળી નૃત્યાંગનાની અદા દેખાતી તો કોઈ દૂરથી કન્યાના એક બાજુના ચહેરા (સાઇડ ફેસ) જેવો વર્તાતો. ખોપરી, બાજ, ગીધ, મગર, હાથી, ઈંડા જેવાય આકારો દેખાતા. કુદરતનું આવું રૂપ જોવાનું આ વર્ષે જ કેમ સૂઝ્યું હશે ?! કદાચ, હવે સમજણ વધવા માંડી હતી. બોર્ડિંગનાં કામમાં પણ પનાલાલનું નામ આગળ હતું. પ્રાર્થના ગવરાવવી અને ભજન ગાવું - એમાંય બધાંનું ધ્યાન એના તરફ રહેતું. કંઈક માનપાન પણ વધ્યાં હતાં. હાસ્તો ! હવે એ વડો નિશાળિયો હતો.

દિવાળીની રજાઓમાં માંડલી ગયો ત્યારે બે-ત્રણ વાતો જાણી હતી. એક તો બાવજી મેઘરજનું મંદિર છોડીને હવે કાન્તિના ઘરમાં માંડલીમાં જ રહેતા હતા. ભગવાનનો પૂજારી રાંડીરાંડના ઘરમાં રહે એની લોક ભારે નિંદા કરતાં હતાં. બીજી વાત તે બાવજીના બાપા રણછોડ ભટ્ટ છેલ્લી અવસ્થામાં હતા. તેમણે જય-શંકરને (બાવજીને) કાગળ લખેલો કે હવે મારાથી કશું થતું નથી. છેલ્લા દિવસો છે. જમીન-ઘર પણ વેચી ખાધાં છે - હવે મરણ તારી હાજરીમાં થાય તો સારું. મને લઈ જા ! બેસતા ચોમાસે જ હરિભાઈ ગાડું જોડીને છેક નડિયાદ પાસે ચકલાશી જઈને રણછોડ ભટ્ટને માંડલી લાવેલા. એક ભાડાના ઘરમાં જયશંકરે બાપાને રાખેલા... સેવા કરતા જતા હતા ને માયાના કૂંડાળામાંથી નીકળવા મથતા હતા. ઘોડી વેચી દીધેલી. અમદાવાદ જઈને ‘યોગવાશિષ્ઠ’નો ગ્રંથ ગુજરાતી ટીકા સાથે લઈ આવેલા. બીજાં પુસ્તકોય હતાં. બધું વાંચીને બાવજી મનને સ્થિર કરવા અને તપ-સાધનાને દૃઢ કરવા મથતા રહેલા. છેવટે રણછોડ ભટ્ટ તો બે--ત્રણ માસમાં જ મૃત્યુ પામ્યા. માંડલીના સ્મશાનમાં વાત્રકને કાંઠે એમની ચેહ ખડકાઈ... ક્યાં ચકલાશી ને ક્યાં માંડલી ! ભગવાનનો ખેલ તો જુઓ. બાવજીએ બાપા પાછળ બધી ક્રિયાઓ કરી. ગામ જમાડ્યું ને ફૂલ છેક નર્મદા-ચાણોદ જઈને પધરાવેલાં. પણ કાન્તિની બાનું વળગણ નહોતું છૂટ્યું... જીવ વધુ ને વધુ લપટાતો હતો ને નિંદાય વધતી હતી.

ત્રીજી વાત તે ‘પનાલાલનો એક પગ ખોડો છે; આમેય વિવાહમાંથી રહી ગયો છે; બાવજીએ ભણવા મુકાવીને એને ‘છાંયડાનો જીવ’ બનાવી દીધો છે તે હવે તો કોઈ કન્યા નહીં આપે.’ બધે વાતો થતી હતી. કોઈ વળી ઉમેરતું -

કે બાવજીય માયામાં પડ્યો તે હવે એને ભણાવવામાંથીય રઝળાવશે ! આવું સાંભળતી રેવાનો જીવ કપાતો. પનાલાલ આવ્યો એટલે તેણીએ આ બધું જ એને કહેલું. પણ એનો પગ સાજો સમો થઈ ગયાના સમાચાર જાણીને પોતાને થયેલો આનંદ વ્યક્ત કરતાં એ અભણ છોકરી બોલેલી, 'તારો સાજોસમો થયેલો પગ જોવા, જો મને પાંખો હોત તો ઈડર જ ઊડી આવત, હા ! મેં હનુમાનજીને તેલ-નારિયેળ ચઢાવવાની બાધાય રાખેલી... તે ફળી. મેં બાધાય કરી હાં કે !' પનાલાલ તો આ બધું વળતી વાટે યાદ કરતો જતો હતો.

બાવજીએ બાપાની સેવા સાથે ગામમાં નિશાળ કાઢેલી. એમ જ. છોકરાં બોલાવતા ને ભણાવતા. પણ બાપા ગયા એટલે પાછા ફરીથી તપ કરવા - દેશાટન કરવા નીકળ્યા. ક્યાંકથી નવી પાણીદાર ઘોડી લાવ્યા... મેઘરજ છોટુને મળીને નીકળી પડેલા. છોટુને કહેતા હતા – 'લાગણી વિનાનું જીવતર નકામું. સાધુમાંય માણસ માટે લાગણી હોય તો કશું ખોટું નથી. આટલો વખત જાતને કસોટીએ ચઢાવી જોઉં... પછી તો દુનિયા ઝખ મારે છે...' બાવજીએ એક વાર તો રોઝ(નીલ ગાય)નું બચ્ચુંય પાળેલું. પનો મેઘરજ મંદિરના વાડામાં એને પાણી પાતો. પણ એય એક વાર છીંડું જોઈને ભાગી ગયેલું. અશ્વ વિશેય બાવજીની માન્યતાઓ હતી. પનાલાલને કહેતા હતા કે અશ્વ તો પ્રાણનું પ્રતીક છે ને આવે-ગોમાંથી છોડાવે છે. બે માસના રઝળપાટ પછી બાવજી માંડલીમાં પરત આવેલા. સાથે ઘોડી નહોતી. પણ પેલા ગ્રંથો તો હતા. નિશાળ ફરીથી શરૂ કરી પણ ખાસ શક્કરવાર ના વળ્યો. લોક કહેતું હતું, 'બાવો ભમરીના ફેરમાં આવી ગયો છે ! બાપડો !!'

પનાલાલમાં વય કરતાં વહેલી સમજણ આવી હતી. દિવાળીની રજાઓમાં એણે બાવજીને બરાબર પારખ્યા. એક તરફ માયામાં ફસાતા જાય છે ને બીજી તરફ પુસ્તકો વાંચીને, જ્ઞાન મેળવીને, એ દ્વારા સંસારથી છૂટવા મથે છે. પણ આ તો 'બાવાનાં બેઉ બગડ્યાં' જેવી વાત હતી. પનાલાલને કહેવત અને લોક : બંને બરાબર સમજાતાં હતાં. ગામનું લોક બાવજીની ટીકા તો કરતું જ હતું પણ થૂ થૂ કરનારાંય હતાં. હાસ્તો, ગામની રાંડીરાંડના ઘરમાં પારકા મલકનો બાવો પડ્યોપાથર્યો રહે એ કોને ગમે ? પણ બાવો બરાબર-નો લપેટાયો હતો... ભજન ગાઈને રાજી રહેનારો બાવો હવે ભોગમાં ભગવાં લૂગડાંને ડાઘ પાડી બેઠો હતો. આસપાસનાં ગામોમાંય ટીકા થતી હતી. અરે ! કેટલાક તો કહેતા હતા કે - 'માંડલીના લોક, આવો ગંદવાડો ચ્યમના ચલાવી લ્યે

સે...? ચ્યાં જ્યા માંડલીના મરદ ? બાવાથી આટલા દબાઈ જવાનું કાંય કારણ ?! બાવાને મળીને ચાર વાતો કહી દેવાની કે ભાઈ ! વિધવાના ઘરમાં આવા ભવાડા ગામથી જોવાતા નથી ! આ તો ગામની આબરૂનો સવાલ છે, હા ! માટે ખભે ભરાવો ખડિયો ને ચાલતી પકડો ! તમે તો કહેતા'તા ને કે સાધુ તો ચલતા ભલા ?!'

ધનેશ્વરીની ટેકરી પર મહાકાય હાથિયા પથ્થરોની છાંયામાં વાંચતો પનાલાલ ગામ ભણી જોતો અને બાવજી તથા એમની પછવાડે થતી નિંદા સાંભળતો... એને વહેમ હતો જ કે 'એક દન ગાંમ વીફર્યા વના નહીં રહે !' મનમાં ફડક હતી એ જ થયું. કદી નંઈ ને એક દિવસ હરિભૈનો કાગળ આવ્યો. પનાને થયેલું કે નક્કી કંઈક અશુભ કે ગરબડ હશે ?... કે પછી હવે આવતી હોળી પછી પોતાનાં લગન લેવાનીય વાત હોય કાં તો ?' પણ કાગળમાંથી તો બાવજીની જ વાત નીકળી. હરિભાઈએ જીવરામ ભટ્ટ પાસે કાગળ લખાવ્યો હતો...ને એ ગોરના; ઇજનેરનું ભણતા દીકરાએ ટૂંકમાં પણ માર્મિક રીતે બધું સમાવ્યું હતું. ગોર સાથે આવેલો જીવરામ ભટ્ટ મુંબઈમાં ઇજનેરીનું ભણતો હતો.

ગોર સાથે હરિભાઈને ઘેર આવી ચઢેલા બાપદીકરાને ભગવાને જ મોકલ્યા હતા. પાછળથી પનાલાલે બધું જાણેલું તે અને પત્રનો સાર કંઈક આવાં હતાં :-

બાવજીને કાંતિના ઘરમાંથી કાઢવાના હતા. માંડલીથી ઉચાળા ભરાવવાના હતા. પણ બિલાડીના ગળે ઘંટ કોણ બાંધે ? આ તો મલક ફરેલો ને મંત્રવિદ્યા જાણનારો બાવો..કૈંકનું કૈંક અવળું કરી બેસે, એટલે સૌ ડરતા હતા. ગામે મળીને બધો ભાર હરિભૈ પર નાખ્યો. બાવો મૂળે તમારે ઘેર આવતો હતો. તમારો ભૈ પનાલાલ ભણે એમ કરીને બધાં બોલતાં નથી, પણ હવે તો હદ થાય છે; હા, ભૈ ! 'બાવો પેંધી જ્યો સે'...માટે તમે જ મોર્ય થૈને એને કહો કે, 'બાવજી ! ગાંમને આ ગમતું નથી. આ તો ગાંમની આબરૂનો સવાલ છે. ગાંમને કપાળે આ તો લાંછન ગણાય...માટે હવે ધાતે ત્યાં જતા રહો...બસ ! જે બાવાને 'નમો નારણ' વના બીજું કદી કહ્યું નહોતું એને હરિભૈએ આકરાં વેણ કહેવાં પડ્યાં. બાવજી તો સામે થયા. હઠે ભરાયા. 'નહિ જાઉં...તુમ ક્યા કર લોંગે ?' ગામના જુવાનિયા વીફર્યા. બાવાનો સામાન રસ્તામાં ફેંકી દેવા વળ્યા. કાંતિની બા છૈયાં લઈને વાડામાં દૂર પરાળના ઑગલાઓ પાછળ સંતાઈ ગયેલી. રૂપાકાકાને લાગ્યું કે પોલીસકેસ થશે તો ગામ માર્યું જશે. એમણે બાવજીને વીનવ્યા. આજીજી કરી. બાવો સમજી ગયો.

છેવટે ઊંટ પર સામાન લૈને બાવો ગામ છોડી ગયો હતો. માંડલીમાં હાશકારો થયો. ગામની આબરૂ-નાક જતાં હોઠ બચે એટલી - બચી ખરી ! પણ હરિભૈને ચિંતા પેઠી હતી. નક્કી આ બાવો મેલી વિદ્યાય જાણતો હશે જ. હવે ઘરની ખેરિયત નહિ રહે... ને બાવો હવે પનાને તો ભોળવીને ઉપાડી જ જશે. સંતીબહેને તો સાસરેથી દોડી આવીને ભાઈને ઠપકો કરેલો કે, 'તમારે ગામની આગળ થવાનું કાંય કારણ ?' સંતીબહેનની ચિંતાય પના માટેની જ હતી. એણે જ તો રડીલડીને આ પત્ર લખાવેલો. પત્રમાં છેવટે લખેલું કે, 'પના, તું હવે બાવજી પાસે ના જૈશ...એ તને ભોળવીને લૈ જશે...તને આવવા નૈ દે ! માટે પરીક્ષાઓ પત્યે બધો સામાન બાંધીને ઝટ માંડલી ભેગો થૈ જજે. આપડે બહુ ભણ્યા ! ભગવાંનની મરજી હશે તો હૌ હારાંવાનાં થશે....' પનાલાલને બધી ગડ બેસી ગઈ હતી. પણ એણે મનોમન નક્કી કરેલું કે બાવજીને મળ્યા વિના ચાલે નહિ. બાવજીને લીધે તો એ ગામથી આટલે વેગળે આવીને ચાર ચોપડી ભણી શક્યો છે. કૈંક માણસના બીબામાં ઢળાયો છે. માયા તો કોને નથી હોતી ? પાણીદાર ઘોડોય ક્યારેક ઠોકર ખાઈ જાય તો શું થાય ? એમ એને છોડી દેવાય છે કૈં ? આ જ તો બધા જિન્દગીના ખેલ છે...

પરીક્ષાની તૈયારી ચાલતી હતી ને ત્યાં જ વળી બાવજીનો પત્ર આવી પડ્યો. છાતીના ધબકારા વધી ગયા હતા - પણ પત્ર વાંચીને નિરાંત થઈ હતી. બાવજીએ માંડલીની રામાયણ કે હરિભાઈનાં વેણ કે એવુંતેવું લખ્યું નહોતું ! જમાનાનો ખાધેલ સાધુ એવો કાચો થોડો હોય ! એમણે તો ચાર જ લીટી લખેલી :

> *'બચ્ચા ! પરીક્ષા સરસ રીતે આપજે. પરિશ્રમ કરના ! પરીક્ષા પત્યે સીધો મારી પાસે ફલાણે ગામે આવજે. મેં માંડલી ને મેઘરજને રામરામ કર્યા છે. સાધુ તો ચાલતા ભલા ! હવે તલોદ--મોડાસાની વચ્ચેના ફલાણા ગામે કાંતિ સાથે મંદિરમાં રહું છું... બધું સારું છે. તારાં પુસ્તકો ને સામાન બધું અહીં લાવજે. રામજી કરશે તો હવે તને અમદાવાદ ભણવા મૂકવો છે...ડિલ સાચવજે.*
>
> *એ જ, લિ.*
>
> *જયશંકરાનંદની શુભાશિષો..'*

'બચ્ચા' શબ્દ પનાલાલના કાનોમાં વહાલભર્યો રણકતો હતો. પણ હવે એમાં ચિંતાય ઉમેરાઈ ચૂકી હતી – માંડલી અને બાવજીના ઝઘડાની ચિંતા !

હવે પનાલાલને ખ્યાલ આવ્યો હતો કે હજી તો દોઢ-બે મહિના રહેવાનું છે ને

બોર્ડિંગની ફી જેટલા પૈસા ખીમજીભાઈ પાસે જમા નીકળશે કે ? પનાલાલ માટે જાણે ચિંતાઓ પ્રારંભાઈ ચૂકી હતી. ખીમજીભાઈએ કહ્યું કે હજી સાતેક રૂપિયા જમા છે. આવતા મહિનાની ફી કાઢતાં ત્રણચાર રૂપિયા વધશે તે તને ઘેર જતાં કામ લાગશે. પી. ધનજીની પેઢીના શેઠે ગયા વર્ષે પુસ્તકો આપ્યાં ત્યારે શરત કરેલી કે ભણીને વર્ષ પૂરું થાય એટલે પુસ્તકો પાછાં જમા કરાવી જવાનાં ને નવા વર્ષનાં લઈ જવાનાં ! ચારેક રૂપિયા મળશે તો અમદાવાદ જઈને પુસ્તકોનું કામ પતાવીને રજાઓમાં નવાં પુસ્તકો લઈને, બાપજીને મળીને, માંડલી જવાશે. પણ હવે આવતા વર્ષની બોર્ડિંગ ફી તથા શાળાની ફીનું શું થશે ? ખીમજીભાઈસાહેબે પણ એમ જ કહેલું ને ઉમેરેલું – હવે આ સ્કૂલ ‘એ. વી. સ્કૂલ’ મટીને ‘સર પ્રતાપ હાઈસ્કૂલ’ થઈ છે. આવતે વર્ષે સાતમું ધોરણ ખૂલે છે. બાવજી જો તને પૈસા અપાવશે તો પ્રવેશ મળશે. બાકી તો હવે અઘરું છે !

પૈસાનું દર્શન તો હિમાલયના દર્શન જેટલું મુશ્કેલ હતું. બાવજીએ આ વર્ષે કપડાં કે ભાડાના પૈસાની વ્યવસ્થા ના જ કરી ને ? હવે એ કાંતિની વાઈની દવામાં ખર્ચો કરે છે. ને કાંતિની બા માટેય લૂગડાંલતાં.... પનાલાલ વિચારતો હતો. બાવજીને પત્રનો જવાબ લખતાં આવતા વર્ષના ખર્ચની વાત લખીને હાલ તો નચિંત પનાલાલ પરીક્ષાની ઘોડીનો હણહણાટ સાંભળતાં જ સભાન થઈ ગયો હતો.

આ વર્ષે ભારે વીત્યું હતું. પરીક્ષામાં નંબર જાળવવો એ નેવનાં પાણી મોભે ચઢાવવા જેવું લાગતું હતું. સંસ્કૃત, ભૂમિતિ અને બીજગણિત જેવા વિષયો નવા ઉમેરાયા હતા. ખોડા પગને લીધે મહિનો – દોઢ મહિનો ભણવામાં મોડો પડ્યો હતો. સરવાળે સ્થિતિ ‘દુકાળમાં અધિક માસ’ જેવી થઈ હતી. બે વર્ષથી નવલકથાઓ વાંચવાનો રસ જાગેલો. ઓણ સાલ તો એય ખાસ ન વંચાઈ... ને ક્રિકેટ રમતાં શીખેલો તે જાણે બૅટ પકડવાનું જ ભુલાતું જતું હતું. એમાં વળી બાવજીના પ્રશ્નોની રામાયણ પણ ધ્યાન બીજે વાળતી હતી... ને જીવ બાઈબાના કાગળની અકારણ વાટ જોતો હતો. પૈસાની ખેંચ પણ ઠીક ઠીક રહેતી હતી. આ બધા ભાર વચાળે વાંચી વાંચીને ઠૂસ નીકળતી હતી..પણ બાને વચન આપેલું કે ભણીશ; ને રેવાના બોલ પણ યાદ આવતા હતા... મહેનત થઈ હતી ને પેપર સારાં લખાયાં હતાં.

પરિણામ રાજી કરનારું હતું. ત્રીજો નંબર જળવાઈ રહ્યો હતો. પણ ચિંતા

હતી કે હવે બાવજી મદદ નહિ મેળવી આપે તો ઈડર ભણવા નહિ અવાય. એટલે મોઘમ વિદાય લેતો હોય એમ પનાલાલે સૌને ચાહીને મળી લીધું હતું. ડુંગરોનેય વંદીને યાદ કરેલા. પહેલાં તો જૂની ચોપડીઓ પરત આપવા ને નવી લેવા એ અમદાવાદ ઊપડેલો. વાટમાં વિચાર આવેલો કે ડુંગરપુર રાજમાંય ભણવા મળે. પણ બે વર્ષ પહેલાંની વિચિત્ર ઘટના યાદ આવી. પનાલાલે સ્કૉ-લરશિપ માટે અરજી કરેલી. ડુંગરપુર રાજમાંથી એનો જવાબ ઈડર બોર્ડિંગમાં આવેલો. લાંબું પરબીડિયું. આમ તો વાત શુકનવંતી હતી. લખેલું :

'અગર તુમ ડુંગરપુર આકર અભ્યાસ કરોગે તો તુમકો રાજ્ય તરફ સે વજીફા દિયા જાયગા' વગેરે.

વાત તો સારી હતી. પણ ઘેર ગયેલો ત્યારે ખબર પડેલી કે ડુંગરપુરના રાજાના દીવાને પનાલાલના ઘરની સ્થિતિ જાણવા ઘોડેસવાર મોકલેલો. એણે તો જાણે ઊલટતપાસ કરતો હોય એમ હરિભાઈને પનાલાલના ભાગની જમીન કોણ ખેડે છે, એય પૂછેલું. આનાથી ભાઈનેય દુઃખ થયેલું. સ્કૉલરશિપની તો મા મૂઈ ! પણ ભાભીએ તો બધાંને કહેલું કે, 'જોયું, ભણાવ્યો તે વેંતનો દિયર ભાગ માગે સે..' ગામે પણ વગર સમજ્યે પનાલાલની ટીકા કરતાં કહેલું કે ભાગ જોઈતો હોય તો રાજને લખવાની શું જરૂર ? ભાગ તો ગામ અપાવશે. પનાલાલે ખુલાસો કર્યો ત્યારે ભાઈ ઠર્યા અને પોતે દીવાનને જઈને મળી આવેલો ને કહેલું કે મારે આ રીતે નથી જોઈતી સ્કૉલરશિપ ! અભણ લોકમાં બધું આંધળે બહેરું કૂટાય તે આનું નામ ! રજનું ગજ થયું ને એને માપમાં લાવતાંય સંબંધોમાં જરાક ખટાશ પેઠી હતી...ખેર !

નવાં પુસ્તકો લઈને પનાલાલ ઈડર આવેલો. સાહેબોને મળી લીધું ને પછી વિદ્યાભૂમિને પ્રણામ કર્યા. જાણે મોઘમ વિદાય જ લઈ લીધી. ગાડીમાં બેઠો. તલોદ ઊતરીને બાવજીને મળવા જવાનું હતું. મોડાસાની બસમાં જતાં, રસ્તામાં એક સ્ટેન્ડે ઊતરીને, પાંચેક માઈલ ચાલીને બાવજીના નવા મુકામે જવાનું હતું.

તલોદથી બસમાં બેસતાં પનાલાલને ઈડરમાં પોતાની પાછળના વર્ષમાં ભણતો મરાઠી છોકરો ભૈયાલાલ મળ્યો. એના બાપાકાકા આ તરફ ધંધાર્થે હતા. એનું ગામ બાવજીના મુકામવાળા ગામથી બેઅઢી માઈલ હતું. બંનેને એક જ સ્ટૅન્ડે ઊતરીને ચાલતા જવાનું હતું. રસ્તામાં ભૈયાલાલના ગામે રાતવાસો થશે ને એમ મારગ પણ સંગાથમાં કપાશે. બંને ભેરું ભણતરની કઠણાઈની વાતો

કરતા કરતા ગામે પહોંચ્યા. ત્યાં પાદરમાં હવાડે બળદ-ભેંસો પાનારા લોકો હતા. વાટમાં ભેંસોથી બચીને ચાલતા પનાલાલને કાને અવાજ પડે છે - 'કુણ ? ભિયા, પનાલાલ તો નહિ ?' ઓહ ! વાહ રે નસીબ ! આ તો બાઈબાની સખી. સખીનું આ સાસરું. પનાલાલ તો તરત બાઈબા વિશે પૂછી બેઠો. સખીએ કહ્યું - કાલે ઘેર આવો, પછીની વાત પછી.

ભૈયાલાલ સાથે વાતોમાં રાત પડી. સવાર થતાં જ સખીનો પતિ જમવાનું નોતરું દેવા આવ્યો...પછી તો વાતો થઈ. સખીનો તો પતિ સારો ને સમજદાર હતો. જમાડી - જમીને એ તો નોકરીએ નીકળ્યો... સખી અને પનાલાલ એકલાં પડ્યાં. હવે કપરી વાત કરવાની હતી. પનાલાલ બાઈબામય હતો ને જાણવા ઉત્સુક હતો. બીજી તરફ સખી બાઈબાનું ઘર બચાવવા માગતી હતી. હાસ્તો ! સાસરે વળાવતાં બાઈબાએ પનાલાલ માટે પોશ પોશ આંસુ પાડેલાં એની એ સાક્ષી હતી. ઘણી સમજાવટ પછીય બાઈબા પનાલાલની યાદોમાંથી બહાર નહોતી નીકળતી. સખીનો હાથ છાતી પર રાખીને સોગંદ આપેલા કે તારી ન્યાતના છે તે તને તો ક્યાંક ને ક્યાંક મળશે. મળે તો કહેજે કે તમારી બાઈબા તમારા વના પાંણી બ્હાર્ય માછલીની જેમ તરફડે છે...આજે સખીએ વિચાર્યું કે આ બેઉ જણાં જો મળશે તો ભારે થશે ! આ જણ બાઈબાનું સાસરું જાણશે તો ત્યાં ગયા વિના નહિ રહે...એના કરતાં લાવને – એક ઝાટકે વાત પૂરી ! જૂઠું બોલીનેય જો 'દારૂ ને દેવતા'ને નોખાં રખાતાં હોય તો...એટલું પાપ કરવું સારું છે... બંનેનું ભલું એમાં જ છે !

પનાલાલની ઉત્સુક પૃચ્છા અને તરસી આંખોમાં બાઈબાને જોવા છતાં સખી જીવ કાઠો કરીને બોલી રહી હતી : 'ભિયા ! બાઈબા હવે આપણી વચ્ચે નથી રહી...એને ભૂલી જાવ..' પનાલાલની છાતીમાં જાણે ચિરાડો પડ્યો. આંખો દડદડી પડી. મન કબૂલતું નહોતું ! ના, બાઈબા મને મળ્યા વિના મરી જ ન શકે ! ઘણુંય પૂછ્યું કે એ તો સાજીનરવી ને મજબૂત હતી. મરે એવી નહોતી; શું થયું ? કેમની - કેમ કરતાં એને મરણ આવ્યું ?... પણ સખીએ વાત કાપી જ નાખી... છેવટે કહ્યું હતું : 'ભિયા ! ભૂલી જાવ. જે માણસ જ નથી રહ્યું એને યાદ કરવાથીય શું ! દુઃખનું ઓસડ દા'ડા...હાસ્તો...આપણે તો લાચાર જીવ...' સખીની આંખોમાંય પાણી હતાં. એ પાણી તો આ બે પ્રેમીઓની અઢળક પ્રીતનાં સાક્ષીરૂપ હતાં..ને પ્રગટવાનું કારણ બેઉને જુદાં રાખવાની વણસોંપેલી કઠોર જવાબદારીનું ! આ સારી વાત હતી કે કુમતિ હતી એય જાણે નક્કી નહોતું થઈ શકતું...

દુનિયાદારી; સમાજસંસારની નિર્દય નીતિરીતિઓને લઈને વેડફાતાં આંસુ ને વલખતાં મનેખને સખી સમજવા મથતી હતી...પનાલાલે પછીથી વાત જાણેલી કે સખીએ બેઉના ભલા માટે થઈને જુઠ્ઠું બોલવાનું પસંદ કરેલું...ને પનાલાલની ‘મળેલા જીવ’ નવલકથા પ્રગટ થઈ અને બાઈબાને એ વાંચવા મળી ત્યારે એણે સખીને મળીને કહેલું : ‘તું કહેતી હતી ને કે તને શું મળશે ? એ થોડો મળશે ? નાહકની દુ:ખી થાય છે..તે જો; મને આ ચોપડી મળી - આ મારો જીવ છે. આમાં હું જ છું... હા !’ ‘મળેલા જીવ’ને છાતીસરસી ચાંપનારી ને એમાં ખોવાઈ જનારી બાઈબા સાચ્ચે જ ‘મળેલા જીવ’-ની જીવી જ હતી જાણે ! જીવનનું રૂપાંતર તે આ જ ને ! ને જેણે પ્રીતને જૂજવે રૂપે અનુભવી તે સર્જક પન્નાલાલ પટેલ જ કહી શકે કે – ‘‘ ‘મળેલા જીવ’ સર્જન નથી, ‘અવતરણ’ છે. કોઈ લખાવતું હતું ને હું તો માત્ર ઉતારતો હતો.’’ આ પ્રીતનું ઊર્મિકાવ્ય બાઈબાનાં આંસુની નીપજ છે.

# 15

ભૈયાલાલની રજા લઈને બાવજીવાળા ગામે જવા નીકળેલા પનાલાલના હૈયામાં વેદના હતી. રજાઓ પડ્યાનો, પરીક્ષામાં ત્રીજો નંબર જળવાયાનો ને નવાં પુસ્તકો મળ્યાનો આનંદ ઓસરી ગયો હતો. બાઈબાનું મૃત્યુ હજી માની શકાતું નહોતું. બાના મૃત્યુ વખતે જેવી ને જેટલી વેદના થઈ હતી તેવી ને તેટલી વેદના- વ્યથા થતી રહેલી. મનમાં પેલો જ પ્રશ્ન ઊઠતો હતો : ભગવાને મરવાનું શું કામ બનાવ્યું હશે ? વળીવળીને પાન ખાવા-ખવરાવવાનો પ્રસંગ યાદ આવી જતો હતો. આખા ચહેરા પર - ગાલે-હોઠે-કપાળે-એ ઊનો ઊનો ભીનો ભીનો ગમતીલો ચચરાટ પુનઃ વ્યાપી જતો હતો.

બાવજી પાસે પહોંચ્યો. વંદન કર્યાં. બાવજી વધારે ગંભીર લાગતા હતા. કાંતિને ડિલે હાથ પસવારી વહાલો કર્યો. જગ્યા વિશાળ તેમજ સરસ હતી. એકાંત પણ સારું હતું. જમ્યા. આરામ કર્યો. ઢળતી રાતે બાવજીએ પૂછેલું કે, 'હરિભાઈએ તને કાગળબાગળ લખેલો કે નહીં ? પનાલાલ પામી ગયો. જૂઠું બોલવાનું નહોતું. પણ વાત ટૂંકમાં કહી. ગામની ભીંસને આગળ કરી હરિભાઈનો બચાવ કર્યો. બાવજીને ખ્યાલ હતો કે લોહીની સગાઈ પક્ષ તો પોતાના ધબકા-રનો જ લ્યે ને ! બાવજીએ એને પૂછેલું કે આપણે ભણતર માટે દાતા શોધવા અમદાવાદ જવું છે કે તું પહેલાં માંડલી જઈ આવે છે ? પનાલાલે માંડલી જઈને, પછી પાછા આવ્યા કેડ્યે અમદાવાદ જવાની વાત કહી હતી. બાવજી પનાલાલની પક્કાઈને ના ઓળખે એમ તો બને ?! જોકે પનાલાલે તરત ઉમેરેલું કે તમે કહો

તો પહેલાં અમદાવાદ જઈએ. મને ઉતાવળ નથી. માંડલી ક્યાં નાસી જવાનું છે ?! ખરું પૂછો તો બાઈબાના શોક આગળ કશ્યે જવાની ઇચ્છા જ નહોતી... પણ -

બાવજી પ્રગટ બોલી ઊઠ્યા હતા : 'તને માંડલીથી તારા ઘરનાં પાછો મારી પાસે નહિ આવવા દે. જોજે. એમને હવે બાવજીમાં વિશ્વાસ નથી..પણ જા, જઈ આવ. કપડાં-ચોપડાં અહીં જ મૂકતો જા. કાંતિની બાને કહેજે મળવા આવી જાય.' પનાલાલને એટલી સમજણ પડવા માંડી હતી કે બાવજી હવે 'રમત રમી રહ્યા છે; ને એમાં નાહકનો એને સંડોવી રહ્યા છે. રૂપાકાકા કહેતા હતા તે સાચું કે બાવો વીફર્યો તો કોઈનો નહીં ! હા !! થેલીમાં એક જોડી કપડાં લઈને પનાલાલ માંડલીને રસ્તો ચડ્યો હતો. વાટમાં વાલીબહેનનું ગામ આવે એવો આ બીજો રસ્તો હતો. ઈડર જતી વખતે મેઘરજ પાસે સંતીબહેનનું ગામ આવતું હતું. એ વખતે સંતીબહેને નાસ્તા સાથે હિંમત પણ બંધાવી હતી. હવે વળતી વખતે વાલી-બહેનનો વારો હતો. ભાઈને ભાળીને એ તો રાજીની રેડ થઈ ગયેલી. બનેવી તથા વેવાઈએ પનાલાલને માનભેર આવકારવા સાથે રૂએલ ગાદલું પાથરી ખાટલાને ઓશીકે બેસાડીને વાતો કરી. ભણેલા ભાઈનું માનપાન વધતાં બહેન હરખાતી હતી. રૂપાળો લાગતો ભાઈ સમજણોય વર્તાતો હતો. અહીં તો બધાં ભાઈની ચિંતા કરતાં હતાં કે બાવો એને ચેલો બનાવીને ભગાડી જવાનો એ નક્કી. એ બાવજીને મળ્યા વના જ માંડલી ભાગી આવે એવો કગળ લખ્યા છતાંય આ ભાઈ તો બાવજીને મળીનેય રાજીખુશી આવ્યો છે ને કૈં ! આનું નામ ભણતર. બાવજીએ આંગળી પકડી'તી ત્યારે તો આટલું ભણાયું....હાસ્તો ! નહિ તો માવતર વના એનું અહીં કૂણ હતું ? અમે બે બહેનો મોટાં ભાઈભાભી આગળ પડીને થોડાં ભાગ અપાવી શકવાનાં હતાં કે પૈણાવવાની જોગવાઈ કરી આપવાનાં હતાં ! બહેનની ચિંતા પામેલા ભાઈએ કહેલું કે, 'વાલીબહેન, તું અમથી ચિંતા કરે છે... ઉં તો બાવજીને ચૂકવીનેય ભાગી આવું એવો છું..પણ હજી એમણે મારી સાથે ખરાબ વર્તન કર્યું નથી.. હા ! એમનો રસ્તો બદલાતો ભળાયો છે... તે એમ થશે તો મને ચ્યાં નથી આવડતું ? નોકરી કે દુકાન : બંને કરી શકીશ. તું જોજે તો ખરી !' બહેન તથા બધાં પનાલાલની આવી ને આટલી સમજણ ને હિંમત ભાળીને અચંબિત થયાં ને જીવને નિરાંતેય વળી. વાલીબહેનના સસરા તો બોલ્યાય ખરા કે - 'ભૈ, નાનશાનો છોકરો સે...રેંજીપેંજી થોડા હોય ? ઝેંણો પણ રઈનો દાંણો સે, ભા !' બેને તો જવા નીકળતા ભૈને મોઢે માથે હાથ ફેરવીને બે બચીઓય ભરી લીધી હતી...ને આથી તો ઘડીક મનમાં જંપેલી બાઈબાની યાદ પાછી

ઘેરી વળેલી. માંડલી પહોંચ્યો ત્યાં સુધી ગડમથલ ચાલેલી...'બાઈબાવાળી વાત રેવાને કહેવી કે નહિ ?' છેવટે નક્કી કર્યું કે : 'ના...ના..ક્યાંક વગોવણું થાય તો કાલે કોઈ કન્યા આપનારો પાછો પડે... હાસ્તો આ તો ગાંડી ન્યાત ! નાચવું નૈં એને આંગણું વાંકું... આમ ગામડિયાં. અભણ પ્રજા, પણ માન-આબરૂ માટે મરી પડનારી ! લોકને તો છીંકતાં છીંડું પડે ભૈ..' જોતજોતામાં ગામ આવ્યું. જોકે કાળા ઉનાળાનો દન રવરવતો હતો. વગડો ઝળહળ ઝળહળ લૂની જ્વાળામાં જાણે બળતો ના હોય ! કણજીઓ-ખાખરીઓ લીલી હતી - ડુંગરીએ ને વાત્રકકાંઠે એ લીલાશ લહેરાતી ગમતી હતી. સીમમાં આંબા-મહુડાનાં તોતિંગ ઝાડવાંની છાંયામાં રખડતાં ઢોર ને ભટકતાં છોકરાં ઘડીક ઠરતાં હતાં. ગામમાં ધોળી ટેકરીએ તો ઘટાદાર આંબલીઓ હતી...એકબે રાયણ પણ વાડામાં હતી ને ફળિયે ફળિયે લીમડા ઝૂમતા ઊભા હતા. પનાલાલને પહેલી વાર વિચાર ફૂટ્યો કે આ ઝાડવાં જાણે એનું સ્વાગત કરતાં હતાં... વીતેલા બાળપણના દિવસો આંખ સામે આવી આવીને લોભાવતા હતા. કોઈનો સાદ  કદાચ હીરાબાનો જ  અલપ-ઝલપ સંભળાતો હતો..કોઈ અલકમલકનું અજાણ્યું જણ પણ સાથે જ હતું શું ?! ફળિયે ફળિયે એનાં પગલાં પડેલાં ભળાતાં હતાં. એ પગલાં વીણતો વીણતો ઘરની પડસાળે પહોંચ્યો...ને પછી તો વાયરો વાત લઈ ગયો હશે  તે ગામનાં બધાં વારાફરતી ઊમટી આવેલાં. બધાંને બાવજીવાળી વાતે ચિંતા હતી. નક્કી એ બાવો હરિભાઈના ઘરનું આઘુંપાછું કર્યા વિના નૈ રહે ! પણ નરવા પનાને હેમખેમ ભાળીને સૌને નિરાંત થઈ.

બે દંન તો ચપટી વગાડતામાં નીકળી ગયા. પનાલાલ વાયરાની ભમરી પેઠે બધે ફરી વળ્યો હતો. મોટો થયેલો, ગોરો વાન વધુ ઊઘડેલો, ગોળમટોળ ગોરા ચહેરા પરની ઊજળી ને કાજળ વનાય કાળી આંખો તથા માથે વાંકડિયા વાળ : પનાલાલ નહિ પણ જાણે કે ગોરો કૃષ્ણ કનૈયો ભાસતો હતો...બેત્રણ ભાભીઓએ તો જીવ બાળતી હોય એવા સાદે કહ્યુંય ખરું : 'રા ! ઘઉંની ભાખરીઓ ખૈખૈને રાતી રાંયણ જેવા થ્યા સો ને ! ભાભીને ભૂલતા નૈ, હાં કે !' રેવા પણ ચકિતનેત્રા થૈ ને જોતી હતી. હવે એણે પનાલાલને 'તમે' કહેવા માંડેલું...પનાલાલે કહેલું કે, 'હું તો તને 'તું' જ કહીશ.'... 'તમે ભણેલા છો તે બધુંય ખટે....' પછી રેવાએ બાવજી વિશે પૃચ્છા કરીને સાચવેત રહેવા જણાવેલું. 'લોક મુકાવે પોક' પનાલાલે રેવાને નચિંત કરતાં ઉમેરેલું : 'અમથાં બિવડાવે છે બધાં...'

છતાં, પનાલાલ બે દંનમાં પાછો બાવજી પાસે જવા નીકળ્યો ત્યારે વાલાભૈએ

હરિભૈને કહેલું કે, 'જોજો હાં, બાવાની જાતનો ભરુહો નૈ..' પણ વસ્તોકાકા ને લાલીકાકી તો રીતસર લડવા જ લાગેલાં...' પછી બેસજો કપાળે હાથ દૈને ! બાવો, પનાને માથે મુંડન કરાવીને ભીખ મંગાવે ના તો મને ફટ કહેજો...એટલામાં ભૂલી જ્યા ચ્યમનું ? તે દંન આખા ગાંમની હાંમે બાથ ભીડતો એ નહોતો જોયો ? આ તો બાવાની જાત... એની આંખોમાં ત્રાટકવિદ્યા સે... આ છોરાનું ગજું હું ? પાછો માયામાં લપટાયેલો બાવો આ તો ! એને ધરમ હું ને દયાય હું ? હેં ?!' જ્યારે લાલીકાકી તો દરવખતની જેમ લાગ જોઈને ઘસરકો ના કરે તો એનું કુળ લાજે ને ?! તે બોલી હતી, 'હરિભાઈ જાંણે કે ભલે ને ભૈ બાવો થઈ જાય.. ઘરજમીનમાં ભાગ માગતો મટ્યો ! હાસ્તો.' જોકે હરિભૈને આ વેણ કઠાં પડેલાં... પણ પનાલાલમાં એમને હવે શ્રદ્ધા બેઠી હતી...પોતાની વહુએ લાલીનાં વેણ યાદ કરાવ્યાં ત્યારે પણ હરિભૈએ તો કહેલું કે – 'એની પૈડ મૂક ને ! કડવા વેલાનાં મેંઠાં તૂંબડાં ચ્યાંથી હોય, કહે ?! બોલે એનું મૂઢું ગંધાય..'

કાંતિની બાને પનાલાલે, બાવજીએ કહેલા બધા સમાચાર કહ્યા હતા. કાંતિને એક જ વખત વાઈ આવી હતી. ભલું હશે તો મટી જશે. તમને યાદ કરે છે – બંને જણ સંભારે છે. તમે મળવા સારુ નેકળી આવજો...' વગેરે. બાઈ એક કાન થૈને સાંભળી રહેલી. પછી કાંતિની મસે બાવજીને જ સમાચાર કહેવરાવેલા..'કહેજો, રા ! કે મોટી છોકરી હવે સાસરે જવાને બદલે અહીં જ રહેશે...રાંમશાને અહીં જ ઘરજમાઈ રાખ્યા સે... ઘર ખેતી એ જ હંભાળવાના સે.' આનો એક સંકેત એવો હતો કે બાઈ હવે માંડલી છોડીને બાવજી સાથે રહેવા કે આંટોફેરો કરીને બધું ભોગવવા રાજી છે... તૈયાર છે. પનાલાલને આ સમજણ પડી એનોય મનમાં ઉમળકો જાગેલો. પોતે હવે નાનો નથી ! રેવાની વાત સાચી છે. રેવાએ તો આ વખત ખાસ સલાહેય આપેલી : 'હવે તમે ભણતરની વાત રહેવા દેજો..ને નોકરીનું કરજો..આ જોવનાઈ તો આવી બારણાં ઠોકતી ! મૂછના દોરા ફૂટ્યા તે અમથા કૈં !' રેવામાં પનાલાલ બાઈબાને જોવા-પામવાનો પ્રયત્ન કરતો અને મન વાળતો હતો.

બાવજી પાસે જવા નીકળ્યો ત્યારે વાટમાં સંતીબહેનને ગામ રોકાઈને જવાનું નક્કી કરેલું. એને મળ્યેય ચારછ મહિના નીકળી ગયા હતા. બહેનને ભાણી અવતરી હતી. પોતે મામો બન્યો હતો. સંતીબહેનેય બાવજી બાબતે ફિકરમાં હતી. પનો મળતાં એનેય ટાઢક થઈ. મામો ભાણીના ખોયામાં રૂપિયો મૂકીને નીકળ્યો હતો.

બાવજી એને પાછો આવેલો જોતાં થોડા અચંબામાં પડી ગયેલા. એમની ધારણા હતી કે માંડલીનું લોક એને નહિ આવવા દે. ને આવો આ પણ હવે પાક્કો થતો જાય છે. ખેર ! એમણે રાજીપો દાખવ્યો. ખબર પૂછી. રાંમશા ઘરજ-માઈ તરીકે આવી ગયાની ખુશી બાવજીને અંગે અંગે છલકાતી હતી. માંડલીથી નીકળતાં રેવાને ઘેર જઈને મળ્યો હતો. એને 'આવજો' કહેતાં અને એનું ઊઘડતું રૂપ જોતાં પોતાનાં અંગોમાં પણ આવી જ ખુશી એણેય અનુભવી હતી ! એને સમજાતું હતું કે આ 'માયા લાગવાની' વાત જ નોખી છે...

બાવજીએ હવે પોતાના આટાપાટા શરૂ કર્યા.

પનાલાલને કહ્યું કે તારા ગયા બાદ હું અમદાવાદ આંટો મારી આવ્યો છું. 'સખીદિલ'(દાતા - ભાવિક માણસ)ને મળ્યો પણ કશો મેળ ખાધો નથી. પનાલાલ સમજી ગયો હતો કે બાવજી બનાવટ કરી રહ્યા છે. કાંતિને પૂછીને ખાતરી થઈ શકે – પણ એને થયું – એમ કરવું ઠીક નથી. આપણે જાણીનેય શું કરી લેવાના હતા ?! બાવજીએ એનો હાથ જોવાનો ડોળ કરતાં ઉમેર્યું હતું :

> *'તારી વિદ્યાની રેખા તો ભરપટ છે. પણ બીજી પા તારો વિદ્યાકાળ પૂરો થઈ ગયો છે. નોકરીનો જોગ ચોખ્ખો દેખાય છે. બોલ, શું કરવું છે !'*

પનાલાલને હવે ખ્યાલ જ નહિ, ખાતરી થતી જતી હતી કે બાવજી એને ભણાવવાની વાતમાંથી પાછા હઠી રહ્યા છે. એની ચિંતા વાજબી હતી. જો આમ જ થશે તો પોતે તો ન ઘરનો રહેશે કે ન ઘાટનો ! એની આંખો દડદડી પડેલી. બાવજીએ એને શાંત પાડતાં, પોતાની યોજના પ્રમાણે, એને પકડમાં રાખવા સારુ થૈને સમજાવ્યો હતો :

> *'હજી તને મૅટ્રિક થતાં ત્રણ વર્ષ થશે. ને તેય તું ભણીશ ને પાસ થૈશ તો ! પાસ થતાંય નોકરી તરત થોડી મળશે ? ને મળશે ત્યારે મહિને વીસપચ્ચીસ રૂપિયા મળશે. તો પછી અત્યારથી જ નોકરી કરવી ફાયદામાં થશે. અત્યારે મહિને તને બાર રૂપિયા તો મળે જ. ત્રણ વર્ષમાં તો તું વીસનો પગારદાર હોઈશ...માટે, વિચારી જોજે. તું હા પાડે તો નોકરી કાલથી જ...'*

પનાલાલને પેલા ઉદાર અમલદાર હરભગવાનજી તથા દાતા પરિવાર યાદ આવ્યા...શંકરલાલસાહેબેય સાંભર્યા હતા. પણ બધાં હવે બીજે વસી ગયાં હતાં. નક્કી ગામલોક સાચા પડશે કે શું ? આ બાવજી મને આમ અડધી વાટે રઝળા-

વશે એ નક્કી ! રૂપાકાકા હોત તો તો કહેત કે, ‘કૂવામાં ઉતારીને વરત કાપવો’ – તે આનું નામ !

મોડી રાત સુધી ઊંઘ ના આવી. પનાલાલને થવા લાગ્યું કે હવે એને માટે બે જ રસ્તા છે : એક, ઘેર જઈને બળદોનાં પૂંછડાં આમળવાં (અર્થાત્ ખેતી કરવી.). બીજો રસ્તો તે બાવજી દોરે તેમ દોરાવું. આમેય ભણવાનો કે કશાયનો આગ્રહ કે આશય પનાલાલમાં પહેલાંય ક્યાં હતો ?! ભાવિ વિશે કશા એવા મોટા વિચારોય નહોતા આવ્યા. બા તથા ઘરનાંએ મોકલેલો તે ભણવા ગયો ને બાવજીએ કહ્યું તેમ કરતો રહેલો. પણ હવે એને ખ્યાલ આવ્યો હતો કે જાતે વિચારતા થવું ને કોઈ એક રસ્તો લેવો. હાલ તો બાવજી કહે છે તો નોકરી કરીએ..ભણવાનું ભાગ્યમાં હશે તો કાલે એય થશે. ઉંમર ક્યાં જતી રહી છે ?... પણ એક વાત તો નક્કી હતી કે હવે એ પોતે એકલોઅટૂલો પડી ગયો હતો... બા ગઈ; બાઈબાય ગઈ ! હવે તો બે બહેનો અને રેવાની હૂંફ...ને એય વેગળેથી જ મળવાની.

બાવજીએ પનાલાલને જીવનની પહેલી નોકરીએ ચઢાવ્યો એય કમ્પાઉન્ડર-ની નોકરી ! એ જ ગામમાં એક નાગર દાક્તર હતા. મૂળે અમદાવાદ તરફના. બાવજીએ એને કહ્યું હતું - શંકર ભગવાનની મરજીથી જ તને કુંવરસાહેબ ઈડર લઈ ગયેલા... આ જમાનામાં અંગ્રેજી ચાર ચોપડીનું ભણતર ઓછું ન કહેવાય. તારે દવાઓ આપવાની થાય એનાં નામ તો શીશીઓ પર લખેલાં જ હોય છે. દાક્તર સમજાવશે. તારે કમ્પાઉન્ડરી તો નામની કરવાની છે. તારું ખરું કામ તો દાક્તરની દીકરીને અંગ્રેજી શીખવવાનું છે. એ કામ શિક્ષકનું જ ગણાય ને ?! તને બધુંય ફાવશે, તું ચિંતા ન કર. ડૉક્ટરસાહેબ તને, રાજી થશે તો, જોડે અમદાવાદ લઈ જશે ને સારી નોકરી અપાવશે. બાવજી તો બોલ્યે જતા હતા. છેવટે પનાલાલે દવાનાં નામ અને તે આપવાની રીત જાણી લીધાં હતાં. અંગ્રેજી ભણાવવાનું કામ પણ ફાવવા માંડ્યું હતું... આ બધા છતાં ‘બાવજી કેમ છેતરી રહ્યા છે - ?’ એવો વિચાર પનાલાલના મનમાંથી ખસતો નહોતો, જીવન હવે પલટો લઈ રહ્યું હતું. સઢ સુકાન વગરની હોડીની દિશા નક્કી નહોતી પણ નૌકા હવે જીવનસાગરમાં પ્રવેશી ચૂકી હતી.

દાક્તરની દીકરીને ભણાવવાનું અંગ્રેજી ને પનાલાલનું ગુજરાતી તો બહુધા ગામડિયું. ‘ખીચડો’ ‘અગડંબગડં’ ‘ભેળસેળ’ જેવા પનાલાલના શબ્દોથી શિષ્યાને રમૂજ થતી હતી ને શિક્ષકને મૂંઝારો. પણ નાગર દાક્તરને પનાલાલે ચોથી અંગ્રેજીમાં મેળવેલા ત્રીસ ગુણાંકમાં તથા એના વ્યવહાર-વિવેકમાં વિશ્વાસ

હતો. કામ સારું ચાલતું હતું. શિષ્યા એબીસીડી ને શબ્દોની પ્રૅક્ટિસ કરતી ત્યારે પનાલાલ વારતાઓ વાંચતો. હા, દાક્તરને નવાં નવાં પુસ્તકોમાં રસ હતો. શિષ્યા-નેય શિક્ષક વારતા સંભળાવતા હતા. દાક્તરપત્નીની નજર આ રૂપાળા શિક્ષક પર ચોકી ન કરે તો જ નવાઈ. પણ એમને આનંદ હતો કે જુવાન 'સંસ્કારી' મળ્યો છે. દવાખાને પણ ગામડાંનાં લોક આવા ફૂટડા ગોરા કમ્પાઉન્ડરને તાકી રહેતા. કેટલાક ક્હેતાં... 'આય નવા દાક્તર થશે...આ તો શીખવા આવ્યા હશે !' કમ્પાઉન્ડરની સૂચનાઓ લોકને ગમતી : 'કેવું ચોખ્ખું બોલે છે - ને મીઠું પણ !'

આ ગામડાં પણ આંજણા પાટીદારોનાં હતાં. પણ અહીં લોકોમાં જાગૃતિ હતી. ભણતર ને કમાણી માટે લોકો જાગી ગયા હતા. બાવજી પનાલાલને શીખવતા હતા કે બધાં જોડે સંબંધ વધારે... કાલે કોઈ કન્યાનો બાપ જાગે વળી ! જોકે પનાલાલને રેવાના શબ્દોમાં વધુ વિશ્વાસ હતો – 'આટલે દૂર આપણા છેવાડાના મલકમાં ને જાડા લોકમાં બીજા મલકની કન્યા ના આવે.' બાઈબા અને સખીના મત પણ એવા જ પડેલા હતા. એટલે પનાલાલ તો વારતાઓ વાંચવામાં ને ભણાવવામાં મસ્ત રહેતો હતો. દાક્તરને ત્યાં અઠવાડિયે છાપું આવતું થયેલું. એમાં મોહનદાસ ગાંધી (ગાંધીજી) તથા એમનાં આંદોલનો અને સરકારની સાઠ-મારીની વાતો છપાતી હતી. દાક્તરે બધો ફોડ પાડીને સમજાવેલું કે ગાંધી તથા સાથીદારો કંપની સરકાર સામે કેમ લડે છે ?! અંગ્રેજો કે અંગ્રેજી સામે વાંધો નથી. વાંધો છે એમનાં જુલમ, અન્યાય, શોષણ, જોહુકમી સામે. સવિનય કાનૂન-ભંગ, સત્યાગ્રહ, આંદોલન, ઉપવાસ પર ઊતરવું – હથિયાર વગરની અહિંસક લડતો – આ બધા શબ્દો પણ નવા નવા હતા...ગામડાં તો હજી શાંત હતાં પણ મોટાં શહેરોમાં ખળભળાટ શરૂ થઈ ચૂકેલો. પનાલાલને માટે આ પણ નવું જ હતું ને ?!

પહેલી નોકરી ગોઠવાતી જતી હતી ને પનાલાલને આશા બંધાતી આવતી હતી કે અહીં સારું આવડી જશે તો મોટા દવાખાનામાં ને શહેરમાંય નોકરી લેવામાં તકલીફ નહિ પડે. પણ બાવાનો પગ ઠરતો નહોતો. એનો જીવ જ ચકલી જેવો તે ઊડાઊડ કરતો હતો. ત્યાં જ વળી એક બપોરે કાંતિની વિધવા બા નવાં લૂગડાંમાં સજીધજીને મલકાતી મલકાતી આવી ચડેલી. આ બ્રાહ્મણ બાઈનો જીવ પણ પલકારા મારતો હતો એની પનાલાલને આ વખતે તો ખાતરી થઈ ગયેલી. રૂપાકાકા સાચ્ચું જ કહેતા હતા - રાતાં લૂગડાં ભાળીને ગોધોય ભડકે ને જુવાનનું પણ એવું જ ! સાધુ-બાવજી બાઈને આગ્રહ કરી કરીને લાપસી ને દાળભાત

જમાડતા હતા. જાણે પેલાં કબૂતરોમાં થાય છે એવું અહીં પણ થતું પનાલાલ અનુભવી રહેલો. ઘૂટર ઘૂ ઘૂટર ઘૂ કરતો સાધુ કબૂતર હવે સંસારીના પાઠમાં હતો. રાતે પનાલાલની પથારી પડસાળે ને પેલા ત્રણ અંદરના ઓરડે...બીજી રાતે તો કાંતિનેય ગરમી લાગે છે તે બહાર તારી પાસે સુવાડજે-એમ પનાલાલને જવાબદારી સોંપાઈ એ વળી છોગામાં. એનું મન કહેતું હતું કે આ બરોબર ના કહેવાય ! પણ એને તો 'બચ્ચા'માં ગણી કાઢેલો.

જોકે બાઈ (પનાલાલ એમને ગામનાતે ભાભી કહેતો હતો.) પનાલાલને જમવામાં આગ્રહ કરીને સાચવી લેતી હતી. પણ એથીય વિશેષ એ પનાલાલ માટે રેવાનો સંદેશો લાવી હતી. રેવાને, બાઈ બાવજી પાસે કાંતિને મળવા જવાનાં છે, એમ ખબર પડતાં એ બાઈને મળવા ખાસ આવેલી. ને શરમાતાં-સંકોચાતાંય સમાચાર કહેવડાવેલા : 'પનાલાલને કહેજો - તમારી સાળી (પેલી જૂની સગાઈને આગળ ધરતાં) રેવા તમને ઘણું સંભારે છે... મારું આંણું થવાનું છે એય કહેજો..' બાઈએ સમાચાર આપીને પનાલાલને કહેલું : 'રા ! તમે તો જબરા નીકળ્યા હાં કે !' 'ના રે ના...એ તો મારી બાએ વાત કરેલી તે હું વળી એ જૂની સગાઈને નાતે મળું કરું. બસ. મારા પગની ખોડ વેળા એણીએ મારી બહુ સેવા કરેલી..તે યાદ તો કરે જ ને !' રેવાની વાતથી રાજીપો થયો હતો, તો વળી એનાં આંણાની વાતથી પનાલાલ પવન પડી ગયેલી વેળા જેવો સૂનમૂન ને વધુ એકલો થઈ ગયેલો.

પવનના અભાવે, હોડી વચ્ચેના કૂવાથંભે બાંધેલો હોવા છતાં, સઢ જેમ લબડી પડે એમ પનાલાલને લાગ્યું કે જીવન પણ લબડી પડ્યું છે કે શું ?! નોકરી જવાનો ઉમળકો ઓસરી જતો હતો. વળી વળીને મન માંડલીમાં પહોંચી જતું હતું. હવે તેડત આવશે ને રેવા સાસરે જશે.. પછી તો એય હોવા છતાં મટી ગયા જેવી જ ને ! મનમાં ઉદાસી ને આંખો ઊના પાણીમાં જાણે જળતી-બળતી ને ટળવળતી હતી. એવામાં એક સવારે બાઈ તો માંડલી ચાલી ગઈ. એના આઘાતે જ કાંતિને વાઈ આવી. કલાકે માંડ ઠીક થયો. આવા માંદલા કાંતિને પનાલાલને હવાલે કરીને, બાવજી તો કશી યોજનાના ભાગ રૂપે જતા હોય એમ, અમદાવાદ જવા નીકળી ગયેલા. બહાનું તો કાંતિની દવાનું હતું. રાતે આવવાનું કહીને ગયેલા તે છેક બીજી રાતે મોડા આવેલા.

આવીને બીજે જ દિવસે બાવજીએ પનાલાલ તથા કાંતિને જાણ કરેલી કે આપણે હવે અમદાવાદ જૈશું. કાંતિની દવા અને પનાલાલની નોકરી-બધું ત્યાં થૈ રહેશે. પોતે ભાડાનું મકાન રાખીને આવ્યા હતા ને હવે દિવસો બગાડ્યા

વિના નીકળવા માટે બાવજી જાણે ઉતાવળા જ નહિ, બલકે રઘવાયા લાગતા હતા. પનાલાલને વળી વસ્તાકાકાના શબ્દો સંભળાતા હતા..'આ બાવો તમારા પનાનું માથું મૂંડીને ચેલકો કર્યા વના નહીં રહે, હરિભૈ ! મારું માનો તો એને નથી મોકલવો..' ગોઠવાતી નોકરી વિખરાઈ જવાની પનાલાલે બાવજીને વાત કરી ત્યારે કહેલું કે, 'તું એક દફા અમદાવાદ તો ચાલ..ત્યાં વળી ઓર નોકરી નક્કી છે..'

પનાલાલનો દેખાવ અને સ્વભાવ બંને પ્રેમ ઊપજે એવા. એટલે જ્યાં કામ કરવા જાય ત્યાં માયા બંધાતાં વાર ન લાગે. દાક્તરપત્ની તથા શિષ્યાની વિદાય લેતાં મનમાં થયેલું કે તકદીર માણસને ક્યાંથી ક્યાં લઈ જાય છે ! ને જરાક પોતાપણું પ્રગટે ને નેહનાતો પાંગરે ન પાંગરે ત્યાં તો વિધાતા કહે : 'ડેરા ઉપાડો મારા રામ !' હવે પનાલાલને ખ્યાલ આવવા માંડ્યો હતો કે પેલી શૈશવમાં જોયેલી વણજારાની પોઠોને કેમ પડાવે પડાવે જીવવું પડે છે ?? પોતે પણ એવી જ કોઈ અણદીઠી પોઠનો જ જણ છે – જે હવે અમદાવાદ આવી પહોંચ્યો હતો.

ભણવાનું શમણું તો ખુદ બાવજીએ જ નંદવી આપ્યું હતું ! ચોપડીઓ જે તે દાતાશેઠને પરત કરવાને બદલે બાવજીએ વેચી દૈને બેપાંચ રૂપિયા કમાણી કરી હતી. જેણે ભણતરની વાટ બતાડી હતી એણે જ એ વાટ આગળ વાડ કરી લીધી એનો અફસોસ મટતો નહોતો.

મિલમાં મુકાદમ તરીકે કામ કરતી કોઈ રાજસ્થાની ભીમાબાઈ સાથે બાવજીને પરિચય હશે તે એને બોલાવીને બે દિવસમાં તો પનાલાલને મિલની નોકરીએ વળગાડી દીધો હતો. બૉબિન ભરતાં શીખ્યો ને કામમાં વધુ જીવ પરોવે એ પહેલાં તો બાવજીએ એને કાંતિના બનેવીને તેડવા માટે માંડલી દોડાવ્યો. બાવજીમાં છળકપટ પેઠું હતું. માયા અને લાલસામાં લપેટાયેલો બાવજીનો જીવ હવે સાધુ સંન્યાસીનો નહોતો, પણ નીતિય ચૂકતો હતો. અમદાવાદમાં ગયા એ જ સાંજે બાવજીએ પનાલાલને કહેલું કે અહીં ગૃહસ્થી સિવાયનાને કોઈ ઘર ભાડે આપતું નથી. માટે તારે મને બાપુજી કહેવાનું..ને કોઈ પૂછે તો કાંતિ અને તું બંને ભાઈ છો એમ કહેવાનું... પનાલાલે ભણનારો જૂનો કોઈ મિત્ર ક્યાંક મળી જાય તો ભાંડો ફૂટે..માટે મને તમારે 'જીજમાંન'(યજમાન)નો દીકરો જ ગણવો. કાંતિ ભલે તમને - ! બાવજીને પનાલાલની બુદ્ધિ તથા અગમચેતી ચોંકાવી ગયાં હતાં. છતાં કાંતિને અમથો અમથો બીમાર પાડીને (એવો ઢોંગ રચીને) પનાલાલને

માંડલી દોડાવ્યો હતો. જતાં તો એ ચિંતાતુર હતો. ભૂખ્યો ને તરસ્યો બે દિવસમાં તો માંડલી ! વરસાદ ઝરમરતો હતો..ચોમાસું બેઠેલું તે બધાં મકાઈ ઓરતાં હતાં.

પનાલાલને અમદાવાદ મિલમાં નોકરી મળી છે જાણીને સૌ રાજી હતાં. પણ વળતી વાટે પનાલાલ કાંતિની બાને લઈને અમદાવાદ બાવજી પાસે જવા નીકળ્યો ત્યારે ભાઈએ – કુદરતી સંકેત મળ્યો હોય એમ – એને ચેતવેલો! ‘‘જોજે હાં; જો કાંતિની બા ને બાવો બેય તને છેતરી છોડીને જતાં રહેશે તો ગામ મારે ગળે બાઝશે. એની છોકરીઓનું જીવતર રઝળી જશે ને તને ને મને બાંમણનો નેંહાકો પડશે... માટે બાઈ પાછી આવે એ તારી જવાબદારી...બાકી, તુંય માંડી વાળ્ય; નથી જવું અમદાવાદ’’...પનાલાલનેય દહેશત હતી..પણ હજી એને માંદો કાંતિ ભળાતો હતો...વાટમાં બાઈ માથે મણ ભાર છતાં સપાટામાં ચાલતી હતી..પનાનાં ભૂખતરસ ને થાક મટાડવા થોડી થોડી વારે પાકી કેરીઓ ચુસાવતી... એક જ દિવસમાં રાત પહેલાં અમદાવાદ પહોંચવા ને ‘શકરાણાં’ (યાદગીરી) કરવા જાણે દોડતી હતી. પનાલાલને વિચાર તો આવેલો કે આ બાઈ કાંતિ માટે ઘેર તો રડારોળ કરતી હતી ને રસ્તે તો એની વાતેય નથી કરતી..બાવજીએ જમાઈને – રાંમશાને તેડેલા ને આગળ થૈ આ પોતે ! હા, જમાઈ તો મકાઈ ઓરવામાં પડેલા...પણ જોકે આવવા વલખતી એકે બહેનનેય ના આવવા દીધી... બાવજી સાથે નક્કી ગોઠવણ થૈ જ હશે...

ને તલોદથી લીધેલી ગાડી અમદાવાદ સ્ટેશને પહોંચી ત્યારે પનાને સમજાઈ ગયું કે એની સાથે ‘દગો’ થયો છે. પનાલાલ તો આઘાતથી સજ્જડ બમ્બ બની ગયેલો...સ્ટેશને, સાજોસમો ઉત્સાહી કાંતિ અને એથી વધારે ઉત્સાહથી છલકાતા બાવજી, બેઉ હાજર હતા ! બાવજી તો ઓળખાય એવા જ નહોતા ! માથે મૂંડન – મોટી ચોટલી – દાઢી-મૂછ પણ સફાચટ હતાં. નવું ધોતિયું ને સફેદ કફનીમાં શોભતા એ ચકલાશીના જયશંકર રણછોડરાય ભટ્ટને તાકી જ રહેલો...ગાડીનો ડબો ખાલી થતાં ત્યાં જ સીટ પર બાવજીએ બાઈનાં વિધવાચિહ્નો સમી હાથોની ચાંદીની ચૂડીઓ પહોળી કરીને ઉતારી લીધી ને લાલ-લીલી બંગડીઓ પહેરાવી દીધી. શહેરમાં શોભે એવાં એક જોડ લૂગડાંય લાવેલા..બાઈએ એય ધારણ કરી લીધાં હતાં...પચ્ચીસ વરસોનો ભેખ, આ બ્રાહ્મણે રાતાં લૂગડાંની માયામાં પડીને, સાબરમતી-કાંઠે જે રીતે વહેતો મૂકી દીધો એ પનાલાલને આજીવન ભુલાયું નહોતું...

પનાલાલ માટે આ બધું એક તરફ 'જોણું' હતું તો બીજી તરફ 'રોણું'ય હતું ! હાસ્તો, હવે બાવજીને છોડી દેવાની – મુક્ત થઈ જવાની – ઘડી આવી પહોંચી હતી..પનાલાલે મન મનાવી લીધું હતું..ને મક્કમતા દાખવવા માંડી હતી..વીશીમાં જમવા જવાનું, નાટક-સિનેમા જોવા જવાનું એ ટાળતો ને બાવજી અકળાતા. બાઈ બધું જાણવા મથતી. બાવજીએ હાર્મોનિયમ લેવાનું અને ચૉકમાં તથા બીજે કથા-કીર્તન કરીને કમાવાનું આયોજન કરેલું. પનાલાલના ગળાનો ઉપયોગ કરવાની આ વેળા હતી..પણ આ બધા તાયફા જાણતાં જ પનાલાલમાંનો 'પાટીદાર-પટેલ' વીફર્યો : કાંતિ દ્વારા કહી દીધું કે : 'હું પટેલ છું..ગાઈ-વગાડીને ભીખ માગનારો બાંમણ નથી. બાવજી તૂટી જશે તોય નહિ ગાઉં... હા !' ને વળતે દિવસે મિલમાં જવાની ના પાડી દીધી. ઘેર જતા રહેવાનું કહી દીધું. બાઈ તો અહીં રહેવા માગે છે જાણીને એનેય સમજણ પાડી કે તમે માંડલી નહિ પહોંચો એટલે ફજેતી તો મારી થશે..લોક મને કહેશે કે નબાપી છોકરીઓની મા-ને ક્યાં વેચી ખાધી ? ગામ મને જીવવા નહિ દે.. તમે બધાંયે મને દગો કર્યો એ ઠીક નથી કર્યું..' વગેરે...

બાઈ બધું પામી ગયેલી. એક તરફ બાવજીને છોડી નહોતી શકતી – 'તમારા વના નહિ જીવી શકું ! જોયું ને, એક જ દંનમાં ગાયની જેમ ભાંભરતી ભાંભરતી દોડી આવી તે અમથી ?!' બીજી તરફ નબાપી છોકરીઓ અને લોકનિંદા !

પનાલાલે એને રસ્તો સુઝાડેલો :'હું માંડલીમાં દુકાન કરીશ. ભાઈ પાસેથી મારો ભાગ લૈને જુદો રહીશ. મોટી બેનનું ઘર સાબદું-પોસાતું છે – એય મને મદદ કરશે. તમે દુકાનમાં ભાગ રાખો..માંડલી ચાલો. ચાર-છ મહિનામાં આપણે બાવજીને મારા ભેગા રહેવા બોલાવીશું... પછી ગામને વાંધો કશો ?!' બાઈએ બાવજીને વાત કરી. એ બાઈ પર તો બગડ્યા, કૈં બગડ્યા ! 'માંડલીમાં પગ નહિ મૂકું !' પછી પનાલાલ પર ત્રાટક કરવા બોલાવ્યો. આ વેંતનો છોરો મને ઉલ્લુ બનાવે છે ? 'બાપુજી નહિ કહું', 'નહિ ગાઉં', 'મિલમાં નથી જવાનો..' 'માંડલીમાં દુકાન કરીશ..ઘેર જઈશ જ..' 'હમારી બિલ્લી હમીસે મ્યાઉં ?' જોઉં છું કેવોક દુકાન કરે છે ને કેમનો જાય છે ઘેર ?

પહેલાં તો પનાલાલને ત્રાડો પાડીને ડરાવ્યો, ધમકાવ્યો. એય કંપી ગયો. બાવજી ત્રાટક વિદ્યા કરે છે એ એણે જોયેલું. બાવજીએ એમની આંખોમાં આંખો માંડવા ફરજ પાડેલી. પનાલાલે ડરવાને બદલે વિચાર્યું કે એમ લાલસાવાળામાં આવી વિદ્યા ટકે નહિ... બાવજીએ ત્રાટકવિદ્યા પૂરી કરી, તોય પનાલાલ તો સ્વસ્થ

હતો. ઘેર જવા ને દુકાન કરવા મક્કમ !

બાઈએ બાવજીને બીજી રીતેભાતે સમજાવ્યા હશે ? ‘‘મારી છોકરીઓ ને ‘ઠેકાણે’ પાડીને આવીશ... તમારી જ છું..તે હવે ક્યાં જવાની હતી ?’’ છેવટે બાઈ પણ પનાલાલ જોડે માંડલી આવવા નીકળી હતી. બાવજી સ્ટેશને મૂકવા આવેલા. પનાલાલ તરફ તો જોયેલું જ નહિ, બાઈને કડક અવાજે છતાં ધીમેથી કહેતા હતા : ‘વ્હેલી આવજે. તારે લીધે મેં આ સંસારમાં પાછો પગ માંડ્યો છે... હા. ને જો નહિ આવી તો યાદ રાખજે કે આ તારો એકનો એક દીકરો મારા કબજામાં છે..’

ગાડી સિગ્નલો વટાવતી સીમમાં દોડતી હતી ત્યારે પનાલાલને લાગતું હતું કે -

*હા ! પોતે હવે મુક્ત થયો છે ! જાણે જગ જીત્યા જેવું લાગે છે !*
*અરે ! ખેતી કરવાનું ભાગ્ય તો કોઈ ઝૂંટવી લેવાનું નથી ને ?! ને*
*ધરતીમાતાથી મોટો આશરો વળી કોનો ? કોઈનો જ નહિ !!’*

# 16

એકાદબે અઠવાડિયાંમાં પનાલાલ ઘેર પાછો આવ્યો, હરિભાઈને એની ચિંતા થઈ હતી. પણ પેલી બાઈને પાછી લાવી દીધાનો સંતોષ થયેલો. 'પનો દુકાન કરવાનો છે' એવો ગણગણાટ હરિભાઈને કાનેય પડેલો. એક વાર વાણિયાને ત્યાં મેઘરજ બેઠેલા ને પેલી બાઈ એની છોકરીની સાસરીનો દાગીનો ગીરો મૂકીને રૂપિયા લેવા આવેલી. એમાંથી વાત જાણવા મળેલી. હરિભૈએ પનાને જરા આડે હાથે લેતાં કહેલું – ''તું તો નાનો છે તોય મને 'જાળાં પછવાડે ફેરવે' છે ?'' છેવટે પનાલાલે સમજાવ્યું હતું કે આમાં છેતરવાની વાત નથી, ભાઈ ! થાય તો દુકાન તો આજેય કરવી છે. પણ મૂળે બાવજીમાંથી છૂટવાના બધા ઉધામા છે, આ ! ઉમેરેલું કે આજે જાઉં તોય અમદાવાદ મિલમાં નોકરી મળી જાય, પણ હવે ચોમાસું ઊતરતાં ડુંગરપુર બાજુ જ ક્યાંક જોગ બેસાડીશ..નોકરી તો કરીશ જ. મોટાં ભાઈ-ભાભીને આનાથી નિરાંત થયેલી.

મોટો થયો. સમજણ આવી...એ પછીનું આ પહેલું ચોમાસું માંડલી ખાતે પસાર થતું હતું. વાત્રક કાંઠે રખડવાનું, દૂરની ટેકરીઓમાં ખાંટ, ડામોર, ગામેતી વગેરેનાં છાપરાંમાંય જવાનું એને ગમતું. વડીલો એની સાથે 'નાંનશાનો ભણેલો મૉટિયાર હે' – કહીને માનથી વર્તતા...એ વાતો કરતો. ગામમાંય પનાલાલ જ્યાં બેસેઊઠે ત્યાં ભાભીઓ-મોટેરા-છોકરાં બધાંય પોથાઈ વળતાં..જાણે ગૉળના દડબાને મંકોડા વળગ્યા ના હોય ! એની વાતો સૌને ખેંચતી. એ વાતોય એવી કરતો. બધાં હસી હસીને લોટપોટ થૈ જતાં...બરોબરીનાં, એને દગજે એવી

મજાકેય કરતાં 'આ તારા બરોબરીના તો પૈણીને બાપા બન્યા. ને તું – ?' પનાલાલ ત્યાંથી ઊભો થૈ જતો..

પાવો વગાડતાં ફરીથી શીખી લીધું. તીર ચલાવવું, કુહાડી વાપરવી, દાતરડાંથી ચાર વાઢવી ને હરિભાઈને હળ હાંકવામાં મદદ કરવી. બધું એ કરતો હતો. ક્યારેક વઘારીને ખીચડી કરતો ને બધાં સ્વાદ વખાણતાં. કૂવે ને વાત્રકે નાહવા જતો; દૂરના મંદિરે વાત્રકકાંઠે રોજ જતો. (જ્યાં 'વળામણાં'ની ઝમકુને બાવાજી પાસે બે દંન સંતાડી હતી.) મેઘરજ – સીમલવાડા ને સગાંવહાલાંને ત્યાં સમાજમાંય જતો..વાંચવાનું લાવતો..ભણતર ભુલાઈ ન જાય એની ફિકર કરતો... આમ ને આમ દિવસો જવા લાગ્યા. પેલી બાઈને તો વાણિયાએ પારકાં ઘરેણાં સાટે પૈસા ના આપ્યા. એટલે પછી દુકાનનું રટણ છોડીને, શ્રાવણ ઊતરતાં તો, એક જમાઈ-દીકરીને હવાલે બાકીની બેઉ છોકરીઓને છોડીને, બાઈ તો જતી રહેલી. બધાં શોધી વળેલાં, પણ છોકરીઓ રડીરડીનેય સમજી ગૈ ખરી કે બધું ધણીનું ધાર્યું થાય છે. પનાલાલ આશ્વાસન આપતાં કહી આવેલો કે 'બાવજીની મોયણી (મોહિની) તારી બા-ને ખેંચી ગઈ !' વગેરે. ગામ વાતો કરીને થાક્યું એટલે કામે ચઢી ગયું. પનાલાલેય મકાઈ માળે બેસીને સીમની જોવનાઈ જોતાં જોતાં સૂડા-ક્ગડા ઉરાડ્યા..બેત્રણ મેળા મહાલ્યા. એક મેળામાં તો રેવા સાસરેથી આવેલી તે મળેલીય ખરી. યાદ દેવડાવતી હતી કે – આ મલક તો તમને ભણેલા માનીને માન આપનારો છે. માટે નોકરી શોધી લેજો, હવે !...' પનાલાલે હકાર ભણેલો... ભત્રીજી ગંગા માટે બંગડી લેવાને બહાને ચાર બંગડીઓ રેવાનેય લાવી આપી – છાનીમાની વાત !

રૂપાકાકાના દીકરા ખેમાભાઈ મુખી હતા. એમને રાજના બોલાવ્યા મિટિંગમાં જવાનું હતું. પનાલાલ જોડે ગયો હતો. ભૂતકાળમાંય રાજને અરજી લખીને આ ગામ તથા મલકની દશા સુધારવા વિનંતી કરી હતી. પનાલાલ જાણે કે પાંચમાં પુછાવા લાગ્યો'તો.

નવરાત્રિ આવી ને પનાલાલને બધાંએ ઘૂમેરમાં ખેંચ્યો..ગાણાં ગાવાનુંય ફાવતું હતું :

*ઊગમણી ધરતીમાં કેસર ઊડે છે ઓ રેશમા,*
*ઊગમણી ધરતીમાં કેસર ઊડે રે લોલ....*

*મીં જાંણ્યું નણદીનો વીરો આવે ’લ્યા રેશમા*
*મીં જાંણ્યું નણદીનો વીરો આવે રે બોલ...*

*મીં જાંણ્યું હૈયાનો હાર લાવે ’લ્યા રેશમા*
*મીં જાંણ્યું રુદિયાનો હાર લાવે રે લોલ...*

બળદોના ગળે ઘૂઘરમાળ રણકાવતી દિવાળી આવી ને ગઈ. ખેતરમાં દાતરડાં ફરતાં હતાં એય ફોરાં પડ્યાં... પનાલાલે ડુંગરપુર તરફ નોકરીએ જવાની કડી ખોળી કાઢી હતી. રેવાની નાની બહેનના કાન ફૂંકી આવેલો તે એના જવાના આગલા દિવસે રેવા મળવા આવી. પનાલાલ એને ઘેર ગયો...‘જરા કામ છે–’ કહી એને ગુંજારમાં (અંદરના ઓરડે) ખેંચી ગયો... રેવા કૈં બોલે એ પહેલાં તો એને આલિંગનમાં લઈને બધે ચૂમી વળ્યો. બોલ્યો... બસ આટલું જ કામ હતું. રેવાએ કહેલું : ‘આવું આવું ક્યાંથી શીખી લાવ્યા છો ?’ એણે મલકતાં કહેલું : ‘જગતમાં એક તારા સરખી છોકરી મળેલી, એણે શિખવાડેલું... તને કહીશ, વળી ક્યારેક !’

ભત્રીજો ખેમો અને ભત્રીજી ગંગા – બેઉને બબ્બે આના પકડાવતોક ને પનાલાલ કપડાંની બચકી સાથે નીકળી પડેલો ડુંગરપુર તરફ... જીવનનો આગલો પડાવ બોલાવતો હતો જાણે... ! ખેમજીકકૂ મુખીએ પનાલાલને ‘બાબુસાહેબ’ નામથી ઓળખાતા ચતુરભાઈ પટેલને સોંપતાં કહેલું કે ‘હીરો છે – હીરો ! ચકાસી જોજો...ને કામ આપજો...’ ચતુરભાઈને તો રાજની નોકરી હતી. ડુંગરપુર સ્ટેટના દાણ (કરવેરા) ખાતામાં અમલદાર હોવાથી બધાં એમને ‘બાબુસાબ’થી ઓળખતાં. શરૂમાં તો પનાલાલે બાબુસાબના ઘર માટે બજારના આંટાફેરા સાથે ઘરકામ કરવાનું હતું. પનાલાલ બાવજી પાસે ઘડાયો હતો. ચતુરભાઈનાં પત્ની કાશીબા પણ માયાળુ હતાં. ત્રણ દીકરા. નટુ ને વિઠ્ઠલ અહીં સાથે હતા... ભણતા ને ફરતા. મોટો ગોરધન આફ્રિકા હતો. પરિવાર ચરોતરનો વતની નીકળ્યો. પનાલાલને જાણે ચરોતર – ગુજરાત સાથે લેણાદેણી હતી. આ ઘરમાં પનાલાલ તો દીકરાની જેમ ગોઠવાઈ ગયો હતો. કાશીબા નટુ વિઠ્ઠલને પનાલાલ જેવું ભણવા ને કામગરા થવાનું કહેતાં... વિઠ્ઠલ જરા તોફાની. પનાલાલને ગાંઠતો ન હોતો. પણ પનાલાલનું કામ ચતુરભાઈને ગમ્યું. એની આવડત ને ખાંખત ગમતી. એમને થયું કે કેળવીએ તો છોકરો નીપજી આવે એવો છે. એમણે એને મામા સાથે વેપારમાં પળોટવા માંડ્યો ને પછી કાપડની જુદી દુકાન કરી આપી.

પનાલાલની મહેનત છતાં દુકાન જામી નહિ. પનાલાલને એમાં પોતાની નિષ્ફળતા કઠતી હતી. પણ એટલી તો એને ખબર હતી કે દુકાનનું સ્થાન એકલું પડી જાય છે. નજીકમાં વસ્તીય મુસલમાનોની છે ને કાપડ પણ ગામડિયું જાડું છે... ને આ બજાર કાપડનું નથી - વખાર વિસ્તારમાં કાપડ લેવા કોણ આવે ? થોડી ખોટ સાથે દુકાન બંધ કરવાનો નિર્ણય પનાલાલના લાભમાં હતો. એને ઘરજોગ કાપડ ભેટમાં મળ્યું, અનુભવ મળ્યો. ઘર જેવો પ્રેમ અને આવા મોટા માણસોની પાસે રહેવા મળ્યું. ડુંગરપુરથી એને પરિચિત થવાનોય મોટો લાભ મળ્યો... એટલે નિષ્ફળતા પણ ઘણું આપતી ગઈ હતી. સૌથી મોટી વાત તો હતી ચતુરભાઈનો પક્ષપાત. એમણે પનાલાલને ડુંગરપુરથી બે-અઢી માઈલ દૂર, પારસી ઠેકેદાર રુસ્તમજી શેઠના કૉન્ટ્રેક્ટમાં ચાલતી સરકારમાન્ય દારૂગાળવાની કંપની(કારખાનું જ ક્હોને !)માં નોકરીની ભલામણચિઠ્ઠી સાથે મોકલી દીધો... એ ગામનું નામ બોરી. બોરીની ડિસ્ટિલરીમાંય પારસી શેઠાણીનો પ્રેમ અને પક્ષપાત પનાલાલે મેળવી લીધા...

પનાલાલ પીપળ જેવો હતો. જ્યાં રોપો ત્યાં ઊગી નીકળે... નવી ડાળો ફૂટે ને છાંયો થવા માંડે. બોરી પછી સાગવાડાની ડિસ્ટિલરીમાંય પનાલાલને મૂક્યો હતો. આ બેઉ જગ્યાના અનુભવો પનાલાલના સમાજજીવનનું અને લોકજીવનનુંય મહામૂલું ભાથું બની રહે એટલા વિવિધ અને સમૃદ્ધ હતા....ને એમ જ બન્યું. અહીં બોરીમાંથી એની રંગીન, રોમાંચક ને એકલી-અલગારી જિંદગીનો પ્રારંભ થયો. પારસી શેઠે એને નવો મૅનેજર બનાવી દીધો  બીજું કામ પછી આપીશું. ચતુરભાઈ જેવા અમલદારની ભલામણથી આવેલાને ના થોડી પડાય છે ? શેઠાણીનું ઘરકામ જોવાનું... ઢોર-મજૂર-કામકાજ પર નજર રાખવાની. ડિસ્ટિલરીનો પણ એ મૅનેજર ગણાવા લાગેલો. કામનો ભાર નહિ ને માનપાન છોગાનાં.

આ આખો મલક કૈંક રળિયામણો લાગતો હતો. ડુંગરપુરથી અહીં સુધી ટેકરીઓમાં ચઢતો-ઊતરતો રસ્તો હતો... પાકી સડક... ખાડાખૈયા ન મળે. ડિસ્ટિલરી માટે જ બનેલી સડક. લોકો રૂપાળા ને ભાવભર્યા... કૈંક મોજીલાય ખરાં. ગાવું-નાચવું-ખાવું-મોજ કરવી : એવું મોટા ભાગનું વલણ. તેરચૌદનો પનાલાલ હવે એડીઢંક ધોતિયું, ખમીસ-કોટ-તથા માથે સાફો, પગમાં બૂટ... એ રીતે સજાવટમાં રહેતો. હાસ્તો, બધાં 'મૅનેજર બાબુ' કહેતાં હતાં ને ! પગાર પણ ચાર મહિનામાં સાડા સાતનો દશ ને બાર રૂપિયા થઈ ગયેલો. જીવનમાં પહેલી વાર નોખા ઘરમાં નિજી રીતેભાતે રહેવાનું મળેલું. બધાં માટે વાંસની ખપાટોમાંથી રૂમો

બનાવેલી... બાજુની રૂમમાં યુપીના જાડાપાડા ભૈયાજી રહેતા હતા – બધાં એમને મહારાજ કહેતા. મહારાજનું કામ મજૂરોને કામ સોંપવાનું ને સૌને તતડાવવાનું હતું જાણે ! બહુ ખાય, બહુ બોલે ને સ્ત્રીઓ ભાળીને જીવ બગાડે એવો આ મહારાજ હતો. પનાલાલે તો એમનેય ઠીક કરવાના હતા... પણ એ પછીનો એક મજબૂત ને જવાબદાર પડોશી તે સૂરજરામ... મોડાસા બાજુનો.

સૂરજરામ હિસાબી કારકુન. જવાબદારી મોટી. દારૂના 'વરાડ' (ક્વૉલિટી) પ્રમાણે ભાવ લેવાના... ને વધારે કડક દારૂને અમુક માત્રામાં નરમ કરીને ભાવ કરવાના... ભઠ્ઠી ચાલે ને માલ ઊતરે ત્યાંથી ચોકીપહેરો પાકાં રાખવાનાં.... આવી સો જાતની જવાબદારીઓ છતાં સૂરજરામ મસ્તરામની જેમ રહેતો. પનાલાલ સાથે પહેલા દિવસથી જ ફાવવા માંડેલું... પછી તો બંને જાણે 'જલસા' જ કરતા હતા.

પનાલાલની રૂમ ચોખ્ખી. ભીંતો વાંસની. એય લીંપેલી. ચોકડી ને ચૂલો પણ સરસ. રસોઈ ને પાણીનાં પૂરતાં વાસણ. એકાદ પેટીપટારા ને સૂવા સારુ ખાટ-લા-ગોદડાં... ધીમે ધીમે ઘર વસાવતો ને જાતભાતની રસોઈ શીખતો પનાલાલ પોતાની દુનિયામાં મસ્ત હતો. પહેલા દિવસથી ગાવાનું રાખેલું – નાહતાં ગાય ને રાંધતાં ગાય... રાતે ગાય ને વાટે ગાય... સૂરજરામને એનો કંઠ મધુર લાગેલો. અહીં આસપાસનાં ગામોમાંય આદિવાસીઓ લોકગીતો ગાતા. મેળાવડા થતા. પનાલાલ મજૂરો ભેળો પાસેનાં ગામોમાં ગીતોના જલસામાં જતો ને ગાવામાં મશગૂલ રહેતો હતો.

શેઠે પનાલાલને ડુંગરપુર જઈને ટપાલ લઈ આવવાનું કામ સોંપેલું. રોજ જવા-આવવાનું ને સમય પસાર કરવાનું થતું. ચાલવાથી મજબૂત થવાતું. એક વાર મહારાજે ડુંગરપુર દવાખાને ભાળેલી રૂપાળી નર્સની વાત કરી. મહારાજ એની પાછળ લટ્ટુ થયેલો. પનાલાલને મીઠાઈનું પડીકું એને પહોંચાડવાનું કામ સોંપેલું. પણ હવે પનાલાલને ખબર પડતી હતી કે આવાં કામોમાં માર પડે... કેસ થાય ને આબરૂના કાંકરા થાય. મહારાજની લાલસા નર્સમાંથી માંડ છૂટી અને નાથુની વહુમાં પેઠી. નાથુ મજૂર લાવનારો મુકાદમ હતો. લાકડાં-કોલસાની જરૂરત પણ એણે જોવાની હતી. એની વહુ રંગીલી ને પુરુષભૂખી હતી. મહારાજે એને મૉયણી (મોહિની) માટે મૂળાડું (એવા ઝાડનું મૂળ) પકડાવ્યું છે – એ છોડી દે તો મરી જાય ને મૂળાડું પાસે રાખે તો મહારાજ વિના બીજાને જુવે નહિ – એવી પુરુષઆંધળી થૈ જાય. આવું એ પનાલાલને કહેતી ને પોતાની તરફ ખેંચવા

લલચાવતાં નખરાં કરતી. એક વાર નાથુ મહારાજને જાનથી મારવા દારૂ પીને બકતો હતો... મહારાજ ભાગતો-છુપાતો હતો... આ આખો મામલો થાળે પડતાં ને શેઠ સુધી પહોંચેલી વાતને વાળતાં પનાલાલને નાકે દમ આવ્યો હતો... એને પોતાના બાવજી જયશંકર ભટ્ટ યાદ આવી જતા.

પનાલાલના ભાગ્યમાં જાણે નવું નવું શીખવાનું ને નવા નવા પાઠ ભજવવાનું લખાયેલું જ હતું. સૂરજરામના ગામથી પત્ર આવેલો. લગ્ન લીધાં છે, ઘેર આવી જશો. એ તો ઊપડ્યો – ચાર્જમાં પનાલાલ. હિસાબની બાબતે તો પનાલાલને વાંધો નહોતો પણ પલાળેલા મહુડામાં આથો આવે ને પછી ભઠ્ઠી ચાલુ કરવાની... ને પ્રારંભે જે તૈયાર થાય તે માલ વધુ નશાદાર હોય; એને વેચતાં પહેલાં નરમ કરવાનો... એ માટે માપનું પાણી એમાં ઉમેરવાનું ને દારૂના મોટા કૂવા જેવા વાસણમાં બધાં માપ હોય એ જ પ્રમાણે લખવાનાં; ગણવાનાં ને ભાવ કરવાનો... આ બધું સાચ્ચે જ અઘરું હતું. આ બધાં કામમાં પનાલાલને મદદ કરનાર એક કલાર્ક હતો દુર્ગાપ્રસાદ. ડુંગરપુરવાળા જૂના દુબેજીનો એ ભક્ત હતો...ને પનાલાલને એ દુબેજીનો એક વાર પરિચય થયેલો – એક કેસમાં જવાનું થયેલું. એટલે આ સંબંધે દુર્ગાપ્રસાદ પનાલાલને સારી રીતે સહકાર કરતો હતો... ત્યાં જ દુર્ગાપ્રસાદની બીજે બદલી થઈ ને એના સ્થાને એક નવો માણસ આવી પહોંચ્યો હતો.

આ નવો માણસ તે જ ભવાનસિંહ ! મજાનો માણસ. રંગીલો; શોખીન. ચૂડીદાર પાયજામો; ગળા સુધીનો બુટનવાળો કોટ, પગમાં બૂટ... માથે રેશમી સાફો; હાથમાં સિગારેટ ને આખા મલકમાં ત્યારે ભાગ્યે જ જોવા મળતી રણકતી ચમકતી સાઇકલ પર સવારી કરતો. રોજ ડુંગરપુરથી આવજા કરતો હતો. પનાલાલને તો આ માણસમાં મજા પડી ગયેલી. શરૂમાં ભવાનસિંહ રુઆબ મારવા ગયેલો પણ પનાલાલની સમજણ ને કાર્યપદ્ધતિ તથા પ્રેમાદરભાવ ને વિવેકવર્તનમાં પરિપક્વતા જોઈને એ તો અંગત દોસ્ત બની રહ્યો... થોડાક દિવસમાં તો એણે પનાલાલને પોતાના પ્રેમભંગની બીજી કન્યા સાથે થયેલી શાદીની, જૂની પ્રેમિકાને એ મળે છે ને એનો પતિ ભવાનસિંહને મારવા ફરે છે...ને એણે કેસ મૂક્યો છે – વગેરે કૈંક વાતો કહી દીધી હતી. આ સિવાય પણ ભવાનસિંહ પાસે વાતોનો ભંડાર હતો. એ વાતો માંડીને કહેતો ને પનાલાલને પુસ્તકોય લાવી દેતો. ભવિષ્યે લેખક થનાર પનાલાલને મળેલું આ ભાથું ખૂબ ઉપયોગી હતું. ભવાનસિંહની વારતા કહેવાની – માંડવાની રીત પ્રભાવક હતી. 'બેસ્ટ સ્ટૉરી ટેલર' બનેલા પનાલાલના મૂળ સ્રોત અહીં પડેલા પમાય છે. ભવાનસિંહે ડુંગરપુર ઉદેપુરનાં

રાજકુટુંબોની કથાઓ પણ પનાલાલને કહેલી. મહારાવળ વિજયસિંહના એ ખૂબ ગુણ ગાતો. આ રાજાએ વારતા-કહેવતોના સંચય કરાવેલા. (પનાલાલે કદાચ વિજયસિંહને ધ્યાનમાં રાખીને કથાવારતાઓ લખી છે. એનો યશ ભવાનસિંહને આપી શકાય. 'પાછલે બારણે'નું કથાવસ્તુ પણ બીજ રૂપે આમ જ મળ્યું હોય ને ! હિન્દી-મેવાડી-વાગડી – ત્રણે ભાષામાં વાત કરતો ભવાનસિંહ પનાલાલને દોહરા સંભળાવતો ને પ્રેમ-વિરહ-રૂપરાગના એ દોહરાના અર્થો પૂછતો. વળી કહેતો કે આમાં બધું 'મોઘમ' ('સંગોપન' એ જ કલા !) રાખવાની જ મજા હોય છે. અજાણતાં જ પનાલાલને અહીંથી સાહિત્યકલાના પાઠ ભણવા મળ્યા હતા એ નક્કી છે.

ઊંટો ઝુકાવ્યાં હોય એવી ટેકરીઓના મલકમાં વસેલું બોરી છૂટાં છૂટાં છાપરાંનું ગામ હતું. ટેકરીએ ટેકરીએ છાપરાં. વચ્ચે બોરીની ડિસ્ટિલરીનું ચૂ-નાપથ્થરનું ઊંચું મકાન...ચોપાસ વાંસપટ્ટીની રૂમોની હારમાળા... પાસેની ટેકરી પર રુસ્તમજી શેઠનું ઘર ને મજૂર તથા ઢોરની ઓરડીઓ. રાતે અંધારાં ચીતર્યાં હોય એમ છાપરે છાપરે દીવા બળે અને તગતગે ચૂલાનો દેવતા. ભવાનસિંહની વાતોની જેમ હવે તો આ મલકને ડિસ્ટિલરીનાં કામ પણ ભાવતાં-ફાવતાં હતાં.

મહુડામાં આથો આવે એટલે ભઠ્ઠી ચાલુ થાય. બળતણનો ધુમાડો ભૂંગળા વાટે આકાશ આંબે – જાણે અમદાવાદની નાનકડી મિલનું ભૂંગળું ! પનાલાલને અમદાવાદની છાલક વાગતી. ઈડરના ડુંગરા સાંભરતા... બાઈબાની યાદ તો વારેવારે છલકાતી. ભઠ્ઠી ચાલુ થાય પછી દારૂની ધાર શરૂ થતાં પહેલાં સિપાહીનો પહેરો મુકાઈ જતો. હા, દારૂ ચોરનારા અંદરના જ હોય. સમયના આંતરે આંતરે મૅનેજર જઈને ઇન્સ્પેક્ટરને બોલાવી લાવતો. બેઉ જણ નીચે ખાડામાં ઊતરતા – નોકર ટાંકીનું તાળું ખોલીને પડતી ધાર ઝીલી લેતો... ઇન્સ્પેક્ટર યંત્રોની મદદથી દારૂની 'તાકાત' માપતો. અમુક તાકાતથી દારૂ નીચેનો થાય તો ખેંચવાનું બંધ કરાતું. ગાળેલો બધો દારૂ મુખ્ય ટાંકીમાં રેડાતો પછી સમગ્ર દારૂની 'તાકાત' જોઈ મેળવીને બંનેનાં રજિસ્ટરોમાં દર્જ થતી ને એમ દિવસ પૂરો થતો. દારૂ ગાળવાનું આ મુખ્ય કામ.

ડિસ્ટિલરીનું બીજું કામ તે ઑર્ડર પ્રમાણે દારૂ વેચવાનું. દારૂના વેપારી--ઠેકેદારો દાણખાતામાં (હિસાબી વિભાગમાં) પૈસા ભરીને પાસ કઢાવી લાવતા. સિપાહી તથા મૅનેજરની દેખરેખ નીચે, પાવતી-પાસ પ્રમાણે 'ઢોલ'માં દારૂ ભરાતો

ને લગડું ગધેડા પર ચઢી જતું... ગધેડાં ચાલી નીકળતાં. ડુંગરપુર જેવા મોટા ગામેથી તો દારૂ માટે મોટાં પીપ કે ઢોલ લૈને ગાડાં આવતાં. બધું માપી માપીને થતું તોય ગોલમાલ કરનારા તે કરીને જ રહેતા... દારૂ પીતા ને બે-પાંચ રૂપિયા ખિસ્સામાં સેરવી લેતા.

અહીં પ્રેમની દુનિયા જેવી જ અંદરોઅંદરની ખટપટો હતી. બદલી-બઢતી – પગારવધારો – વગવસીલા – આંખ આડા કાન ને પૂંઠે લાગી જવું : બધું જ માનવસ્વભાવને સહજ હતું. પનાલાલનો પાક્કો હિસાબ છતાં એને ચતુરભાઈસાહેબનો માણસ જાણીને ભૂલ કાઢનારા કે પોતાને ત્યાં નોકરી કરવી છે ? – કહીને લલચાવનારા બીજા 'બાબુસાબ' પણ હતા. પણ પનાલાલ વફાદારી માટે જાણીતો. ડિસ્ટિલરીમાંય ગરબડ કરનારને રોકે, પોતે 'પીતો'ય નહોતો ને !

લગ્ન પતાવીને અને પર્વ ઊજવીને સૂરજરામ પાછો આવી જતાં પનાલાલને મૂળ ટપાલવાળું કામ મળી ગયું હતું. હવે ભવાનસિંહ જોડેની વાતોય ઘટી હતી. સૂરજરામનો સાથ ઢળતી રાતોને રઢિયાળી બનાવતો હતો. એક દિવસ ઓચિંતા મોટા ભાઈ - હરિભાઈ - આવી ચઢ્યા હતા. પનાલાલને ફાળ પડી. આમ ઉસમૂસ કેમ આવ્યા હશે ? વેસણનું ટેસદાર શાક ને ઘઉંની રોટી જમાડીને બેઉ બેઠા. હરિભૈએ વાત મૂકી :

*'જો જેમ જેમ ઉંમર વધે એમ કન્યા આપનારા ઘટે. આમેય ન્યાતમાં કન્યાનો તૂટો છે; તું જાંણે છે. જેમતેમ કરીને એક ઠેકાણે જોગ ખવરાવ્યો છે. ફલાણું ગામ ને ઢીંકણો પટેલ. હા, મોટીબહેનની વગમાં હતી એ જ આ કન્યા. મોટીબહેને તને વાત કરેલી એ જ... ગમે તેમ કરીનેય અત્યારે તું મને ઓછામાં ઓછા એંશી રૂપિયાનો જોગ કરી આપ... પછી વળી દેખવું છે.'*

પનાલાલ તો ભાઈની વાત સાંભળતાં જ છેડાઈ પડ્યો હતો :

*'મારે પૈસા આપીને પરણવું જ નથી ! કુંવારો રૈશ પણ પૈસા સાટે કન્યા તો આ જન્મારામાંય નહીં ને આવતા જન્મારામાંય નહીં ! મને તો આપણી ન્યાતમાં જગજાહેર છે તેમ કંકુ સાટે કન્યા મળશે તો જ પૈણીશ....*

મોટા ભાઈ અકળાયા. નાક કાપ્યાની વાત કરતાં પનાલાલ વીફર્યો - 'નાક તો તમે કાપવા બેઠા છો – મારું. મને પટેલ હોવાનું ને નાંનશાની આબરૂનું અભિમાન છે. પૈસા સાટે કન્યા તો કોક જ લાવતાં હશે – ભિખારાં ને ભૂખાળવાં

! ઉં તો જાતમુખત્યાર છું ને કમાઉં છું...' મોટા ભાઈ તો ગળગળા થઈ ગયેલા. પનાલાલને થતું હતું કે આવા ભાઈ કરતાં તો રેવા સારી. એ અમારી આબરૂ ને કમાઈનાં વખાણ કરે છે. આવા ઊજળા ઘરમાં સામેથી કન્યા આવશે એમ કહે છે. ને આ સગો ભાઈ ! પનાલાલને શંકા ગઈ કે પછી કંઈક કપટ તો નથી પેઠું ભૈમાં ! સૂરજરામ બેઉ ભાઈની વાતો સાંભળતો હતો. દોડી આવ્યો. શાંતિ કરી. રસ્તો બતાવ્યો. શેઠને મળો – પેશગી (એડવાન્સ) આપશે. વગેરે.

ઘણી અનિચ્છા છતાં પનાલાલે ભાઈને એંશી રૂપિયા અપાવ્યા. ને કહ્યું કે સામા ધણીને રૂપિયા બતાવીનેય ના પાડજો. કહેજો કે રૂપિયા તો છે પણ કન્યા તો કંકુ સાટે જ લૈશું... તમે સગાઈ જાહેર ના કરશો... મને નહીં ગમે. છ રૂપિયા વધારાના પકડાવીને ભાઈને કહ્યું કે ગામમાં નિશાળ થઈ છે તો ખેમાને ભણાવજો આ એની ફી તથા ચોપડીઓના પૈસા... છેવટે ભાઈ રાજી થઈને ગયા. કાળ આગળ ચાલતો હતો. ચતુરભાઈસાહેબનો દીકરો પરણાવવાનો હતો. પનાલાલને તેડું હતું – એમની સાથે જ એ ચરોતર લગ્ન મહાલીને આવ્યો હતો ત્યાં જ વળી શેઠ-શેઠાણી દીકરા રતનશાને પરણાવવા માટે ગુજરાત (વાંસદા નવસારી બાજુ) નીકળ્યાં. બધું ઘરકામ ને ડિસ્ટિલરી પનાલાલને માથે ! પનાલાલની લેફ્ટરાઇટ લેવાતી હતી. પણ રતનશાની વાતો ને વાતો માંડવાની રીત રોજ યાદ આવતાં. આ રતનશા પાસે લોકવારતાઓ ભલી ભલી હતી. અદભુત ને વીરરસ... હાસ્ય-રસ પણ ખરો ને શૃંગાર તો પારસીબાબુની જીભે ભલો ભલો નીતરતો હતો. પના-લાલને આ વાતોમાંથી પણ ભાથું મળ્યું હતું... આ દિવસો જ સમૃદ્ધ હતા જાણે !

શેઠશેઠાણી લગ્ન-અવસર નિવેડીને પાછાં આવ્યાં એટલે પનાલાલનો પગાર પુનઃ વધ્યો. નામું લખવાનુંય વધ્યું ને ટપાલ માટે ડુંગરપુર તો રોજનું જ. મોટા ભાઈની, રૂપિયામાં કન્યાવાળી વાત ભુલાતી નહોતી. એને થતું આ તો ભણતર લાજે. રેવા જાણે તો શુંનું શું વિચારે ! આ તો ઢાંકણીમાં પાણી લૈને બૂડી મરવાની વાત થૈ ! વિવાહની વાત જ ફોક થાય તો ગંગા નાહ્યા !

થોડા દિવસ વીત્યા હતા ત્યાં વળી ટપાલ લેવા ડુંગરપુર જતા પનાલાલને ડુંગરપુરના શાકબજારમાં જ માંડલીનો 'સંઘ' મળ્યો. બધાં કેસિયારજી દર્શને જતાં હતાં. પનાલાલનો શક્કો જોઈને બધાં અચંબિત હતાં.'કુણ ક્હે કે આ હીરાબાનો પનુડો સે... એં ? જુઓ તો ખરાં, એનો રુઆબ !' પનાલાલે સૌને નાસ્તોપાણી કરાવ્યાં ને ખબર પૂછી. કશા સંકોચ વગર રેવાની બાને કહ્યું કે રેવાને કહેજો સંભારતો'તો. ને કાંતિની બહેનનેય પૂછ્યું કે... 'તારી બા અને કાંતિના

કૈં સગડ મળ્યા કે ?' એ નિરાશ હતી... 'કુણ જાંણે ! તેણેને ધરતી ગળી જૈ કે પસેં મલક મેલીને...' બિચ્ચારી ! સંઘમાં પડોશી-કુટુંબી વાલોકાકો હતા. પનાને બાજુમાં લઈ જૈને કહેતા હતા -

*'થોડા પૈસા ભેગા કરજે. ઉં તારા માટે એક કન્યાની વેંતમાં છું... ગમે ત્યારે નક્કી થાય એમ છે... તું કુટુંબી ભાઈ; તે તારું મને બળે તો ખરું ને ?!'*

પનાલાલને ખબર હતી કે, હરિભાઈ પૈસા લઈ ગયા છે એય મને કન્યાનું કહેતા હતા એમ જો એ કહે; તો તો વાલોકાકો આખા પરગણામાં ઊપણ્યા વગર નહિ રહે ! એમને ને હરિભૈને નહોતું બનતું. છીંકતાં છીંડાં પડતાં. છતાં પનાલાલે જરાક વાત કરી ખરી કે હરિભૈ પણ સાલેખભાવે (અમસ્થા) કન્યાની, વાલીબહેનની વગમાં કન્યા છે એવી કૈંક વાત કરતા હતા. પછી તો વાલોકાકો બહુ ફેરવી ફેરવીને પૂછતા રહ્યા પણ પનાલાલેય માંડલીના પટેલનું પાણી પીધેલું હતું ! પણ વાલોકાકો છેવટે બોલ્યો એ સાચું નીકળેલું :

*'જો, તારા ભૈને શમણામાંય તારા લગનની વાત યાદ નથી આવતી. આખ્ખો ઉનાળો ગયો. કશે ગયો જ નથી. ને વાલીબહેનના વગવાળી કન્યાનું તો ગયા વર્ષે બીજે થઈ ગયું સે. ઑણગાર તો કશાં મૂરતાં જ ચ્યાં સેં ! આણાંટાંણાંય બન્ધ જેવાં સેં...'*

ને પછી પૈસાની વાત કરી એનાથી તો પનાલાલને ખ્યાલ આવ્યો કે સગો ભાઈ ફોસલાવી-પટાવીને છેતરી ગયો ! જાહ રે જાહ !

*'તેં જે પૈસા આલ્યા હોય એ તું જાંણે. પણ નવા બળદના પૈસાની ઉઘરાણી રોજ બારણું તોડી પાડતી હતી. ભાઈ એટલે તારી પાસે આવેલા. ચાળીશ રૂપિયામાં બળદ લીધો સેં ! ખેર, મેં કહ્યું એ યાદ રાખજે; પૈસો પેદા કરજે ને શરીર સાચવજે...'*

ચાલો જે થયું તે ! એકલરામને કેટલું જોઈએ ?! મન મનાવ્યા વિના છૂટકો નહોતો... પછી જ્યારે ઘેરે જવાનું થયું ત્યારે પનાલાલે પૂછેલું કે પેલી પૈસાવાળી કન્યાનું શું થયું, પછી ? ભાઈ પાસે જવાબ તૈયાર હતો : 'તેં ના પાડેલી એટલે ઉંય પસે ઠંડો રયો. સામેથી વાત ના આવી ને ઉં ગયો નીં... છેવટે તેં આપેલા પૈસાથી; માથેથી દેવાનો ભાર ઓછો કર્યો ! પનાલાલને પાઠ ભણવા મળ્યો હતો.

# 17

મુકાદમ નાથુએ મહારાજ પર કેસ કરેલો કે મારી પત્ની સુકલીને સતાવે છે. પનાલાલને ડુંગરપુરમાં આગોતરી ખબર પડતાં એ બોરીમાં તરત શેઠને મળે છે ને ડિસ્ટિલરીમાં પોલીસ આવે એ પહેલાં પનાલાલની સલાહ પ્રમાણે મહારાજને બોરીમાંથી રાતોરાત વિદાય કરી દેવામાં સફળતા મળે છે. જોકે આમાંય પનાલાલે રાત વેઠીને વેશપલટા જેવું કરીને જૂઠી વાત રચીને બહાર જવું પડેલું ને પરોઢે પરત. પણ પોલીસ આવીને ખાલી હાથે ગઈ એથી શેઠની આબરૂ બચી ગયેલી. આમાંય પનાલાલની સૂઝ ને સમયસૂચકતા કામે લાગેલાં. હવે એ એમના પ્રેમ ઉપરાંત પક્ષપાતનોય હક્કદાર હતો. શેઠ ભવિષ્યમાં એને બઢતી આપી - પગારવધારો કરી - સાગવાડાની પોતાની ડિસ્ટિલરીમાં ગોદામ મૅનેજર તરીકે મૂકવા માગતા હતા. યોગ્ય સમયે એય થવાનું જ હતું.

આ દરમિયાન બે-ત્રણ બાબતો બની હતી જે ઘણી મહત્વની હતી. ઘણો મોડો મોડો કાગળ આવ્યો હતો કે પનાલાલની મોટીબહેન સંતી રાંડી હતી. બનેવી મોડાસા ભાડું ભરવા ગાલ્લું લઈને ગયેલા. કહે છે વાટેથી ભૂત વળગ્યું ને ઘેર આવીને ખાટલો ઢાળ્યો... બે જ દંનમાં તો રામ રામ ! કૂકો કરવા પનાલાલે જવાનું ઠરાવ્યું હતું. શેઠે ભાડું ને રજા બેઉ મંજૂર કર્યાં ને એક સાથીદાર પણ સેવામાં મોકલ્યો હતો. સંતીબહેન પનાલાલને વળગીને ખૂબ રોઈ. પનાલાલેય ડૂસકે ચઢી ગયો હતો. બહેને ‘મોં વાળ્યું’ એ સાંભળીને તો ભલભલાં રોઈ પડેલાં. નાતરિયા ન્યાતમાં બહેન ‘બીજું ઘર’ માંડે તો ખોટું નહોતું. પણ મરતા પતિને વચન આપેલું

કે : 'સસરાને પાળીશ ને છોકરી મોટી કરીશ... બીજે નહિ જાઉં !' પનાલાલે બહેનને બિરદાવેલી. નાંના ખુશાલ પટેલની દીકરી આવી જ હોય !

પનાલાલને આવેલો જાણીને રેવા સાસરેથી અચૂક આવી જતી. બધાં ગામડાં સાવ ઢૂકડાં. કૂકડાઊડણ જાણે ! રેવાએ પનાલાલને લગ્ન બાબતે આશા બંધાવતાં કહેલું કે વાલાકાકા કહેતા એ વાતે ઉતાવળ ના કરશો. મેં મનમાં ગાંઠ વાળી છે કે તમને પરણાવવા, ને કાયમ માટે સંબંધી કરી લેવા. પહેલાં તો પનાલાલને થયું કે રેવા જ એનું ઘર માંડશે કે શું ! એ તો ખુશ ખુશ ! પણ રેવાએ કહેલું – 'ના રે, મારે તો બધું સારું છે...' પણ મારા મનમાં એક કન્યા છે ને તે હું વિવાહ કરાવીશ જ... તમે મને વચન આપો કે કુંવારાગરો ઉતારીને તમે કોઈ બીજી મોટી જોડે નાતરુંબાતરું નહિ કરો ! હાસ્તો, પૈસો ભાળીને તમને કન્યા આપવા અને નાતરું કરવાય કેટલાંક તૈયાર થઈ જાય તો કે'વાય નહિ !' પનાલાલ રેવાને વચન આપીને પાછો બોરી પહોંચી ગયો હતો. વરસાદના દિવસો હતા..ને બધું રાબેતા મુજબ ચાલતું હતું.

પેલી નર્સ પાછળ લટ્ટુ અને સુકલીમાં લપટાઈને નોકરી ખોનાર મહારાજને સ્થાને શેઠે મોડાસિયો મુસ્લિમ નૂરમહંમદ ગોઠવ્યો હતો. પનાલાલની પડખેવાળી રૂમમાં રહેવા આવેલા. મહારાજની આ રૂમ એને એટલા માટે પણ યાદ હતી કે એક ઢળતી રાતે એણે સુકલી તથા મહારાજને એ રૂમમાં 'સમાગમ'માં મસ્ત જોયાં હતાં... વાંસની લીંપેલી ભીતમાં એવું બાકોરું હતું. નહોતું જોવું તોય જાતની અંદરથી કોઈ જોવામાં રત રાખતું હતું. એ તરસ, એ આક્રમણ, એ છટપટાહટ... ઓહ ! ખેતરમાં સાપ-સાપણને આમ જ અમળાતાં ને થેઈ થેઈ થૈને નીચે પટકાતાં જોયાં હતાં.

આ નૂરમહંમદને સાપ પકડીને માટલામાં રાખવાની ટેવ હતી. તે એક દિવસ ઝેરનો દાંત કાઢતાં જ એને સાપ ડંખેલો. પનાલાલને સૂરજરામે પણ વીનવેલો – જાવ દોસ્ત ! આને ડુંગરપુર દવાખાને લઈ જાવ, નહિ તો નહિ બચે. પનાલાલે દવાખાનામાં પેલી નર્સને જોઈ; ગુજરાતણ જ હતી. સાચ્ચે જ બધાંની નજર રોકી રાખનારી, ડોલતી નાગણ જેમ ચાલતી હતી. નૂરને સાજો કરતાં ત્રણ દિવસ લાગેલા. પછી વળી ડુંગરપુર તો જવાનું તો રોજનું હતું. પણ એક દિવસ ભવાનસિંહનો આગ્રહ હતો – એના ઘરે રોકાવાનો ને સાથે 'જલસો' કરવાનો ! દિવસ નક્કી કર્યો હતો. રાજાની સવારી નીકળવાની હતી તે. એક પંથ દો કાજ. હાસ્તો.

ભવાનસિંહનું ઘર દરબારી ઠાઠનું હતું. મેડી પર સુધારો કરીને ધાબું ભરેલું. બાકી ઝરૂખા, કોતરકામ તો ખરાં જ. ચોખ્ખું ઘર. સુગંધિત તેલનો દીવો ઉજાસ પાથરતો હતો... બીજીય હલકીફૂલકી મહેક હતી... ઠાઠવાળું દીવાનખાનું... ઘરમાં પડદો પાળતી ને ઝાંઝરના ઝમકારથી વર્તાતી સ્ત્રી હતી. પછી તો બંને મિત્રો સવારી જોવા ગયેલા. ડુંગરપુરના ભાવિ મહારાવળ ખુલ્લી અંબાડીમાં હાથી પર બેઠા હતા. શા શોભીતા શણગારો હતા. ચામર ઢોળાતા હતા. જોડે અગ્રિમ હરોળના તાજીમદાર જાગીરદારો પણ ઘરેણાંથી શણગારેલા ઘોડાઓ પર સવાર હતા... પછીની હરોળોમાં ઠાકોર જાગીરદારો ! કેટલાક તો કહેવા પૂરતા ? લોકો ઝરૂખેથી જોતા હતા... બજાર શાંતિથી મારગ આપતી હતી. વરઘોડાની જેમ ફરતી સવારી, દીવાઓ અને રાત્રિનું રૂપ ! ખૂબસૂરત ! સવારી તળાવકાંઠે ઊતરેલી. પછી એ જ વૈભવ... ગાદીતકિયાનાં બેસણાં... ઓળખાણો ને ઝૂકી ઝૂકીને સલામો... થોડું નાચગાન અને ગાયનવાદન ! પનાલાલને રજવાડાની વૈભવવંતી રસમોનો ખ્યાલ આવેલો.

પછી બંને મિત્રો ભવાનસિંહની મેડીમાં હતા. ઉદેપુરનો રેશમી દારૂ ને મટન તથા કાંદાનાં ભજિયાં ! પનાલાલે આગ્રહને વશ થઈને જીવનમાં પહેલી વાર 'સોમરસ'નું પાન કર્યું... ભજિયાં જોકે ડુંગળીનાં જ ખાધાં હતાં. એવું જ સ્વાદ ભરપૂર જમણ.... ધાબા પર ઠંડકમાં પથારી, પવનની લહરીઓ, માથે નક્ષત્રોનો થાળ ઝૂલતો હતો ને આછા આછા નશામાં શરીર મદમસ્ત લાગતું હતું... મનમાં થતું હતું કે આને જ સ્વર્ગ કહેતા હશે. અપ્સરાઓ પણ તળાવકાંઠે જોઈ જ હતી ને ! ભવાનસિંહે રાજા વિજયસિંહજીની એમની રૂપાળી રાણીનાં ઘરેણાંની, બહારનો દારૂ લાવવાની બંધીની ને કૈં કેટલીય વાતો એ દિવસે કહ્યા જ કરેલી.

શિયાળાની હેમાળી રાતોમાં શિયાળવાં રોતાં, અપશુકનિયાળ ઘુવડ બોલતું ને બોરીની પહાડીઓમાં ક્યારેક વાઘની ત્રાડ સંભળાતી. શેઠના ઘરના મોભે પરોઢે ઘુવડ બોલતું હતું. શેઠાણીને અપશુકન લાગતા હતા. રાજ્ય તરફથી દારૂની તથા ભઠ્ઠીની ચકાસણી થવાની હતી. શેઠે ડરના માર્યા એક દિવસ ઘુવડને બંદૂકે દીધો... ઘાયલ ઘુવડ ઊડી ગયો. એ વળી વધુ ખરાબ મનાતું. છેવટે સૂરજરામને પનાલાલે એ જ સાંજે એ મરેલો ઘુવડ શોધી આપેલો...ને એનો વિધિવત્ અગ્નિસંસ્કાર કરીને શેઠને નચિંત કરેલા. જોકે દારૂની લૅબોરેટરી તપાસવાવાળાંએ 'તાંબાની ભઠ્ઠી જૂની થૈ છે ને દારૂમાં તાંબું વધુ આવે છે-' કહીને શેઠને નવો ખર્ચ કરવા સાબદા તો કર્યા જ હતા !

દિવાળી પર પનાલાલને માંડલી જવાની રજા ન મળી. એ સીઝન ગણાય. વળી નવા દરબારને ગાદીએ બેસાડવાના હતા. એટલે ભઠ્ઠીઓ બે પાળીમાં ચલાવીને દારૂનો સ્ટૉક દોઢો-બમણો કરવાનો હતો. મસાલેદાર દારૂ માટે એક નાની ભઠ્ઠી પણ કરી હતી... છેવટે શિયાળો અધવાર્યો. ઉતરાયણ ગઈ ને પનાલાલે હરિભૈનાં બેઉ છોકરાં (ગંગા-ખેમો) માટે કપડાં લીધાં. રેવા માટે બંગડીઓ કે કાપડાની ફૂમતીદાર કસો લેવાનું મન હતું – પણ રેવા એ બધું હવે જાહેરમાં હરખાઈને પહેરી નહિ શકે - એમ લાગતાં કંકુ-કાજળની એક મખમલ મઢેલી દાબડી લીધેલી. માંડલી પહોંચ્યો ત્યારે દિવાળી અને હોળીની વચ્ચે એને આમ ઉસમૂસ આવેલો જોઈને ઘરનાંને ને ગામનાંનેય નવાઈ લાગી હતી.

જોકે પનાલાલનું આવ્યું લેખે લાગ્યું હતું.

બે કામ થયાં હતાં ને બેય ઘણાં મહત્વનાં હતાં.

એક તો રેવાના જેઠની છોકરી વાલી સાથે પનાલાલનો વિવાહ થયેલો. બીજું તે ભાઈઓ વચ્ચે મિલકતના ભાગ પાડી લેવામાં આવ્યા હતા.

વાલાકાકા પોતે જોયેલી ઉંમરમાં ઠીક ઠીક બરોબરીની કન્યા માટે પનાલાલ-ને હા પાડવા પદાવતા હતા; ‘તને મેં કહેલું જ હતું, સામો માણસ ક્યાં સુધી વાટ ભાળે ? આ હોળી ગૈ નથી ને વૈશાખ બેઠો નથી... માટે મને બે દંનમાં જવાબ કરજે... હા !’ પનાલાલને ખ્યાલ હતો કે આ ઉપકાર જ ગણાય વાલાકાકાનો ! પણ પોતે રેવાને ગઈ ફેરા વચન આપેલું. હવે એ રેવાને ઝટ મળવા માગતો હતો. ત્યાં વળી હરિભૈએ પણ બેચાર વર્ષની કન્યાની વાત કહી. અહોહો ! નહોતું ત્યારે ખાવાના સાંસા હતા, ને આવ્યું ત્યારે લાડુનું જમણ ! ત્રણ-ત્રણ કન્યાનાં માગાં ! ને તેય સામેથી. સાચ્ચે જ, ભણતર ને ઘરની આબરૂ. વળી વરરાજાનું રૂપ ને નોકરીય ખરાં તે ખરાં સ્તો !

પનાલાલે વાલાકાકાને હરિભાઈવાળી તથા હરિભાઈને વાલાકાકાવાળી વાત ધરીને બે દંન ઠેલ્યા કરેલા. દરમિયાન વસ્તાકાકાના ઘરમાં જ રેવા મળવા આવેલી... વાત પાકી થઈ. વસ્તાકાકાને રેવાની સાસરીમાં સગાનો લહડો હતો. રૂપાકાકાને બધું સમજાવીને પનાલાલે ભાઈને પટાવ્યા ને એ બંનેને મોકલ્યા સાકર તથા વચન લૈને રેવાની સાસરીમાં ! બે કુટુંબીઓના કકળાટ છતાં રેવાએ હિંમત દાખવી. એના ઘરનાં રેવાના પક્ષે હતાં. રેવાએ સાકર લીધી, વચન ઝીલ્યું ને એ જ ગામમાં ગૉળ વહેંચાયો. પછી માંડલીમાં નવે ગામનું ચોખળું મળવાનું હતું. એમાંય

ગોળ વહેંચીને વટ પાડવાની વાત હતી. પણ પનાલાલે ના પાડી. વાલાકાકાને થાય કે મને 'બાળવા' આ કર્યું છે. રેવાનાં કુટુંબીઓની ના હોવાનાં કારણોય આમ તો ધૂળ જેવાં હતાં. એમને એમ કે ઉંમરલાયક પનાલાલ કાલે પરણે ને કુંવારા ગ્રહો ઊતરી જતાં જ કોક ઉંમરલાયકની 'હેલ ઉતારે' તો ? વળી દારૂની ભઠ્ઠીમાં નોકરી તે 'પાણીનું માછલું પાણીમાં તરસ્યું થોડું રહેતું હશે ?' ક્યારેક છોકરીને દુ:ખ આવે – એવું એવું બધાં માનતાં હતાં. પણ રેવાને પનાલાલના વચનમાં ને પોતાની લાગણીમાં વિશ્વાસ હતો. વિવાહ થતાં ઝાંઝરી આપવા જવાનું હોય છે. 'વચન ચઢાવ્યું' કહે છે તે, એ રસમ પણ પનાલાલે મિલકતના ભાગ પછી પૂરી કરીને કહેલું કે બાકી બધું ઉનાળે લગન લઈશું ત્યારે... જોડો લૂગડાં ને બેચાર ઘરેણાં. બધું જ થશે. આમ, પોતાનો વિવાહ ને પોતે જ વહેવારિયો એવો ઘાટ થયેલો.

પનાલાલના લગ્નનો ખર્ચો તથા ઝાંઝરી માટેની વીસ ભાર ચાંદી ! હરિ-ભાઈથી તો કૈં થાય એવું નહોતું. વાલાભાઈએ પોતાનો કહેલો વિવાહ ના રાખ્યો એનું વેર વાળતા હોય એમ હરિભૈને કહેતા હતા, 'મારું માંને તો આજથી જ બેઉ ભૈ જુદા થૈ જાંવ...' ને મોટાભાઈએ ચાર આગેવાનોને તથા કુટુંબીઓને બોલાવ્યા હતા. પોતે તો દેવાદાર છે કહીને ઊભા રહેલા. હા, બત્રીસ વીઘાં જમીનમાંથી સોળ વીઘાં જમીન ને ઘરના બે સરખા ભાગ માટે એ તૈયાર હતા. એ તો બાપદાદાનો રિવાજ હતો. દેવું હતું એનાય બે ભાગ પાડ્યા. પનાલાલે પેલા 80 રૂપિયા (જે બોરીમાં આપેલા તે) દેવાના ભાગ પેટે 41 રૂપિયા વાળીને 39 રૂપિયા ભાઈ પાસે ઊછી-ઉધાર પેટે જમા રખાવતાં ઉમેર્યું કે મારે ચાંદીમાં કશો ભાગ નથી લેવો. ભાઈ રાજી થયા હતા. ગામ-આગેવાનોએ કહેલું કે આ બધું બરાબર છે પણ હરિભૈ તારે બે પૈણવાના ખર્ચ (એક તારો ને બીજો તારા ખેમલાનો) અને એંશીભાર ચાંદી પનાને આપવાં પડે... તમે બેઉ ભેગામાં પૈણેલા ગણાય ને ! જોકે પનાલાલે તરત કહેલું કે ના, ના, મારે એવો ખર્ચ નથી ગણવો. મારા પરણવાનો ખર્ચ હું કાઢીશ... ભાઈ કરતાં ભાભીનું હૈયું આ સાંભળતાં નાચી ઊઠેલું.

ભાગ સારી રીતે વહેંચાઈ ગયા હતા. હવે આજથી બંનેની કમાણી ને ખર્ચા પોતપોતાનાં. હા, સામાજિક વેવાર (બહેનોનાં માંમેરાં વગેરે) સરખા ભાગે ! પનાલાલ હવે 'આપમુખત્યાર' હતો. ત્યાં વળી ભાઈ ઓરડે જઈને જણસ લઈ આવ્યા ને પનાલાલને આપતાં બોલેલા – 'લ્યે, ભૈ ! આટલું તું રાખજે...' ઓહ ! આ તો હીરાબાના હાથની ચાંદીની ચૂડીઓ હતી ! પનાલાલનું હૃદય ભરાઈ

આવ્યું ને મન જાણે પોકારી ઊઠ્યું હતું – 'ઓહ ભાઈ ! તમે તો મારા ભગવાન છો ! તમે મને ઘણું ઘણું આપી દીધું. મારે હવે કાંઈ જ નથી જોઈતું...' એ માની ચૂડીઓને છાતીએ વળગાડી રહેલો. અંદરના ઓરડે ભાભીને આ નહીં ગમેલું છતાં એમને ધરપત હતી કે સાસુના પગનાં શેર શેર રૂપાંનાં કડલાં તો હજી અમારાં જ છે ને !!

પનાલાલને તો ભાઈવટું રાખવામાં આનંદ હતો. એણે ભેંસ-બળદોમાં કે અનાજ કે ખાટલાગોદડાંમાં ભાગ નહોતો માગ્યો. જરૂર પડશે ત્યારે વાત. પેલી ચૂડીઓ ઠીક કરાવી, હાંસડી કામચલાઉ વસ્તાભાઈને ત્યાંથી લીધી ને એ જ બધા વેવાઈને ત્યાં પરોણા થયા ને 'વચન ચઢાઈ' આવ્યા હતા. આમાં વાલોકાકો; મૂળોભાઈ ને રૂપાકાકાય જોડાયેલા ! માનપાન ને ખાવાનું મળે એટલે માણસ રાજી થાય છે... આખી દુનિયાનો આ વણલખ્યો નિયમ છે ને ?

પનાલાલ પાછો બોરી જવા નીકળ્યો ત્યારે ભાઈ શાંત ને ડાહ્યા ભાસતા હતા. બોલતા હતા :

> *'સત્તર સપાડાં કરો તોય આવું સગું ના મળે ! રેવાએ રંગ રાખ્યો ભાઈ ! આંનું નાંમ ભગવાન, ને આંનું નાંમ લેખ ! મને તો લાગે સૅ કે બાપાનું બધું તપ તને ફળ્યું સૅ... એ તો પરગજુ જીવ હતા. સાચવીને રે'જે ને સત્ પર રૈને નોકરી કરજે. મારે ઘણુંય સત્ પર રે'વું સૅ પણ હું કરું ? બાર સાંધું ને તેર તૂટે સૅ... ક્યાંક ને ક્યાંક બનાવટ થૈ જાય સૅ... આવજે ને કાગળ મોકલજે...'*

જતા પનાલાલની પૂંઠ જોતાં ઊભેલા હરિભાઈને વિચારો આવતા હતા

> *'બાપાએ મશાણ જગવ્યાં'તાં ને બાબરો ભૂત સાયો'તો. પનો અંગ્રેજી ભણ્યો. જેણે ભણાવ્યો એ બાવો રસ્તો ભૂલ્યો તો પનો એ બાવાનીય ચોટલી મંતરીને ધોયલે લૂગડે ઠેકી પડ્યો. આજે આખી ન્યાતમાં એ એકલો જ 'મૅનેજર' થયો છે; ને બધે સારી વાતો થાય છે. એનો પારસી શેઠેય ગોરાના મસિયાઈ જેવો છે. શેઠાણીના તો પનાલાલ પર ચાર ચાર હાથ છે. નહિતર વળી આ-દશ રૂપિયાના પગારવાળી નોકરીમાં એંશી રૂપિયાનો ઊછી-ઉધારો કોણ કરે ?! પનાલાલ, બાપાનું નામ ઉજાળશે... નક્કી !'*

હોળી પર રજાઓ લૈને ગયેલો સૂરજરામ નવી વહુને સાથે તેડીને આવી ગયો હતો... ત્યાં શેઠે પનાલાલને પ્રેમપૂર્વક આદેશ કર્યો કે હવે તારે બે દિવસમાં

સાગવાડા ખાતે દારૂના ગોદામની મૅનેજરી કરવાની છે. ચાર રૂપિયા પગારવધારા સાથે ! સાથીદારોને આનંદ સાથે મીઠી ઈર્ષા થાય એવા સમાચાર હતા. પનાલાલ તો ભવાનસિંહને વળગીને રોઈ પડેલો. ભવાનસિંહે કહેલું : 'ડુંગરપુરમાં તારું એક ઘર છે ભૂલતો નહિ ! મળીશું... મોજથી મળીશું... યાર ! મજબૂત થૈ જા !' સૂરજરામે સાગવાડા ગામની રંગીન જિંદગીની વાતો કરીને કહેલું કે : 'જાહેરમાં ગાતો નહિ... ને જનાના (સ્ત્રીઓ) આગળ તો નહિ જ ! ...રૂપ-મસ્તી--નશો-નાચગાન માટે મરી પડનારાં પ્રેમી લોકોનું એ ગામ છે. સાચવજે; દોસ્ત !' નવાં કપડાં; વાઘના ચામડાના નવા બૂટ ને નવી આશાઓ લૈને પનાલાલ સાગવાડાની વાટે પડેલો.

# 18

પનાલાલ સાગવાડાની જિંદગીને 'રંગીન જિંદગી' ('જિંદગી-સંજીવ_ની'-4) ગણાવતા હતા. એ પોતે તો સાગવાડામાં વર્ષેક માંડ રહેલા છતાં એમની જિંદગી પણ એ દરમિયાન મારવાડના એ રંગીલા શહેર જેવી રંગરાગભરી બની ગઈ હતી. એ વર્ષોમાં શીખવાનું મળેલું, ન-શીખવા જેવુંય શીખવાનું થયેલું... ને એમાંથી નીકળવાની સજાગતાય આવી હતી. પ્રેમનો એક વધુ અનુભવ થયો હતો. મોજમસ્તીથી જીવનાર મિત્રોય મળેલા. કમાવાનું - વધુ ને વધુ કમાવાનું – જરૂરી લાગેલું. જાતભાતના માણસોનો અને જિંદગીના અજાણ્યાપણાનોય ખ્યાલ આવવા માંડેલો. પ્રેમ, સત્ય ને નીતિ જેવાં મૂલ્યો વિશે વિચારવા પ્રેરનારી આ રંગરાગી વેળાઓ વધુ મૂલ્યવાન લાગેલી. જીવનનો માર્ગ જાતે કંડારવો પડે છે – અનુભવો પ્રમાણે એમાં મોડમરોડ પણ આણવા પડે છે. સાગવાડા છોડવાનું ન ગમે છતાં વેળાસર છૂટી ગયું એમાં આવનાર ભાવિનોય સંકેત હતો...

સાગવાડામાં દારૂના ગોદામની મૅનેજરી અઘરી નહોતી પણ કસોટી કરનારી તો હતી જ. પનાલાલ હવે સાહસિક તો ઠીક પણ હિંમત દાખવીને કામ લેતાં શીખી ગયો હતો. ઇન્સ્પેક્ટર તરીકે રઘુનાથસિંહ હતો. પનાલાલને ઈડર બોર્ડિંગનો મિત્ર રઘુનાથ સાંભરી આવેલો. રઘુનાથસિંહે પનાલાલને પોતાની ઓળખાણ આપેલી – 'હું સીમલવાડાનો છું. કોદરા બાપુનો ભાઈ ! તમે માંડલીના, હરિ ભગતના નાના ભાઈ જ ને ?! ચાલો, મજા થૈ ગૈ !' માંડલી ત્યારે સીમલવાડા ઠાકોરનું (રાજાનું) ગામ ગણાતું હતું. પનાલાલે ચૂનીલાલ પાસેથી ચાર્જ લેવાનો હતો. ચૂ-

નીલાલનું કામકાજ બરાબર નહોતું એટલે શેઠે એને ફારેગ થવાની ચિઠ્ઠી મોકલી હતી. દુલાભાભા સરકારી સિપાહી હતો. ને સરકારી ઇન્સ્પેક્ટર રઘુનાથસિંહના તાબામાં ગણાતો એટલે એ એમની રોટી પકવતો ને ઘર સાફ રાખતો. મૅનેજરીની જવાબદારી શરાબ બાબતે ભાવતાલ વધઘટ વગેરેમાં રહેતી, ને એણે માલિક--શેઠને જણાવવાનું રહેતું. ઇન્સ્પેક્ટરની પણ એ જ જવાબદારી પણ એણે બધા રિપૉર્ટ સરકારની કચેરીને કરવાના રહેતા. પનાલાલે ચાર્જ લેતાં જ બધે નજર રાખીને ધીમાં પડેલાં કામો ઉપાડી લેવડાવેલાં... ઇન્સ્પેક્ટર અને ઘાલમેલિયા પણ સાવધાન હતા. ધૂળજી નામે એક નોકર (અહીં બધાં કામમાં ભોઈલોકો હતા) કામચોરી સાથે તુમાખી કરતો હતો. પનાલાલે અઠવાડિયામાં જ એને છૂટો કરી દીધો હતો... ધૂળજીને એમ કે શેઠને મળી લઈશ... પણ શેઠે તો પનાલાલનાં પગલાંને ઉચિત ઠેરવી ધૂળજીને ઠપકો કરીને કાઢી મૂકેલો. આનાથી પનાલાલની શાખ બંધાઈ ગયેલી.

પનાલાલને હવે બધાં માન આપતાં હતાં. 'મૅનેજર સા'બ' અને 'આપ'-થી સંબોધતાં હતાં. પનાલાલ હવે 'તું'માંથી 'તમે' બનેલા... (આપણેય હવે માનાર્થે બહુવચન વાપરીશું.) પનાલાલે માઢમાં મેડીવાળું ઘર રાખેલું. ગોદામનો નોકર રામચંદ રસોઈ કરતો ને ઘરકામ પણ. ભોઈલોક ડબ્બા લટકાવેલી કાવડોથી બધે પાણી ભરી જતા, પૈસા લઈ લેતા. પનાલાલે રામચંદને કહેલું – 'આપણા બંનેનું ખાવાનું કરવાનું... !' લાકડાંની ભારી લૈને એક જુવાન બાઈ આવતી : નાથી. મૅનેજરસા'બને જોયા જ કરતી. રાતી ઓઢણીના ઘૂંઘટમાંથી મરક્યા-મલક્યા કરતી. જરૂર ન હોય તોય, અઠવાડિયામાં એક-બે વાર આવતી ને 'સાબ'ને સલામ કહેવા દાદરે રાહ જોતી. મૅનેજરસાહેબનેય એ ગમતું. ક્યારેક એય નાથીને જોતા... પાણી પીવા વાસ્તે મેડીમાં બોલાવતા.. નાથી તો ધન્ય થઈ જતી. રામચંદ પણ ક્યારેક હાજર હોય.. એય મલકતો છલકતો... નાથીનું ધ્યાન પોતા તરફ ખેંચવામાં સફળ થતો. સાગવાડા છોડવાનું થયું ત્યારે પનાલાલે રામચંદ દ્વારા નાથીને થોડા પૈસા પહોંચતા કરેલા; કહેલું : ગરીબ, પણ ભલી બાઈ ! ભલે રાજી થાય...' પનાલાલની નાથી સાથેની છેલ્લી મુલાક્ત 'યાદગાર' હતી.

ગોદામનું કામ તો મોટે ભાગે સવારથી બપોરનું જ રહેતું. ગલિયાકોટ; કેસરિયાજી તથા આસપાસના મલકમાંથી ગાડાં કે ગધેડાં લૈને દારૂના વેપારીઓ આવતા... બપોર સુધીમાં તો પાછા વળી જતા... બચેલા દારૂના માપની ને વેચાણની નોંધ રજિસ્ટરોમાં થઈ જતી... સીલ વાગી જતાં. ચોકીદાર આરામથી

બેસતા ને પનાલાલ બજાર ભણી નીકળી પડતા. મિત્ર હીરાલાલની દુકાને બેસતા ને બજારની ચહલપહલ જોતા. રંગીની બધે જ હતી. વરઘોડા, સવારીઓ, રંગીન ઓઢણીઓનો ફરફરાટ અને ચાળીશ ચાળીશ કળીવાળા ઘેરદાર ઘાઘરાની મદમાતી અવરજવરો. ફૂટડી છોકરીઓ ને ગામડેથી વહોરવા આવેલા મુગ્ધ લોકોની ભોળી પ્રેમાળ નજરો... પનાલાલને જાણે કે વણપીધે નશો રહેતો હતો...

જોકે હવે પનાલાલ બધી વાતે 'વટલાઈ' ચૂક્યા હતા. મિત્રો જ એવા રસિક ને બિન્ધાસ્ત મળ્યા હતા કે પ્રત્યેક સાંજ રંગીન રંગીન થૈ જતી હતી. ચેતનલાલ, હીરાલાલ અને છગનલાલ : આ ત્રણે મારવાડી જૈન વાણિયા. તળાવની પાળે ભેટો થયેલો. શાયરીની રમઝટમાંથી મૈત્રી થૈ. ત્રણેને બજારમાં દુકાનો ને વેપારમાં ગુજરાત સાથે વહેવાર હતો... એમાં દારૂનાં ગોદામનો જુવાન મૅનેજર મળતાં ચાર ચાંદ લાગી ગયા હતા.

શૅરોશાયરીની રમઝટ જામતી. પાનાં ને સોગઠાં રમાતાં. સાજે પીવાના રેશમી દોર ચાલતા... મટનનાં ભજિયાં ને ટેસદાર ચવાણું... પછી રાતે રાજસ્થાની તી-ખાશવાળું જમવાનું થતું... પાન અને સિગારેટ પણ હવે પનાલાલ માટે સાથીદાર જેવાં હતાં. દેવીલાલ નામનો શિક્ષક પેલા ત્રણેનો મિત્ર હવે પનાલાલની વધુ નજીક આવી ગયો હતો. કેમ કે બંને ગાવાના શોખીન હતા. એક વાર દેવીલાલે જલસો ગોઠવેલો. પીવાનું પછી ગાવાનું ચાલ્યું. પનાલાલે પણ હવે ગઝલ-શાયરી ઉપરાંત મારવાડી ગીતો ગાવાનું શીખી લીધેલું. 'પનિહારી' ગવાતી એમ જ એ તાલ-રાગ ઘૂંટીઘૂંટીને ગાતા હતા ને મિત્રો ડોલી ઊઠતા હતા. પનાલાલને સૂરજરામનું વેણ-'નહિ ગાવાનું' – યાદ તો હતું પણ જાણે એ પોતાના વશમાં નહોતા ! એ રાતે મટનનો રસો ચાખતાં મજા પડી. પછીથી તરકારીય ખાધી ને પછી તો રામચંદ બંને માટે ઘેર પણ મટન રાંધવા લાગ્યો હતો ! દેવીલાલ સારું ગાતો; પણ પના-લાલના અવાજમાં મીઠાશ ને દર્દ બેઉ ભારે આકર્ષણ કરતાં હતાં... દેવીલાલને ત્યાં ને સ્કૂલમાં પુસ્તકો હતાં – લાઇબ્રેરી. પનાલાલ એનો લાભ લેવા લાગેલા....

આ બધા જલસાઓ દરમિયાન ચેતનલાલની બહેન ઝમકુ પનાલાલથી ખૂબ આકર્ષાઈ હતી. રોજ સવારે એ પનાલાલની મેડી સામેના રસ્તેથી મંદિર જતી--આવતી... પહેલાં તો પનાલાલને ખબર નહોતી કે આ ચેતનલાલની બહેન છે.. પનાલાલ મેડીના ઝરૂખે આવતા... ને સામેથી ચણિયાચોળીમાં આવતી ઝમકુને જોઈ રહેતા... એનોય પંદરસોળ કળીના ઘેરાવાળો ઘાઘરો ચાલવા સાથે બેઉ

બાજુ લયમાં હિલ્લોળાતો હતો. ને ઝમકુ તીરનજરે ઉપર જોતી... પલકારો મારતી ને ચાલી જતી... વળતાંય વળી વળીને જોતી... બપોર પછી પનાલાલ હીરાલાલની દુકાને બેઠા હોય ત્યારે પણ ઝમકુ ત્યાંથી પસાર થતી – બે વાર. દરેક વખતે તરસભર્યું ને મોગરાનાં ફૂલો જેવું જોઈ લેતી ઝમકુને જોવાનું પનાલાલને જાણે કે વ્યસન થઈ પડેલું. હીરાલાલ એ પામી ગયેલો, ને આગળ વધવા કહેલું – સંકેત કરેલો. પણ પનાલાલે બાઈબાના પ્રેમની વાત ભવાનસિંહને કહેલી તે હીરાલાલનેય કહી હતી ને – નિઃશ્વાસ સાથે ઉમેરેલું કે : 'મારું હેતુ (પ્રેમી) દુઃખી થાય છે ને મને પામતાં પહેલાં દુનિયામાંથી જ – ખેર !'

ઝમકુએ પોતાનો પ્રેમ બીજા બે પ્રસંગોએ પણ સહજભાવે વ્યક્ત થવા દીધો હતો. એક તો એના ભાઈને સાપ કરડ્યો ત્યારે. દવા કરાવ્યા પછી દર્દીને રાતભર ઊંઘવા દેવાનો હોતો નથી; એટલે ગાયન સાથે જાગરણ થાય તો સારું એમ મિત્રોએ નક્કી કરેલું. ઝમકુ પનાલાલની મેડીએ બોલાવવા દોડી આવેલી. રડમસ હતી, ને વળગી પડીને વિનંતી કરતી હતી.... એની કુંવારી કાયાનો સ્પર્શ તથા એ દેહની સુગંધ પનાલાલને જંપવા નહોતાં દેતાં. એ રાતે એમણે પ્રેમ-વિરહનાં ગીતો ગાઈને ચેતનલાલની 'ચેતના'ને જગવી હતી. 'મારા પ્રેમની વાતો મારા મરણ પછી સાંભરશે.' એવા ભાવની ગઝલ પનાલાલે છેડી ત્યારે તો ઝમકુ રોઈ પડેલી... એનું 'રોવું' બધાંએ 'ભાઈની ચેતના' સાથે જોડેલું – પણ પનાલાલ અને હીરાલાલ તો જાણતલ હતા... એમાંય પ્રેમની આવી પગલી-દિવાની ઝમકુને જોઈને તો પનાલાલ વધારે દિગ્મૂઢ શા થયા હતા. બીજી વાર તો ઝમકુ હીબકે ચઢી ગયેલી – પ્રસંગ હતો પનાલાલ જખમી થયા હતા – નો. પૉટાશ કોઠીમાં ભરીને ભીંતભડાકા કરવાની રમઝટનું પર્વ હતું. પનાલાલને એમાં વાગવું-દાઝવું બેઉ એકસાથે થયેલાં. બધા મિત્રો દવાખાને લૈ ગયેલા. ઝમકુનું તો રડવું સુકાતું જ નહોતું... જોકે આ ટાણે 'પ્રેમનાં જોખમો'-નો પનાલાલને ઠીક ઠીક ખ્યાલ આવતો જતો હતો. છતાંય 'મેડી અને રસ્તા'નું નેત્રમિલન તથા ચમકતી તલવાર જેવી નજરનું કામણ તો અટકાવ્યાંય અટકતાં નહોતાં !

આ દરમિયાન રઘુનાથસિંહની બદલી થઈ હતી ને એને સ્થાને શિવસિંહ આવી ગયો હતો. એ જરા અભિમાની અને મૅનેજરથી પોતાને ઉપરી સમજતો હતો. જોકે પનાલાલે એને નમતું જોખ્યું નહોતું. પણ શિવસિંહ તો ઉસ્તાદ હતો. માણસને પામતો અને પછી પોતાનો કરી લેવા માટે પાસા ફેંકતો... હા, એ ભ્રષ્ટાચારી હતો. રજિસ્ટરમાં એ જોઈ લેતો કયા નિયમિત ગ્રાહક ઓછો માલ લઈ

જાય છે કે ગૅપ પાડે છે. પછી એટલો દારૂ એ વધુ પૈસે બીજાને વેચીને પૈસા પેદા કરતો. ક્યારેક માલ લેવા આવનારને ફોડીને માલમાં ભેળસેળ કરી લેતો. અંતિમ જવાબદારી તો ઇન્સ્પેક્ટરની ગણાતી, કેમ કે એ માલના ઢોલ પર સહી એની રહેતી. મૅનેજર તો છૂટી જઈ શકે છે – એને પૂછવામાં જ નૈ આવે... વગેરે. શિવસિંહે પનાલાલને આંખ આડા કાન કરીને ખિસ્સું ગરમ કરવા માટે પટાવી લીધા હતા.

શરૂમાં તો એમની દલીલ હતી કે આ અનૈતિક કહેવાય અને આમાં ભગવાન રાજી ના રહે. પણ શિવસિંહે સમજાવેલું કે જીવનમાં આવું ક્યારેક જ કરવાનું આવે છે. ને જલસા સારુ તો રાજના મહારાવલથી લૈને ભોઈ ને મોચી સુધાં કૈંક ને કૈંક આવુંતેવું કરે જ છે ! પનાલાલને જીવનમાં એક વાર 3 રૂપિયા ચોરેલા તે યાદ આવ્યું હતું. ઈડર બોર્ડિંગમાં હતા. 3જીમાં ભણતા હતા... આખા શરીરે ખસના ફોલ્લા થયેલા. દવા લગાડીને એ રૂમમાં રહેતા ને બધા તો હોય નિશાળમાં. ત્યારે તૂટેલી કાતરના પાનાથી એક મિત્રની પેટીનું તાળું ખોલેલું. અંદર રાણીછાપ છ રૂપિયા હતા. એમણે 3 રૂપિયા ચોરી લીધેલા...ને તાળું પાછું ફિટ કરી દીધેલું.. પણ છેવટે ફરિયાદ તો થૈને જ રહેલી. શકદારોય છૂટી ગયેલા. છેવટે રઘુનાથ પનાલાલને આંબાવાડિયામાં લઈ ગયેલો. ધમકાવેલો – 'તું જ એકલો રૂમમાં 3 દિવસથી હતો... ચોર થા કે ચોર બતાવ !' છેવટે પનાલાલે કબૂલેલું ને કબ્રસ્તાન પાસેના આંબા-લીમડામાં ક્યાંક થડ-મૂળમાં દાટેલા રૂપિયા પાછા કાઢી આપેલા. સૌએ એ નાના નિશાળિયાને માફ કરેલો... પણ એ વેધક નજરો ને એ જાત સાથેનો સંકોચ તથા નાલેશી પનાલાલથી ભુલાતાં નહોતાં. એટલે આજેય ખિસ્સું ગરમ થતાં ઘેર જૈને જોયું તો એક મહિનાના પગાર જેટલા પૈસા હતા... જીવ થડકારા મારતો હતો. છેવટે મંદિરમાં જૈને માફી માગી લીધેલી : 'શંકરદાદા ! માફ કરજો, હવેથી આવુંતેવું નહિ થવા દઉં...' પણ આ તો અમલદારી-લત ગણાય. શિવસિંહ હતો ત્યાં સુધી તો બંધ ના જ થયું... ને એની બદલીમાં પછી ભવાનસિંહ આવી ગયો હતો ને પેલો બોરીવાળો દુર્ગાપ્રસાદ રજિસ્ટર લખતો હતો. પનાલાલને પોતાના આવનારા લગ્નની ખબર હતી. મોકો જોઈને એમણે બે વાર મજાથી ખિસ્સાં ગરમ કરી લીધેલાં... ને પછી પાણી મૂકેલું કે હવે કદી આવું કુકર્મ નહિ કરું ! ભવાનસિંહની રજવાડી વાતો અને રંગીન રાતોમાં પનાલાલ પોતાનો અફસોસ પણ ભૂલી ગયા હતા.

સાગવાડામાં આમ તો મજા જ મજા હતી.

પનાલાલને બે ઘૂંટ લેવાની ટેવ ભવાનસિંહ ગયા પછીય ચાલુ રહી હતી. ઉપરથી ક્યારેક વરિયાળીવાળું શરબત. ઉનાળામાં ઠંડાઈને નામે ભાંગનોય નશો થતો. એમાં વળી કસ્તૂરી જેવી ‘બે અર્થવાળું’ બોલનારી ને દૂધ વેચવા નિમિત્તે મોજમસ્તી કરાવનારી બાઈઓ આવી ચઢતી. કોઈકે વળી તવાયફનો નાચ ગોઠવેલો... પનાલાલ તો હવે સાગવાડામાં ‘રંગીન મૅનેજરસા’બ’ તરીકેય પરિચિત હતા. પહેલી હરોળમાં એમનું સ્થાન હતું. પોસ્ટમાસ્તર તથા દેવીલાલ ને બધા મિત્રો પણ હોય જ. તવાયફને પનાલાલ જોતાં જ જાણે ગમી ગયેલા. નાચ પૂરો થયો ત્યારે તવાયફે પનાલાલને અંદરને ઓરડે બોલાવેલા. હસીને વાત કરતાં કરતાં ભાવકના દેખાવનાં ને વાંકડિયા વાળનાં વખાણ કરેલાં. ને પોતાની યાદ માટે પ્યાલીમાં બે ઘૂંટ રેશમી શરાબ ધરેલો... પનાલાલ ના પાડી શકે એમ બનવું શક્ય નહોતું ! શરાબ કરતાં પાનારીનો (સાકીનો) નશો પણ હોય છે. ગામ છોડતાં પહેલાં તવાયફે રામચંદ સાથે પનાલાલ માટે પાન મોકલેલું. પનાલાલને બાઈબા બધે જ હાજર લાગતી હતી !

એક વાર પોસ્ટમાસ્તરે ચિઠ્ઠી સાથે માણસને પનાલાલ પાસે મોકલેલો. ઉદેપુરથી આવેલો ફોટોગ્રાફર હતો. પછી તો મિત્રમંડળમાં બધાં સાથે ફોટા પડાવવાનું બે-ત્રણ દિવસ ચાલેલું. હજી લોકમાં પત્ની સાથે ફોટો પડાવવાનો સંકોચ હતો. ટીકાઓ થતી. પણ પનાલાલના મિત્રો તો નવા નવા પરણેલા હતા... એમણે એય સાહસ કર્યું... એમાંય હીરાલાલની મેડી તો તવાયફો, સિનેમાની નટીઓ વગેરેના ફોટાઓથી ભરેલી હતી. પનાલાલ ક્યારેક એ રૂમમાં જતા...ને હીરાલાલ સાથે ‘બેઠક’ કરતા. પાને રમતા, જમતા ને મોડી રાતે મેડીએ પરત થતા. આપમુખ-ત્યારીની આ જિંદગી ઝાઝા દિવસ ચાલવાની નહોતી. પણ એમને ઉદેપુરના રાણા ગલાલસિંગ અને કડાણાની ફૂલકુંવરીનો પ્રેમ તથા એ પ્રેમકથા ભુલાતાં નહોતાં... ભવાનસિંહ પછી એ વાર્તા અહીં પણ ગાઈ-સંભળાવનારા હતા... (‘ગલાલસિંગ’ની વારતા આ રીતે મનમાં સચવાયેલી જે પછી નવલકથા રૂપે લખાઈ હતી.)

શિયાળો ઊતરવામાં હતો. એક વાર હરિભાઈ ધૂળિયા વેશમાં ગાડા સાથે સાગવાડા આવી ચઢેલા. પનાલાલે તો આ વર્ષે ગરમ કોટ – બંડી ને પેન્ટ સિવડાવ્યાં હતાં. એ તો સજીધજીને રહેતા’તા. જ્યારે હરિભાઈ તો સાવ ગામડિયા જણ જેવા હતા. જોકે પનાલાલે ભાઈને નાહીધોઈ લેવા જણાવી રસોઈ કરાવેલી. દાળબાટીનું જમણ કરાવેલું ને ગાડામાં હતાં તે વેચવા માટેનાં બધાં બોર વેપારીને

બોલાવીને વેચી આપેલાં ! ભાઈને પનાલાલનો વહીવટ ગમતો હતો. ભાઈ બે વાતો લાવેલા : એક બાવજીની ને બીજી લગનગાળાની.

'જયશંકરે' (હવે એ જયશંકરાનંદ કે બાવજી નહોતા રહ્યા ને!) કાંતિને માંડલી મોકલી દીધો હતો. જે ગાડું હાંકતાં વાઈ આવવાથી નીચે પડેલો ને પૈડાં નીચે આવતાં મરી ગયો હતો. પનાલાલનો જીવ બળી ઊઠેલો. બાવજી પર ગુસ્સો પણ આવેલો. કાંતિના કહેવા પ્રમાણે બાવજીએ કાંતિની બાને ઉત્તરસંડાના મંદિરમાં સેવા કરવા મૂકી દીધી હતી ને પોતે 'ગાંધીનું કામ' કરવામાં ગોઠવાઈ ગયા હતા. આઝાદીની ચળવળો હવે જોશમાં હતી. બારડોલીના સત્યાગ્રહ પછી તો ગુજરાતમાં આંદોલનો વધી ગયાં હતાં. બાવજીની પૂર્વપ્રેમિકા લીલાનો સંસાર દુઃખી હતો. પણ એ મન મનાવતી હતી કે 'જયશંકરે' મારા માટે થૈને સંન્યાસ લીધો છે. હવે એને બીજી બાઈ જોડે રહેતો જાણીને એણીએ એને દુઃખનો પત્ર લખેલો... આમ બાવજી પાછા સંસારીમાંથી દેશસેવક બનવા તરફ વળ્યા હતા.. જોકે આ બધાં થીંગડાં ગણાય. થાક્યાના વિસામા. બેઉ ભાઈઓને અફસોસ થતો હતો.

વળતાં પહેલાં ભાઈએ પનાલાલને બે કામ સોંપેલાં. એક તો સ્વર્ગસ્થ રત-નીબહેનના ભાણા કચરુંનું લગન લેવાનું હતું એટલે મામેરું ખરીદતો આવે અને એનુંય લગન લેવાનું છે માટે પૈસા બચાવવા ઉપરાંત ઘરેણાં-કપડાં ખરીદવાની યોજના કરે. ભાઈએ તો મોઢે મોઢે કહીને ભાર ઉતારી દીધેલો પણ પનાલાલે તો ભારે મથામણો કરવી પડેલી. કચરુ માટે રેશમનો જામો લીધો હતો. વાગડની હોળી એટલે ભરપૂર મસ્તી. મદારીઓ પણ આવે. સટ્ટો રમાય. મોહિની લાગે... મંત્રતંત્રની હોડ બકાય. ધુળેટી રમાય... પનાલાલ હોળી પછી માંડલી જઈ આવ્યા. કચરુંને પરણાવ્યો હતો. ભાઈ સાથે મોડાસા જઈને પોતાના લગ્નનાં ઘરેણાં ને કપડાં લીધાં હતાં...ચાંદીનાં કંદોરો ને હાંસડી. બંગડી ને ચીપવાળાં બલોયાં... રેશમી કપડાં ! ઘરકુટુંબમાં માસી - મૂળાભાઈ ને હરિભાઈ-કંકુભાભી તથા ખે-મો-ગંગાનેય ખુશી થાય એવું ખરીદ્યું હતું. લગ્ન વૈશાખ સુદ તેરસનું હતું... હવે સાગવાડામાં મોજમસ્તીના જાણે કે છેલ્લા દિવસો વીતતા હતા.

# 19

લગ્નનિમિત્તે પંદર-વીસ દિવસની રજા લઈને પનાલાલ માંડલી જવા નીકળતા હતા ત્યાં જ ઝમકુ આવી ચડેલી. એને હીરાભાઈ તથા ચેતનભાઈની વાતોમાંથી ખબર પડેલી. ઠપકો કરતી હતી... 'નાને મોઢે મોટી વાત લાગશે, ભિયા ! પણ અમે કાંઈ તમારી વહુમાં ભાગ થોડાં પડાવવાનાં હતાં ? લગનની વાતેય સંતાડીને ફરો છો તે ન જાણે મનમાં શું શું સંતાડેલું રાખતા હશો ?' ઝમકુની વાતમાં કટાક્ષ હતો એ પનાલાલને ગમ્યો હતો. એ તો ઝમકુના ગોળમટોળ ગોરા મુખ પર ઊતરી આવેલી રતાશ અને રીસને જોવામાં મગ્ન હતા.

'ભલે હવે, આમ શું ભાળી રયા છો ? વહુને લેતા આવજો...'

'હજી તો નાની વયની છે.'

'તે, મોટી મળે એમ છે... નાનીને શું કામ–' ઝમકુનું ગળું અચાનક ભરાઈ આવેલું... ડૂમા જેવું... એ પાછી ફરી ગયેલી. આખી વાટ પનાલાલ વિચારતા હતા – 'અમારી – પાટીદારોની ન્યાતની આંટીઘૂંટીમાં એ ગભરુ હરણીને શું ખબર પડે ?... અમે તો કરમમાં કંઈ-કેટલાય ખેલ લખાઈને આવેલા છીએ... ? રામ જાણે !!' પનાલાલે પણ આટલી વયમાં જે અનુભવો મેળવ્યા હતા એ ગજબ હતા. એટલે તો એય નસીબમાં ને કર્મમાં માનતા થઈ ગયેલા. એમને એમ ખબર પડવા માંડેલી કે કામ કરતા જવું... મળે તો માણવું બાકી જીવતર તો દુઃખની વાટ જેવું છે. ઊભી વાટે આડા ડુંગર આવતા જ રહે છે ને ?! આ જુઓને સાગવાડા અને ડુંગરપુર વચ્ચેની ઊભી વાટ નાનીમોટી ડુંગરીઓની કેડ્યમાં થૈને કે પાસામાં થૈને જ વળતી બળતી નીકળી છે.

થાકીને માંડલી પહોંચ્યા ત્યારે થાક ઊતરી જાય એવાં દૃશ્યો હતાં. ઘરની ભીંતો-પડસાળ-ચોપાડ બધું લીંપાઈને સ્વચ્છ હતું. ભીંતો પર રાતી ગોરમટી ચઢાવેલી ને ખડીથી ચિત્રો કર્યાં હતાં. ઘરમાં બોરસલીના તેલની સુવાસ ફરફરવા માંડી હતી. ગીતો-ગાણાં તો લીંપવા માંડ્યું ત્યારથી ગવાતાં હતાં. ભાભીની જુવાન બહેન તથા પોતાની ઓરમાન બહેન (ભૂળાભાઈની સગી બહેન ) આવેલાં હતાં. રેવાની બહેનો અને બાંમણની છોકરીઓય ગાવાનો બધો તાલ સાચવતાં હતાં... પનાલાલ આવતાં ખૂટતી વસ્તુઓય આવી ગઈ.

ગણેશપૂજા, માંડવો-ગ્રહશાંતિ-ગોતેડો-ફુલેકું-શેરી ચંપાવી ને દેવદર્શન... છેલ્લે પીઠી અને જાન ઊઘલવાની તૈયારીઓ... બધું ક્રમમાં તથા ઉમળકાથી ચાલતું હતું. ઓરમાન મા(માસી) ને ભાઈ મૂળો ભૈ હાજર જ હતાં. એમનો ઉમંગ સમાતો નહોતો. ઉનાળાનો દંન, ગરમી કહે મારું કામ. પાણી ભરનારાય બે જણ રાખેલા... કાળાં ને રાતાં માટલાં ભરાતાં ને ખાલી થતાં. નૂતરાં ને ન્યાત; જમણવાર અને અફીણકસુંબા ચાલતાં હતાં. ખાખી બીડીવાળાય પનાલાલ પાસેથી ધોળી બીડી માગતા હતા... લૂગડાં ને ઘરેણાંય સૌનું મન સચવાય એમ વહોરેલાં હતાં. એટલે જાન રંગેચંગે ઊપડેલી :

*'શુકન જોઈને સંચરજો રે...*
*સામે મળિયો જોશીડાનો બેટો રે...'*

*

*'વરની બ્હેનોને હરખ ન માય રે*
*બાળો વર ઘોડે ચડ્યો...'*

જોકે જાન તો વહેલમાં નીકળી હતી. સાસરીનું ગામ મોયડી. સાવ પાધરું જ હતું... સાસરીની શેરીઓ અત્તરથી મઘમઘી ઊઠી હતી. મોટો વર અને નોકરિયાત, વળી રૂપાળો અને આબરૂદાર ઘર ! લોક ઊમટેલું. બેઉ પક્ષની ગાનારીઓ ભડીએ ચઢેલી...

*'માંડવે બેઠી ચકલી પલકારા મારે...*
*ગોકળ તારી છેનાળ પલકારા મારે*
*મારા મૂળાભૈને આવવા પલકારા મારે...'*

*

*શેરી વચ્ચે આંબલો ફાલ્યો લચકાલોળ રે રમતુડું વાગે...*
*ડાહ્યલા તારી શેનાળ ફૂલું લેવા જાય રે રમતુડું વાગે...*
*ફૂલું લેવા નથી જતી, ધણી કરવા જાય રે રમતુડું વાગે...*

*

'મોટા વર'-ને ઘરડો ને ટરસો કહી કહીનેય ફટાણાં ગવાયાં હતાં. રેવાનો આનંદ આસમાને હતો. પનાલાલને જાણે સંભળાવતી હતી – 'હવે ધરાયા ને ?' ઢોલ વાગતા હતા, ઘૂમેર ચાલતી હતી... યુવાની રમણે ચઢેલી હતી. વરકન્યા પરણી ઊતર્યાં... જાનવાસો તો ખેતરોમાં હતો. હવે જાન વેવાઈના ફળિયામાં લૈ જવાની હતી. પનાલાલ તો ઊંઘવા જેવા હતા. ત્યાં દોલાભાઈએ વહેલ જોડી... વરસમેત બધાં બેઠાં... એમાં એક અલ્લડ યુવતી પણ આવી બેઠેલી ને કૈંક સૌનું ધ્યાન ખેંચતી હતી. જરાક ઉમંગમાં બોલતી ને ગમ્મત કરતી પનાલાલની કમરમાં ગલીપચી કરી લેતી તે બીજાને ખબરેય નહોતી પડતી. જાંનડીઓએ ઠપકોય કર્યો ! 'ભિયા ! તમે માંડલીની જાનમાં ચ્યાંથી...?' એ તો મલકાતી જતી ને બોલતી હતી... ઉં તો વરપક્ષે છું... મને તો તમારું માંડલી બૌ ગમે... ને આ વેલ ને વર-રાજાય...' બધાં હસતાં હસતાં સમજી ગયાં કે આ દોલાભૈનું કારસ્થાન લાગે છે. ખેર... બધાં નવા મુકામે ખાઈપીને વાતે વળેલાં. કોઈ વળી ગામમાં મળવા નીકળેલાં... પનાલાલની બહેનો વગેરેય આઘાંપાછાં હતાં... પણ પેલી અલ્લડ પનાલાલની આસપાસ મંડરાતી હતી... છેવટે પાસે આવીને કહી રહી – 'જુઓ, આ પડસાળનો સામો છેડો... મારી માસીનું ઘર છે એ. ત્યાં તમારો ખાટલો ઢાળું છું...નિરાંતે... કોઈ ચિંતા નથી. ઇશારા કરતી ને શરીર લચકાવતી એને વિશે દોલાભાઈને પનાલાલે પૂછેલું : 'દોલા આ શું માડ્યું છે તેં ?'

'પનાકાકા, એનો જીવ તમારામાં લાગ્યો છે... મારી સાળી છે એ...'

'દોલા, હું આ વાતે કશું ના જાણું, હા !'

'તો પછી, એ અલ્લડ જાણે ને કરે તે ખરું !'

બીજા પુરુષોય અફીણ અને લીલાગરી(ભાંગ)ના ઘેનમાં ગમે ત્યાં જામેલા કે સૂવા પડેલા હતા. બૈરાં પનાલાલને ના પાડતાં હતાં કે મીંઢળ છૂટ્યા વના ખાટલે સૂવા ના જશો. પણ પેલી અલ્લડે જાણે મોયણી જ નાખેલી તે પનાલાલ તો ખેંચાતા જ હતા.. દોલાએ વળી હિંમત બંધાવેલી. ખાટલાની એક બાજુ હું છું જ ને ?! કહેશો તો તમારા ભેગો સૂઈ જૈશ... બસ ! બીજી બાજુ અલ્લડની પથારી મૂકી છે... એ તો અમસ્થી, તમારો 'પાસવાન' ગણાય. ચોકિયાત જ ગણો ને !....

પેલી અલ્લડે ઢોલ ભેગા કરાવીને બધાંને ગાવાની ઘેરમાં નાખ્યાં... વચ્ચે વચ્ચે એય બે ગાણાં ગાઈ આવતી હતી.. જાનવાળાં ને બીજા યુવાનો તો આ અલ્લડને ને એનાં નખરાળાં ગાણાંને જોઈ જ રહેલા. ઘડી વારે એ પડસાળે આવતી, પાણી પીતી, મોઢું ધોતી ને પનાલાલને ખાટલે ઢળીને જોઈ લેતી... મલકાતી. દોલાને બોલાવીને શરબત પકડાવ્યું... ઇશારત કરી. અંદર ભાંગ મેળવેલી હતી. કહે : 'વરરાજાને વરિયાળીનું શરબત પાવ...' ને પછી તો એક બાજુ ઢોલનો તાન, ઘૂ-મનારાની ઘેલછા... અજવાળી રાત, ચાંદની અને ટાઢો વાયરો... થાક, ખુશબો ને ઘેન સાથે ઊંઘ પણ... કોણ ક્યાં છે ? એની કોઈનેય સૂધબૂધ નહોતી રહી...ત્યારે પનાલાલને જાણે શમણું આવેલું... કોઈક એમને ઢંઢોળે છે. પડખામાં પેસે છે. બંગ-ડી-બલોયાંવાળા હાથ... રેશમી સાળુનો સ્પર્શ...ને 'ખુશબોઈ' સાથે પરસેવાની 'સુગંધ'... ઘેનમાં જાણે રાચતા જ હતા. સવારે તડકો ચઢી ગયો ત્યારે વરરાજાની શોધ થઈ... જગાડ્યા... પડખામાં કોઈ જ નહોતું... કોઈની પથારીઓય નહોતી... બાઈબા - રેવા - ઝમકુ - નાથી - અલ્લડ : બધાં સામટાં શમણાંમાં આવ્યાં હતાં – ?? ના ના.. પણ જાન વળાવવાની વિધિ થઈ, વહેલ ઊપડી; ઘેર જૈને બાંમણે થાળી રૂપિયો રમાડ્યાં ને મીંઢળેય છૂટ્યાં... નાનકડી વહુને પિયર મૂકી આવ્યા... 'વિવાહ ઊલ્યો ને ખીંટીએ મૉડ...'ની વાતો થૈ... પનાલાલમાં પેલી પરણ્યાની રાત તો રોમાંચ સાથે જાણે રહસ્ય મૂકતી ગયેલી... ફોરું ફોરું ડિલ પાછું જાગતું હતું... એમને ખ્યાલ આવ્યો કે આ બરાબર નથી થયું. રેવા જો જાણી ગૈ તો લડ્યા વિના છોડવાની નથી... હાસ્તો ! આ સંદર્ભે પછી જે બન્યું તે પનાલાલ માટે આંખ ઉઘાડનારું હતું.

લોકો બે બાબતે વખાણ કરતા હતા.

એક તો રેવા જેવી વહુવારુએ જે રીતે સગાઈ અને લગ્નવ્યવહારો ઉકેલ્યા હતા એ સૌને માટે દાખલારૂપ હતા. રેવામાં આટલી બધી સમજણ અને કોઠાસૂઝ ભાળીને પનાલાલ પણ પ્રભાવિત હોવા સાથે એ જાણે રેવાને મનોમન વડીલ બા સરખું ઠર્યાનું ઠેકાણું માનતા હતા. વાચકને ખબર પડશે કે 'માનવીની ભવાઈ'ની રાજુ તો આ રેવામાંથી સ્તો ઘડી કઢાઈ છે. પનાલાલ એમની નવલકથાના પાત્ર કાળુની જેમ રેવા આગળ (કાળુ રાજુ આગળ) બધી પેટછૂટી વાતો કરીને હળવા થતા રહેલા. લોકોને તો હજાર આંખો હોય છે. એમનાથી કશું છાનું રહેતું નથી... પણ ગામડાનું લોક ત્યારે તો મલાજો પાળતું ને આમન્યા રાખતું હતું. પનાલાલને ભણેલા માણસની આબરૂ મળેલી ને આવી લોકઆમન્યાથી એ મોટી ટીકાઓથી

બચી પણ ગયેલા. છતાં પરણ્યાની રાતે જે ખાટલા-શયન થયું એનાથી ગુસપુસ પણ ઘણી થઈ હતી. જોકે પનાલાલની બહેન સંતીબહેનના સસરા વડીલ તરીકે હાજર હતા – એમણે કહ્યું કે – 'મેં તો આવું લગ્ન ભાળ્યું નથી ભૈ ! મોજ--ઉમંગ અને ખર્ચની ચિંતા નૈ ! નાંનશાનું ઘર ખરું ને ! ને એમાંય પનાલાલ જેવો મોટિયાર... દેશાવર ખેડનારો જ ગણાય ! એમની જે 'ખુશબોઈ' ફેલાઈ છે એણે તો મહુડીની ગંધને પાછી પાડીને નકરો સુગંધીનો નિશો (નશો) કરાવી દીધો ભાઈ ! એક દંન આ પનાલાલ ન્યાત-સમાજ માટે આવી જ 'ખુશબોઈ' દુનિયામાં ન ફેલાવે તો મારું નામ ભગા લેંબજી નૈ, હા ! યાદ કરજો કે ભગા લેંબજી શું કહેતો'તો !' ભગા લેંબજી આજ લગી સાચા જ રહ્યા છે એય કબૂલ ! ગુજરાતી સાહિત્ય આજે પણ પનાલાલની 'ખુશબોઈ'થી તરબતર છે.

પણ આ વખણાયેલા વિવાહનું બે બાબતે વગોવણુંય થયેલું. પનાલાલ જી-વનભર આ બે બાબતોને ભૂલી શકે એમ નહોતા. પેલી અલ્લડ છોકરી સાથેનો રાત્રિપ્રસંગ રેવાએ જાણ્યો ત્યારે એ દુઃખી દુઃખી થઈને પનાલાલને ઠપકો કરવા પિયર દોડી આવેલી. પનાલાલની રેવા સામે જુઠ્ઠાણું ચલાવવાની હિંમત જ નહોતી કાયમ. રેવામાં હવે એ મા અને હેતુ બેઉને પામતા હતા. એમણે વાત જ નહિ, ભૂલ પણ કબૂલી ને વચન આપ્યું કે હવે આવું નહિ થાય – 'એમ બોરડીનાં બોરાં થોડાં છે તે બધે આમ જ કરતો ફરું... ને બોરનેય કાંટાનું રક્ષણ હોય છે.'

પેલી અલ્લડનો ધણી હજી તો છોકરમત તથા 'મોળિયો' હતો. એ તો બધાંને કહેવા માંડેલી કે 'ઉં તો ભણેલા ને ઊજળા પનાલાલનું 'ઘર માંડવાની' છું. 'બેડું ભરીને જૈશ... જોજો ને !' વાયરો વાત ફેલાવે. ઘાસમાં દેવતા પડે એમ ભડકો થયેલો. રેવાનાં સાસરિયાં હવે એને ઘકલાવતાં હતાં – 'લ્યો ! બાંધીને મોટી પાઘડી ! ખાધોને લાડવો ?!' રેવાએ પનાલાલ પાસેથી ફરી ફરીને વચન લીધું કે આ પરણ્યો એ જ મારી ગૃહલક્ષ્મી... બીજી તો આ ભવે નહિ જ !' ('માનવીની ભવાઈ'ના કાળુ-રાજુ ફરી યાદ આવે છે ને !) બંનેએ મૂળાભાઈને પેલી અલ્લડને ત્યાં મોકલ્યો... ત્યાં વળી અડધું ગામ ભેગું થૈ ગયેલું... પણ મૂળાભાઈએ વાતને મૂળમાંથી ઝટકાવી નાખેલી... પેલીને ડારેલી – 'જો માંડલીમાં પેઠી છો તો ટાંટિયો જ તોડી નાખીશ..' વગેરે. તોય પેલી અલ્લડ તો હજી પનાલાલનાં શમણાં જોતી રહેલી. 'સાચાં શમણાં'ની મણિનું પાત્ર તે આ અલ્લડ છોકરીમાંથી મળેલું... હા, એ દોલાની સાળી હતી...ને દોલાને એનાં શમણાંય આવતાં... જોકે દોલાને તો મૂલ્ય જેવું કશું ભાનેય ના હોય ને ?! એ તો કહેતો : 'પનાકાકા ! ચોળીને ચેંકણું

ના કરશ્યો. છાનાંમાંના વહેતી ગંગામાં ન્હાઈ લેવાનું... એમાં કોદરોની કોઠી ઊણી થૈ જતી નથી.'

રેવા ધરપત લૈને પાછી સાસરે ગઈ હતી. ત્યાં જ વળી બીજી બાબત જાણવા મળેલી : પનાલાલે અફીણ ખાધું, ભાભી સાથે લડવાડ થૈ અને રિસાઈને સાવકા ભાઈ મૂળાને ત્યાં રહેવા ચાલી ગયા છે...

વાલાકાકાનો ભત્રીજો ડાહ્યો ને પનાલાલ બેઉ સમાણેલા. પનાલાલને સાગ-વાડાની રાતો ને બેઠકો યાદ આવતી હતી. ડાહ્યાને કાકાના પડીકામાંથી મગના દાણા જેટલું અફીણ લેવાની ટેવ હતી... એક સાંજે જમીનેય બેઉ તડાકા મારતા હતા. ડાહ્યલાની વહુ આણે આવી હતી. એક તાજો પરણેલો ને બીજો આણાત વહુના નશામાં. બંનેએ અફીણ લીધું.. ગુંજારમાં સૂવા ચડ્યા. અફીણ વધારે લેવાઈ ગયેલું તે રાતે તરસથી તરફડતા બેઉ પાણીના લોટે બાઝેલા. જો વહુ લોટો ના મૂકી ગઈ હોત તો બેઉની સ્થિતિ મધરાતે અંધારિયા કૂવા જેવા ઘરમાં પાણિયારું શોધવાની શક્તિ નહોતી. બોલાતું નહોતું ને શરીર ખેંચાતું હતું... ગળાનો શોષ ને નસો તણાતી હતી. પાણીથી કળ વળી... ને પછી તો બધાં જાણી જતાં દેશી ઓસડિયાં કર્યાં... 'બંનેની ઘાત ટળી' લોકરમૂજ કરવા સાથે માંહ્યથી હબકેલું હતું : 'હાય હાય ! ગજબ થૈ જવાનો હતો...' બધાં પનાલાલને વઢતાં હતાં – 'ભૈ ! તું તો ભણેલો, બધા 'નિશા' (નશા) તને ખબેર્ય હોય.. જરા અક્કલ વાપરી જોઈએ...' ભાભીએ બચાવેલું ઘી આ ઓસડિયાં ને મહેમાનોમાં પણ વપરાયું હશે... એટલે એ વધુ ખફા હતાં...

ત્યાં વળી પનાલાલે લગ્નખર્ચનો હિસાબ માંડી જોયો. બધું સરભર હતું. ભાઈના ઘરમાંથી અનાજ ને મસાલા સિવાય કૈં લીધું નહોતું. એને સાટે વધેલા તેલનો આખો ડબ્બો ને મીઠાનો કોથળો તથા પરચૂરણ વસ્તુઓ વાળી દીધી હતી. ત્યાં ભાભીનો પાતળો જીવ લલચાયો... 'રા, મારું પાંચ શેર ઘી વપરાયું. એના પૈસા–' 'મેં બે પૈણતના ખર્ચાનો ભાગ માગ્યો નથી ને તમે ઘીના પૈસા માગતાં લાજતાં નથી...' પનાલાલનો જવાબ ભાભીને ના ગમ્યો. મૂળે તો લગ્ન રંગેચંગે થયાં એ કંકુડી(ભાભી)થી જાણે વેઠાયું નહોતું... એણે લાંબું કર્યું : 'ભાગ તમારો ભાઈ જાંણે ! આ તો મારા પિયરની ભેંસનું ઘી...' 'ઓહ ! ભાભી ! તમે તો કાલે ઘરમાંય ભાગ નહિ આપો કે શું ? – લાવો, મારો ઘરભાગ...' ભાભીએ સામે છાંછિયું કરેલું – 'કઈ ઘૂઘરિયાળી વહુ પોળીવાળા રોટલા કરી આપવા આવી છે તે ભાગ...' સામે ઘેર લાલીકાકી આ તમાશો સાંભળતી'તી. એણીએ પનાલાલનો પક્ષ લીધો હતો :

*'મહેણાં શાની મારે છે ? વહુ છતે છે તે રતે આવશે !*
*તું પનાને દિયર ગણતી હોત તો તારી છોરીના સાટામાં ખાસ્સો*
*પૈણાવ્યો હોત ને ?!... પણ એમ તો–'*

અડધું ગામ દોડી આવ્યું. કંકુભાભીએ તોછડાઈથી પનાલાલને કહ્યું : 'મેર મારા પીટ્યા ! લઈ જા તારો ભાગ... રખડતા મારા ઠેહા !' આ તો કાંટે કાંટે વાડ અને બોલ્યે બોલ્યે લઢવાડ – જેવું થૈને રહ્યું. અધૂરામાં પૂરું વડીલો બધા વેવાઈના ગામમાં હજી વિવાહનાં દાપાં ચૂકવવામાં ને પરોણાગતમાં પડી ગયેલા. વળી ઊડઝૂડ કરતો મૂળોભૈ પનાલાલની વહારે આવેલો... પનાલાલ સામાન લૈને મૂળા સાથે ઓરમાન માને ઘેર રહેવા ચાલી ગયા હતા... 'ભાઈ ! આ ઘર પણ નાંના ખુશાલનું જ છે... હવેથી અહીં જ રહેજો...' મૂળાભૈનું આવું હેત. અને હરિભૈ ત્રણચાર દન લગી પનાલાલને મળવા કે મનાવવાય ના આવ્યા... પનાલાલને આનું દુઃખ થયેલું... મન વાળેલું – 'વહુના તાબામાં રહેવાનું તે શું કરે ?! ખેર...'

પનાલાલનું મન હવે ઘર અને ગામ – બંનેમાંથી જાણે ઊઠી ગયું હતું. હવે તો વહુ મોટી થાય ત્યારે આણું થશે... છઆઠ વર્ષ નીકળી જશે. ત્યાં લગી આપણે તો પરોણા જેવા આવશું ને જૈશું ! જાણે વૈરાગ્ય આવી જતો હતો. ચોમાસું નજીક હોવાની એંધાણીઓ આપતી સવારની કોળમડીઓ વળવા માંડી હતી. વાદળો જાણે જળ ભરવા દરિયે જતાં હતાં ને ખાખરીઓનાં નવાં પાન જેવી સવારની વેળાઓ વાયરાથી મીઠી લાગતી હતી. રજાના બાકી રહેલા ચારે દિવસો પનાલાલે મૂળાભૈનાં ખેતરોમાં ખેડવામાં મદદ કરેલી... શેઢાવાડ પણ કર્યાં હતાં. પોતાનાં ખેતરોમાંય ફરેલા. વાત્રકનો કાંઠો, લીલી કણજીઓની હારમાળા, ગામઝાંપાની પેલી સફેદ પથ્થરવાળી મોટી ટેકરી ને આંબા-આંબલીનાં ઝાડવાં; કોસ-અલા-ણીવાળો કૂવો : બધું ધરાઈ ધરાઈને જોઈ લીધું હતું... ભાવકને ખ્યાલ આવશે કે 'વળામણાં', 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ' તથા 'સાચાં શમણાં'નો પરિવેશ અને એમાંનાં બધાં મનેખ તથા એમનો ભાવલોક આ પ્રદેશમાંથી જ પનાલાલે આત્મસાત્ કર્યો હતો. વરસાદ વરસે એ પહેલાં મૂળોભૈ પનાલાલને મૂકવાને બહાને છેક સાગવાડા આવ્યો. પનાલાલે એને 'પીવા'-ખાવાની ને સિગારેટની મોજ કરાવેલી. મૂળોભૈ તો સૌને કહેતો હતો : 'પનાલાલ તો ઠકરાત ભોગવે છે !'

સાગવાડામાં ગોદામ મૅનેજરીનો ચાર્જ સંભાળવા સાથે લગ્નનિમિત્તે જલસા શરૂ થઈ ગયા હતા. પનાલાલે સૌને હોંશથી જમાડ્યા ને ગાવાની મહેફિલ કરેલી. મિત્રોએ પણ ઘેર ઘેર બોલાવીને પ્રેમ વરસાવવાની બધી રીતો અજમાવી હતી.

ઝમકુ તો મેડીએ દોડી આવેલી. 'ભિયા ! બૌ વાટ જોવડાવી ? નવી વહુમાં ખોવાઈ ગયેલા ? એને ક્યાં સંતાડીને લાવ્યા છો ? ભાળજો અમને પાછા ! 'કોઈની' યાદ આવતી'તી કે પછી–' પનાલાલને થતું હતું કે : 'આ છોકરી ભારે કરવાની છે... આટલો બધો નાતો... પ્રેમ ! વાહ !!'

સમય માણસને એરણ પર ચઢાવ્યા કરે છે, ને એમ સ્તો ! એનો ઘાટ ઘડાતો હોય છે. મહિનામાસમાં તો બોરીથી ખુદ શેઠનો દીકરો રતનશા પનાલાલની જગ્યાએ આવી લાગ્યો. પનાલાલે પાછા બોરી જવાનું હતું ! શેઠ દીકરાને પલોટવા માગતા હતા. બાકી પનાલાલના કામકાજથી એ રાજી હતા. મિત્રોમાં વાત ફેલાઈ – 'પનાલાલ જાય છે...' અહીં તો પીવાખાવાનું બહાનું – નિમિત્ત જ જોઈતું હતું ને ! ફરીથી વિદાયની તૈયારી. તળાવ પાળે મહેફિલ. પેલા ત્રણ ખાસ મિત્રો – હીરાલાલ, છગનલાલ અને ચેતનલાલ – ને પનાલાલે રાજીનામાની વાત કરી. ના, હવે બોરી નથી જવું. મૅનેજરી પછી હવે એ ઢોર-ઘર-મજૂરની દેખરેખ અને ટપાલ-થેલાના ફેરાઓ ! બધાંએ સમજાવ્યા કે આ તો કામચલાઉ બદલી ગણાય ?!ને નોકરી જશે તો શું કરશો ? વગેરે. પનાલાલને યાદ હતું. ચતુરભાઈસા'બના સગા ઍંજિનિયર થૈને અમદાવાદની ઇલેક્ટ્રિક કંપનીમાં મોટા હોદ્દા પર હતા. એ નોકરી અપાવશે જ. છેવટે ઘર ને ખેતી તો છે જ ને !

પનાલાલે રાજીનામું રતનશાને પકડાવી દીધું. શેઠનેય જાણ કરી કે બાકી નીકળતા પેશગીના ત્રીસ-પાંત્રીસ રૂપિયા તમને મળી જશે. આભાર. ગોદામમાં સૌનો ને મિત્રોનો ભર્યા ગળે આભાર માનીને પનાલાલ હવે મેડી છોડીને નીકળવાના હતા... ઝમકુને કહેવડાવેલું, હા ! એને મળ્યા વિના જાઉં તો ગજબ થઈ જાય ! એ વિહ્વળ ને વ્યગ્ર હતી. રડતી હતી. પનાલાલે પોતે કહેવાની વાત ચબરખીમાં લખેલી. તે ઝમકુની ચોળીમાં સરકાવતા હતા... ને એ રોમાંચિત થતી ભય ને હર્ષથી વિહ્વળ થતી હા-ના-ની દ્વિધામાં લાલ લાલ ચહેરે ન ઊભી રહી શકતી હતી કે ન જૈ શકતી હતી ! એ થડકારો... એ સ્પર્શમાંનો ભાવલોક ! 'તને કદી નૈ ભૂલું. પરણી જજે. સુખી થજે...' ઝમકુ તો પનાલાલની છાતીમાં માથું છુપાવીને ડૂસકે ચઢી ગઈ હતી. માંડ ટાઢવીને વિદાય કરેલી... એ દૂર દૂરથી જાણે હજીય તરસી નજરે જોતી હતી. પનાલાલે 'વળામણાં'માં આ ઝમકુના નામને અમર કર્યું ને એની ભોળી ચાતુરીને આલેખીને જાણે મનને સાંત્વના આપેલી.

# 20

સાગવાડાની નોકરી છોડીને પનાલાલ માંડલીમાં બેત્રણ માસ મૂળાભાઈ સાથે રહીને અમદાવાદ ગયા હતા. ડુંગરપુરવાળા ચતુરભાઈ બાબુસાહેબને મળીને પનાલાલે અમદાવાદ ખાતે નોકરીની વિનંતી કરેલી. 'મને અમદાવાદની ઇલેક્ટ્રિક કંપનીમાં નોકરી અપાવો સાહેબ; તમારા ભત્રીજા ત્યાં ઇજનેર છે ને !' ને 1929ની સાલનો મધ્યભાગ હશે કદાચ, પનાલાલને બાબુસાહેબે ભત્રીજાને હવાલે કરતાં કહેલું કે હાલ ભલે તમારાં ઘરકામ કરે, છોકરાં ભણાવે પણ પછી કંપનીમાં ગોઠવજો, યુવાન હોશિયાર છે. સાબરમતી નદીની આથમણી બાજુનો વિસ્તાર વિકસતો હતો. મિલો ને ઉદ્યોગોવાળાઓના બંગલા હવે ત્યાં જ થતા જતા હતા. વૃક્ષોની વચ્ચે નાના ઘાટના બંગલા. બગીચા જેવું વાતાવરણ... પનાલાલે આવા બંગલામાં કામ કરવાનું હતું.

સાગવાડામાં મૅનેજરી કરવા સાથે જાણે જાહોજલાલી – પોતાના ગજા પ્રમાણેની મોજીલી જિંદગી – ભોગવી હતી. ને હવે અમદાવાદમાં શેઠના બંગલે કામ કરવાનું હતું. મન માનતું નહોતું. એક તરફ 'વાડ વિના વેલો ચઢે નહિ'-ની સમજણ હતી ને બીજી તરફ મોટી સારી ઉજળિયાત નોકરીની આશાઓ મટતી નહોતી. જાણે 'ગામમાં પેસવાના સાંસા અને મુખીને ત્યાં મુકામ કરાવવાની' વાતો હતી ! જોકે આ તો કામચલાઉ વ્યવસ્થા હતી. પણ પનાલાલ ઝાડુ પકડે છે ને જીવ ના...ના... ડચકારી ઊઠે છે. અરે ! આ તો બધાં ડુંગરપુરિયો ઘરઘાટી માનીને જ કામ લેવાનાં. ઝાડુ મારવું, પોતાં કરવાં, બારીબારણાં-ફર્નિચર ઝાપટઝૂપટ કરવું,

કપડાં ધોવાં, સૂકવવાં ને વાળી લેવાં; બજારમાંથી શાક લઈ આવવું, શેઠશેઠાણીના હુકમો છૂટે એય ટાંપાંટેરાં કરવાનાં, ને શેઠિયાંનાં સંતાનો નવેનવો પૈસો ભાળીને વધારે બહેકેલાં હોય તે તો વળી ઑર્ડર જ કરે ! સાંજે એમને ભણાવવાનાં ને વળી એમનું દફતર ઊંચકીને નિશાળે મૂકી આવવાનાં, લઈ આવવાનાં... અરે, આખા ઘરનાં માટે પથારીઓ કરવાની ને સવારે વાળવાની. રસોઈમાંય મદદ કરો અને વાસણકૂસણ પણ કરો. હા, કામ પ્રમાણે બીજો એકાદ નોકર હોય ખરો... પણ બોજો તો બેઉને માથે ગધેડા જેટલો પડે જ... પોતે સાગવાડામાં સાહ્યબી ભોગવેલી ને અહીં બૈરાંનાં લૂગડાં ધોવાં – વગેરે ! પનાલાલે થોડાક વખતમાં જ અમદાવાદ છોડી દીધું. માંડલી પહોંચ્યા. પણ ત્યાંય પળોજણો હતી.

અહીં તો રેવા સમેત બધાંએ ટોક્યા જ કર્યા ! ‘‘ભણતર લાજશે, અહીં તો ધૂળિયો ધંધો ને અંધારિયો મલક... નોકરી જ તમારો ઉગારો... માટે ડાહ્યા થાવ ને જાવ અમદાવાદ પાછા.’’ ત્યારે તો બધા મલકનાં લોકને અમદાવાદનાં મિલો-કારખાનાં, શેઠલોકનાં ઘરોમાં ને નવી નવી કંપની – ઑફિસોમાં નોકરીઓ ભળાતી. ને વાતેય નેવું ટકા સાચી હતી. ગામડાં માટે અમદાવાદ તો જાણે ‘વિલાયત’ હતું.

પનાલાલના ભાગ્યમાં સ્થિર થવાનું જાણે કે લખાયું જ નહોતું. પાછા ચતુરભાઈસાહેબને મળવા ડુંગરપુર ગયા. અમદાવાદની નોકરી છોડ્યાનાં ખોટાં બહાનાં બતાવ્યાં ને પુનઃ વિનંતી કરી... ‘અમદાવાદમાં ઇલેક્ટ્રિક કંપનીમાં નોકરી અપાવો...’ સાહેબે સમજાવ્યું – કે એય થશે, પણ કંપની મારા ભત્રીજાની માલિકીની થોડી છે ?! ધીરજ તો રાખવી પડે. અમદાવાદની એક કંપનીએ ડુંગરપુરમાં નળ ફિટિંગ કરવાનો ઠેકો લીધેલો હતો. સાહેબે પનાલાલને એમાં જોતર્યા ને પોતાને ઘેર રાખ્યા. નળના કાટખૂણા જોડવા ને આંટા પાડવા તથા બરાબર ફિટિંગ થાય તેમ કરવું... પનાલાલે ત્રણ મહિના એમાંય સારી આવડત દાખવેલી. ત્યાંથી સાહેબ એમને એક કામે વડોદરા લઈ ગયેલા. બે-ચાર દિવસના મુકામમાં ક્યાંકથી કોઈક વેશ્યા બાઈનો સમ્પર્ક થયેલો ને એના મોહમાંય એકબે વાર ફસાયા. ચાર પૈસા બચાવેલા તે એમાં વપરાયા... મૂળે સાગવાડાની રંગીની પીછો છોડતી નહોતી.

સાહેબ વડોદરાથી પનાલાલને લૈને સીધા અમદાવાદ ભત્રીજાને ત્યાં પહોંચેલા. આ વખતે જરા ભારપૂર્વક ભલામણ કરી હતી. પણ ‘ઘરઘાટી’નું કામ

ઓછુંવત્તું તો રહેલું જ. 'મેલ્ય કરવત મોચીના મોચી'-વાળી કહેવત ગણગણીને પનાલાલે મન મનાવેલું. પણ શેઠે આ વખતે ચરોતર પ્રદેશથી આવેલાં દમ્પતીનું સરનામું આપેલું ને કહેલું એમને મળતો રહેજે. પનાલાલ, પછી તો, સાઇકલ લઈને રાયપુર ઊપડી જતો ને ચીચીબહેન તથા પી.ડી.સાહેબને મળતો. ત્યાં હૈયું ખોલીને વાતો થતી. ચા-નાસ્તો ને જમવાનુંય મળી જતાં. ને પનાલાલેય કામમાં જોડાતા. ત્યાં નીચલા માળે નંદનબહેન રહેતાં હતાં. પનાલાલને એમની ઘરગથ્થુ લાઇબ્રેરીમાંથી પુસ્તકો મળતાં હતાં. નવલકથાઓ ને વારતાઓ વાંચવાની લેહ લાગેલી. ચીચીબહેન ને પી.ડી. પનાલાલને ભાવિ માટે પોરસાવતાં ને હસતાં હસતાં ઘણું કહી દેતાં. પી.ડી. સાહેબ પાન ખાતા અને પનાલાલને સિગારેટ અપાવતા. એ ટેસથી પીતા. ડુંગરપુરમાં નળફિટિંગના દિવસો દરમિયાન એક મુ-સલમાન નૂર મહમ્મદનો પરિચય થયેલો. એણે પનાલાલને ખાખી (દેશી) બીડીની લત લગાડેલી. આ બધાં લક્ષણો રોગને નોતરવાનાં જ હતાં ને ?! પણ યુવાનીના થનગનાટમાં સંકેતની ઘંટડી વાગે તોય સંભળાતી નથી. આ પછી નજીકનાં વર્ષોમાં પનાલાલ ટી.બી.નો ભોગ બન્યા હતા.

આ વખતે પનાલાલનું કામ વધ્યું હતું પણ મિલ-કારખાનાંની નોકરીઓ દરમિયાન શેઠના ત્યાંનું કામ એમને શોભે એવું હતું. હવે કચરાપોતાં કરવાનાં કે વાસણ-લૂગડાં ધોવાનું નહોતું. હવે તો છોકરાંને ભણાવવાનાં ને નિશાળે મૂકી આવવાનાં, કપડાંને ઇસ્ત્રી કરવાની ને બજારનો આંટો મારવાનો... એમાંય બે પૈસા સેરવી લેવાની સગવડ હતી. પછી એમને ઇલેક્ટ્રિક કંપનીમાં 'ઑઇલમૅન'ની નોકરીએ પણ મૂક્યા હતા. હવે એ જાતે નાસ્તોપાણી કરી લેતા ને શેઠાણીનેય સૂચના આપવા જેવું બોલતા તથા પોતે શું કરશે ને શું નહિ કરે-નીય ચોખ્ખી વાત કરતા થયેલા ! હાસ્તો, હવે કંપનીની નોકરી હતી. આમ તો ચડ્ડી-બંડી પહેરીને બૉઇલર પાસેથી રાખના ઢગલા હટાવવાના અને મશીનોમાં ઑઇલ વગેરે પૂરતા રહેવાનું... વચ્ચે બબ્બે કલાકની રાહતમાં વાંચવાનું થતું ને રાતપાળીમાં વારાફરતે ઊંઘવાનુંય થતું. મિત્રો સારા મળેલા... અમદાવાદમાં રખડવાનું, નાટકસિનેમા જોવાનું ને ક્યારેક બહાર ખાવાનું કે મિત્રોને ઘેર જવા-આવવાનુંય થતું રહેતું ! ઑઇલમૅનની નોકરી – વચ્ચે ગાળા પાડતા હતા છતાં – બધો સમય ચાલતી રહેલી... એકબે મહિના માંડલી જઈ આવે તોય પાછા નોકરીમાં લેવાઈ જતા હતા. કામગરા ને વિવેકી યુવાન તરીકે એમની છાપ અને ઇજનેરસાહેબના માણસ લેખેય એમને કોઈ ખાસ પજવતું નહોતું... ને કેટલુંક તો હવે એ જાતે

ગોઠવી લેતા થયા હતા... આ વર્ષો (પાંચછ વર્ષો – 1930થી 1936) દરમિયાન પણ પનાલાલની કસોટીઓ થતી રહી. એય કેટલાંક સાહસો કરતા રહેતા...ને મિત્રોને મદદ કરવાની ભાવનામાં ઘણી વાર છેતરાતા ફસાતા પૈસા ગુમાવતા રહ્યા હતા. આ બધાંમાંથી થોડીક વિગતો ટૂંકમાં જોઈ લેવા જેવી છે. એમાંથી એક જુદા જ પનાલાલ પટેલનો પરિચય સાંપડે છે.

ગામડાંની નજર ત્યારે પહેલી વાર શહેર તરફ મંડાઈ હતી. લોકને 'કૂટકૂટ ખેતી'માંથી નીકળીને છાંયડાની નોકરી જોઈતી હતી. જાણે નોકરી એટલે આકડે મધ ના બેઠું હોય તે લાવો લઈ લઈએ... એવો ઉમળકો હતો. પનાલાલ આપણને નોકરી વળગાડશે એમ માનીને માંડલીના ચાર મોટિયાર અમદાવાદ ખાતે પના-લાલની સામે ખડા થયા હતા... 'લ્યા, નોકરી કાંઈ અહીં ઝાડે થોડી લટકે છે તે–' પણ હવે તો પનાલાલની આબરૂનોય સવાલ હતો. ચારેય યુવાનો પરિચિત હતા.. બલકે બે તો કુટુંબી ભાઈ !

પનાલાલે (ઓરમાન) મૂળાભાઈને એક શેઠના બંગલે મૂક્યો. ભત્રીજા ડાહ્યાને બીજા એક નવપરિણીત શેઠને બંગલે ગોઠવ્યો. દોલાભાઈને કારખાનામાં મજૂરીએ ને પેલી અલ્લડ યુવતીનો પતિ (અફળાઉં), આ ત્રણેની સાથે – વાટમાં આવતા એના ગામેથી – જોડાયો હતો; બલકે પેલીએ હક્કથી (પેલી લગ્નની રાતની યાદમાં) મોકલેલો, તેને મિલમાં બદલીઓ ભરવા ગોઠવી દીધેલો...

ચાર-છ દિવસ માંડ થયા હશે. દોડધામને લીધે પનાલાલ પી. ડી. સાહેબ ને ચીચીબહેન પાસે જઈ શકતો નહોતો. ગયો ત્યારે રમૂજ સાથે આ બધાંના ખેલની કથા કહી સંભળાવેલી.

મૂળાભાઈને શેઠાણીના ઘાઘરા ધોવાનું આવતાં જીવ 'ચંબડ' (રબ્બર જેવો) થઈ ગયેલો. 'બળ્યો આ અવતાર ! આનાથી ખેતી સારી.' પનાલાલે એની પાછળ વળતાંના ભાડા સાથે રૂ. 20 ખર્ચ્યા હતા. દોલાભાઈને મુકાદમે લાફો મારેલો તે એય વળતું ભાડું માગીને માંડલી ભણી. ડાહ્યાને એક જ વાંધો પડેલો... પેલાં યુવાન શેઠ-શેઠાણી એની હાજરીમાં 'પ્રેમાલિંગન' ને 'મોજ' કરતાં હતાં. એને લાગ્યું કે આ વાત હજમ થાય એવી નથી... ને એય વળતું ભાડું માગીને પોબારા ભણી ગયો હતો. હવે પેલી અલ્લડનો પતિ કેટલું ટકે એ જોવાનું હતું... ને એ ટક્યો હતો... તો વળી એકાદબે વર્ષ બાદ મૂળોભાઈ પણ પાછો આવીને બે-એક વર્ષમાં મિલમાં કામ કરી ગયો હતો... શહેરનો ચસકો લાગે તો છૂટતો નથી !

એક દિવસ પનાલાલને નોકરીએ જતાં, ઈડરમાં સાથે ભણતો હતો એ, વાસુદેવ મળી ગયો. બંનેએ ભૂતકળ વાગોળ્યો. વાસુદેવે ઉમાશંકર જોશી અમદાવાદમાં હોવાની ખબર અને સરનામું આપ્યાં. એ જ સાંજે પનાલાલ મીઠાખળી ખાતે ઉમાશંકરની રૂમે પહોંચી ગયા. હવે પનાલાલ પાસે નવી સાઇકલ હતી. લેંઘો, બુશકોટ ને કોટ તથા ચંપલ પહેરેલા પનાલાલને ઉમાશંકર જોઈ રહેલા. બેઉ ભેટી પડ્યા. ચાર-પાંચ વર્ષો પછી મળતા હતા. બંનેએ વાતો કરી. ઉમાશંકરે પોતે કૉલેજમાં છે વગેરે વાત કરી તો પનાલાલે ઘર-ખેતર-લગન-નોકરીની વાતો જણાવી. ફરી મળવાના વચન સાથે બેઉ છૂટા પડેલા...

થોડા દિવસો વીત્યા હશે ને પનાલાલને ખબર પડી હતી કે મહાત્મા ગાંધીજી ‘દાંડીકૂચ’ કરવાના છે ને એમાં પદયાત્રી તરીકે એક નામ ઉમાશંકરનુંય છે. તે દિવસે માનવકીડિયારું ઊભરાયેલું હતું... ચારે તરફ મનેખ સમાતું નહોતું. લોકો નારા લગાવતા હતા : આઝાદી લે કે રહેંગે ! મહાત્મા ગાંધી : અમર રહો; ઇન્કિલાબ ઝિંદાબાદ. પનાલાલનેય સાઇકલ છોડીને યાત્રામાં જોડાઈ જવાનું મન થતું હતું. માણસોને કાબૂમાં રાખવા પોલીસો દોડાદોડી કરતા હતા. જાણે કે મોટા ગવર્નર આવવાના હોય એમ આશ્રમ તરફની સડક ખાલીખમ હતી. થોડી વારમાં એક મોટું જૂથ યોગ્ય અંતર રાખીને ઝડપથી ચાલતું આવતું દેખાયું. પનાલાલે જોયું તો – છાપામાં જોયા હતા એ વંદનીય પુરુષ – ગાંધીજી આગળ ચાલતા હતા. હાથમાં લાકડી – ઊભી, ઢીંચણ સમાણું હાથવણાટનું ધોતિયું, શરીર પર પંચિયા જેવી જ પછેડી વીંટેલી... પવનપાવડીએ ચડ્યા હોય એવો એમનો સપાટો હતો. પનાલાલે માથું ઝુકાવીને પ્રણામ કરેલા... જોતજોતામાં બધા લોક ને સિપાહીઓ દક્ષિણ દિશામાં અદશ્ય થઈ ગયેલા.

મોડી સાંજ સુધી એ બધાં દશ્યો દેખાતાં રહેલાં. લોકોમાં ઉત્સાહનો પાર નહોતો. કેટલા બધા યુવાનો તો ઝાડવાં પર ચઢીને જોતા હતા. ઉમાશંકરે તે દિવસે ખાદીનાં લેંઘો-ઝભ્ભો પહેરેલાં હતાં. પનાલાલને પોતાનેય એકાદબે ચડ્ડી--બુશર્ટ ખાદીનાં કરાવવાનું મન થયું હતું. આંદોલનો જોર પર હતાં... ને પનાલાલ પોતાની પળોજણોમાં વ્યસ્ત હતા.

મહિનાઓ નહિ, વર્ષો વહી જતાં હતાં.

એક વાર માંડલીથી કાગળ આવેલો. હરિભાઈના મરણનો કાગળ હતો. ભાભીએ તરતોતરત તેડાવેલા : ‘પાણી ત્યાં પીજો ને કોગળો માંડલીમાં કરજો.’

ભત્રીજો ખેમો બહુ નાનો નહોતો છતાં બધી વિધિ પનાલાલે કરવાનું ઠરેલું. ગામડામાં શાસ્ત્રજ્ઞાન ઓછું પણ અંધશ્રદ્ધાઓ તથા જડ પરંપરા પાળવાની જીદ ઘણી. લોકાચારો, સરાવવાનું, સૂતક તથા દસમાનો વિધિ, બારમાનું જમણ ને તેરમાની સજ્જા તથા દાનપુણ્ય કરવાનું. ખર્ચોય સારો એવો થતો.

ભાભી-ભાઈ સાથેના અબોલા પછી આ બનેલું. પનાલાલને વેદના થતી રહેલી કે મોટાભાઈ સાથે મોંમેળો ના થઈ શક્યો. એ સીધા જ જૂને ઘરે ગયેલા. બધાંનું મન ઠર્યું હતું. સાસરીવાળાંનેય જમાઈમાં ઠરેલપણું દેખાયેલું. ભાભીએ વાલીવહુને તેડાવેલી. પહેલી વાર સાસરે આવેલી વાલીવહુ હવે બેડે માથે પાણી લાવે એવડી હતી. રસોડામાં વહુ રોટલા ઘડતી હતી ને પનાલાલ હુક્કો ભરવાના બહાને અંદર ગયેલા. વહુએ સાડીનો છેડો છાતી પર તાણીને સરખો કરેલો, એ જોઈને પનાલાલ બોલેલા : 'શું સંતાડે છે ? જે હોય એમાં મારો ભાગ !' વહુ તો શરમાઈને બહાર નીકળી ગયેલી. ભાભી બધું પામી ગયેલાં. હરિભાઈનાં કાર-જપાણી તો સારી રીતે પતેલાં. માત્ર પનાલાલે માથે મૂંડન કરાવવાની ના પાડેલી. ન્યાતીલાનું બહુ દબાણ હતું. સમાજે જમવાની ના પાડેલી... છતાં પનાલાલે કહેલું - 'દાઢીમૂછ' ઉતરાવું એમાં બધું જ આવી ગયું... છેવટે ગામ-સમાજે એમને માફ કરેલા ને સૌએ બારમું ખાધેલું. પનાલાલની આ હિંમત ને ટકી રહેવાની નિર્ભયતા વખાણવા જેવાં ઠરેલાં.

અમદાવાદમાં મિત્રવર્તુળ વધતું હતું – નોકરીમાં કામ ને સ્થળ, ત્યાં ને ત્યાં બદલાતાં. નવા મિત્રો મળતા ને ચાલ્યા જતા. ભગવતી બનાતવાળો સારો મિત્ર થયેલો. સાંજે એને ઘેર જતા. એની વહુ આવકારતી. ક્યારેક બધાં સાથે જમતાં. ત્યાં પડોશમાંથી એક રૂપાળી પટેલ કન્યા આવતી. પનાલાલ પહોંચે કે પેલી હાજર થૈ જતી... જોકે પનાલાલ પરણેલા છે એમ જાણ્યું એટલે પછી એ આવતી પણ મોઢું ચઢાવીને જતી રહેતી. પનાલાલ મનોમન કહેતા – 'અરે ! આ તો બધા ચરોતરના લેઉઆ પટેલો. પોતાને ઊંચા માનનારા. એ આંજણાને કન્યા ના આપે...'

ભાનુપ્રસાદ નામનો એક રૂપાળો મિત્ર. બોલવેચાલવે દોલો લાગે. અમે નડિ-યાદના. અમારે તો ઘર ભાડે આપેલાં છે. આવક મોટી છે. અમસ્થા નોકરી કરીએ છીએ. આવાં બણગાં ફૂંકીને પનાલાલને એણે ભોળવેલા. પૈસા ઉછીના લેતો જાય ને આપે નહિ. રકમ ચાળીશે પહોંચી. છેવટે પનાલાલે ઉઘરાણી માંડી ત્યારે

વેપારીને પટ્ટીમાં પાડીને –એને નામે માંડીને – પનાલાલને ચાળીસ રૂપિયાનાં મોંઘાં કપડાં લાવી આપેલાં. આવાં સારાં કપડાં તો, શેઠે કહેલું - 'મારેય નથી !' આમ, છેતરનારા મળતા, પનાલાલ છેતરાતા રહેતા... ને છેવટે ભૂલી જતા. પના-લાલમાં મૂળે માણસ માટે પ્રેમ હતો અને માણસ માટે મરી પડવાની તૈયારી હતી.

પનાલાલની માણસાઈનું આવું જ એક ઉદાહરણ ટાંકવું ગમે એવું છે. એમ મોટા ભાઈ-હરિભાઈ એક વાર બોરીમાં વિવાહ કરાવવાને બહાને રૂપિયા લેવા આવી ચઢેલા; એમ અમદાવાદ ખાતે એક દિવસ મૂળોભાઈ રૂપિયા લેવા આવી ચઢ્યો હતો. મૂળાનું ઘર ગામમાં છેવાડાનું – એનાથી ખેતરવા છેટે લેંબા કટારાનું ઘર. એટલે પડોશી થાય. લેંબો આફતમાં આવી પડેલો. બે જુવાનજોધ દીકરા બે માસના આંતરે ઓચિંતા મરી ગયા; ને ખેતી માટેના બળદની જોડ પણ મરી ગઈ. બધાં કહેતાં કે પીપળાના થડમાં દાટેલા બાબરા ભૂતને લેંબાએ ખોદી કાઢેલો ને પછી એને વિદ્યાથી વશ ના કરી શક્યો. એટલે ખફા થયેલો બાબરો લેંબાના ઘરનું ધનોતપનોત કાઢતો હતો. હવે બળદો વિના અને બિયારણ વિના લેંબો લાચાર હતો. આખું ઘર આપઘાત કરવાની ધારે હતું. લેંબાએ મૂળાભૈને વિનવેલો : 'જા પનાભાઈને મારા વતી, પગે પડીનેય, સો રૂપિયા લઈ આવ. બમણું વ્યાજ આપીશ ને દિવાળીએ રૂપિયા પાછા વાળીશ. તું રૂપિયા વના આવીશ તો બીજે દંન મારું મડદું ભાળીશ..' પનાલાલે મૂળાને ધમકાવ્યોય ખરો કે તું તો ઉઘરાણીએ આવ્યો હોય એમ બારણું બાંધીને બેઠો છે ? ભલા મને કયો શેઠ ધીરવાનો હતો ? અહીં મારું જ માંડ માંડ... આ તમે ચાર જણા એક વખત આવી ચઢેલા – કમાવા, ને ટક્યા નૈં; ત્યારે મારે 80 થી 100 રૂપિયાનો ખર્ચો થઈ ગયેલો ! એ જ માંડ પૂરા થયા છે. પણ મૂળોભૈ તો કરગરતો જ રહેલો ! એય પારકા માટે. હાસ્તો, દીકરો તો એય નાના ખુશાલ પટેલનો જ ને ! છેવટે પનાલાલે ચાંદીના દાગીના વેચ્યા ને બીજા પગાર પેટે ઉધાર લૈને મૂળાને 100 રૂપિયા તથા ભાડું આપીને વિદાય કરેલો. કહેલું કે – 'દાગીના વેચ્યાની વાત બહાર પડવી ના જોઈએ...' પનાલાલે મનમાં એમેય વિચારેલું – બલકે એવો વિચાર અંદરથી જ ધક્કો મારીને પ્રગટેલો : 'સાગવાડાની પેલી હરામની કમાઈ હતી ને ? એ આમ જ જવાની. ને ભલે જતી રહે ! સત્ અને મહેનતની વસ બેઉ આપણાં...' પનાલાલનાં પાત્રો પણ આવા જીવનમાર્ગે ચાલ્યાં છે ને એમના સમગ્ર સાહિત્યનો પણ ધ્વનિ તો આવો જ રહ્યો છે... સતને માટે મથવું ને મહેનતથી વસ/જણસ મેળવવી. એ જ ટકે... 'સત્ હશે ત્યાં લગી છત રહેશે' ! આ દર્શન એમના જીવતરમાંથી – અનુભૂતિઓના

અર્ક રૂપે પ્રગટેલું...ને એટલે એ મહાન લેખકોની હરોળમાં ગણાતા રહ્યા છે.

પનાલાલને નવરાત્રિના ગરબા જોવાનું, લગભગ ઘેલું લાગેલું. મૂળે ગાણાં ને ધૂમેર્યના માણસ. અમદાવાદમાં ત્યારે ગરબાની પ્રથા પ્રારંભાયેલી. પનાલાલ મિત્રો સાથે નીકળી પડતા. એમની પડોશની રૂમમાં રહેતા કૉલેજિયનોનોય સંગાથ હતો. એમાં મોહન બારૈયા કરીને એક રંગીન યુવક... કૉલેજમાં ભણે... ને એક રૂપાળી છોકરીના પ્રેમમાં. છોકરી તો ઊંચા વર્ગની અને સુંવાળા વર્ણની... બારૈયામાં હિંમત નહિ, ને છોકરી ખાસ પહેલ કરે નહિ. પનાલાલે એને ચેતવેલો કે ભલો થૈને ભણવામાં ધ્યાન આપ... વગેરે.

પનાલાલના શેઠના બંગલા સામે જાણીતાં સામાજિક કાર્યકર અને ડૉક્ટર દંપતી રહે : સુમન્ત મહેતા અને શારદાબહેન મહેતા. ખાદી પહેરે. દેશદાઝ ઘણી. એક દિવસ પનાલાલને કાને એમની વાતો પડી કે : ઉમાશંકર અને સુન્દરમ્ બેઉ બહુ આશાસ્પદ કવિઓ તરીકે બહાર આવી રહ્યા છે... આ વેળાના 'બુદ્ધિ-પ્રકાશ'માં ઉમાશંકરનું કાવ્ય બૌ સરસ છે.. વગેરે. સુન્દરમ્ તો વળી કોણ હશે ? પનાલાલને એની જિજ્ઞાસાય ન હતી; પણ ઉમાશંકર એટલે મારો ઈડરવાળો સહાધ્યાયી મિત્ર જ હશે ને ?! છેલ્લે - કદાચ વર્ષ ઉપર થઈ ગયું હશે – મળ્યા ત્યારે કવિતા લખે છે એવીતેવી વાતેય નહોતી કરી... પનાલાલના મનમાં વિચારો ઊભરાતા હતા... ઉમાશંકર જોશી કવિતા લખે એનો રોમાંચ જાણે પનાલાલને રૂંવે રૂંવે પમાતો હતો. એ તો તરત ઊપડ્યા મીઠાખળી ખાતે ઉમાશંકરની રૂમે – એમને મળવા ! જૈને જુવે છે તો સાંકળચંદ તાળાચંદ ! પડોશીએ કહ્યું કે એમને છોડી ગયે તો વરસેક થયું હશે...

પનાલાલે પછી ખબર મેળવી હતી. ઉમાશંકર જોશી આઝાદીની ચળવળો-માં ગાંધીજી સાથે જોડાયા હતા... જોડે કાકાસાહેબ કાલેલકર કરીને ગાંધીવાદીનું નામ ને કામ પણ જાણતા થયેલા... ઉમાશંકરનાં 'વિશ્વશાંતિ', 'સાપના ભારા', 'ગંગોત્રી' જેવાં કવિતા/નાટકનાં પુસ્તકો વિશેય માહિતી મેળવી હતી... હવે ક. મા. મુનશી સાથે ધૂમકેતુ અને રમણલાલ વ. દેસાઈ તથા ઝીણાભાઈ અને ગુ-લાબદાસ બ્રોકરનાં નામોય પુસ્તકો પર કે છાપાં તથા માસિકોમાં જોવા-વાંચવા મળતાં... પનાલાલને ક્યારેક થતું આપણેય જો ગાંધીજી ભેગા જોડાયા હોત તો વળી આ બધાંને મળતા હોત...ને લખવાનુંય થાત... પણ જાતને ટોકતા – 'હવે ખાખરાની ખિસકોલીને વળી સાકરનો સ્વાદ શો ?' પણ કાળના ગર્ભમાં શું હોય

છે એ કાળા માથાનો માનવી હજી આજેય ક્યાં જાણી શકે છે ?!

પનાલાલના જીવનમાં વારાફેરા તો આવતા જ રહેલા. ફટાકડા તથા મીઠાઈ-ચવાણું લૈને એક દિવાળીએ માંડલી જવા નીકળેલા. રસ્તામાં મોયડી – સાસરીના ગામે – તથા બહેનોનેય મળતા જવાનું ઠરાવીને નીકળેલા. બહેનને ઘેરથી જ ખબર પડી કે મૂળાભાઈને ઘેર પોલીસતપાસ આવી છે. વાત આમ હતી : કાળુ ડામોર મૂળાનો હળખેડુ ભાગિયો હતો. એને ગામમાં ક્યાંક આડો સંબંધ હશે. તે રાતે ક્યાંક ભરાયો હશે ને ભાગતાં કોઈએ ધારિયું મારેલું... કુશળ લોકોએ એમની આબરૂ બચાવવા જખમી કાળુનો ખાટલો મૂળાભૈની ચોપાડે રાખેલો... વાયરો વાત લૈ ગયેલો તે પોલીસતપાસ આવી. આમાં મૂળાના ઘરનું ને એની વહુનુંય વગોવણું થતું હતું. આઠનવ ગામના સમાજમાં વાતો થૈ... ત્યાં તો પનાલાલ મદદે દોડી આવ્યાના વાવડેય ફરી વળેલા. માંના કટારાને મળીને પનાલાલે સચ્ચાઈ શોધી કાઢેલી...સીમલવાડા ને ડુંગરપુરના ધક્કા ખાઈને મૂળાભૈનું ઘર બચાવ્યું એમ પેલી ઠોકર ખાઈ ગયેલી યુવતી(રેવાની સહિયર હતી, ને રેવાની ખાસ ભલામણેય હતી)નેય બચાવી. કેસ માંડવાળ કરાવેલો. (આ પ્રસંગ પનાલાલે ‘મળેલા જીવ’માં વણી લીધેલો છે – સુજ્ઞો એ જાણે છે.)

આખા સમાજમાં પનાલાલની આવડત અને ન્યાત માટેની લાગણીનાં વખાણ થયાં. હિતેચ્છુ માના કટારાએ પનાલાલને સાચી વિગતો આપતાં દાખવેલું કે – તમે તો માંણસાઈ ભળાવીને લેંબા કટારાને ઉગાર્યો – રૂપિયા ધીર્યા – વ્યાજ વના ! તમને તો ધન્ય છે, ભાઈ ! પણ એ લેંબા કટારો જ કાળુ ડામોરને લોહી દદડતે ઘાએ મૂળાભૈની પડસાળે મૂકી ગયેલો... જેથી ખરી વાત બહાર ના પડે... જેમણે લેંબાને ઉગાર્યો એ લેંબાએ જ આવો અપકાર કર્યો ભાઈ ! પનાલાલ ને મૂળોભૈ બેઉને શીખવા મળેલું.. દયાને જ ડાકણ ખાય ! ભલાઈનો બદલો બૂરાઈ ? લેંબા કટારાએ દિવાળીએય પેલા પૈસા પાછા નહિ આપેલા... છેવટે મૂળોભૈ ઈંટોનું પાકું મકાન કરતા હતા ત્યારે ટુકડે ટુકડે અડધા રૂપિયા માંડ મળેલા. પનાલાલે પુનઃ મૂળાભૈને મદદ કરેલી... હાસ્તો ? આખા મલકમાં ઈંટેરી ઘર કરનારો મૂળાભૈ પહેલો આદમી હતો !

એક અવતારમાં જ જાણે ‘લખચોરાશી’ ફેરા કરવા પડતા હતા. પનાલાલને આ વર્ષોમાં બીજા ત્રણચાર ‘ખેલ’ પણ કરવાના આવ્યા હતા. જોડે નોકરી કરતા મિત્રોમાં પનાલાલ સાહસિક ને દરિયાદિલ ગણાતા. મિત્રોના પરિવારોમાં એમને

માનપાન ને જમણેય મળતાં. એક મિત્રને ઉગારી લેવા પનાલાલે 'બનાવટી હસ-બન્ડ'નો પાઠ ભજવવો પડેલો ને પેલી ('ભાથીની વહુ' વાર્તાની નાયિકા જેવી) નખરાળી પારકી પ્રેમિકાનાં ન કરવાં જેવાં કામ પણ કરવાં પડેલાં. પનાલાલ કહેતા થૈ ગયેલા : 'જિન્દગીના ખેલ' છે આ બધા.

એક ખેલ જરા લાંબો ને જોખમી થઈ ગયેલો. સાથે નોકરી કરતો પનાલાલનો મિત્ર ફ્રાંસિસ ગાર્ગી નામની છોકરીના પ્રેમમાં હતો. ફ્રાંસિસની બા પનાલાલ પર મા જેવું હેત રાખતી. ફ્રાંસિસ ને ગાર્ગી પરણવા માગતાં હતાં. બંને ખ્રિસ્તી હતાં ને જ્ઞાતિ પણ એક જ હતી. પણ ગાર્ગીનો પિતા શિકારી મિજાજનો ને અમલદારીમાં રહેલો તે ટણી કરતો હતો. ફ્રાંસિસ-ગાર્ગી તો હવે આપઘાત કરવાને માર્ગે હતાં. પનાલાલ એમને ભાગીને માંડલીમાં રહેવા માટે મદદરૂપ થાય છે. ગામના અચરજ વચ્ચે દુકાન પણ કરી આપે છે. મૂળાભૈના નવા ઘરની પછીતમાં સાંઠીકડાંની ભીંતોની ઓરડી બનાવેલી... પેલાં બેઉ પ્રેમીઓને ગામડે ફાવતું નહોતું પણ હવે ઉપાય નહોતો. ત્યાં અમદાવાદમાં બેઉ પરિવારો તંગ ને ત્રસ્ત હતા. દુકાનનો સામાન લેવા પનાલાલ પાછા અમદાવાદ ગયેલા. ખાસ તો બેઉ પરિવારોના સગડ લેવાનુંય ગોઠવેલું. ફ્રાંસિસની બાને પનાલાલ પર વહેમ ને શ્રદ્ધા બંને હતાં... ગાર્ગીનો બાપ પણ પનાલાલનું વતનગામ જાણવા મથતો હતો. ગાર્ગીનો મામો એના બાપને સમજાવે છે ને બંને પરિવારો બેઉને અમદાવાદ લાવીને પરણાવવા સંમત થાય છે. બે જણ માંડલી આવે છે અને ગાર્ગી-ફ્રાંસિસને લઈ જાય છે. એ તો પરણીને પનાલાલને ભૂલીય ગયેલાં...ને પનાલાલે નોકરી મૂકીને પેલી દુકાને જાતે બેસવું પડેલું. આમેય પનાલાલને દુકાન કરવાનું શમણું હતું.

ગામમાં બે દુકાનો હતી. હરીફાઈ વધારે એટલે ઉધાર ગ્રાહકો ચલાવવા પડે. પનાલાલ બૈરાંના શણગારેય દુકાને રાખતા હતા. એક દિવસ મૂળાભૈની વહુ કોક રૂપાળી યુવતીને દુકાનમાં લૈ આવેલી. 'મારી સૈયર છે; એને લાખોળિયાં જોઈએ છે... હું ભેંસ દોહીને આવું છું.' કહીને એ તો જતી રહેલી. પનાલાલને ખ્યાલ આવી ગયો હતો કે રૂપનો કટકો શણગાર વહોરવાના બહાને 'બીજા' જ કામે આવી હતી. પનાલાલે મૂકી દીધેલાં લાખોળિયાં કાઢી દેખાડ્યાં. પેલીએ વાત માંડી... હું ફલાણા ગામની પરણેતર છું. મારો વર મને ગમતો નથી. એના હાથનું બોર પણ કોઈ ના ખાય એવો કાળિયો છે. મેં સાંભળ્યું છે કે તમે જુવાન બૈરું લાવવા માગો છો. હું એ માટે તૈયાર છું. પનાલાલે એની વાત મૂળમાંથી જ

કાપી નાખેલી... તોય પેલી એનાં કામણ પાથરતી હતી. આ બીજા બૈરાની વાત વળી વળીને ઊભી થતી હતી.. જાણે પનાલાલને નહિ આવેલું શમણું સાચું પડવા માગતું હતું... બીજું બૈરું નહિ જ કરવાની પનાલાલની મથામણ બલકે મનોમંથન, પછીથી એમની લાંબી ટૂંકીવાર્તા ‘સાચાં શમણાં’ના મથુર દ્વારા અભિવ્યક્તિ પામ્યાનું આજે તો સમજાય એવું ચોખ્ખું છે.

આ રૂપાળીના ગયાના બે દિવસ બાદ એના પિયરિયા બે વડીલો એ જ ‘વડસાળું’ કરવા આવેલા. એ તો, ‘તમે રેવાને વચન આપ્યું છે એય રેવા જાતે પાછું લેવા તૈયાર છે.’ ત્યાં સુધીની વાત કરતા હતા. પનાલાલ સ્પષ્ટ હતા. છતાં મન લંગડાતું હતું. એ ‘આક્રમણભોગ્ય’ હતા એ તો ગામની વહુવારુઓ એમને ‘તારવતી’ (લાગ શોધતી) રહેતી એ પરથી સમજાય એવું છે. આ બે વડીલો માટે હુક્કો ભરવા એ માના કટારાને ત્યાં દેવતા વાસ્તે ગયેલા, રસોડામાં જુવાન વહુ રોટલા ઘડતી હતી. પનાલાલ કૈં સમજે એ પહેલાં તો, બે હાથો વચ્ચે પનાલાલનું મોઢું લઈને, ગાલ પર એવી તો – બત્રીસી ઊઠે એવી – ચૂમીઓ ભરી દીધી કે પનાલાલ તો દંગ જ રહી ગયેલા! રેવાએ ગાલ પરનું આ ચલમિયું (ચુંબનછાપ) જોઈને કહેલું કે – ‘આવો રૂપાળો આદમી, કોને ન ગમે ?! ભલે બીજી લાવો...’ પણ પનાલાલે તો રેવાને ઠપકો કરેલો કે મારી આવી કસોટી ન કરજો.

માંડલીમાં જુવાની જંપવા નહીં દે ને દુકાનમાં તો ખોટનો જ ધંધો છે. આમ પરિસ્થિતિ પારખીને પનાલાલે દુકાનનો સામાન હરીફ દુકાનદારને પધરાવીને, ઉધારું માંડવાળ ગણીને અમદાવાદની વાટ પકડેલી. ફ્રાંસિસ-ગાર્ગીનું ભલું કરવા જતાં – દુકાન ગળે વળગેલી... ને નોકરી છૂટી ગયેલી. ફ્લૉર મિલ-દળવાની ઘંટી કરી જોઈ... ગરીબોનો લોટ કાપો તો જ નફો થાય. પનાલાલને એ ના ગમ્યું... ઘંટી પણ ખોટ ખાઈને વેચી દીધી...ને ઇલેક્ટ્રિક કંપનીની ગયેલી નોકરી લાગવગો લગાડીને પાછી મેળવી લીધી. શેઠનું ઘર તો હતું જ. ને ચીચીબહેન પી.ડી.નો સદભાવ હતો. બધું રિન્યૂ કરીને નવી સાઇકલ લીધેલી...ને ઉમાશંકર જોશીને મુંબઈ ખાતે કાગળ લખી બેઠા હતા...

# 21

'પન્નાલાલ' પટેલ હવે 'પન્નાલાલ પટેલ' (લેખક) બને છે. 1-11-1936 : એમના સર્જકજીવનની દીક્ષાનો દિવસ બની રહે છે. 1-11-1936 થી ત્રણ દિવસ માટે, અમદાવાદમાં ભદ્ર પાસેના પ્રેમાભાઈ સભાગૃહમાં, ગુજરાતી સાહિત્ય પરિષદનું બારમું અધિવેશન ભરાય છે. મહાત્મા ગાંધી એના વરાયેલા પ્રમુખ છે. કનૈયાલાલ માણેકલાલ મુનશી ગુજરાતી સાહિત્ય પરિષદના મુખ્ય કર્તાહર્તા, કહો કે એકમાત્ર અધિષ્ઠાતા જેવા હતા. હવે નવયુવાન સાહિત્યકારો એમની એકહથ્થુ નીતિરીતિ સામે, મેદાને પડવાનું વિચારતા હતા. જેમાં ઉમાશંકર-સુન્દરમ્ તથા અન્યોનાં નામ પણ ગાજતાં થયાં હતાં.

પન્નાલાલ વાર્તા-નવલકથા વાંચતા થયેલા. પણ 'સાહિત્ય' શબ્દ સાથે એમને ખાસ લેવાદેવા નહોતી. તે હવે આજથી એમને એ શબ્દ સ્વજન શો લાગવા માંડે છે. મુંબઈમાં રહેતા મિત્ર ઉમાશંકર જોશીને પન્નાલાલે કાગળ લખેલો તેમાં પદ્યનો ઉપયોગ કરેલો : 'મુંબઈની સડકો પર ફરતા હશો રે કૈંક મોજથી...' હાસ્તો, કવિમિત્રને પત્ર લખીએ તો કવિતા જેવું કંઈક ગોઠવવું પડે. ખરેખર તો પન્નાલાલના આ પત્રથી ઉમાશંકરને સૂઝયું હશે કે 'પન્નાલાલેય લખી શકે એમ છે ?!'

ઉમાશંકર જોશીએ પન્નાલાલ પટેલને પ્રત્યુત્તરમાં લખેલું કે થોડા સમય બાદ અમદાવાદમાં સાહિત્ય પરિષદ મળવાની છે; ત્યાં આવજો. આપણે મળીશું. પન્નાલાલમાં ધરબાયેલો કોઈ સમૃદ્ધ અગોચર કાળ જાણે આ જ દિવસની રાહ

જોતો હતો. એ તો સવારથી જ તૈયાર થૈને, નવી સાઇકલ રમરમાવતા ભદ્ર તરફ નીકળી પડેલા. એક કારમાં ઉમાશંકર વગેરેને જોતાં જ બૂમ પાડેલી. કાર રોકાયેલી ને પન્નાલાલે ઉમાશંકરને મળવાની વાત કરેલી. ઉમાશંકરે કહેલું કે બપોર બાદ સાડા ત્રણ વાગ્યે પ્રેમાભાઈ હૉલનાં પગથિયાં પાસે મળજો. ઉમાશંકર એ વખતે શર્ટ-ચડ્ડીમાં ઇનશર્ટવાળા – સાઇક્લિસ્ટને ઓળખી નહોતા શક્યા. માનેલું કે કોઈક કૉલેજિયન હશે... તો પન્નાલાલ પણ બધા ઉતારા ફેંદી વળ્યા પછી સાહિત્યકારોની મોટર એલિસબ્રિજ પાસે જોવા પામ્યા હતા.

ઢળતી બપોરે સરસ સુયોગ થયેલો. પન્નાલાલ તો સસંકોચ હૉલને પગથિયે, છેક નીચે – બાજુમાં ઊભીને રાહ જોતા હતા. જોકે મનમાં ઉમંગ ઘણો હતો. ત્યાં સભા છૂટતી સંભળાયેલી. જોયું તો એક બાઈના ટેકે દોરવાતા મહાત્મા ગાંધી પગથિયાં ઊતરતા હતા... પન્નાલાલ જરાક નજીક સર્યા હતા ને બે હાથ જોડીને નમાવાય તેટલું માથું નમાવીને, બાપુને પ્રણામ કરેલા... બાપુની નજર એમના પર પડી હતી ને એ થોડું મલક્યા હતા... આટલી નજીકથી ગાંધીજીને જોઈ-વંદીને પન્નાલાલ ધન્ય થઈ ગયેલા... પછી સભાજનોનો ધસારો થયેલો ને ઉમાશંકરને શોધતાં-મળતાં વાર લાગેલી. રસિકો વાત કરતા સંભળાતા હતા : ''ઉમાશંકરનું ગીત 'ગાણું અધૂરું મેલ્ય મા'લ્યા વાલ્યમા !' કેટલું સરસ રજૂ થયું...'' વગેરે. પન્નાલાલને એમ તો થયું જ કે : ગાંધીજીની હાજરીમાં, પોતાનો જે મિત્ર કવિતા રજૂ કરે છે એને મળવાનું છે ને એ વાત પણ નાની નથી જ નથી.

પડખેની હોટેલમાં ઉમાશંકર મિત્રો સાથે પન્નાલાલ પટેલનેય લઈ ગયા... જોકે સુન્દરમ્ અને બીજો મિત્ર પણ હતો.. જોકે એ મિત્ર ઉતાવળ હોવાથી નીકળી ગયેલો. ખબરઅંતર પૂછ્યા બાદ પન્નાલાલે કહેલું – 'મારે તમને ખાસ, નિરાંતે મળવું છે.' ઉમાશંકરે જણાવ્યું હતું કે પોતે 'દોડાદોડીમાં' છે... માટે અત્યારે જ વાતો કરી લઈએ. ગુજરાતી સાહિત્યમાં જાણીતો થયેલો એ વેળાનો સંવાદ આ રહ્યો :

*'પન્નાલાલ ! તમેય લખો... જરૂર લખાશે.'*

*'હું શું લખું વળી ? ને લખીને કોને બતાવું ?- તમે તો મુંબઈમાં બેઠા છો... તે અહીં–'*

*'આ રહ્યા સુન્દરમ્ ! વિદ્યાપીઠમાં છે ને મણિનગરમાં રહે છે. લખીને એમને બતાવજો... એ તમને બધું બતાવશે...'*

'સર્જક પન્નાલાલ પટેલ' નામનો ચમત્કાર જન્માવનારી આ સંવાદક્ષણો પન્નાલાલમાંય દિવસો સુધી પડઘાતી રહેલી. માટીનો મોરલો ગહેકી ઊઠવાનો હતો... વગડાનું ફૂલ કળા સાથે ખીલવાનું હતું. સીમનો આંબો અહીં શબ્દોમાં મહોરવાનો હતો...એ બીજક્ષણો !!

શેઠને ત્યાં રહેતો ને 'પાવર હાઉસ'માં ઑઇલમૅનની નોકરી કરતો, મોટુંજોટું ભણેલો, ગામડિયો છોકરો તે વળી શું સાહિત્ય લખવાનો હતો ! ચીચીબહેન અને પી.ડી. પણ પન્નાલાલના લખવા સન્દર્ભે હસતાં હતાં. નરસિંહરાવ દિવેટિયાને ત્યાં ઘાટી રહેતો શિવલકર પન્નાલાલ સાથે નોકરી પણ કરતો હતો... એ તો રોજ સાહિત્યકારોની વાતો સાંભળતો... એણે તો પન્નાલાલની લખવાની વાત વિશે ભારે હસીમજાક ઉડાવેલાં, પણ પન્નાલાલને ઉમાશંકરની વાતમાં વિશ્વાસ હતો એટલો પોતામાંય – પ્રારંભે તો – નહોતો જ... શરૂઆતમાં તો પડોશમાં રહેતા કૉલેજિયનો પણ હસતા ને પન્નાલાલને નાસીપાસ કરતા. પણ ખરું પૂછો તો આ બધાં નકારાત્મક વલણોએ જ પન્નાલાલને અંદરથી મક્કમ કર્યા હશે. હા, કેમ કે પન્નાલાલ લીધી વાત પૂરી કરીને છોડનારો યુવાન ન હતો... ઈડરનાં વર્ષોમાં આવી તાલીમ, અભાવોને લીધે, આપોઆપ મળતી રહેલી.

ઉમાશંકર તો મુંબઈ પહોંચી ગયા હતા ને અહીં પન્નાલાલ પટેલ છાશવારે ને છાશવારે ગીતો-કાવ્યો લખી લખીને સુન્દરમને ત્યાં મૂકી આવતા ને બીજી વાર નિરાશ વદને પાછા વળતા. સુન્દરમ્ ડુંગર જેવા અચલ રહેતા હતા. પન્નાલા-લને સૂઝયું તે પૂછેલું કે, 'તમે કહો તો વારતા લખી લાવું ?' ને પછી સાચ્ચે જ ચમત્કાર થયો... ડુંગર ડોલી ઊઠ્યો હતો... હા, સુન્દરમે પહેલી જ વાર્તા 'શેઠની શારદા' વાંચી અને એ રાજી થયા હતા. પછી બીજી વાર્તા, ત્રીજી વાર્તા – એમ ક્રમશઃ લખાતી ચાલી. 'કંકુ', 'સુખદુઃખનાં સાથી', 'ધમકારો'... પન્નાલાલે વાર્તા છપાવવા વિશે પૃચ્છા કરેલી...ને સારા આવકાર સાથે 'શેઠની શારદા' વાર્તા મેઘાણી ઝવેરચંદ કાલિદાસે 'ફૂલછાબ'માં છાપી... પન્નાલાલના વર્તુળમાં આનંદ સાથે ચર્ચાઓ પણ શરૂ થઈ ગઈ હતી.

કૉલેજિયનોએ વળી કહેલું કે 'પ્રસ્થાન'માં રામનારાયણ પાઠકસાહેબ છાપે તો તમે પાક્કા સાહિત્યકાર ! બાકી તો ઠીકઠીક ! પાઠક્સાહેબે 'કંકુ' જેવી વાર્તા 'વિષય'ની વાતે પરત કરેલી પણ 'સુખદુઃખનાં સાથી' વાર્તા હોંશથી છાપી અને વર્ષેદા'ડે સાતઆઠ વાર્તાઓ આપવાનો આગ્રહ કરેલો. પન્નાલાલને તો 'બાર

માસની બાર વાર્તાઓ ને અધિક માસ હોય તો તેર' આપવાનો ઉમળકો હતો... પણ હવે એ પાકટતા દાખવતા થયા હતા.

પોતાની વાર્તા છપાય. જે સામયિક કે છાપામાં છપાય તેની નકલ એ લોકો પોતાને (લેખકને) મોકલે. વળી રચનાનો પુરસ્કાર પણ બે-પાંચ રૂપિયા આપે. આવી વધુ વાર્તાઓ થાય તો પ્રકાશક સંગ્રહ કરે અને રૉયલ્ટી ઠરાવ્યા પ્રમાણે આપે ને પુસ્તકની થોડીક નકલો આપે જે લેખક મિત્રોને/ વિવેચકોને ભેટ આપી શકે... આવા કૈંક પાઠ પન્નાલાલે શીખી લીધેલા. હવે તો કિસ્સાઓ ને પ્રસંગો યાદ કરતા અને એને વાર્તાનું રૂપ આપવા લખવા બેસી જતા હતા. ઉપરાંત બીજા લેખકોનું સાહિત્ય મેળવીને વાંચતા અને ટીકાટિપ્પણી રૂપે છપાતા વિવે-ચકોના સમીક્ષા-લેખો પણ વાંચતા. ભાવકોના તથા અન્યોના અભિપ્રાયો પણ મળતા. ક્યારેક એક જ કૃતિ વિશે જુદા જુદા બલકે વિરોધી મતોય પડતા. આવે વખતે ચિંતા કર્યા વિના આપણો વિશ્વાસ કહે તેમ શ્રદ્ધાથી કામ લેવું. પન્નાલાલ નાનાલાલ પટેલને હવે સાહિત્યની લેહ લાગી હતી અને એ અંગેની વાતો જ્યાં થતી હોય એવી મંડળીઓમાં કે એવી સર્જક વ્યક્તિઓને ત્યાં એ જરૂર જતા.

શેઠના ત્યાં નાનાં ને નવાં છોકરાંને ભણાવવાનું તથા શેઠે નવી લીધેલી ગાડી સાફ કરવાનું કામ હવે 'પન્નાલાલ જેવા લેખકને' ના શોભે એમ જાતને સમજાવતા આ પટેલ ભાઈ મોહનભાઈ બારૈયાની રૂમમાં રહેવા જતા રહેલા. શેઠના બંગલાને રામરામ કરેલા. વળી ચીચીબહેન અને પી.ડી. યાદ આવતાં ખરાં પણ ત્યાં જવાનુંય હવે ઓછું કરેલું. ને આમ, કામ પણ વધ્યું હતું. મોહન બારૈયાને આફ્રિકા જવાનું થતાં પન્નાલાલ અમદાવાદમાં પણ સ્વતંત્ર 'ઘર'ના ભાડૂત બનેલા. પાવરહાઉસની બેત્રણ શાખાઓ હતી. એમાં બદલી થતી ને પાયરી પ્રમાણે પગાર થતો હતો. બે-ચાર રૂપિયા લેખનની આવક પણ થવા માંડેલી. સાગવાડાની જેમ હવે ખાવાનું-ગાવાનું ને નોકરીનું કામ હતું. સિગારેટ/ બીડી પીતા... દારૂની સગવડ અહીં મુશ્કેલ હતી. હવે તો લખવાનું કામ જ નશા જેવું લાગતું હતું.

થોડા પૈસા બચાવીને વાલીવહુ માટે સોનાનું ઘરેણું (સેર) કરાવેલું. ઉમા-શંકરના મિત્ર પેલા (બામણા–પુનાસણવાળા) ભૂલેશ્વરભાઈની નોકરી મેઘરજમાં હતી. એમની સાથે પેલું ઘરેણું સાસરીના ગામ મોયડી મોકલાવીને કહેવડાવેલું કે હવે આણું કરી આપજો.

દરમિયાન સાબરમતી પાવરહાઉસમાં બદલી થઈ ને ત્યાં રહેવાનું ક્વાર્ટર પણ મળેલું. કારકુન હરિભાઈ તથા એક રીઝ કરીને અધિકારીની મદદથી ક્વાર્ટર મળી ગયેલું. લખવાનું તથા છપાવવાનું ચાલુ હતું. ‘ફૂલછાબ’માં વાર્તાઓ આવતાં ‘નવ સૌરાષ્ટ્ર’ના તંત્રી-સંપાદકોએ પણ વાર્તા માગેલી. દિવાળી અંકો માટે ઘણી માગણીઓ આવતી. પાઠકસાહેબે ‘પ્રસ્થાન’માં નહિ લીધેલી ને પરત કરેલી ‘કંકુ’ છપાઈ ને ખૂબ વખણાઈ. આજે પણ આપણે આ વાર્તા વાંચીએ ત્યારે એનું ઊંચું કલાતત્વ આશ્ચર્યચકિત્ત કરી દે છે. સાહિત્યના પાઠ નહિ ભણેલો આ યુવાન અનુભવોને જે રીતે વાર્તાકલામાં રૂપાંતરિત કરી આપતો હતો એ માન્યામાં નહોતું આવતું. ‘કંકુ’ તો સંઘેડાઉતાર વાર્તા છે. સુન્દરમે એ અભિપ્રાય ત્યારે તરત જ આપેલો. માત્ર (નહિવત્ જાતીયતાની વાત) ‘વિષય’ પ્રત્યે અણગમો દર્શાવી આવી કલાત્મક વાર્તા, વાર્તાકલાના મર્મજ્ઞ ગણાતા રા. વિ. પાઠકે પરત કરેલી એ આમ તો કોયડો જ લાગે છે. ત્યારે પણ એ સંદર્ભે ટીકા કરનારાએ પાઠકનો વાંક જોયો હતો. પછી તો ‘કંકુ’ વાર્તા પરથી લાંબી નવલકથા લખાય છે ને એની ફિલ્મ પણ ઊતરેલી.

સાસરેથી ખબર આવતાં પન્નાલાલ વચ્ચે પંદરવીસ દિવસ રજા લઈને ગામ જઈ આવેલા. જૂના ઘરમાંથી પોતાનો અડધો ભાગ કાઢીને ઓરડી-ચોપાડ જોગ સુધારો કરેલો... કુટુંબીઓને વીનવીને આણું કરાવેલું ને નવી વહુ સાથે પંદર દિવસ માંડલીમાં જ ઘરસંસાર માંડીને પન્નાલાલ પાછા અમદાવાદ આવી ગયેલા. ગામડાંમાં વાતો થતી કે વહુને કાંઈ પરદેશમાં સાથે મોકલાતી હશે ?! પછાત વિચારસરણીવાળા લોકને બદલાતા જતા જમાનાની હજી ખબર પડે એવા દિવસો આવવાની વાર હતી. ગામ ગયા ત્યાંથી એક કિસ્સો લૈ આવેલા. ગામનો તલાટી એના ત્યાં કામ કરતી છોકરીને પ્રેમ કરી બેઠો ને પરણવા વાસ્તે લૈને એને ગામ જાય છે. પણ બ્રાહ્મણ પરિવાર એને સ્વીકારવાની ના પાડે છે... ને ભાગીને પાછી આવેલી છોકરીને એનું કુટુંબ ઘરમાં સ્વીકારવાની ના ભણી દે છે. બસ...આને લૈને પન્નાલાલ ‘વળામણાં’ લખે છે. આ માટેય ઉમાશંકરે બે-ત્રણ વાર પૂછેલું કે ‘ક્યારે લખો છો ? ઝટ કરો...’ આ ગાળામાં જ પેલો સાગવાડાવાળો મિત્ર હીરાલાલ અમદાવાદમાં આવી મળેલો... ને ઝમકુની યાદો તાજી થઈ ગયેલી. એટલે ‘વળામણાં’ લખતાં પેલી રૂપાળી છોકરીનું નામ ઝમકુ જ રાખેલું. ને એમ એમનોય પક્ષપાત ‘વળામણાં’ માટે વધી પડેલો. ઉમાશંકર જોશી અમદાવાદમાં આવતા-જતા રહેતા. એટલે ‘વળામણાં’ એમને વંચાવેલી. એક

મિત્રે કેટલાંક પાનાં ખોઈ આપેલાં તે પન્નાલાલે પુનઃ લખી દીધેલાં ને ઉમાશંકરને એમાં સાંધો પમાય છે કે ? – પૂછેલું. ઉમાશંકરે કહેલું : 'નહિ સાંધો નહિ રેણ !' 'સરસ છે. આ લાંબી વાર્તા ક્યાં છપાવીશું ?' ઉમાશંકરની પ્રસન્નતા જોતાં પન્નાલાલની શ્રદ્ધા બેવડાતી હતી. જોકે આ પહેલાં પન્નાલાલે એક લાંબી વાર્તા માંડેલી. જે પછી તો નવલકથા થૈને જ રહેલી. ઉમાશંકર જોશીને ત્યાં એ નવલ-કથા રોજ થોડી થોડી વાંચેલી. ત્રણસો પાનાં. ઉમાશંકરે કહેલું કે, 'સારું લખાય છે. લખ્યે જાવ.' એ કૃતિનું નામ ઉમાશંકરે જ 'ભીરુ સાથી' આપેલું. પણ એ છપાવવા માટે ઉમાશંકરે ત્યારે કૈં કહેલું નહિ. જ્યારે 'વળામણાં' માટે એમનો ઉમળકો છલકતો હતો.

પન્નાલાલ જયંતી દલાલની ઑફિસે જતા થયેલા. એમણે 'રેખા' સામયિક કાઢેલું ને 'ગતિ' ગ્રંથમાળા શરૂ કરેલી. પન્નાલાલે 'વળામણાં' એમને આપી. જયંતી દલાલ તો આ ગ્રામચેતનાની કૃતિ પર મોહી જ પડેલા. 'રેખા'માં છાપી અને 'ગતિ' ગ્રંથમાળામાં પુસ્તક રૂપે મૂકી. ચારે બાજુથી વખાણ થતાં હતાં... એમાં વળી 'ફૂલછાબ'ના કલમ અને કિતાબ વિભાગમાં 'વળામણાં'ની પ્રશંસાભ-રી સમીક્ષા કરી. લેખક પન્નાલાલનો સિક્કો હવે પાક્કો થઈ ગયો હતો. ઉમાશંક-રની 'પારકાં જણ્યાં' આ જ સમયમાં પ્રગટ થયેલી. એક વાર બંને મિત્રો સાથે હતા. ઉમાશંકરે પન્નાલાલને કહેલું : 'ચાલો, આજે સાંજે રેડિયો પર આપણી કૃતિઓની સમીક્ષા આવવાની છે.' ત્યારે બધાંને ત્યાં રેડિયોસેટ નહોતા. એક મિત્રને ત્યાં ગયા. સમીક્ષાઓ સાંભળી. 'પારકાં જણ્યાં'નાં વખાણ કરેલાં ને 'વળામણાં'નો કથાસાર કહીને પતાવેલું. સમીક્ષકને તો પન્નાલાલ નહોતા જાણતા. ઉમાશંકર તો જાણતા જ હોય ને ! જોકે પન્નાલાલને સમીક્ષકનું વલણ તટસ્થ નહોતું લાગ્યું. છતાં પન્નાલાલને તો સુન્દરમ્ - ઉમાશંકરમાં ગળા સુધી વિશ્વાસ હતો. એ બંને મિત્રોએ પન્નાલાલને મુશાયરાઓમાં બે-ત્રણ વાર બોલાવેલા. ને એમ પન્નાલાલનું નામ સાહિત્યની દુનિયામાં તથા એના ભાવકોમાં લેવાતું થયેલું. ઉમાશંકરે તો એમના લગ્ન સંદર્ભે જમણમાંય એમને ખાસ તેડેલા.

પન્નાલાલ પટેલના ચાહકો વધી રહ્યા હતા. અમદાવાદના એક મુશાયરામાં ઉમાશંકર પ્રમુખપદે હતા. મુંબઈથી આવેલા. પન્નાલાલને તો નિમંત્રણ હોય જ. પણ આ વખતે પન્નાલાલે દોહરાની ચાલમાં પ્રેમને ઋતુઓ સાથે જોડીને એક ગીત ગાયેલું. મુશાયરામાં પન્નાલાલ મેદાન મારી ગયેલા. 'દુબારા-દુબારા' થતાં એ ફરીથી લોકગીતમાં ગાંઠનું જોડીને ગાવા લાગેલા – 'મેળો હે ઉંશીલો રે છોરી

ચમકે નથી...' 'છોરી ચમકે નથી'નો કેફ 'રેખા'ના કાર્યાલયમાંય ઠીક સમય સુધી ચાલેલો. રંજનબહેન દલાલ પણ એ કડીઓ ગાતાં હતાં. એક વાર પન્નાલાલ શેઠના માણસ સાથે શેઠને તેડવા મુંબઈ ગયેલા. ઉમાશંકરનું નિમંત્રણ તો હતું જ. પાર્લામાં એ ઉમાશંકર-જ્યોત્સ્નાબહેન સાથે બે દિવસ રહેલા. એ વખતે ગુલાબ-દાસ, યશવંત શુક્લ, મુરલી ઠાકુર, મણિયાર દંપતી  એમ અનેક સાહિત્યકારોને મળવાનું થયેલું. તો અમદાવાદમાંય એસ. આર. ભટ્ટ, પ્રો. દાંતવાળા, ઉત્સવ પરીખ જેવા અનેક રસિકો-વિદ્વાનોનો 'રેખા-ગતિ'ના કાર્યાલયમાં પરિચય થતો રહેલો. 'પોતાની બાજુનો લેખક એટલે પોતાનો જ' – એમ માનનારા મોડાસાના બે મિત્રો રમણલાલ સોની અને ભોગીલાલ ગાંધી પણ પન્નાલાલની ખાસ્સા નિકટ હતા.

'ગુજરાતી સાહિત્યમાં પગલીનો પાડનાર આવી ચૂક્યો છે. જેની વાટ જોવાતી હતી તે આ જ લેખક : પન્નાલાલ પટેલ'. મેઘાણીનો બુલંદ અવાજ ગાજતો હતો. પન્નાલાલને પછી ખબર પડેલી કે મેઘાણીએ, એક મિત્રના મહેમાન હતા ત્યાં સવારે 'વળામણાં' હાથમાં લીધેલી. નાહવાનું પાણી ઠરી ગયું પણ મેઘાણીએ તો એક જ બેઠકે એ સો પાનાંની લાંબી વાર્તા વાંચીને ધન્યતાનો ઓડકાર ખાધેલો. ને પછી 'વળામણાં' વિશે લખેલું તે તો કહેવાઈ ચૂક્યું છે. ઉમા-શંકરના કહેવાથી 10 % રૉયલ્ટીથી, આર. આર. શેઠની કંપનીવાળા ભૂરાભાઈએ પન્નાલાલનો પ્રથમ વાર્તાસંચય 'સુખદુઃખના સાથી' પ્રગટ કરેલો. એની પ્રસ્તાવના ટોચના વિદ્વાન વિવેચક રા. વિ. પાઠકે લખેલી ને પન્નાલાલને વધાવેલા ! હવે મેઘાણીભાઈ પન્નાલાલ પાસેથી 'ફૂલછાબ' માટે દિવાળીનું ભેટપુસ્તક માગતા હતા. સરસ નવલકથા લખી આપો. દબાણના બીજા પત્રોય આવતા હતા. 'રેખા' માટેય જયંતી દલાલને લખી આપવાનું હતું...ને મુંબઈથી 'રેડિયોમાં વાર્તાલાપ'નું ચં. ચી. મહેતાએ આપેલું નિમંત્રણ હતું. ચં. ચી. મહેતાનો ત્યારે સોટો વાગતો હતો. પન્નાલાલને એમની સાથેય મજા પડેલી. પ્રશ્નોત્તરી, થોડું ગાવાનું ને વાર્તા વાંચવાનું થયેલું. વાર્તા હતી 'ધમકારો'. ચં. ચી. તો પન્નાલાલને જ 'ધમકારો' કહેવા લાગેલા. આ વખતે પન્નાલાલ બ્રોકર ગુલાબદાસના મહેમાન થયેલા. બીજી વાર પન્નાલાલ ફિલ્મના કામ અંગે મુંબઈમાં હતા ત્યારે એક યાદગાર ઘટના ઘટી હતી. રા. વિ. પાઠક, હીરાબહેન (એમનાં વિદ્યાર્થિની અને અડધી ઉંમરનાં હતાં) સાથે લગ્ન કરવાના હતા. હીરાબહેનના ભાઈઓનો વિરોધ હતો ને હીરાબહેન મક્કમ હતાં. ખુદ પાઠકસાહેબે પન્નાલાલને નિમંત્રણ આપેલું ને એમ મુંબઈમાં

વળી વિદ્વાનો-સાહિત્યકારોના એક (છાપે ચઢેલા) મેળાવડામાં મળવાનું-મહાલવાનું પન્નાલાલને ગમ્યું હતું. પન્નાલાલને યાદ હતું કે ઉમાશંકર-જ્યોત્સ્નાબહેનનું લગ્ન પણ, કુટુંબીઓના વિરોધ વચ્ચે, પ્રેમલગ્ન હતું ને સુન્દરમે એમાં મિત્રધર્મ અને વડીલકર્મ બજાવેલાં. સમાજની આંટીઘૂંટીને જાણનારા પન્નાલાલ આવું બધું જાણી લેતા અને અનુભવની મૂડી વધારતા રહેતા.

મુંબઈમાં 'રેડિયો-વિજય' કરીને આવેલા પન્નાલાલ ક્વાર્ટરમાં ગોઠવાઈ ગયા હતા... ને મેઘાણીભાઈનો પત્ર વાંચીને વિચારતા હતા કે શું લખવું ને કેમનું કરવું ? વળી ઉમાશંકરને ત્યાં મેઘાણીભાઈ અમુક તારીખે આવે છે તો મળવા જવાની સૂચનાનોય બીજો પત્ર હતો. ઉમાશંકરભાઈને ત્યાં પન્નાલાલને જ્યોત્સ્નાબહેનની લાગણીભરી 'આગતાસ્વાગતા'નો લાભ મળતો. એમાં વળી મેઘાણીભાઈને પહેલી વાર મળવાનું થશે-નો પારાવાર આનંદ હતો. પન્નાલાલ પહોંચ્યા ત્યારે મેઘાણીભાઈ કોઈ સ્વરૂપવાન અને અ-ગુજરાતી લાગતી યુવતી સાથે નિરાંતે બેઠા હતા. ભરાવદાર ચહેરો, ભીનો વાન, કાનની બૂટ સુધીનાં થોભિયા અને સુઘટ્ટ મૂછો... બાંધો મજબૂત, આંખો પાણીદાર ને સામેની વ્યક્તિને આરપાર જોનારી... પન્નાલાલને એ માણસ સાહિત્યક્ષેત્રના કરતાંય જાણે બહારવટિયાના ક્ષેત્રના ના હોય ! એવા લાગેલા. મેઘાણીભાઈનાં પહેલાં પત્ની ગુજરી ગયાં હતાં ને એમણે બિનગુજરાતી ચિત્રાબહેન સાથે બીજું લગ્ન કરેલું... એ સાથે હતાં. પન્નાલાલ દિવસો સુધી, ચિત્રાબહેને કાને પહેરેલાં ને હડપચી સુધી ઝૂલી રહેલાં લટકણિયાં ભૂલી શકાતા નહોતા ! શું રૂપ હતું ! એમને મનમાં એમ પણ થયું હશે કે આપણે તો બાઈબા ઝમકુ રેવા વાલી જેવાં ખાખરાનાં પાંદડે જ રાજી ! ને આ વૈભવ તો !!

મુલાકાત સારી રહેલી. 'આટલી નાની ઉંમરે તમે અદભુત લખો છો'... એવા મેઘાણીના શબ્દો પન્નાલાલને લખવા માટે મજબૂત અને મજબૂર કરતા હતા. હવે ના પાડવાનું તો શક્ય જ નહોતું. ઉમાશંકરે પણ ખાસ્સો ભાર ભરેલો. મેઘાણી તો કહીને ગયેલા કે ચાર-પાંચ અઠવાડિયાંમાં મને હસ્તપ્રત મળી જવી જોઈએ. જેમ લખતા જાવ એમ મોકલતા જાજો. હજીય એમની છટાદાર મુલાકાત આંખ સામે અને કાનોમાં જીવતીજાગતી હતી. ઓહ ! કેવો નિખાલસ પ્રેમ !!

ઉમાશંકરે તો પન્નાલાલને આગળનો રસ્તોય સુઝાડ્યો હતો : તમારાં પત્નીનું આણું કર્યું છે તો જાવ અહીં તેડી લાવો... ને લખવા મંડી પડો. મોયડી

ને માંડલીમાં જૈને વાત કરી. સાસરીવાળાં તો ના, ના કરતાં હતાં. શહેરમાં નૈં ફાવે. જમાઈને ઘર માંડવું હોય તો માંડલીમાં માંડે ! પન્નાલાલ મક્કમ હતા અને વાલીબહેન પણ ના પાડતાં નહોતાં. એટલે છેવટે પન્નાલાલના સસરા કાનાભાઈ પણ જોડે આવવા તૈયાર થયેલા. હું કપડવંજ ડાકોર તો ગયેલો છું; અમદાવાદ આવું ને જોઉં કે બધું ફાવે એવું છે કે નહિ ? ફાવે તો ઠીક છે નહિ તો હું ને એ બેઉ પાછાં. ત્રણે જણ અમદાવાદ આવ્યાં. કાનાભાઈએ પડોશીઓનો તથા ઉમાશંકર-જ્યોત્સ્નાબહેનનોય પ્રેમ ભાળ્યો. બધાં વાલીબહેનને માથે રાખવા થન-ગનતાં હતાં જાણે. એ રાજી થતા ઘેર ગયા.

રાતી કોરવાળો ને ફૂલોની ભાતવાળો પીળો સાડલો, રાતો ચણિયો ને અડધી ઉઘાડી પીઠ પર લટકતાં કપડાંની કસોનાં રંગીન ફૂમતાં... હસું હસું થતો ગોળ ચહેરો ને જરાક ઊઘડતો વાન... ચાલમાં ઝડપ : પન્નાલાલ જાણે પહેલી વાર વહુને જોઈ રહેલા... ને પછી મનમાં હતી તે વાર્તા માંડી દીધી. પાટીવાળો ખાટલો – સદા પાથરેલો, એ જ ટેબલ ને એ જ દીવાનખાનું ! રોજ નાહીધોઈને ગીતાના શ્લોકોના ગુજરાતી અનુવાદો વાંચીને લખવા બેસી જતા. મનમાં નક્કી કરેલું કે પ્રેમકથા લખવી. બે જણને પ્રેમમાં પાડવાં ને છેવટ જતાં બાઈ એના પરણેતરને ઝેર આપે ને પ્રેમી સાથે ભાગી જાય. પહેલું પ્રકરણ લખ્યું. જાણીતી જગ્યા; કલેશ્વરીનો મેળો; પોતે માણેલો તે પરિવેશ... 'પ્રથમ સંગાથ' ! મેઘાણી-ભાઈએ પ્રકરણ વખાણ્યું ને પોરસાવ્યા ! ચોવીસ દિવસમાં કથા લખાઈ. વચ્ચે 'ફૂલછાબે' નામ માગેલું. એય સૂઝી આવેલું : 'મળેલા જીવ' ! મેઘાણીભાઈનું મન 'ચગડોળ' શીર્ષક રાખવાનું હતું. પન્નાલાલે પોતાની વાત માટે વિનમ્રતા સાથે આગ્રહ રાખેલો ને સમજાવેલું કે અમારા પ્રેમતરસ્યા લોકોના મલકમાં તો 'પ્રેમ થાય' એને 'જીવ મળ્યા' એમ કહે છે... છેલ્લે, જયમલ્લ પરમાર તથા નિરંજન વર્માએ એમને રાણપુર 'ફૂલછાબ'ના કાર્યાલયે બોલાવેલા. મેઘાણીભાઈ બીમાર હતા ને બહાર હતા. આ બે મિત્રો બધું સંભાળતા હતા. પન્નાલાલ સાથે એમણે કેટલુંક મૅટર પુનઃ ગોઠવ્યું, ચિત્રની વાત કરી. નિવેદન તથા અર્પણ લખ્યાં. અર્પણ તો ભાવાર્દ્ર થૈને મા-બાપને જ કર્યું હતું.

'સ્વર્ગસ્થ બાપુ તથા બાને-'

''-એ ઓરતા જીવનમાં રહી ગયા / 'બાપુ' કહીને સંબોધવાના;

લ્હાવો લઉં તો ધનભાગ્ય મારાં...

ને મા ! તમારી ગરવી મહેચ્છા : જોવો મને કાગળ માત્ર વાંચતો,
ઘણું ઘણું જો વળતો લખું તો ! (વિધિ અદેખી!) પરલોકમાં ભલે,
ઇચ્છા અધૂરી તમ પૂર્ણ આજે / કરી શકું તો ભવની કમાણી !''

'મળેલા જીવ'ને આગળને પાને એક લટકું ઉમરેલું (જે ખરેખર તો પન્નાલાલના જીવનનું ને સાહિત્યનું દર્શન બની રહે છે.) :

*'માથાની તૂંબડીમાં લાખ લાખ મોતી,*
*'લ્યા હૈયાની કોથળી ખાલી,*
*અભાગિયા ! હૈયાની ચેંથરી ઠાલી !'*

બુદ્ધિશક્તિ/જ્ઞાન મોતી જેવાં છે એની ના નહિ ! પણ મનખાવતારમાં હૈયાની કોથળી તો પ્રેમથી જ ભરેલી હોવી જોઈએ... એ ઠાલી હોય તો જીવતર વ્યર્થ છે, 'મળેલા જીવ'નો આ જ ધ્વનિ છે.

'મળેલા જીવ' પૂરી કર્યાની વાત ઉમાશંકરને જણાવીને એ દંપતીને જમવા તેડેલાં. વાલીબહેનની રસોઈથી એ બ્રાહ્મણ દંપતી પ્રસન્ન થયેલાં. ઉમાશંકરે સુઝાડેલું કે મેઘાણીને લખો કે, 'મળેલા જીવ'ની પ્રસ્તાવના પણ એ જ લખે. પન્નાલાલે એનોય પત્ર ભાવથી લખી દીધેલો. પછી સુન્દરમ્-મંગળાબહેન પણ જમવા આવેલાં. પન્નાલાલ કહેતા હતા કે કવિતા રચવાનો શોખ પુસ્તકોની અર્પણપંક્તિઓ દ્વારા પૂરો કરું છું. શરૂના દાયકાનાં એમનાં પંદરવીસ પુસ્તકોનાં અર્પણ આ રીતે જોવા-માણવા જેવાં છે. ઝીણાભાઈ-વિજયાબહેન / ગુલાબભાઈ તથા એમનાં પત્ની ને અન્ય સાહિત્યકારોય એમને ત્યાં મળવા આવતા ને જમીને જતા... નોકરીના સાથીદારોય ખરા. એમની સાથે તો હજીય લેખનની ને ગુણવત્તાની ચર્ચાઓ ચાલતી હતી. નોકરી જાણે ગૌણ બની રહી હતી !!

# 22

પન્નાલાલ પટેલનું વાર્તાકથાલેખન પ્રારંભાયું એ દિવસોમાં ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગ એની ચરમકોટિએ હતો. કેટકેટલા નવા લેખકો ગાંધી વિચારધારામાં સાહિત્ય લખતા હતા અને આંદોલનોમાં પણ જોડાતા હતા. પન્નાલાલને એમનાં કવ્યપુસ્તકો પણ ભેટમાં આવતાં થયેલાં. ભોગીલાલ ગાંધી જેવાના સાહિત્યમાં પ્રગતિશીલ વલણો હતાં. દલાલ, ઉમાશંકર, સુન્દરમના સાહિત્યમાં પણ સામાજિક વિષમતાઓ, વર્ગભેદનું માનસ, દલિતપ્રેમ, વર્ણ/વર્ગભેદનાબૂદીની જિકર વગેરે આવતાં હતાં. મેઘાણી વગેરેમાં રાષ્ટ્રપ્રેમની બુલંદી સાથે પ્રાદેશિક વિશેષતાઓ અને નારીજીવનના વારાફેરાનું સરસ આલેખન આવતું હતું. લોકસાહિત્યનાં સંપાદનોએ પણ ગ્રામજીવન તથા ગ્રામપ્રજાચેતનાનો પરિચય કરાવ્યો હતો. આમ, વાચકોને ગામડાનું સાહિત્ય વાંચવામાં રસ પડે એવું વાતાવરણ રચાયું હતું. એટલે પન્નાલાલ તથા એમના પછી તરત આવેલા પેટલીકર, પીતાંબર પટેલ તથા ચુનીલાલ મડિયા વગેરેનાં સાહિત્યનો ઉમળકાભેર સ્વીકાર થયો હતો. તેમ છતાં લોકબોલીનું સાહિત્ય અને શિષ્ટમાન્ય ભાષાનું સાહિત્ય બંને વચ્ચે કેટલાક મુદ્દાઓને લૈને ચર્ચાઓ ચાલ્યા કરતી હતી. હજી સાહિત્યમાં ‘બ્રાહ્મણવાદને’ જ શ્રેષ્ઠ માનનારા હતા. જોકે ગાંધીજીની વિચારધારામાં આવતી બુનિયાદી કેળવણીની અને ગ્રામસ્વરાજની વાતોને લઈને મોકળાશ વર્તાતી હતી. એમાંય પરિષદ-પ્રમુખ-સ્થાનેથી ગાંધીજીએ (1936માં) કોસિયો સમજી શકે એવી ભાષામાં તથા વાસ્તવ જીવનને વર્ણવતું સાહિત્ય આપવાની હાકલ કરી હતી. એટલે પણ જાનપદી સાહિત્યનો સૂરજ માથે ચઢવા આવ્યો હતો.

'મળેલા જીવ' 1941ના માર્ચ-એપ્રિલમાં લખાય છે – છપાય છે ને પ્રગટ થવા સાથે જ પ્રચંડ આવકાર પામે છે. આ ગાળો બીજા વિશ્વયુદ્ધની અસરોનો માઠો કાળ છે. આઝાદી માટેનાં આંદોલનો પણ વેગમાં છે. 'ક્વિટ ઇન્ડિયા'-(1942)ની ચળવળનો આ પૂર્વકાળ અનેક રીતે ખળભળાટવાળો બનેલો. અમદાવાદમાં હિન્દુ-મુસ્લિમ તોફાનો થયેલાં (18-4-41ના રોજ). શહેરી જીવન સામે પડકારો છતાં ગામડાં તૂટવાનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. શહેરીકરણનો એ પ્રારંભ હતો. મૂલ્યોની જાળવણી માટે મથનારા મહાપુરુષો પણ વ્યગ્ર હતા. બધે જ જાણે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ હતી.

'મળેલા જીવ' લખ્યા પછી જયંતી દલાલના 'રેખા' માટે પન્નાલાલે 'જીવો દાંડ' નામની લાંબી વાર્તા માંડેલી. વાલીબહેન તો કાકા જોડે મોયડી જવા નીકળી ગયેલાં. તોફાનોની વાતોથી લોક હબકી ગયેલા ને એમને બોલાવી લીધેલાં. દરમિયાન દલાલદંપતી અને પન્નાલાલ-વાલીએ જોડે સિનેમા જોવાનો ને જમવાનો લહાવો લીધેલો. 'જીવો દાંડ' નામે પુસ્તક કર્યું જેમાં બેત્રણ વાર્તાઓ ઉમેરેલી. એ પુસ્તક જયંતી દલાલને અર્પણ કરેલું. 'સુખદુ:ખનાં સાથી' ઉમાશંકર જોશીને અર્પણ થયું હતું.

રેલવે પાર્સલમાં 'મળેલા જીવ'ની નકલો આવેલી. ધડકતે હૃદયે પન્નાલાલે મેઘાણીની પ્રસ્તાવના વાંચી હતી...ને એ ધન્ય ધન્ય થવા સાથે અંદરથી મલકતાય હતા – 'હવે, લેખક તરીકે આપણો કાંકરો કોઈ નહિ કાઢી શકે !' મેઘાણીએ લખેલું : 'માનવીઓ ! આ ધરતીની સુવાસ તો માણો ! માનવીનું અહીં ઉઘાડું મુકાયેલું મન તો નિહાળો !' પછીના દિવસોમાંય 'મળેલા જીવ'ને વખાણનારા મોટા મોટા વિદ્વાનોય મળ્યા હતા. છતાં ક્યાંક ક્યાંક 'પન્નાલાલ પટેલ પાસે બોલી છે – ગામડું છે પણ સાહિત્યકલાની ભાષા અને ઉચ્ચ વિચારો નથી.' એવી છાનીછપની ચણભણ કરનારાઓય નીકળી આવતા હતા. એમાં પન્નાલાલ સાથે નોકરી કરતા દ્વેષીલા વધુ હતા. પણ એક સિનિયરે ન્હાનાલાલ કવિનો, 'મળેલા જીવ' વિશેનો અભિપ્રાય, પન્નાલાલને સંભળાવ્યો ત્યારે એમનું મન કૈંક ઉદાસ અને કૈંક ખાટુંય થઈ ગયેલું. ન્હાનાલાલે કહેલું કે : 'આ પટેલિયા ને ઘાંયજા સાહિત્યમાં ક્યાંથી આવી ગયાં છે ? 'મળેલા જીવ'ને બંબામાં નાખી દેવી જોઈએ...'

ગામડાંના લોકોનો હોલાભડકણ સ્વભાવ અને બહાર કમાવા જવા બાબતની કાયરતા જોતાં પન્નાલાલનેય લાગેલું કે હવે વાલીવહુ સાથે સંસાર માંડવો હશે

તો માંડલીમાં જ રહેવું પડશે. એટલે લાંબું વિચારીને, અમદાવાદને (હાલ પૂરતી તો) સલામ કરી, ઘેર જવાનું મન બનાવેલું. વિશ્વયુદ્ધની પરિસ્થિતિમાં રાજીનામું મંજૂર થાય નહિ એટલે 'સીક લીવ' લૈને માંડલી જવા નીકળેલા પન્નાલાલની બસ વળી બાઈબાના ગામ તરફ જવાના સ્ટૅન્ડે ઊભી રહી... થેલીમાં 'મળેલા જીવ'ની નકલો હતી. જાણે એ જીવતી થૈને આંખો સામે આવી ઊભેલી. ત્યાં બસમાંથી ઊતરતા મોતીલાલ ગોરે (ધનસુરાવાળા) પન્નાલાલને બોલાવ્યા.

યજ્ઞ વખતથી બંને એકમેકને જાણતા હતા. અમદાવાદમાંય મળેલા. મોતીલાલે કહેલું : 'ભાઈ ! તું તો મોટો લેખક થઈ ગયાનું જાણ્યું છે ને !' પન્ના-લાલે એમને 'મળેલા જીવ' ભેટ આપી – સહી કરીને સ્તો ! મોતીલાલે યજમાનોને ત્યાં વારેવારે આ લેખકની વાત કરેલી – 'જુઓ ! આપણા ભાગનો આંજણો પટેલ લેખક થયો તે ' છેવટે આ જ નકલ પેલા પાનની દુકાનવાળા યુવક દ્વારા બાઈબાએ મંગાવેલી...ને 'મળેલા જીવ'માં પોતાની જ છબિ પડી છે એમ માનીને ધન્ય થયેલી ! પન્નાલાલને આ બધું મોડેથી જાણવા મળેલું !

હાલ તો માંડલીમાં જ 'અઠે દ્વારકા' હતું. ઘર ગોઠવ્યું. ખેમાભાઈ જોડે ભેગી જ ખેતી કરવાનું રાખ્યું. બે બળદની જોડ લીધી 60 રૂ.માં. 63 રૂ.માં દૂઝણી ભેંસ લીધી. 23 રૂ.માં વર્ષ માટે ભાગિયો જણ રાખ્યો. પન્નાલાલ માંડલીમાં પાછા ખેતી કરનાર પાટીદાર બની ગયેલા. માંડલીમાં ટપાલ માટેની વ્યવસ્થા નહોતી. એમને ટપાલો તો બધી ગુજરાતથી આવતી. એટલે પન્નાલાલે મેઘરજ-વાળા યુવાન શિક્ષક સોમાલાલ પંડ્યાને ત્યાં પોતાનું 'ટપાલખાતું' ગોઠવેલું. આ પંડ્યાજી પછી તો પન્નાલાલની ચોપડીઓની હસ્તપ્રતો તૈયાર કરતા. એમનાં મહેમાનો તથા કુટુંબ પરિવારને મેઘરજથી માંડલી પહોંચાડવા સારુ ગાડું-ઊંટ કે ઘોડો – જેવાં વાહનો કરી આપતા. ઘણી વાર જાતે જોડે જતા ને ટપાલો આપી આવતા. પન્નાલાલનો પરિવાર પણ જતાં-વળતાં મેઘરજમાં મામાનું ઘર હોય એમ સોમાલાલને ત્યાં મુકામ કરતો. એક વાર માંદા પન્નાલાલની ખબર જોવા નીકળેલા ઉમાશંકર-પેટલીકર વગેરેને આ જ સોમાલાલ માંડલીના ઘરે લઈ ગયેલા. (એમની ગાડી મોડાસા સુધી આવે. પછી સડક નહોતી ને !) ગામલોકને થયેલું કે આ 'લખનારા માણસોનો એકબીજા પર પ્રેમભાવ તો ગજબનો છે, હાં ભાઈ !'

હવે માંડલીમાં પન્નાલાલના સાથીદારો (વયમાં ભલે થોડા નાના હતા)

ભત્રીજો ખેમાભૈ, ભાણો કચરુભૈ (સ્વર્ગસ્થ રતનબહેન માંડલીમાં જ પરણાવેલાં) ને મૂળોભૈ હતા. કુટુંબીઓ ઉપરાંત ગામલોકો પણ હેતભાવ રાખતા... આ લોકો પણ ભણેલાઓ પાસે 'વળામણાં' ને 'મળેલા જીવ' વગેરે વંચાવતાં; સાંભળીને રાજી થવા સાથે એમાં પોતાનેય શોધતાં ને પામતાંય ખરાં. 'ભાઈ ! આ તો આપડી જ વાતો સૅ' : એમ કહી થોડું અકળાનારાય નીકળતા. સાથીદારો સાથે ભાંગ પીવાનો પ્રયોગ ન કરે તો પન્નાલાલ શાના ? બીડીનો સાથ પણ રહેલો.

નસીબ હવે પન્નાલાલની સાથે હતું. લાભના દિવસો હતા, છતાં વચ્ચે માઠા બનાવો બનતા હતા ને જીવતર જાણે કસોટીઓનો પર્યાય બની જતું હતું. પણ હવે પન્નાલાલ હારી ખાય એવા નહોતા રહ્યા. વાલીબહેનમાં પણ સારી આવડત હતી અને સમય પ્રમાણે વર્તી લેવાની સમજણ હતી. રેવા જેવાં શાણાં કાકી પાસે એમનું ઘડતર થયું હતું ને ! પન્નાલાલના કથાસાહિત્યનાં નારીપાત્રો, જે ઉમંગ, પ્રેમ, લાગણી, બેફિકરાઈ; જીવનતરસ, સમજણ-શાણપણ દાખવે છે તે, પન્નાલાલે જીવતાજાગતા લોકોમાં, ગુણ કે દોષ રૂપે, બરોબર જાણ્યાં-પ્રમાણ્યાં હતાં. એમાં – જાનપદી કૃતિઓમાં તો ખાસ – કશો ઉછી ઉધારો નથી... બધું ખરા જીવનનું અસલ તત્વ છે.

મુંબઈની એક ફિલ્મનિર્માતા કંપની 'મળેલા જીવ'ને લઈને ફિલ્મ (હિન્દીમાં) બનાવવા માગતી હતી. એ વાસ્તે ઉમાશંકરનો પત્ર હતો. પન્નાલાલે મુંબઈ જવાનું હતું. કરાર કરવાનો, પટકથા પણ એમણે લખવાની ને ફિલ્મ ઊતરે ત્યારે બધું બરાબર ઊતરે છે કે નહિ તેય એમણે જોવાનું હતું. કેમ કે કથા ગામડાંની હતી. શહેર માટે નવી હતી. પન્નાલાલ જાય છે. ઉમાશંકર સાથે છે. મુંબઈમાં પન્નાલાલના રહેવા-જમવાની બધી વ્યવસ્થા નિર્માતા તરફથી થાય છે. રૉયલ્ટી માટેનો કરાર પાંચ હજાર રૂપિયાનો થયેલો. ઉમાશંકરની મધ્યસ્થીથી પન્નાલાલને મોટી રકમ મળતી હતી. આ આવકને લૈને પન્નાલાલ, પછીનાં બેત્રણ વર્ષોમાં, માંડલીમાં નવી ઘરથાળ લૈને નવું ઘર બનાવે છે... બાજુમાં પોતાની 'મોજ' તથા લખવા-વાંચવા માટે અલગ મેડી પણ બનાવે છે. માંડલીમાં જ કાયમ રહેવાનો મનસૂબો એમ પાક્કો લાગતો હતો.

ફિલ્મજગતનો અને નગરજીવનનો જુદો જ અનુભવલોક પન્નાલાલને જોવા-પામવા મળે છે. અહીં પણ સ્પર્ધા, છળકપટ, પ્રેમ, દંભ, પૈસાનો લોભ, કીર્તિનો મોહ, મોજશોખ, ખુમારી-ખુવારી : બધું જ હતું. ક્યાંક ક્યાંક એમનેય

એનાં રસછાંટણાં થયાં હતાં. મુંબઈ-નિવાસનાં ત્રણ - સાડાત્રણ વર્ષો દરમિયાન ફિલ્મ ઉપરાંત બીજું પણ કામ થયું હતું. નવા વિદ્વાનો ને સાહિત્યકારોનો તથા યુવાન ચાહકોનો પરિચય સાંપડ્યો હતો. 'મળેલા જીવ' પરથી ઊતરેલી ફિલ્મ 'ઉલઝન'ને મિશ્ર આવકાર મળ્યો હતો. પન્નાલાલે 'સુરભી' નામે નવી નવલકથા, ફિલ્મ માટે થઈને જ લખી હતી. એના કરાર પટે પન્નાલાલને દોઢ હજાર રૂપિયા આગોતરા મળ્યા હતા. પણ પછી એ કંપનીના 'ડબ્બા ગૂલ હો ગયા થા !' જોકે પન્નાલાલ તો લાભમાં જ હતા. એમણે 'યૌવન' નામે નવલકથા બે ભાગમાં, અહીં જ લખી હતી. કેટલીક, ગ્રામજીવનની સારી વાર્તાઓ પણ, મુંબઈમાં રહીને જ લખાયેલી.

ઈશ્વરલાલ દવે નામના, એમનાં પુસ્તકોના પ્રકાશક હતા. એ તો એ માટે ટાંપીને જ બેઠા હતા. પન્નાલાલ હસ્તપ્રત મોકલે ને બે મહિનામાં તો પુસ્તક આવ્યું જ જાણો ! પહેલી જ લખેલી – ઉમાશંકર સાથે વાંચેલી – ને છાપ્યા વગર મૂકી રાખેલી નવલકથા – 'ભીરુ સાથી' છપાવે છે ને મેઘાણીભાઈને અર્પણ કરે છે. એ જ રીતે 'સુરભી' ને 'યૌવન' પણ પ્રગટે છે...ને મેઘાણીભાઈ એમને સમીક્ષામાં લખીને ચેતવે છે - 'તું જે જળનું માછલું છે એ જ જળમાં રહેજે. દરિયાનાં ખારાં જળ તને નહીં સદે. તું તો મીઠા જળનું મીન છે ને એમાં જ રહેજે...' પન્નાલાલને આની ચોટ વાગે છે. મુંબઈમાં જ હતા ને એ એક નવલકથા માંડે છે... છપ્પનિયા દુકાળની વાત એમાં વણવાનો નિર્ધાર છે. હીરાબાની વાતો ને ગામડાના લોકો ! લાગ્યું કે આ કથા તો બેત્રણ ભાગમાં લંબાશે, એટલે અધૂરી છોડી હતી.

વચ્ચે, પન્નાલાલ મુંબઈથી બેચાર વાર માંડલી આવી ગયેલા. એક વાર, આવ્યા ત્યારે ઘરથાળ રાખેલી. પત્નીને સીમંત માટે વળાવેલાં. પ્રસંગે ખર્ચ કરેલો. પત્નીને સોનાનાં ઘરેણાંથી જાણે કે મઢી જ દીધેલાં. હાસ્તો, આવક એમના પગલે જ વધી હતી ને !! બીજી વાર આવ્યા ત્યારે દીકરી રમા જન્મી ચૂકેલી. નવું ઘર કરવા માટે, કુટુંબી-સગાંનાં ગાડાં જોડીને, ડાકણ મારિયાનાં જંગલોમાં, 'કાઠ' (લાકડાં) લેવા પંદર દિવસ ગાળેલા. વાઘ જેવાં પ્રાણીઓ જોવા મળેલાં, પંખીઓ તથા વૃક્ષોય નવાં ને જુદાં જોવા મળેલાં. પથ્થર કઢાવેલા ને ઈંટો પડાવવા આપેલી. આમ નવા ઘરની તૈયારીઓ કરી દીધેલી.

બધું સમુંસૂથરું ચાલતું હતું. પત્ની તથા બે વર્ષની રમાને પન્નાલાલ મુંબઈ લઈ આવેલા. પત્ની વાલીબહેન તો મુંબઈ માટે ઓછાં સંમત હતાં, ને એમનો

ભાઈ તો માંડલી પન્નાલાલને ઘેર લાકડી લૈને પહોંચેલો. 'જોઉં તો ખરો કે મારી બુનને ચેવાક મુંમઈ લઈ જાંય હે...' માંડ સમજાવેલો. છેવટે, અમદાવાદ આવેલા તેમ, પન્નાલાલના સસરા કાનાભાઈ મુંબઈ જોડે આવેલા. અહીં પણ પ્રો. ઉમેદ-ભાઈ મણિયારદંપતીનો પ્રેમ તથા ગુલાબદાસ બ્રોકરનો પ્રેમાળ પરિવાર જોઈને એમને હાશકારો થયો હતો ને એ વતન તરફ વળી ગયા હતા. પાઠકસાહેબ – હીરાબહેન પણ મુંબઈમાં હતાં, પીતાંબર, બકુલેશ, યશવંત શુક્લ, ભાયાણીભાઈ - એમ અનેક નવા પરિચયો થયેલા... પીતાંબર પટેલ સાથે વધુ માયા થયેલી. એમણે અહીં જ પીતાંબરને કહેલું કે ''.... 'મળેલા જીવ' તો મેં કોઈકના પ્રેરેલાં જ લખી છે – કોક લખાવતું હતું ને હું તો નિમિત્ત હોઉં એમ લખતો જતો'તો ! હા, પીતાંબર ! 'મળેલા જીવ' 'સર્જન' નથી પણ 'અવતરણ' છે... મારી ઊંડેથી એ આવ્યું છે.''

અમદાવાદમાં એ ભાનુપ્રસાદ નામના મિત્રથી પૈસા બાબતે પન્નાલાલ છે-તરાયેલા; પછી કાળાં કર્મોનો કરનાર ભાનુ જેલમાં ગયાના સમાચાર જાણેલા. પન્નાલાલને એની લાગણીસભર પત્નીની ચિંતા રહેતી. એ વિષય લઈને 'જિંદગીના ખેલ' વાર્તા લખી હતી. હવે એ નામે વાર્તાસંચય પણ તૈયાર થયો હતો. ને 'લખચોરાસી' પણ છપાતી હતી. ઘેર માંડલીમાં ખેમો ને ભાગિયો ખેતી કરતા હતા. ને અહીં પન્નાલાલનું લેખન ગતિમાં હતું...

ત્યાં જ જીવન, વાર્તાની જેમ, પલટો ખાય છે.

દીકરી રમાને ટાઇફૉઇડ થાય છે. મોંઘી ને જાણીતી ઇસ્પિતાલમાં દાખલ કરવા છતાં રમા બચી નથી શકતી. યશવંત શુક્લના હાથ એનો દેહ ઊંચકીને અંતિમ સંસ્કાર માટે લઈ જતા હતા ત્યારે આ દંપતી સાવ ભાંગી પડ્યું હતું. હવે મુંબઈમાંથી મન ઊઠી ગયું હતું. ફિલ્મોનું કામ બંધ હતું ને મેઘાણીભાઈનો અવાજ ગાજતો હતો- 'તું તારા મીઠા જળમાં જ રહેજે...' ! માંડલી પહોંચ્યાં ત્યારે આખ્ખું મોયડી ગામ પણ મળવા આવેલું. 'કોઈ ગોરાણીનું ભૂત રમાને ખાઈ ગયું–'ની તાળાબંધ વાતો થતી હતી... પણ પન્નાલાલ તો 'ગઈ-ગુજરી અને પાર પડી'-માં માનનારા હતા. આવતીકાલ માટે એમણે મનને ખાસ્સું મક્કમ કરેલું. વાલીબહેનનું દુઃખ રેવાકાકી ગુજરી ગયાં એટલે વળી બેવડાયું હતું. પન્નાલાલ માટે તો રેવા 'ઠર્યાનું ઠામ' હતી. પણ કુદરત આગળ માણસ લાચાર છે – ગણીને સૌએ મન મનાવેલું.

મુંબઈથી માંડલીમાં આવીને પાછું ખેડૂતજીવન પ્રારંભાયું હતું. પન્નાલાલે પૈસા ખર્ચીને મોકળાશવાળું સરસ ઘર બનાવડાવ્યું હતું. ખેતી તો ભત્રીજા જોડે ભાગમાં ચાલતી હતી. જરૂર પડતી તો પત્નીની નાની બહેન મદદમાં હાજર થઈ જતી. પન્નાલાલ પેલી માંડેલી નવલકથા પુનઃ આગળ વધારે છે. 'માનવીની ભવાઈ' જેવું નામ રાખ્યું છે. ભત્રીજો ખેમાભાઈ કાકાને વીનવે છે કે : 'કાકા, ખેતરને માળે ઝૂંપડીય કરી છે. (છાપરાવાળો માળો). નીચે દેવતાય ભારવેલો રહે છે. તો માળે બેસીને સૂડા-કાગડા ઊડાડતા જાવ, મકાઈ સાચવતા જાવ અને લખતા જાવ તો અમે છુટ્ટા પગે બીજાં કામ કરીએ...' આ તો ભાવતું ને વૈદે કહ્યું – જેવો ઘાટ થયો. પન્નાલાલે ત્રીજી વાર લખીને નકલ છાપવા માટે આર. આર. શેઠની કંપનીને મુંબઈ મોકલી હતી.

નવા ઘર નિમિત્તે વાસ્તુ-નવચંડી કરાવવાનું કર્યું હતું. રમા પછી વાલીબહેનને એક પુત્ર જન્મેલો જે છએક માસમાં મરી ગયો હતો. લોક વાતો કરતું હતું કે નવું ઘર ફળ્યું નથી. જોકે વાલીબહેનને સારા દિવસો જતા હતા. નવચંડીની પૂર્ણાહુતિને દિવસે જ પન્નાલાલને તાવ વધેલો. અશક્તિ હતી અને ઉધરસ પણ મટતી નહોતી. આ પૂર્વે પણ મોટા આંતરડાની બીમારી આવેલી. મુંબઈમાં એની દવા કરાવેલી. ફિલ્મ માટે મુંબઈ ગયા હતા ને વચ્ચે માંડલી આવ્યા હતા ત્યારે એક બનાવ બન્યો હતો. સરકારના સિપાહીઓએ પન્નાલાલને ઢોર-માર મારેલો. પૂર્વે પણ માંડવી(દાણ-ચોકીની જગ્યા)ના મુસલમાન સિપાહીએ મારેલા. કારણ એટલું જ કે અમદાવાદથી આવે છે ત્યારે અહીં થઈને કેમ નથી જતો ? પન્નાલાલે કહેલું કે મારી પાસે દાણ ભરવા પડે એવી કશી વસ્તુઓ નથી હોતી માટે સીધો ઘેર જાઉં છું. સિપાહીએ 'સામે કેમ બોલે છે ?' કહીને ધોલધપાટ કરેલી. પન્નાલાલ ગમ ખાઈ ગયેલા. પણ આ વખતનો માર તો ભારે હતો. ગામનો ધૂળો રાત દુકાનદાર વાણિયાને બોલાવી લાવે ના અને પન્નાલાલ મરતાં બચે ના ! વાંકગુનો કશો નહિ. ખાટલાં-ગોદડાંની વેઠ કરાવતા સિપાહીઓ ગામમાં આવીને બૈરાંને ધમકાવતા હતા. પન્નાલાલે એની સામે વિરોધ નોંધાવેલો. બીજા દિવસે પાંચ-છ સિપાહી બસ તૂટી જ પડેલા !

'રાજનો ત્રાસ' ભારે હતો. પન્નાલાલને મેઘરજ દવાખાને લઈ જવા પડેલા. બાલાસિનોરના દેસાઈ દાક્તર હતા. સાહિત્યરસિક જીવ. પન્નાલાલને એ લેખક તરીકે જાણતા હતા. એમણે દવા કરીને કહેલું કે, 'તમારે ડુંગરપુર ફરિયાદ કરવી હોય તો બેશક, કરજો. હું મેડિકલ સર્ટિફિકેટ આપીશ.' સાજા થતાં પન્નાલાલ

ફરિયાદ કરવા તૈયાર થયેલા. આઝાદી માટે ચળવળ ચલાવતા ભોગીલાલ પંડ્યા મળેલા. કહે કે ફરિયાદથી કશું નહિ વળે... આ તો બધાની ‘મીલીભગત’ છે. છતાં પન્નાલાલ કચેરીમાં જાય છે ત્યાં વળી જમાદાર ને વકીલ એમને આશ્વાસન આપે છે કે તમે આ બધામાં પાર નહીં પડી શકો. અમે સિપાહીઓ સામે અમારી રીતે કામ લેવડાવીશું.

વળતી વાટે પન્નાલાલ મક્કમ બનેલા કે ભોગીલાલની જેમ લડતમાં ઝંપલાવવું અને ‘રાજ’ સામે પડવું. એમણે નવું પુસ્તક માગતા જયંતી દલાલને લખ્યું કે, હું તો તમારી જેમ હવે રાજ સામે લડવાનો છું. મારે હમણાં લખવું નથી. જોકે દલાલે વળતી ટપાલે લખેલું કે લડનારા તો ઘણા મળશે, પણ તમારા જેવું લખનારા લેખક નહિ મળે ! માટે ગાંડા થયા વિના લખવાનું ચાલુ જ રાખજો !’ પન્નાલાલ લખવાનો રસ્તો છોડતા નથી. ને પેલા સિપાહીઓને પછીથી શિક્ષા થયાના સમાચારથી એમને થોડીક રાહત થયેલી પણ એ ઢોરમારની અસર એમની છાતીમાં થઈ હતી. ફેફસાં ને પાંસળીમાં ટી.બી.નો પ્રવેશ થઈ ચૂક્યો હતો.

‘રાજરોગ’ – ટી.બી.ની ત્યારે ઓછી દવાઓ હતી. ‘જેનું કોઈ નથી એનો ભગવાન છે.’ એ હીરાબાની ઉક્તિ, રડતી પત્નીને આશ્વાસન રૂપે સંભળાવતા પન્નાલાલ, દવા માટે મુંબઈ જવા નીકળે છે. ગામમાંય ગમગીની હતી. સૌને આ યુવાનદંપતીની કસોટી થતી દેખાતી હતી. મુંબઈમાં તો ગુલાબદાસ ને મણિયાર હતા જ. ડૉ.પટેલ દ્વારા સારવાર શરૂ થયેલી. નિદાન થયા પછી દવા લાગુ થતાં વાર લાગતી હતી. ઑપરેશનની જરૂર હતી પણ એ તો દર્દીને શક્તિ આવે ને વજન વધે ત્યારની વાત હતી. છેવટે હવાફેર માટે અને વિશેષ ઉપચાર માટે પંચગનીના સૅનેટોરિયમમાં મોકલવાનો નિર્ણય થયો હતો. બધા જ વડીલો, મિત્રો મદદમાં હતા. પન્નાલાલ પાછા માંડલી જાય છે ને સૌની રજા લઈને નીકળે છે. અહીં એમને એક માઠા સમાચાર મોડે મોડે જાણવા મળે છે. ‘રેખા’ના અંકમાં ઝવેરચંદ મેઘાણીના અવસાનના સમાચાર વાંચીને પન્નાલાલમાં જાણે કે સન્નાટો ફરી વળે છે... 15 મી ઑગસ્ટ 1947ના રોજ આઝાદી આવવાની વાતો થાય છે પણ પન્નાલાલ એનોય આનંદ લઈ શકતા નથી. શરીરમાં પીડા અને મનમાં વેદના હતી. નવા ઘરનું વાસ્તુ કર્યાનું જ આ વર્ષ સંવત 2003 અને ઈ. સ. 1947નું યાદગાર વર્ષ હતું.

આ વખતે, કવિ સ્વપ્નસ્થનાં પ્રેમ-હૂંફ મદદે આવે છે. પંચગની જવાના

આગલા દિવસે જ આર. આર. શેઠની કંપનીના માલિક ભૂરાભાઈ શેઠ મળવા આવે છે. 'માનવીની ભવાઈ' પન્નાલાલના હાથમાં મૂકતાં રાજીપો વ્યક્ત કરે છે ને તબિયત માટે શુભેચ્છાઓ પાઠવી. પન્નાલાલે, જરૂર પડ્યે પોતે કાગળ લખે તો, પૈસા મોકલવાની વાત જણાવી હતી. પણ એ વાણિયાના દીકરાએ હસતાં હસતાં ગોળ ગોળ વાત કરીને વિદાય લીધી હતી. પન્નાલાલના મનમાં 'માનવીની ભવાઈ' મેઘાણીભાઈના હાથમાં મૂકીને, એમને સાચા પાડવાની અભિલાષા હતી : 'મીઠા જળનું માછલું પાછું એના અસલ મલકમાં આવી ગયું છે જુવો... !' પણ અભીપ્સા ફળી નહીં. જોકે 'માનવીની ભવાઈ' સુન્દરમ્ તથા દર્શક ઉચિત રીતે જ, ઉમળકાથી આવકારે છે... પન્નાલાલે સાચ્ચે જ ગુજરાતની ધરતીના ખોળે 'માટીનો મોરલો' (માનવોની જીવનકળા અને જીવનવેદના બંને દર્શાવતો કળાયલ મોરલો છે આ નવલકથા.) રમતો મૂક્યો હતો.

ભૂખ પ્રેમની અને ભૂખ પેટની ! આ નાભિ અને પેટની બેઉ ભૂખોનું આલેખન વાસ્તવદર્શી રહીનેય, એની કલાત્મક છટાઓ સાથે, પરાકાષ્ઠા પામે છે. એનાં પાત્રોય માંડલીનાં મનેખોમાંથી મળેલાં છે. રાજુમાં રેવા અને માલીમાં લાલી તો સ્પષ્ટ વર્તાઈ આવે છે. ભૂખ કરતાંય ભૂંડી ભીખ દ્વારા શોષણ અને માનવનિ-યતિમાં રહેલી કરુણતા અને કઠોરતા દર્શાવ્યાં છે. ભારતીય જ નહિ, દુનિયાની ઉત્તમ નવલકથાઓમાંય અગ્રિમ પંક્તિમાં બેસનારી 'માનવીની ભવાઈ'નું જો વેળાસર અંગ્રેજીમાં ભાષાંતર થયું હોત તો એ નોબલ પારિતોષિકનેય ધન્યતાનો અનુભવ કરાવતે. ખેર ! ઉમાશંકરથી લઈને આજ સુધીના ગુજરાતીના મોટા, વિદ્વાન વિવેચકોથી લઈને અનેક ગૌણ વિવેચકો સમેત સૌએ 'માનવીની ભવાઈ' વિશે લખીને પોતાની ફરજ નિભાવવા સાથે કલાનું ગૌરવ કર્યું છે !?

પન્નાલાલ પંચગનીમાં પહોંચ્યા ત્યારે ચોમાસું જામી ગયું હતું. પ્રાકૃતિક વૈભવ તનમનને અડી અડીને જાણે કે ઠારતો હતો. નીરવ, નિર્મળ વાતાવરણ; નિભૃતતાનો અનુભવ કરાવનારું કશુંક તત્ત્વ ધીમે ધીમે પનાલાલમાં શક્તિ-પ્રાણ પૂરતું હતું. હૉસ્પિટલ અને સૅનેટોરિયમ નોખાં ને સુવિધા ભરપૂર હતાં. નર્સો ને દાક્તરો સ્વજનની જેમ વર્તતાં હતાં. દાક્તરો મુંબઈથી આવતા ને જતા – બદલાતા કે વાર પ્રમાણે આવતા રહેતા. દવા-રિપોર્ટ પણ પૂરાં ચકાસતાં. સૌમાં દર્દીઓની પ્રસન્નતા અગ્રતાક્રમે રહેલી હતી.

પન્નાલાલ તો મળતાવડા માણસ. અનુભવોની સમૃદ્ધિવાળા એટલે એકલતા

નહોતી અનુભવતા. ત્યાં જ વળી સુમીબહેનનો પરિચય થયો. મુંબઈથી આવેલાં, પોતાના વિકલાંગ અને વયસ્ક દીકરાની સેવામાં હતાં. પન્નાલાલને તો એમણે વાંચ્યા હતા. હવે વધારે પુસ્તકો વાંચવા મળ્યાં ને એના જ લેખક સાથે રોજ સાંજની મુલાકાતો થવા લાગેલી. ખાસ્સો લાગણીનો નાતો બંધાયેલો. એમાં વળી પોંડિચેરી (પુદુચેરી) શ્રીઅરવિંદ આશ્રમ – યોગ તથા શ્રીમાતાજીમાં શ્રદ્ધાની વાતો થઈ. પન્નાલાલ, સુન્દરમ્ – મંગળાબહેન 1942થી પુદુચેરી શ્રીઅરવિંદ આશ્રમમાં રહેવા ગયાં છે ને સાધક બન્યાં છે – એ જાણતા હતા. શ્રીઅરવિંદના સ્વાતંય વિશેના આક્રમક વિચારોની ચર્ચાઓ સાંભળી હતી. પણ સુમીબહેને તો યોગપૂર્ણ યોગ-શ્રદ્ધા-શરણાગતિ-સમર્પણની વાતો સમજાવી. એમણે જ પન્ના-લાલને કહેલું કે, 'તમે કવિ સુન્દરમને લખો કે એ તમારે માટે શ્રીમાતાજીના આશીર્વાદ મોકલાવે. પત્ર મોકલ્યો ને વળતી ટપાલે શ્રીમાતાજીના આશીર્વાદ તથા સૂક્ષ્મ સામગ્રી પણ મળી ગયાં... પન્નાલાલ હવે એ દિશામાં વધુ ને વધુ ધ્યાનમગ્ન રહેવા માંડે છે...ને એમને શરીરમાં નવી પ્રાણશક્તિનો અહેસાસ થાય છે.

પન્નાલાલના જીવનનો આ અતિમહત્વનો વળાંક બને છે. અલબત્ત, ચમ-ત્કારો કંઈ રોજ બનતા નથી. પણ પન્નાલાલને તો આ પછી નાની નાની સફ-ળતામાં કે એવી હકારાત્મક બાબતોમાં શ્રીમાતાજીની કૃપા તથા ચમત્કાર જ વર્તાય છે...ને આમ એ રોગમાંથી યોગમાં ગતિ કરતા જણાય છે. એ પોતે તો દૃઢ આસ્થાવાદી હતા જ.

પંચગની નિવાસ આઠેક માસનો રહેલો. મુંબઈથી મિત્રો મળવા આવતા. પૈસા મોકલાવનારાય હતા. આઝાદી મળ્યા-સંદર્ભે ઝીણી ઝીણી ચર્ચાઓ કર-નારાય મળતા હતા. વતનથી ભત્રીજો ખેમાભાઈ અને સસરા કાનાભાઈ પણ છેક પંચગની ખબર કાઢવા આવેલા...ને ઘેર જઈને ખબર આપેલી કે '...ઘોડા જેવા થતા જાય છે !' અહીં જ એમને પુત્રજન્મના સમાચાર મળેલા. પુદુચેરીની શ્રદ્ધાના એ દિવસો હતા...એ નામ પાડી મોકલેલું – અરવિંદ ! હવે શ્રીઅરવિંદના વિચારોને સમજવા મથતા ને શ્રીમાતાજી તરફનો ભક્તિભાવ વધતો જતો હતો. મૌન પાળવા લાગેલા. ગાંધીજીની હત્યાની વાત જાણીને એય ઘણા ગમગીન થયેલા, પણ ગાંધીજીનું જ સાધન 'મૌન' અપનાવીને સ્વસ્થ થતા હતા. તબિયત સારી થઈ. રજા આપવાના હતા, પણ ઑપરેશનની વાત તથા 'પરેજી પાળવાની' યાદી તો સામે હતાં જ. જોકે ઑપરેશન બાબતે એ સંમત ન જ થયા...ને જાણે કે શ્રી માતાજીમાં શ્રદ્ધા રાખીને એમની કે અગોચર તત્ત્વોની સહાય પામીને જીવતા

રહ્યા હતા. સુમીબહેનનું મુંબઈનું નિમંત્રણ, જાત પર સંયમ રાખીને ટાળવામાં, પન્નાલાલની દિશા બદલતી જીવનનૌકાનોય સંકેત મળે છે. હા, હવે એ 'યોગ' માર્ગના સાધક બનવા ચાહતા હતા.

ઘેર જતાં મુંબઈમાં ને અમદાવાદ ખાતે અનેક સાહિત્યકારો અને ચાહકોનો પ્રેમ પામેલા પન્નાલાલ મોયડી(સાસરીનું ગામ)માં અને વતન માંડલીમાં પણ ભાવભર્યો આવકાર પામે છે. અફીણ-કસુંબા થયાં. જમણ થયું. લોકો કહેતા હતા : 'પન્નાલાલ તો નવો અવતાર લૈ આવ્યા છે...' ને એમાં સચ્ચાઈ હતી. હવે ઓછું સાંભળતા થયેલા. નવા ઘરનો કરો ચોમાસામાં પડે છે ને દીકરા અરવિંદનો તથા ઘરનોય અદભુત બચાવ થાય છે. પન્નાલાલને હવે બધે જ શ્રીમાતાજીની ચમત્કારભરી હાજરી વર્તાય છે. ક્યાંક 'ઑમ ઑમ' અવાજ આવે છે તો સ્વપ્નમાં, માથે કોઈ સંગીત વગાડે છે ને તાર રણઝણતા દેખાય છે. ભત્રીજા ખેમાભાઈને પન્નાલાલ આ બધું કહેતા રહે છે... ત્યારે ખેમોભાઈ તો સ્પષ્ટ કહે છે કે... 'કાકા ! ઠીક છે બધું. આટલે વર્ષે ને એય આપણા જેવા ગામડિયા લોકને માતાજી શું કામ મદદ કરે ? આ તો બધી ભ્રમણાઓ છે...' પન્નાલાલ એની વાત સાંભળ્યા વગર જાણે અભણને પણ કહી રહ્યા હતા : 'તમને બધાંને આ નહિ સમજાય.'

# 23

સર્જન અને ખેતી ઉપરાંત સંસાર : ત્રણેમાં પન્નાલાલ પટેલ પ્રવૃત્ત હતા. તેઓ 1949માં પુદુચેરી જાય છે. શ્રીઅરવિંદ અને શ્રીમાતાજીનાં દર્શન કરે છે. ત્રણેક માસ રહે છે ને સાધક બનવામાં મન પરોવે છે. પછીનાં વર્ષોમાં પુદુચેરી જવાનું ને રહેવાનું બન્યા કરે છે. ત્યાં પણ એક ઘર લે છે ને પરિવારજનોને અનુકૂળતા પ્રમાણે પ્રવાસો કરાવતા રહે છે. આ વર્ષોમાં 'સાચાં શમણાં' ને 'વાત્રકને કાંઠે' જેવા ઉત્તમ વાર્તાગ્રંથો આપનાર પન્નાલાલે આ જ ગાળામાં 'પાછલે બારણે', 'મનખાવતાર', 'ના છૂટકે', 'મીણ માટીનાં માનવી', 'ભાંગ્યાનાં ભેરુ', 'ઘમ્મર વલોણું' 1-2, ('માનવીની ભવાઈ'ના વધુ બે ભાગ) જેવી મહત્વની નવલકથાઓ આપીને પોતાની સર્જકતાનો હિસાબ આપતા રહેલા. એમનાં પુસ્તકોને સરકારશ્રી તરફથી ઇનામો મળે છે. એમની લોકપ્રિયતા ચરમકોટિએ પહોંચે છે.

1951માં ટી.બી.નું દર્દ પુનઃ ઊથલો મારે છે. ઉમાશંકર જોશી એમને સોનગઢ પાસે જીંથરીના સૅનેટોરિયમમાં મૂકવા ગયેલા. બંનેને ત્યાં 'ઘોડા પર ફરનારા' નવલકથાકાર શ્રી દર્શકનો મેળાપ થયો હતો. 1956 સુધીમાં એમને બે દીકરીઓ ઉષા અને નંદા પ્રાપ્ત થાય છે. 1958માં બીજો દીકરો ભરત જન્મે છે. હવે મોટાં થતાં જતાં સંતાનોને ભણાવવાની ચિંતા થાય છે. પન્નાલાલ 1959માં, ભત્રીજાને ભાગે ખેતી અને નવા ઘરની સાચવણ સોંપીને, અમદાવાદમાં વસવાટ કરે છે. પછી તો એ જીવનના અંત સુધી અમદાવાદમાં જ રહ્યા. શરીરે સાથ આપ્યો ત્યાં સુધી તો માંડલી જતા-આવતા. એ પછીય, કદી પણ બાપદાદાની,

વારસામાં મળેલી જમીન તથા આપકમાઈનું વહાલું ઘર વેચવાનો, એમને વિચાર સુધાં આવ્યો નહોતો. એ કામ તો અનુજ પેઢીઓ આજે, બધે જ, કરતી ભાળીને દુઃખ થાય છે.

1962માં પન્નાલાલ પટેલને 'આફ્રિકાનાં મહાવનોમાં' પ્રવાસની તક મળે છે. ભારતમાં પણ ઓછું ફરનારા પન્નાલાલ પટેલનો આ એકમાત્ર વિદેશપ્રવાસ બની રહેલો. અમદાવાદમાં સ્થાયી થયા. લેખનની આવક પર જ નભવાનું હતું. ખેતીનો ભાગ, ગામડેથી ઝાઝો નહોતો મળતો. હા, અનાજ મળતું. પન્નાલાલ અને પેટલીકર, એ ગાળાના બે એવા લેખક મિત્રો હતા કે જેમનો જીવનનિર્વાહ સાહિત્યલેખન દ્વારા થતો હતો. 1971માં, શ્રીઅરવિંદના જન્મદિવસે (આઝાદીની વર્ષગાંઠે) 'સાધના પ્રકાશન'ની સ્થાપના કરનાર પન્નાલાલ પછી એ સંસ્થાના નિભાવ માટે પણ લખતા રહે છે. શહેરમાં રહેવા આવ્યા પછીય એમણે ગ્રામ-જીવનને લઈને કથાઓ-વાર્તાઓ લખી જ હતી. પણ ધીમે ધીમે પેલી જૂની મૂડી વપરાઈ જાય છે. ક્યાંક પાત્રફેરે ને પાઠફેરે,પન્નાલાલ પોતે જ પોતાનું અનુકરણ કરતા પમાય છે. એમની પૂર્વે લખાયેલી ઉત્તમ કૃતિઓની નવી આવૃત્તિઓ થવા માંડે છે. યુનિવર્સિટીઓ તથા કૉલેજોની સંખ્યા વધે છે. પન્નાલાલની શ્રેષ્ઠ કૃતિઓ પાઠ્યપુસ્તકો રૂપે મુકાય છે ને એમ પણ એમનું કામ ચાલતું રહે છે.

નગરજીવનના જૂના અનુભવો એમને હતા. બદલાતા સમયમાં પરિવર્તન પામતું નગરજીવન નિહાળવાનું પણ બને છે. પન્નાલાલ પટેલ આ અનુભવોમાંથી પણ કથાસર્જન કરે છે. વસ્તુસંકલના અને ચરિત્રચિત્રણમાં એ માહેર હતા જ. ભાષાબળ પણ પ્રાપ્ત કરતા રહેલા. એટલે એમની નગરજીવનના પરિવેશમાં રચાયેલી કથાવારતાઓ સુપાઠ્ય તો બની જ છે. 'આંધી અષાઢની' 1-2, 'અમે બે બહેનો' 1-2, 'કરોળિયાનું જાળું', 'નગદ નારાયણ', 'પ્રણયનાં જૂજવાં પોત', 'નથી પરણ્યાં, નથી કુંવારાં' તથા 'મરકટલાલ' જેવી કથાઓ ઉલ્લેખનીય છે.

પોતાની પ્રકાશનસંસ્થાને પોષવા સારુ એમણે પૌરાણિક વસ્તુઓ કથાઓ લઈને એકાધિક ભાગોમાં નવલકથાઓ લખવા માંડેલી. વ્યક્તિજીવનને લઈને ચરિત્રાત્મક નવલકથાઓ પણ એમણે આપી. બાળકોનું તથા કિશોરોનું સાહિત્ય પણ એમણે લખ્યું. એમની કેટલીક કથાઓના સંક્ષેપો પણ એમણે જ કર્યા છે. તો નવલકથાવાર્તા પરથી નાટકો-એકાંકીઓ પણ એમણે રચી કાઢ્યાં છે. આમાંનું ઘણુંખરું એમની પૂર્વ કારકિર્દીને અનુરૂપ ઊંચાઈ કે ગુણવત્તા ધરાવતું નથી. એટલે

એમની ટીકાઓ પણ થઈ કે એ પોતાનું અનુકરણ કરે છે; કારકિર્દીને વટાવે છે ને ઉત્તરકાળમાં અતિલેખન કરે છે તેમજ ગુણવત્તા સાચવતા નથી. આ બધી વાતોમાં તથ્યાંશો ઘણા છે. પણ એમની ઉત્તમ કૃતિઓ તો આજે પણ વાચકો અને વિદ્વાનો બંનેને સંતોષ આપતી રહી છે.

1954માં, પન્નાલાલને કથાક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરવા બદલ રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થાય છે. પોતાના સર્જનને વાસ્તવનું અને વ્યક્તિજીવનનું રોચક આલેખન ગણાવતા પન્નાલાલ શ્રીમાતાજીને ટાંકીને પોતાનો સૂર પુરાવે છે – 'તમારાં ક્ર્યોને જ તમારા વતી બોલવા દો'... એમને પોતાની 'શબ્દશ્રી'માં શ્રદ્ધા હતી કે, 'એક દિવસ એ, એની મેળે મોટેથી બોલશે'... સત્ય પરખાયા વિના નથી રહેતું. આ જ ભૂમિકા પર એ કાયમ રહ્યા છે. 1980માં, વડોદરા મુકામે સાહિત્ય પરિષદના અધિવેશનમાં, સર્જન વિભાગના પ્રમુખ તરીકે, નવલકથાકાર તરીકે પોતાની કેફિયત આપે છે. ઉમાશંકર હતા – ઉપરાંત સુરેશ જોષીને તો બધા મનામણાં કરીને લઈ આવેલા. એમની હાજરીમાં પન્નાલાલે તળપદી લહેકામાં પોતાનો દૃષ્ટિકોણ સાફ કરેલો. 'મને તો સાહિત્યપદાર્થ કરતાં જીવનપદાર્થમાં વધુ રસ પડે છે.' જીવન છે તો સાહિત્ય છે; વળી એ સાહિત્ય જીવનકલ્યાણ માટે છે. એમની આ સમજણ જીવનવાદી કલાકારની સમજણ છે.

1985માં એમને ભારતીય જ્ઞાનપીઠનો (21મો) પુરસ્કાર એનાયત થાય છે. સમગ્ર ગુજરાતમાં અને એ જે રાજ્યના વતની હતા તે રાજસ્થાનમાં ખુશીની લહર દોડી ગયેલી. આ પુરસ્કાર સ્વીકારતાં એમણે, પેલી પોતાની વાત સાચી પડી છે તે જણાવતાં, ઉમેરેલું કે : 'સાચ્ચું હતું તે આટલાં વર્ષો પછીય બોલ્યું...' અસલ હોય તેનું અજવાળું ઢાંકવાથીય ઢાંક્યું રહેતું નથી ! સર્જકનું સર્જન બોલ્યા વિના રહેતું નથી.

છેલ્લાં વર્ષોમાં પંજાબી લેખિકા અને ઉત્તમ ભારતીય સર્જકોમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી ચૂકેલાં અમૃતા પ્રીતમ અમદાવાદ આવેલાં. પન્નાલાલને મળવા ગયેલાં. હવે તો એ બિલકુલ સાંભળતા નહોતા. લખીને વાતો કરતા. અમૃતા પ્રીતમનો ચહેરો સંપુટમાં લઈને પન્નાલાલે એમનું ભાલ ચૂમી લીધેલું. કલાને થયેલું આ કલાકની ભાવનાનું સ્નેહચુંબન હતું.

હું મોડાસા કૉલેજમાં ભણતો હતો. 1968 થી 1973નાં એ વર્ષો હતાં. મોડાસા કૉલેજને પ્રિ. ડૉ. ધીરુભાઈ ઠાકરે, ઉમાશંકરના શબ્દોમાં કહીએ તો

'ઉત્તર ગુજરાતનું ઓક્સફર્ડ !' – બનાવી હતી. ઠાકરસાહેબે પન્નાલાલ, પેટલીકર અને પીતાંબર ત્રણેને બોલાવેલા. પીતાંબર નહોતા આવી શક્યા એને બદલે ચં.ચી. મહેતા આવી ચઢેલા. પન્નાલાલને જોવા-સાંભળવાનો આ પ્રથમ અવસર... આખો 'ઈશાનિયો મલક' આંખ સામે તાદશ હતો. એ પછી 1986ના ડિસેમ્બરમાં ઈડર કૉલેજમાં અમે ઉમાશંકર-પન્નાલાલને તથા વિદ્વાનોને ને ભાવકોનેય તેડેલા. જ્ઞાનપીઠ-વિજેતા બંને સર્જકો ઈડરભૂમિના જૂના છાત્રો હતા. એમના બન્ને શિક્ષકો – ખીમજીભાઈ ને કાલિદાસભાઈ પણ ધન્યતા અનુભવતા હતા. બંનેનાં સન્માન ઉપરાંત બે દિવસ, એમના સાહિત્ય વિશે સેમિનાર યોજ્યો હતો... બધાં ધન્ય ધન્ય હતાં !

હિન્દી સાહિત્યના કેટલાક વિદ્વાનો માને છે કે ગુજરાતી સાહિત્યકારોએ પન્નાલાલની ઉપેક્ષા કરી એટલે એ પુરાણોના ગદ્યાનુવાદ તરફ ગયા હતા. આમાં અર્ધસત્ય હશે, પણ તટસ્થપણે કહેવું જોઈશે કે પન્નાલાલ પટેલના ઉત્તમ સાહિત્યની કદી બાદબાકી કરાઈ નથી. આજે પણ એ વંચાતા-ટંકાતા-ભણાવાતા-મોટા સર્જક તરીકે સ્વીકૃત છે. એમનું સાહિત્ય કરુણ માનવનિયતિને વર્ણવે છે. જે આજે પણ પ્રસ્તુત છે. એમની ઉત્તમ કૃતિઓ રચાઈ એ પછીનાં (1955 પછીનાં) વર્ષોમાં ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાવાદી આંદોલનોનાં વધતાં-ઓછાં પડઘમ વાગ્યાં હતાં... સાહિત્યકલા વિશે નવા ખ્યાલોની ચર્ચાઓ થતી હતી. થોડોક સમય સમૃદ્ધ પરંપરાને પણ જાણે બાજુમાં હડસેલી દેવા જેવાં મનસ્વી વર્તનો પ્રગટ્યાં હતાં... પણ ત્યારેય પન્નાલાલ વગેરેનો એક મોટો ચાહકવર્ગ વાચનરત હતો જ હતો...ને એ પછી અનુઆધુનિકતાની દિશાએ પુનઃ આપણને પરંપરાઓની અનિવાર્યતા સમજાવી છે. નવ્ય ઇતિહાસવાદે આપણને પરંપરાને જુદી રીતે જોતાં-મૂલવતાં શીખવ્યું છે. પન્નાલાલ, જાનપદી જ નહિ, સમગ્ર ભારતીય કથાસાહિત્યમાં નહિ ભુલાનારું નામ રહ્યા છે ને રહેશે. 6-4-1989ના રોજ પન્નાલાલ પટેલનું અવસાન થયું. તરસ્યા મલકનો આ મેઘ આપણી તરસ છિપાવવા આજે પણ વરસતો રહે છે.

◈ ◈ ◈

# પન્નાલાલ પટેલ : જીવન-તવારીખ

| | | |
|---|---|---|
| જન્મ | : | 7મી મે, 1912 |
| જન્મ-સ્થળ | : | માંડલી, તા. સીમલવાડા, જિ. ડુંગરપુર (રાજસ્થાન) |
| જ્ઞાતિ | : | આંજણા પટેલ |
| ધર્મ | : | હિન્દુ |
| માતૃભાષા | : | ગુજરાતી, રાજસ્થાની (બે રાજ્યોની સરહદ પરનું ગામ હોવાથી બે માતૃભાષા) |

અન્ય ભાષાઓની જાણકારી : સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, ઉર્દૂ

| | | |
|---|---|---|
| પિતાનું નામ | : | નાનાલાલ ખુશાલદાસ પટેલ |
| માતાનું નામ | : | હીરાબા (એક સાવકાં મા પણ હતાં, માસી) |
| ભાઈ-બહેનો | : | હરિભાઈ, કોદરભાઈ, રતનબહેન, સંતીબહેન, વાલીબહેન (સાવકાં ભાઈબહેન   મૂળોભાઈ, નાથીબહેન) |
| પત્નીનું નામ | : | વાલીબહેન |
| સંતાનો | : | અરવિંદ, ઉષા, નંદા અને ભરત (રમા અને બાબો ગુજરી ગયેલાં) |
| પુત્રવધૂઓ | : | સરલા અને દૃષ્ટિ |
| ઘરનું સરનામું | : | 15, પ્રજ્ઞા સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ 380009 |
| 1914 | : | પિતાનું અવસાન |
| 1918થી 1925 | : | મેઘરજમાં તથા ઈડરમાં શિક્ષણ લીધું. |
| 1926 | : | હીરાબાનું અવસાન |
| 1926થી 1928 | : | ભણતર છૂટી ગયું. વિવિધ નોકરીઓ કરી. દુકાન પણ કરી જોઈ હતી. |

| | | |
|---|---|---|
| 1928 | : | સોળ વર્ષના પન્નાલાલની સગાઈ છ વર્ષનાં વાલીબહેન સાથે થઈ. આપકમાઈ કરીને પરણેલા. |
| 1929થી 1936 | : | અમદાવાદમાં કારકુની સાથે ઘરઘાટીની નોકરી. અનેક વારાફેરા અને અનુભવો. |
| 1936 | : | અમદાવાદમાં સાહિત્ય પરિષદના અધિવેશનમાં (1930 પછી બીજી વાર) ગાંધીજીનું દર્શન કર્યું. ઉમાશંકર જોશી – ઈડરના સહાધ્યાયી – મળ્યા. એમણે લખવા સૂચવ્યું ને સુન્દરમનો પરિચય કરાવી ભાળવણી કરાવી. |
| | | 'ફૂલછાબ'માં પ્રથમ વાર્તા 'શેઠની શારદા' છપાઈ. |
| 1936થી 1939 | : | વાર્તાલેખન વેગ પકડે છે. 'પ્રસ્થાન'માં વાર્તાઓ છપાતાં પ્રતિષ્ઠા મળી. |
| 1940 | : | 'વળામણાં' લઘુનવલનું પ્રકાશન થતાં જ ધ્યાનપાત્ર લેખકોમાં ગણના. |
| 1941 | : | 'મળેલા જીવ'નું પ્રકાશન થતાં જ લોકપ્રિય લેખકોમાં અગ્રણી ગણાયા. |
| 1941થી 1946 | : | 'મળેલા જીવ' પરથી ગુજરાતી ફિલ્મ બને છે – તેના પરથી જ હિન્દી ફિલ્મ 'ઉલ્ઝન'. એ નિમિત્તે મુંબઈમાં રહીને લેખન કરે છે. 'ભીરુ સાથી', 'સુરભિ', 'યૌવન' – જેવી નવલકથાઓ તથા વાર્તાઓ લખાય છે. |
| | | બે-ત્રણ વર્ષની દીકરી રમાનું મુંબઈમાં નિધન. મુંબઈ છોડી વતનમાં. ત્યાં પુત્ર જન્મે છે ને મૃત્યુ પામે છે. |
| 1947 | - | સંવત 2003માં નવા મકાનનું વાસ્તુ કરે છે. |
| | - | ટી. બી.નો રોગ થાય છે. દવા માટે મુંબઈ - પંચગની જવાનું-રહેવાનું બને છે. |
| | - | 'માનવીની ભવાઈ'નું પ્રકાશન |
| | - | પુત્ર અરવિંદનો જન્મ : 7-12-1947 |

| | | |
|---|---|---|
| 1949 | : | પુદુચેરી જાય છે. શ્રી અરવિંદ અને માતાજીનાં દર્શન. ત્રણ માસ રહે છે. પૂર્ણયોગની સંજીવની મળ્યાની અનુભૂતિ થઈ હોવાનું માને છે. |
| 1950 | : | રણજિતરામ સુવર્ણચંદ્રકનો સ્વીકાર |
| 1951 | : | ટી.બી. રોગનો ઊથલો. રા. વિ. પાઠક અને ઉમાશંકર જોશીની સહાયથી જીંથરી દવાખાને જાય છે. સારું થાય છે. દર્શક જોડે મેળાપ. |
| 1953 | : | પુત્રી ઉષાનો જન્મ : 10-10-1953 |
| 1956 | : | પુત્રી નંદાનો જન્મ : 31-5-1956 |
| 1958 | : | પુત્ર ભરતનો જન્મ : 26-7-1958 |
| 1959 | : | માંડલી છોડી અમદાવાદમાં કાયમી નિવાસ |
| 1962 | : | આફ્રિકાના પ્રવાસે |
| 1971 | : | 'સાધના પ્રકાશન' નામની સંસ્થાનો પ્રારંભ |
| 1974 | : | 'પાર્થને કહો ચઢાવે બાણ' : પૌરાણિક નવલકથાનું પ્રકાશન. દિશા બદલાય છે. |
| 1980 | : | 'ગુજરાતી સાહિત્ય પરિષદ' વડોદરા ખાતે મળે છે. સર્જન વિભાગના પ્રમુખ તરીકે પોતાની કેફિયત આપે છે. સુરેશ જોશી સાથે મુલાકાત. |
| 1981થી 1985 | : | આત્મકથાત્મક નવલકથા 'જિંદગી સંજીવની' ભાગ 1થી 7ના લેખનનો પ્રારંભ (1986માં પૂર્ણ) |
| | : | ભારતીય જ્ઞાનપીઠનો 21મો પુરસ્કાર મળે છે. |
| 1986 | : | ઈડર-વિદ્યાભૂમિમાં ઉમાશંકર અને ગુરુઓ સાથે સન્માન થાય છે. રાજસ્થાનના જયપુર ખાતે સન્માન થાય છે. |
| 1988 | : | ઉમાશંકર જોશીના અવસાનથી ખાલીપો અનુભવે છે. |
| 1989 | : | 6-4-1989ના રોજ અવસાન થાય છે. |

# પન્નાલાલ પટેલનું સાહિત્યસર્જન

નવલકથાઓ

મળેલા જીવ (1941)

ભીરુ સાથી (1943)

યૌવન 1-2 (1944)

સુરભિ (1945)

ભાંગ્યાનાં ભેરુ (1947)

માનવીની ભવાઈ (1947)

ના છૂટકે (1955)

નવું લોહી (1958)

પડઘા અને પડછાયા : 1-2 (1960)

મનખાવતાર (1961)

અમે બે બહેનો 1-2 (1962)

કરોળિયાનું જાળું (1963)

આંધી અષાઢની 1-2 (1964)

મીણ માટીનાં માનવી (1966)

નગદ નારાયણ (1967)

ઘમ્મરવલોણું 1-2 (1968)

પ્રણયનાં જૂજવાં પોત (1969)

કંકુ (1970)

અજવાળી રાત અમાસની (1971)

અલ્લડ છોકરી (1971)

એક અનોખી પ્રીત (1972)

ગલાલસિંગ (1972)

એકલો (1973)

મરકટલાલ (1973)

નથી પરણ્યાં નથી કુંવારાં (1974)

પાર્થને કહો ચઢાવે બાણ (1974)

રામે સીતાને માર્યાં જો (1976)

કૃષ્ણ-જીવનલીલા (1977)

ભણે નરસૈંયો (1977)

શિવપાર્વતી (1979)

ભીષ્મની બાણશૈયા (1980)

કચ દેવયાની (1981)

અર્જુન વનવાસ કે પ્રણયવાસ ? (1984)

કુબ્જા અને કૃષ્ણ (1984)

કૃષ્ણની આઠ પટરાણીઓ (1984)
જેણે જીવી જાણ્યું (1984)
ભીમ-હિડિમ્બા (1984)
રેવતીઘેલા બળદેવજી (1984)
શિખંડી : સ્ત્રી કે પુરુષ ? (1984)
સહદેવ-ભાનુમતીનો પ્રણય (1984)
ઉર્વશી પુરુરવા (1986)
જિન્દગી સંજીવની 1થી 7 (1986)
નરમાં નારી ઈલ-ઈલા (1986)
(દસ-બાર નવલકથાઓના સંક્ષેપ પ્રકાશિત)

**લઘુનવલો**

વળામણાં (1940)
પાછલે બારણે (1950)
ફકીરો (1955)
વળી વતનમાં (1964)

**વાર્તાસંગ્રહો**

સુખદુઃખનાં સાથી (1940)
જિન્દગીના ખેલ (1941)
જીવો દાંડ (1941)
લખચોરાસી (1944)
પાનેતરના રંગ (1946)
અજબ માનવી (1947)
સાચાં શમણાં (1949)
વાત્રકને કાંઠે (1952)
ઓરતા (1954)
દિલની વાત (1956)
મનના મોરલા (1958)
કડવો ઘૂંટડો (1959)
તિલોત્તમા (1960)
ધરતી આભનાં છેટાં (1962)
ત્યાગી અનુરાગી (1963)
દિલાસો (1964)
ચીતરેલી દીવાલો (1965)
મોરલીના મૂંગા સૂર (1966)
માળો (1967)
વટનો કટકો (1969)
અણવર (1970)
કોઈ દેશી કોઈ પરદેશી (1971)
આસમાની નજર (1972)
બિન્ની (1973)
છણકો (1975)
પારેવડાં (1976)
ઘરનું ઘર (1979)
તાગ (1979)
નરાટો (1981)

પગેરું (1981)

રૉ મટીરિયલ (1983)

(વાર્તાઓનાં પાંચ જેટલાં ચયન પ્રગટ)

**નાટક / એકાંકી / રૂપાંતર**

જમાઈરાજ (1952)

મળેલા જીવ (1957)

ચાંદો શેં શામળો (1960)

એળે નહિ તો બેળે (1963)

ઢોલિયા સાગ-સીસમના (1963)

કંકણ (1966)

એક અલ્લડ છોકરી (1971)

ભણે નરસૈંયો (1977)

સપનાનાં સાથી (1978)

સ્વપ્ન (1978)

ત્રણ સફળ રૂપાંતરો (1985)

**બાળ / કિશોર સાહિત્ય**

એક રાતમાં (1968)

એક ખોવાયેલો છોકરો (1970)

બાળકિલ્લોલ ગ્રંથમાળા : 1-2 (1972)

ઋષિકુળની કથાઓ (1973)

દેવના દીધેલ (1975)

મહાભારત કિશોરકથા (1976)

વાર્તાકિલ્લોલ : 1-2 (1976)

સત્યયુગની કથાઓ : 5 સંપુટ (1982)

લોકમિનારા (1986)

**પ્રકીર્ણ**

બે ભાઈબંધ (1957)

કડદો (સમાજદર્શન ગ્રંથમાળા-10) (1960)

લાડુનું જમણ (1967)

અલપઝલપ (1973)

સર્જનની સુવર્ણ સ્મરણિકા (1976)

પૂર્ણયોગનું આચમન (સંપાદન) (1979)

અલકમલક (1986)

લોકગુંજન (1986)

પન્નાલાલની હરોળમાં બેસે તેવા અનેક સર્જકો ગુજરાતમાં છે; ઉત્તમ જાનપદી ચેતનાના સર્જકો પણ છે; માનવીના હૈયાના પડેપડને ઉખેળીને તેની વેદનાને વાણીમાં ઉતારનાર વાચસ્પતિઓ પણ છે; પરંતુ આટલું સંઘર્ષયુક્ત રંગીન જીવન જીવ્યા પછી માનવતાનો મહિમા ગાતું આટલું હૃદયસ્પર્શી સાહિત્ય પીરસનાર પન્નાલાલ તો એક અને અદ્વિતીય છે.

પન્નાલાલની આ જીવનકથા એક રીતે વખાના માર્યા મનેખની વીતકકથા છે તો બીજી રીતે જીવનનો ભરપૂર રસ માણનાર મોજીલા માણસની અસાધારણ અનુભવકથા જણાય છે. પ્રેમ અને વેદનાના તંતુઓ કથાના પટમાં સ્વાભાવિક રીતે વણાતા આવે છે.

ગુજરાતી સાહિત્યમાં એક છેડે કલ્પનાનો મુક્ત વિનિયોગ કરનાર ચરિત્રસર્જક કનૈયાલાલ મુનશી છે અને બીજે છેડે સત્ય – નિર્ભેળ સત્યના વિનિયોગથી રસ જમાવનાર ચરિત્રકાર નારાયણ દેસાઈ છે. બંનેએ પોતપોતાની રીતે સફળતા હાંસલ કરી છે. મણિલાલે આ બંનેય ચરિત્રકારોની ચરિત્રલેખનની ખૂબીઓનો લાભ લીધો છે.

તેમની જીવનકથા તેમની કથાપરંપરાના એક મર્મી અભ્યાસી ને અનુગામી કથાસર્જક મણિલાલ હ. પટેલ પાસેથી મળે છે તે સુભગ સંજોગ છે.

ધીરુભાઈ ઠાકર

